ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ કૃત

# સમુદ્રવહાણ સંવાદ

(રસાસ્વાદ)



મુનિશ્રી પ્રશમરતિવિજયજી

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ કૃત

# સમુદ્રવહાણ સંવાદ

(રસાસ્વાદ)

દેવર્ધિ પરિષદ

શ્રુતભવન સંશોધન કેંદ્ર

| | | |
|---|---|---|
| નામ | : | સમુદ્રવહાણ સંવાદ |
| કર્તા | : | ઉપા.શ્રી યશોવિજયજી ગણી |
| લેખક | : | મુનિ શ્રી પ્રશમરતિવિ.મ. |
| વિષય | : | ઉપદેશ |
| ભાષા | : | ગુજરાતી |
| પત્ર | : | ૮ + ૨૦૦ |
| આવૃત્તિ | : | પ્રથમ |
| પ્રકાશક | : | દેવર્ધિ પરિષદ, શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| મૂલ્ય | : | રૂ. ૫૦/- |
| પ્રાપ્તિ સ્થળ | : | **પૂના : શ્રુતભવન સંશોધન કેન્દ્ર**<br>૪૭/૪૮, અચલ ફાર્મ, આગમ મંદિર આગળ,<br>સચ્ચાઈ માતા મંદિર પાસે, કાત્રજ, પુણે-૪૧૧૦૪૬<br>Mo.7744005728 (9-00am to 5-00pm)<br>www.shrutbhavan.org<br>Email : shrutbhavan@gmail.com<br>**અમદાવાદ :**<br>C/o. શ્રી ઉમંગભાઈ શાહ, બી-૪૨૪, તીર્થરાજ કૉમ્પલેક્સ,<br>વી.એસ.હૉસ્પિટલ કે સામને માદલપુર, અમદાવાદ<br>Mo.09825128486<br>**મુંબઈ :**<br>શ્રી ગૌરવભાઈ શાહ<br>સી/૧૧૧, જૈન એપાર્ટમેંટ, ૬૦ ફીટ રોડ,<br>દેવચંદ નગર રોડ, ભાયંદર (વેસ્ટ)<br>મુંબઈ-૪૦૧૧૦૧. Mo.09833139883 |
| મુદ્રણ | : | નૂતન આર્ટ, અમદાવાદ |

# પ્રકાશકીય

પ્રાચીન મહાપુરુષોની કૃતિઓ અનેરો બોધ લઈને આવે છે. દરેક યુગના માનવીની માનસિક સમસ્યાઓનું સમાધાન પૂર્વપુરુષોના વચનોમાં છે. વર્તમાન પેઢી પૂર્વપુરુષોની ભાષા ભૂલી ગઈ છે તેથી તેમનાં વચનોનો લાભ ઉઠાવી શકતી નથી. આ પેઢી મહાપુરુષોથી બોધથી વંચિત ન રહી જાય તે માટે તે તે કાળે મહારાજ સાહેબો પૂર્વપુરુષોના વચનોને તત્કાલીન ભાષામાં ઢાળીને આમઆદમી માટે સુલભ કરે છે.

અહીં આવો જ એક સેતુપ્રયાસ પ્રસ્તુત છે. વિશ્વમાં ક્રોધ પછી સહુથી વધુ સમાવતી સમસ્યાઓમાં ‘માન’ સ્થાન પામે છે. અભિમાની માણસ રિસેપ્ટીવ હોતો નથી તેથી તેને સીધો બોધ આપવાનો બદલે ઉદાહરણથી સમજાવવું વધુ સરળ બની રહે છે.

પૂ.ઉપા.શ્રી યશોવિજયજી મ.એ સમુદ્ર અને વાહણનો સંવાદને બહાને આપણા અભિમાનનો ઈલાજ રજૂ કર્યો છે. તેને સુંદર શબ્દોનાં ફૂલોથી સજાવીને પૂ.મુનિરાજશ્રી **પ્રશમરતિ વિજયજી**એ શણગાર્યો છે. જેનું અભિમાન સમસ્યા રૂપ છે તેને માટે આ પુસ્તક દવાની ગરજ સારશે.

પરમ ઉપકારી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય પૂજ્ય ગુરુદેવ મુનિપ્રવરશ્રી **વૈરાગ્યરતિવિજયજી** ગણિવરની પાવન પ્રેરણાથી આ ગ્રંથના પ્રકાશનનો લાભ **શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન ટેમ્પલ ટ્રસ્ટ, ફાતિમાનગર સંઘે** લીધો છે. તેમની શ્રુતભક્તિની હૃદયપૂર્વક અનુમોદના.

**ભરત શાહ**
**(માનદ અધ્યક્ષ)**

## **શ્રુતપ્રેમી**

પરમ ઉપકારી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

**વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય

પૂજ્ય ગુરુદેવ મુનિપ્રવરશ્રી **વૈરાગ્યરતિવિજયજી ગણિવર**ની

પાવન પ્રેરણાથી

**શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન ટેમ્પલ ટ્રસ્ટ,**

**ફાતિમાનગર, પુણે**

## મૂઠી ઉંચેરો રાસ

પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા દ્વારા વિચરિત શ્રી સમુદ્રવહાણ સંવાદ એક એવી રચના છે જેમાં વાર્તાલાપનાં માધ્યમે ચોક્કસ વિચારબિંદુઓ રજૂ કરવામાં આવ્યાં છે.

ષડ્દર્શનની સૂક્ષ્માતિસૂક્ષ્મ ચર્ચાઓમાં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની રજૂઆત જેમની કલમે નવ્યન્યાયની પરિભાષામાં થઈ છે તેઓ અવચ્છેક અને અવચ્છિન્નની ગાંઠો જોડ્યા વગર પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ રચે છે તેનો આનંદ સર્વજન સુલભ છે. એ જમાનામાં અઘરામાં અઘરું લખવાનું જે કૌવત એમનામાં હતું તે તેમના દાર્શનિક ગ્રંથોમાં જોવા મળે છે તો સહેલામાં સહેલું લખવાનું જે સહજ સામર્થ્ય એમનામાં હતું તે આ રચનામાં જોવા મળે છે.

કથા પ્રવેશ, વિષય નિરૂપણની પૂર્વભૂમિકા, દલીલબાજી, ઘટનાત્મકતા અને સ્વભાવોક્તિપરક વર્ણનાઓ દ્વારા આ સંવાદ સર્વસામાન્ય રાસ કરતાં મૂઠી ઉંચેરો સાબિત થાય છે.

તેમણે નિહાળેલું ઘોઘા આજે છે પરંતુ તેમણે નિહાળેલાં વહાણ આજે નથી. તેમણે જોયેલો સમુદ્ર, લગભગ એવો જ છે પરંતુ કિનારાના ઘાટ બદલાઈ ગયા છે. એક મોટી દીવાદાંડી હવે બની ગઈ છે. દીવાદાંડી અને વહાણનો સંવાદ અથવા દીવાદાંડી અને સમુદ્રનો સંવાદ પણ હવે કલ્પનામાં આવે છે. સધાયેલા ગૂર્જરકવિનું સમૃદ્ધ ભાષાબળ રાસને ગરિમા બક્ષતું હોય છે. રાસનાં પાત્રોને રાસ દ્વારા અમર બનાવી દે છે રાસકાર. ઘોઘા બંદરના સમુદ્રને અને વહાણને વાચક યશ દ્વારા અમર નામના મળી ગઈ છે.

સમુદ્રવહાણ સંવાદ-રાસનો રસાસ્વાદ કરાવતી આ લેખમાળા મારા માટે અભિનવ અનુભવ જેવી હતી. લેખન પ્રવૃત્તિનો હજી પ્રારંભિક સમય હતો. આજે આ લખાણ વાંચું છું તો ગમતું નથી. એમ થાય છે કે 'સહજ

સરસ રીતે લખવું જોઈતું હતું. આ વિષયની છણાવટ હજી સરળ રીતે થવી જોઈતી હતી.' એટલે એ લેખમાળાને પુસ્તકનું રૂપ આપવાનો વિચાર બનતો ન હતો.

મારા બંધુ મુનિવર પૂ. ગણિવર્ય શ્રી વૈરાગ્યરતિવિજયજી મ.ને આ લેખમાળા પુસ્તકાકાર પામી શકે તેવી લાગી. તેમનો ઘણો જ આગ્રહ થયો. તેમની એ પ્રેમભાવનાના પરિણામે આ લેખમાળાને પુસ્તકનું રૂપ મળ્યું છે.

સિદ્ધહસ્તલેખક પૂ. આ. ભ. શ્રીમદ્ પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.ના પ્રેમાળ સ્વીકારપૂર્વક આ લેખમાળા કલ્યાણ મુખપત્રમાં છપાઈ.

આ સંવાદનો રાસ, પ.આ.ભ.શ્રી વિજય ભવ્યભષણસૂરિજી મ.નો પ્રિય વિષય છે. વરસો પૂર્વે તેઓ મુનિ હતા ત્યારે તેમની સાથે બેસીને આ રાસને વારંવાર વાગોળ્યો છે. એ સહપાઠની ક્ષણોએ જ કશુંક લખવાનો વિચાર આપ્યો હતો.

મહામહોપાધ્યાયજી ભગવંતનું આ સંવાદકાવ્ય કોઈ રસાસ્વાદ કે વિવરણની અપેક્ષા રાખ્યા વિના સ્વયંસ્ફુટ પ્રેરણા આપતું રહે છે. રસાસ્વાદ દ્વારા કેવળ એક દિશાનો સ્પર્શ થાય છે. અન્ય દિશાઓ અને દિશાદર્શનોને સમુદ્ર જેટલો વિશાળ અવકાશ છે.

**મહા સુદ પાંચમ વિ. સં. ૨૦૭૨** **પ્રશમરતિવિજય**
**હિંગણઘાટ**

# સંવાદ


| | | |
|---|---|---|
| ૧. | શરૂઆતનો શબ્દ : ગર્વત્યાગ હિત કાજ | ૧ |
| ૨. | મોટા નાના સાંભળો મત કરો કોઈ ગુમાન | ૯ |
| ૩. | સાગરમાં અને સંવાદમાં પ્રવેશ : પહેલી ઢાળ | ૧૫ |
| ૪. | સંવાદ અને પ્રતિવાદ | ૨૨ |
| ૫. | સાયર ઉવાચ : મોટાઈ રે માહરી સારે જગત પ્રસિદ્ધ | ૨૭ |
| ૬. | હૃદયની વેદનાનો ઉપદેશ | ૩૪ |
| ૭. | મદ છાંડિને છાના રહેજોજી, સાયર સાંભલો | ૪૧ |
| ૮. | તુજ મુજ વચિ વિવાદ છઈ તિહાં કુલનો સ્યો ગર્વ ? | ૪૯ |
| ૯. | રવિ ચંદ પયોધર પ્રમુખના કુલ કુણે જાણ્યા કુણ દીઠ ? | ૫૪ |
| ૧૦. | તત્ત્વજ્ઞાન : વાતચીતનું અને દાનનું | ૫૯ |
| ૧૧. | ગુણદૃષ્ટિ અને દોષદૃષ્ટિ | ૬૬ |
| ૧૨. | વિશાળતાથી ઉત્તમતા અને ઉદારતા સુધી | ૭૩ |
| ૧૩. | વાદળથી વરસાદ પડે... | ૭૯ |
| ૧૪. | સંબંધ ગુણનો એક સાચો | ૮૬ |
| ૧૫. | મુજ સમ જગમાં કો નહિ રે, ઈમ કોઈ મ ધરો તંત | ૯૩ |
| ૧૬. | શરણદાતાની વાતો | ૧૦૦ |
| ૧૭. | સંવાદ અને તોફાન | ૧૦૭ |
| ૧૮. | આખરે વાહણ જીતે છે | ૧૧૪ |
| ૧૯. | વિદાય વચન : ગર્વત્યાગ હિતકાજ | ૧૨૨ |
| ૨૦. | સંવાદનું સરવૈયું | ૧૨૯ |

# ૧

## શરૂઆતનો શબ્દ : ગર્વત્યાગ હિત કાજ

એકાદ શબ્દની, એકાદ મુદ્દાની કે એકાદ બાબતની ઓછપનો અનુભવ થાય ત્યારે માણસ ઘડાયેલો ગણાય, જે આવે તે બરોબર તરીકે પસાર થઈ જાય તે ઘડામણ છે. ઘાટ મેળવવો હોય તો દરેક વાતનું એકાદ મજાનું રહસ્ય ખોલતા શીખવું જોઈએ. નાનામાં નાની વાત પણ કોઈ શિખામણ આપી શકે. શીખવાનો ઉત્સાહ જોઈએ અને એ માટે ખોળવાનો ખંત જોઈએ.

ગમતી વસ્તુ શીદને ગમી જાય છે, અણગમતી વસ્તુ શીદ આટલી ઓરમાઈ લાગે છે, તે સમજવા સતત પ્રયાસ કરવો જોઈએ. આમ તો ઘણા બધા કારણો પકડાઈ જાય, પણ કોઈ એક ચોક્કસ કારણ પર અટકવાનું હોય તો મૂંઝારો થઈ જાય છે. કયું ફૂલ લેવું તેની મૂંઝવણ જેમ અનુભવીએ છીએ, તેમ ક્યારેક કયો કાંટો વાગી જાય છે, તે પણ પકડી પાડવો જોઈએ. શોધખોળની વૃત્તિ તો બહુ સહેલાઈથી વિકસી શકે છે. માનવીય ટીકા-ટીપણું માંડતી વખતે આવા એકાદ વિશેષ પર આપણે વ્યવસ્થિત અટકી શકીએ છીએ. દશા તો છે જ,

પણ એને વહેવા માટે નવી દિશા આપવાની જરૂર છે. સાદી ગુજરાતી ભાષામાં, ઊંચા ભભકા વિના સાહિત્યકાર વાત માંડે છે અને પોતાની અસરમાં ભાવકને લઈ લે છે, ત્યારે ઊડ્યા વગર આંખ સુધી પહોંચનારો એકાદ વિશેષ જોવો જોઈએ. એ જ રીતે, સફળતા મળે તો એની સાથે સીધો સંબંધ ધરાવતો એકાદ વિશેષ મેળવી લેવો પડે. નિષ્ફળતાની વાત સફળતાના ફકરામાં જ મૂકવી પડે, એટલે કે નિષ્ફળતા મળે તો એની સાથે સીધો સંબંધ ધરાવતો એકાદ વિશેષ મેળવી લેવો પડે. ખાસ કરીને સાહિત્યમાં આવો વિશેષ ગોતવામાં જ્ઞાનતન્તુઓને સતત સક્રિય રાખવા જોઈએ.

આમ કરવા માટે સૌપ્રથમ તો વાંચવાનો ઉલ્લાસ જોઈએ, ત્યાર બાદ વાંચવાની સાથે તાદાત્મ્ય કેળવતા આવડવું જોઈએ. ન સમજાતા સંસ્કૃત શ્લોકોનો ગીતાપાઠ કરતા હોઈએ, તેમ બધું વાંચી કાઢવાથી કાંઈ ફેર પડતો નથી. એમ કરવા કરતાં તો નસકોરાં સાંભળવા સારા, કોઈ તાલ તો પકડાય. વાંચવામાં ખોવાઈ જવાનું આવડી જાય, પછી તો કશું જ કહેવાનું નથી રહેતું. એકાદ એવી વસ્તુ પર મસ્તક ડોલી જ ઊઠે છે, જ્યાં અટકવાનું હોય છે. એ અદ્‌ભુત વાત પર ખુશખુશાલ થઈ જવાની મજા તો છે જ, પણ આ અદ્‌ભુત વાતની આગળ પાછળનો સંદર્ભ, આ વાત વિના જ કલ્પવો જોઈએ. જો કે એમ હોવું જોઈએ તેમ ઇચ્છાય પણ નહીં, પણ આવી કલ્પના તે વાતની મહત્તાને જબરો ઓપ આપી દે છે.

મહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજા માટે આવી એક કલ્પના કરવાનું મન થાય છે. એ કલ્પનાને કારણે એમની મહત્તાને પણ ઓપ મળે છે. ''ઇચ્છીએ કે ન ઇચ્છીએ''ની અસર વિના જ એ કલ્પના ખોટી છે. એ હોય નહીં કારણ કે એમ હતું જ નહીં, છતાં એ કલ્પના કરવી છે. કારણ કે એના દ્વારા એક મજાની વાત મળી જાય એમ લાગે છે. ઉપાધ્યાયજી મહારાજે સતત અને સખત સર્જન કર્યું છે. સંસ્કૃતભાષા, પ્રાકૃતભાષા અને ગુજરાતીભાષા એમના સર્જનક્ષેત્રની ભાષાઓ છે. દાર્શનિક ભૂમિકાનો આધુનિક અવતાર આપણે ત્યાં એમના દ્વારા વિસ્તર્યો. (વિસ્તર્યો એટલા માટે કે એમની પૂર્વેના, નજીકના જ ગાળામાં નવ્યન્યાયનો પ્રવેશ આપણે ત્યાં થઈ ચૂક્યો હતો) અને તે પણ એટલી હદે કે નવ્યન્યાયનો સંપૂર્ણ પ્રવેશ તેમનાથી

જ થયો છે, એ વાત ચોક્કસ મનાઈ ગઈ. સ્યાદ્વાદકલ્પલતા, સ્યાદ્વાદરહસ્ય જૈન ન્યાયખંડનખાદ્ય જેવા દિગ્ગજ ગ્રંથો રચીને તેમણે વિદ્વત્તાની અજાયબ દિશા પ્રગટ કરી. તમામ વિવાદપાત્ર વાતો પર એમની કલમ આ જ શૈલીથી ચાલી, અને જૈન સાહિત્યની પરંપરામાં ફરી એક પૂજ્યપાદ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય (આ શબ્દ પ્રયોગ પૂ. આત્મારામજી મહારાજ તરીકે સુપ્રસિદ્ધ બનેલા પૂ. આ. શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજે કર્યો છે.) અવતર્યા હોય એમ લાગ્યું. અહીં સુધીની વાતમાં કલ્પના નથી. સંપૂર્ણ હકીકત છે. ઉક્ત ગ્રંથોનું સર્જન કરવા ઉપરાંત એમણે આગમ અને પ્રકરણના વિષય પર ગ્રંથો સર્જ્યા.

કલ્પના એ છે કે આ ગ્રંથો સર્જીને તેઓ અટકી ગયા હોત તો ? તેઓ ગુજરાતી પર અઢળક હેતે ન વરસ્યા હોત તો ? તો શું થાત ? તો આપણે સૌ સિદ્ધાચલજીની તળેટીમાં *'વિમલાચલ નિતુ વંદીએ'* બોલી શકત ? દેવાધિદેવ શ્રી આધિનાથ પરમાત્મા સમક્ષ *'જગજીવન જગવાલ હો...'* અને *'ઋષભ જિનરાજ મુજ આજ...'* ગાઈ શકત ? પ્રતિક્રમણમાં *'લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં'* અને *'આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા...'* જેવી નિર્ભેળ શાસ્ત્રીય કૃતિ આપણને બોલવા મળત ? પરમાત્મા શ્રી સીમંધર સ્વામીને વિનંતી કરતાં કરતાં આતમરામને સુધારી દેતાં સવાસો ગાથાથી માંડીને સાડા ત્રણસો ગાથા સુધીનાં સ્તવનોનો પ્રવાસ આપણે કલ્પી પણ શકત ? જેમ તેઓ વિનાનાં જૈન દાર્શનિક સાહિત્યની કલ્પના નથી થઈ શકતી, તેમ તેઓ વિનાના જૈન ગુજરાતી સાહિત્યની કલ્પના પણ નથી થઈ શકતી. ચેતનને જ્ઞાનથી અજવાળવાનો ઉપદેશ દેતી હૃદયંગમ રચનાઓ દ્વારા તેઓ ગુજરાતી ભાષાને છલકાવી ચૂક્યા છે. તેમનાં કર્તૃત્વ વિનાનાં જૈન ગૂર્જર સાહિત્યને કલ્પવામાં અધૂરપ ન લાગે તો ય ઓછપ તો લાગે જ. અને આ જ તો એમનો વિશેષ છે. તેઓના માતબર ગ્રંથોને જોતા તો એમ જ લાગે કે એમની અદ્ભુત પ્રતિભાનો યશોદેહ ગુજરાતી ભાષાના સ્પર્શ વિના પણ અપ્રતિમ જ રહી શકે. જે શૈલીની પંક્તિ વાંચવી પણ દુર્ગમ બની જાય છે, તે શૈલીની પંક્તિઓથી ભર્યાભર્યા અનેક ગ્રંથો રચનાર બેલાશક, અમર બની જાય. આજે જે વાંચતી વખતે પણ અઘરા પડે છે તે ગ્રંથોને લખતી વખતે તેઓ એ અઘરાપણું કેવુંક પચાવી ગયા

હશે તે વિચારવું જોઈએ. આવા અનુપમ સર્જન દ્વારા જ અનાહત કીર્તિ રળી લેનારાને બીજી દિશાઓની જરૂર નથી રહેતી. બીજી દિશા તરફ તેઓ વળે છે ત્યારે તે દિશાનાં પુણ્ય વધ્યાં હોય તેમ માનવું જ પડે છે. ગુજરાતી ભાષાનું પુણ્ય વધ્યું, કેમ કે ઉપાધ્યાયજી મહારાજા તેની તરફ વળ્યા. મનના વિચારનો પ્રવાહ તેમણે દાર્શનિક અને તાત્ત્વિક ચિન્તનોથી ભરપૂર રાખ્યો હતો અને લાગણીઓનો પ્રવાહ તેમણે સાહિત્યનાં સાત્ત્વિક સ્પંદનોથી ભરપૂર રાખ્યો હતો. આ પ્રવાહ સંસ્કૃતમાં છલકાયો, પ્રાકૃતમાં રેલાયો પણ એટલેથી જ ન અટક્યો. એ આગળ વધ્યો અને વ્રજભાષાનાં પદોમાં એ પરમપદની ઝંખના થઈને ઊભરાયો અને ગુજરાતી ભાષામાં અપાર વ્યાપ લઈને એ ભરતી બની ગયો. વ્રજભાષા અને ગુજરાતી ભાષામાં પ્રકટેલાં તેમના સર્જને તેમના વ્યક્તિત્વની અદ્ભુત ઓળખ આપી. તેઓ પ્રભુ સમક્ષ અધ્યાત્મની ફરિયાદો લઈ જઈને આક્રન્દ કરી શકે છે તેનો ખ્યાલ આ બે ભાષાની તેમની કૃતિઓ આપે છે. ટોચની બુદ્ધિમત્તા પામવા છતાં તેઓ ચેતનને દર્શન દેવા માટે ભીની આંખે વિનંતી કરી શકે છે, તેની જાણ, ગુજરાતીમાં તેમની સર્જનયાત્રા ન વહી હોય, તો આપણને કઈ રીતે થાત તે કલ્પના, તેમના મહત્ત્વને સમજાવવા માટે પૂરતી છે. તેમનો લોકભાષામાં પ્રવેશ થયો તે વિરલ બીના, તેમની ઉપકારકતાને અનન્ત બનાવી ગઈ છે. તેમનો આ વિશેષ ક્યારેય ભૂલાશે નહીં.

ઉપાધ્યાયજી મહારાજાના શબ્દો હોય, એટલે વિચાર્યા વગર સ્વીકારી જ લેવાના હોય, પણ તેઓના શબ્દો હોય એટલે જ વિચાર્યા કર્યા વગર એમનું હાર્દ હાથવગું થાય, તે વાતમાં માલ નથી. તેઓ સાહિત્યના સ્વામી હતા એમ કહેવા કરતાં સાહિત્યની શૈલીની સ્વામી હતા, એમ કહેવું જોઈએ. તેમની પર લખનારા તેમની શૈલીની દુર્ગમતા સમજી શકે તો ? એ જ રીતે તેમની પર સ્તવનાનો ધોધ વરસાવનારા તેમની ગુજરાતી સર્જનયાત્રામાં ધબકતી ગળેઉતાર શૈલી સમજી શકે તો ? તો જ તેમની પ્રતિભાનો અનુભવ નજીકથી થાય.

સાગર સાથે ખેલતાં જહાજોને જોઈને તેમણે *'સમુદ્રવહાણ સંવાદ'* નામની કૃતિ રચી છે. એ કૃતિની નજીકમાં જવા દ્વારા તેમની નજીકમાં જવું

છે. અઘરું અઘરું બાયફોકલિયું અભિપ્રેત પકડાવતું વિવેચન કરવાનો અહીં કોઈ ઉપક્રમ નથી. આ તો જે શબ્દોની પાંખે તેમણે યાત્રા કરી એ પાંખને ઝાલીને તેમનાં સાહચર્યનો અનુભવ કરવાનો સાદો સીધો પ્રયાસ છે. આ કૃતિમાં ડૂબકી મારવાથી કદાચ, તેમના સર્જનનો ત્રીજો પ્રવાહ પણ અનુભવવા મળશે. ત્રીજો પ્રવાહ, જે આપણને વિષ્ણુશર્માનાં પંચતંત્રની યાદ અપાવે છે. આમાં પણ એક શૈલી છે. શબ્દોનું આર્થિક બંધારણ સમજવા માટે એક તરફ ન્યાય જેવા વિષયોનું જ્ઞાન જોઈએ, તો બીજી તરફ વ્યાકરણની સ્વરૂપલક્ષી ચર્ચાઓ ખ્યાલમાં હોવી જોઈએ. દાર્શનિક રજૂઆત માટે સર્વાંશે ચુસ્ત શૈલીની જરૂર પડે. એક પણ શબ્દ બિનજરૂરી ન હોય અને 'અને' (સંસ્કૃતમાં च) જેવાં સામાન્ય શબ્દની હાજરી લાંબી વિચારણાની સાખ પૂરતી હોય છે, તેવું સમજાવું જોઈએ. લાંબી વાતનો સારાંશ અને ટૂંકી વાતનું વિસ્તૃત વિવરણ તમામ સર્જક માટે લક્ષ્ય બને છે. દાર્શનિક અને સાહિત્યિક જગતનાં લોકો પોતપોતાની રીતે આ બે લક્ષ્ય બરોબર સાધતાં રહે છે. આ કળામાં શક્ય એટલી વધુ પારંગત કક્ષા સર્જકતાનું  માપ બની રહે છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજાની સર્જકતા, સ્વાભાવિક રીતે જ આ કક્ષા પર પહોંચીને વિશાળ ફલકને આવરી શકી હતી. નહીં તો આવા સાવ સામાન્ય લાગતા સમુદ્ર અને વહાણના વાર્તાલાપને નવતર લાગતી ઊંચાઈએ તેઓ કેવી રીતે લઈ જઈ શકે. આ સંવાદમાં પાત્રનું કે પાત્ર સાથે શું બને છે, તેનું જે મહત્ત્વ હોય, તે કરતાં વધુ મહત્ત્વ પાત્રો દ્વારા કહેવાતી વાતોને મળ્યું છે.

એવું લાગે છે કે, દર્શનશાસ્ત્રની ઘણી બધી દલીલો અને આગમ કે પ્રકરણની વિગતવાર ચર્ચાઓ કરીને કેળવાઈ ગયેલી તેમની કલમ આમાં આપણી ભાષામાં આપણી માટેની જ વિગતવાર ચર્ચા કરે છે. પરિભાષામાં ગૂંચવાઈ જનારા ભોલીડાઓ સમજી શકે એવી શબ્દોની લડાઈ રચવાની તેમને જરૂર લાગી હશે. શબ્દોની લડાઈ જરાય ખોટી વસ્તુ નથી. ખોટી વસ્તુ છે લડાઈનો ભાવ. શબ્દોની લડાઈ માટે ઊંચા સાદની જરૂર નથી પડતી, ગળાફાડ બોલવાની ઝાઝી આવશ્યકતા નથી. માત્ર મગજ ચલાવતા રહેવું જોઈએ. મગજને શ્રમ આપ્યા વિના ગળાને અને શ્રોતાના કાનને શ્રમ આપનારાની વાતોને શબ્દોની લડાઈ ન કહેતાં મગજ વિનાની લડાઈ કહી દેવી

જોઈએ. મોટે ભાગે મગજ વિનાની લડાઈમાં સારા માણસો ભાગ નથી લેતા. જ્યારે તેઓ એમાં ભાગ લે છે, ત્યારે તેમને હારવાનું જ હોય છે. ન હારે તો બદનામ થવાનું હોય છે. કારણ કે પોતાની જ વાત માટે મગજને નહીં ચલાવનારા, બીજાની વાત માટે મગજ કેવી રીતે ચલાવવાના હતા ? અને છેવટે એ વાત આખી મારી જાય છે. ઉપાધ્યાયજી મહારાજા આ કૃતિમાં આવા લક્ષણ વિનાની બેનમૂન લડાઈ રચે છે. બંને પાત્રો પોતાની સમજણ મુજબ તડાફડી બોલાવે છે. બન્ને એકબીજાને મસમોટા ઉપદેશ દે છે. બન્ને એકબીજાનાં કથનોને પડકારે છે. બન્નેની દુનિયા વિશાળ છે એટલે ભાતભાતની વાતો થતી જાય છે. આવો ઝઘડો રચીને ઉપાધ્યાયજી મહારાજે સરસ રીતે લડવાનું એટલે કે લડીને પણ સરસ રહી શકવાનું શક્ય બતાવે છે.

દરેક માણસ પૂર્ણતાથી ખૂબ જ દૂર વસે છે. એની ભૂલો થાય પણ ખરી, એને બીજાની ભૂલો કાઢવાનું મન પણ થાય. પોતાનું માન પોષવા બીજાનો ઉપદેશ ખોટો સાબિત કરવાનું અને ઉપદેશ દેનારાને સામો ઉપદેશ દેવાની ઈચ્છા થાય તેમાં નવાઈ નથી. આવું તો કાયમ બને. આવા વખતે સાચી અને ખોટી વાતનું મહત્ત્વ નથી બચતું. કારણ કે આમાં વ્યક્તિને પોતાનું મહત્ત્વ બચાવવા સિવાય બીજા વિચારો જ નથી આવતા. અન્તે મામલો અબેતબે લગી પહોંચી જાય છે. મહત્ત્વ માટેની લડાઈમાં, જીતવાની આકાંક્ષાના એક માત્ર આવેગને લીધે મહત્ત્વને જ ઠોકર લાગી જાય છે. બાજી સંભાળી લેવાની સૂઝ રહેતી નથી. સારાનરસા વચનોનો વિવેક બચતો નથી. પોતાની કે સામાની વ્યક્તિમત્તાનો અવબોધ નથી રહેતો. અતૂટ રહેવાની અજીબ વૃત્તિ સર્વસ્વ બની જાય છે. એ માટે બોલવા જેવી અને ન બોલવા જેવી બધી જ વાતો સમાન ધોરણે આવતી જાય છે. પોતાના ભૂતકાળનો ઉજળો આલેખ અને સામાના ભૂતકાળનો કૂડો આલેખ યાદ કરાવાય છે. છેલ્લી મર્યાદા સુધીના આક્ષેપો પૂરાવાની જરૂર વિના જ સાચા ઠેરવી દેવાય છે. ચેતવણીની જગાએ ધમકી હાજર થઈ જાય છે. ક્યારેક તો ખોટાં કામના બચાવમાં સામા માણસને પણ ખોટ્ટો કહી દેવાય છે. કારણ કે ખોટ્ટા માણસને ખોટું ચલાવી લેવા સિવાય બીજું કશું કરવાનો હક નથી, એવો વણલખ્યો સિદ્ધાન્ત આવા અવસરે અચાનક સાચો બની જાય છે. બધાના જીવનમાં આવો એકાદ વંટોળ આવી જાય છે.

સંબંધોનું વિશાળ ખેતર અંધાધૂંધ થઈ જાય છે. વરસોની ઓળખ જોતજોતામાં ભુલાવે ચડી જાય છે. માણસ પોતાની અપૂર્ણતાને શતશઃ સાબિત કરી દે છે. પછી પસ્તાવો થાય કે ગર્વ અનુભવાય, કોઈ ફેર પડતો નથી. તોફાન આખરે તોફાન હોય છે. લાગણીનું તત્ત્વ એમાં કોઈ કામ કરી શકતું નથી. લાંબા કાળ સુધી પડઘાતા રહેવાની તાકાત આવા એક સંઘર્ષમાં હોય છે.

આ સંઘર્ષ શેના માટે હોય છે ? ઘણા ઉત્તરો અને ખુલાસા આપી દેવાય છે. ખરેખર આ સંઘર્ષ અહં માટે હોય છે. દશ પ્રાણ પછી અગિયારમો પ્રાણ જો ધન છે, તો બારમો પ્રાણ માન છે. સ્વમાન કે અભિમાનની માત્રામાં ફરક હોઈ શકે પણ એ તત્ત્વ જીવનવ્યાપી છે, એટલું તો નક્કી માનવું પડે. આ તત્ત્વના બચાવમાં જ છળ, કપટ, દંભથી માંડીને સંઘર્ષણ સુધીના પરાક્રમો કરવાના હોય છે. આ તત્ત્વ વાસ્તવિક છે કે નહીં, વાસ્તવિક હોય તો તેની માવજત મર્યાદા માંગે છે કે નહીં, તે વિચારવા માટે આંતરિક ખોજ જોઈએ. સાચી વાતનો બચાવ પણ અહં સાથે ન સંકળાઈ જાય, તે માટે આંતરિક ખોજ સિવાય બીજી કોઈ શ્રેષ્ઠ ચીજ નથી. સૌના જીવનને સ્પર્શતો આ પ્રશ્ન સૌ પ્રથમ તો સમજી લેવાની જરૂર છે. દરેક વાતમાં માથું મારનાર માણસને દોઢ-કહી દેનારા પણ, ગર્વ જેવા બધે માથું મારનારા તત્ત્વને બહુ મહત્ત્વ આપી દે છે. ઉપાધ્યાયજી મહારાજાએ આ વાત ઠેરઠેર જોઈ હશે, પોતે ખેડેલા વાદ અને પ્રતિવાદમાં આ તત્ત્વને પ્રવેશ આપતાં છીંડાઓ જોઈ રાખ્યા હશે. અલબત્ત, એમનાં સાધુચરિત વ્યક્તિત્વને આ છીંડાઓ વાટે કોઈ નહીં જ નડ્યું હોય, પણ નડતરની સંભાવના માટેની આ છૂપી દિશા તેમણે ખોળી કાઢી હશે. પોતે એ નડતરમાં ન આવ્યાં, બચી ગયા, એ કારણે અલગારી આનન્દને અનુભવી શક્યા, સાચ્ચી વાતને સાચુકલી રીતે કહી શક્યા અને સાથોસાથ પરિણતિને આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચાડી શક્યા, તેવું બીજાનાં જીવનમાં શક્ય બને, બીજાઓ પણ આ તત્ત્વની અસર હેઠળ આવીને ન મેળવવા પાત્ર મેળવી ન લે અને ન ચૂકવા જેવી બાબતો ચૂકી ન જાય અને એ દ્વારા આનન્દની સાથે અધ્યાત્મ તત્ત્વને જોડી દઈ પરમ દશાની સફર ખેડી શકે, તેવા ઉદાત્ત આશયથી આ કૃતિ રચવા બેઠા હશે, તેમ સતત લાગે છે. તેઓ આ કૃતિના અન્તે કહે છે :

*'એ ઉપદેશ રચ્યો ભલો હો, ગર્વત્યાગ હિત કાજ.'*

આ કૃતિ રચી તેના બાવીશ વરસ પછી તેમણે ખંભાતમાં 'જમ્બૂસ્વામી રાસ' નામની કૃતિ રચેલી, તેમણે કવિની ભાષાનો ફાયદો બતાવતાં લખ્યું હતું :

*'ગુણ બાંધ્યો ઘટ જિમ લહઈ, કૂપ થકી વર નીર,*
*કવિ વયણે લાગો રહઈ, તિમ મન અર્થ ગંભીર'*

ગંભીર વાત કહેવા માટે કવિતા ઉત્તમ માધ્યમ છે. કૂવામાં મધમીઠું પાણી હોય છે. ઘડો એને પોતાનામાં સંગ્રહી ટાઢુંબોળ કરવા તૈયાર હોય છે પણ એ ઘડો પાણી સુધી પહોંચવો તો જોઈએને. એમ કાંઈ કૂવાના કાંઠે ઘડો મૂકી દેવાથી કામ પતતું નથી. એ માટે ઘડાનાં કાંઠલે દોરી બાંધવી પડે. એ દોરી દ્વારા ઘડો છેક ઊંડો ઉતરી જાય છે. કૂવાનું પાણી મેળવે છે. તેમ દરેક માણસનું મન સારી વાત સમજવા સમર્થ છે. સારી વાતો ઘણી બધી છે. માણસનાં મનથી એ સારી વાતો છેટી રહે છે, કેમ કે મજેદાર રજૂઆતની ખોટ હોય છે. કવિતા મજેદાર રજૂઆત બની મનમાં પ્રવેશ કરે છે અને સારી વાતો, ગંભીર વાતો મનમાં સ્થિર કરી દે છે. કવિતા મનને પકડી રાખે છે અને સાથોસાથ પોતાનામાં રહસ્ય ભરીને મનમાં સિંચતી જાય છે. જોતજોતામાં માણસ ખરેખર, સુધરી જાય છે.

ઉપાધ્યાયજી મહારાજા કવિતાની દોરીથી આપણું મન બાંધે છે અને મનને છલકાવે પણ છે.

•

૨

# મોટા નાના સાંભળો મત કરો કોઈ ગુમાન

ત્યાર સુધી ઘણા બધા રાસ રચાઈ ગયા હતા, નવા રાસો રચાઈ રહ્યા હતા. ગુજરાતી ભાષાનો સૌથી વધુ જાણીતો રચનાપ્રકાર જૈન સાધુ ભગવંતો દ્વારા ખેડાઈ રહ્યો હતો. પાર વિનાના રાસાઓમાં સંયમજીવનનો ધબકાર અનુભવાતો, સાહિત્યની છટા વર્તાતી. પરંતુ સ્પર્ધા કોનું નામ ? કથા પ્રધાન પ્રવાહ ધરાવતા રાસ માટે કોઈ ઈર્ષ્યાભર્યા આદમીએ અવાજ ઉઠાવ્યો. એ કહે : રાસડાં એ તો ફાસડાં ? એમાં વળી શું દાટ્યું છે અને એમાં મહેનત પણ શાની ? આમ પણ સાહિત્યની છાપ એવી જ છે. અઘરી તાત્ત્વિક વિચારધારામાં ચાંચ ડુબાડી ન શકનારો સાહિત્યની દુનિયામાં પ્રવેશે છે, એવું મનાતું આવ્યું છે.

ઉપાધ્યાયજી મહારાજાએ ઈર્ષ્યાળુની વાતમાં આવી જનારાઓના ભ્રમને ટાળી દેવા, એક અઘરી કૃતિ રચી. એમાં પૂર્ણ રીતે તત્ત્વચિન્તન હતું. પોચટ લાગણીઓની કવિતા એમાં ન હતી. છતાં એ રાસ હતો ગુજરાતી ભાષાનો રાસ. એ રાસ ઈર્ષ્યાળુ સુધી પહોંચે તેવો પ્રબંધ થયો. સાથે

કહેણ પણ હતું કે સમજાવી બતાવો, આ ફાસડાને... આમાં મહેનત શી હોય ? અને એ ફાસડાવાળો આદમી બોલતો બંધ થઈ ગયો. આ ધારદાર ફાસડો એટલે દ્રવ્યગુણપર્યાયનો રાસ. આજે ગુજરાતીમાં રચનાવૈવિધ્ય હોવાં ઉપરાંત વિષયવૈવિધ્ય પણ છે. પરંપરામાં આ વૈવિધ્યને વહેતું મૂકવાનો ઉપાધ્યાયજી મહારાજાનો ઉપકાર અદ્‌ભુત છે. તેમણે કવિતા વિશે પોતાની આગવી શૈલીમાં લખ્યું અને એ લખેલું સાચેસાચ અમલમાં મૂકી બતાવ્યું. આ સંવાદમાં તેઓ સાવ સાદી ભાષા પ્રયોજે છે, છતાં અર્થગંભીર હોવાનો આદર્શ અતૂટ રાખે છે.

ઉપદેશ આપવાનો હોય ત્યારે સીધેસીધું કહી દેવાનું હોય છે. સારો માણસ એકાદ ઈશારો પણ બરોબર સમજી લે છે અને જરૂરજોગું પરિવર્તન કરી લે છે. આ વાત એકાદ અનિયત દૂષણને લાગુ પડે છે. લોહીની નસોમાં વહી રહેલા દૂષણોના નિકાલનો ઉપદેશ સીધેસીધો આપવામાં આવે તો જવલ્લે જ અસર કરે છે. એમાં પણ ઉપદેશ પ્રત્યે અરૂચિ ધરાવનાર હોય એવા આદમીને અને ઉપદેશને ગાંઠવા તૈયાર ન હોય તેવા આદમીને ઉપદેશ આપવાનો હોય તો શૈલીગત ફેરફાર જરૂરી બની જાય, ઉપાધ્યાયજી મહારાજાએ એક દાખલો વર્ણવ્યો છે.

કોઈ ગામમાં એક ઝાડ નીચે આગ લાગી. રાતનો વખત હતો, ઘણા બધા કાગડા બળીને નીચે પડ્યા. સવાર થઈ. બાજુમાંથી કેટલાક મૂરખ, અણઘડ બ્રાહ્મણો પસાર થયાં. તેમણે મરેલા કાગડા જોયાં. બ્રાહ્મણોની ભૂખ મોટેભાગે જાગતી જ હોય છે, આ લોકો તો ગરીબ હતા અને ભૂખ્યા હતા. એમને આ કાગડાઓ ખાઈ જવાનો વિચાર આવ્યો. પણ બ્રાહ્મણ હોવાનું ભાન તેમને થયું. કોઈ બ્રાહ્મણ ગુરુ ને પૂછવા તેઓ ગામમાં આવ્યા. ગામ એમના જોડીદાર જેવા ગરીબોથી ભરેલું હતું. ગોતતા ગોતતા એક ઢેડ લોકોનો બ્રાહ્મણ ગુરુ મલ્યો. તેમણે પૂછ્યું. પેલાએ કહ્યું ખરું કે ખવાય, વાંધો નહીં. પણ આમનાં મગજમાં બરાબર ઉતર્યુ નહીં. એણે પૂછ્યું કે તમને કક્કો આવડે છે. પેલાઓમાંના એકે કહ્યું કે હા, કક્કો આવડે છે, પરંતુ કક્કાથી આગળનું કાંઈ જ આવડતું નથી. ગુરુ તરીકેના દમામથી એ બ્રાહ્મણે જવાબ આપ્યો કે કક્કામાં પહેલો અક્ષર ક છે, બીજો અક્ષર ખ છે. ક એટલે કાગડા અને ખ એટલે

ખવાય. જાઓ, મોજ કરો. પેલા ગરીબડાઓ ધન્ય ધન્ય થઈ ગયા. દોડીને ઝાડ નીચે આવી પહોંચ્યા. કાગડાઓ ઉપાડ્યા, એક ઢગલો કર્યો. આ તાલ બાજુમાંથી પસાર થતા એક વિદ્વાન્ બ્રાહ્મણે જોયો. એણે આ લોકોને રોક્યા. પણ આ લોકો તો ગુરુજીની સાખ આપવા લાગ્યા. એ વિદ્વાન્ એમને લઈને પેલા ગુરુ પાસે પહોંચ્યો. ગુરુની ક અને ખ વાળી અફલાતૂન દલીલ સાંભળી. મૂર્ખ બ્રાહ્મણો પાસે જો આવી કળા હોય, તો આ તો ભણેલો હતો. એણે પૂછ્યું કે કક્કામાં દ ધ ન આવે છે ને. ગુરુ અને શિષ્યોએ હા પાડી. એ વિદ્વાને તરત કહ્યું અરે, આટલી બધી ખબર છે, તોય આવો ગોટાળો કર્યો. સાંભળો, ધ્યાન દઈને સાંભળો, દ ધ એટલે દગ્ધ. દગ્ધ એટલે બળેલો. અને ન એટલે ન ખવાય. બળેલો ન ખવાય. આટલી ખબર ના પડી. ઢેડ ગુરુજીએ ભૂલ કબૂલી અને ગરીબ બ્રાહ્મણો આગળ ચાલી ગયા. ઉપાધ્યાયજી મહારાજા કહે છે :

*બોધ લહઈ જે જેહ પ્રકારઈ તે પ્રતિબોધઈ તેમ.*

જે જે રીતે બોધ પામે તે મુજબ તેને બોધ પમાડવો. તેમના વૈરાગ્ય કલ્પલતાના પહેલાં સ્તબકનું વાંચન કરીને બોધ પામનારો એક વર્ગ છે, તો સમકિતના સડસઠ બોલની સજઝાયમાં ડૂબીને જાગૃતિ પામનારો પણ એક વર્ગ છે. આટલું ઓછું હોય તેમ, અધ્યાત્મસાર અને અધ્યાત્મોપનિષદ્ જેવા ગ્રંથો દ્વારા અધ્યાતમના મારગડે સંચરનારો વર્ગ પણ છે. અને જ્ઞાનસારના શબ્દોની ભીતરમાં ઉતરીને અન્તરને ઉજાળનારો એક વર્ગ પણ છે. પરંતુ આ તમામ વર્ગો યોગ્યતાની દૃષ્ટિએ આગળ વધેલા હતા. યોગ્યતાની કેડી પર પહેલ વહેલાં પગલાં માંડનાર માટે તેમને આ ગ્રંથોની ઊંચાઈ મુશ્કેલ હોય તે ખબર હશે.

કોઈ પણ ક્ષેત્રનો પ્રવશ શરૂઆતમાં બહુ મંથન કરાવતો હોય છે, ઉન્નત આદર્શો, આદર્શને આંબી જનારા મહાપુરુષો, તેમના ઉપદેશ, એમની હિતશીખ અને પોતાની ક્ષમતા બહારનો વિચારભાર કોઈક વખતે મૂંઝવણ પેદા કરે છે. સાચી દિશાની ખબર હોય, એનો ઉપકારક માહોલ જાણમાં હોય, પણ પ્રારંભના તબક્કે એ દિશાનું પ્રત્યેક પગલું, કપાળ પર પસીનો લાવી દેતું હોય છે. પોતે પાછળ છે, એવી ભાવના - કોઈ વસ્તુ કરતાં ન આવડે ત્યારે અને કોઈ વસ્તુ ન સમજાય ત્યારે લઘુતાગ્રંથિ બનીને વિકાસને રૂંધાવા લાગે

છે. આવા વખતે સહેલું કામ, સરળ ઉપદેશ મનની માવજત કરે છે, હૃદયમાં વિશ્વાસ પેદા કરે છે. વિચારતાં ન આવડતું હોય કે કામ કરતાં ન આવડતું હોય ત્યારે, એકાદ હળવો વિચાર મનમાં ગોઠવાઈ જાય કે એકાદ સાદું કામ પાર પડી જાય, તો તે દ્વારા આત્મવિશ્વાસ પેદા થાય છે. એના સહારે છેક છેલ્લે સુધી પહોંચી શકાય છે. યોગ્યતાનો આવિર્ભાવ બિલકુલ પ્રારંભિક તબક્કામાં હોય, ત્યારે આવા હળવા હળવા અને સાદગી ભર્યા ઉપદેશની જરૂર પડે છે. આવા ઉપદેશના આધારે યોગ્યતા ઘણોખરો વિકાસ સાધી શકે છે. ઉપદેશ તો એ જ ઊંચાઈનો હોય છે, પણ રજૂઆત એટલી બધી સરળ થઈ જાય છે કે એ ઉપદેશ મન સુધી પહોંચવો અઘરો છે, તેની કલ્પના પણ થઈ શકતી નથી, મનોમંથનને જન્માવતો ઉપદેશ એટલે જ રજૂઆતની કળા માંગી લે છે. ઉપાધ્યાયજી મહારાજા આ કળામાં કલમ બોળીને લખે છે, ત્યારે કથાના પરિવેશમાં, વાતચીતની ભાષામાં, વ્યંગભરી કહેતીમાં, સવાલજવાબની ગરમીમાં, એક અતૂટ લય સાધતો ઉપદેશ આકાર લે છે. અને આ ઉપદેશની અસરહેઠળ લાગણીશીલ ભાવક આવે જ. અને તેમ છતાં ઉપદેશનો કોઈ જ ભાર મન પર લદાતો નથી. મન તો કથાના પાત્રોમાં ખોવાઈ જઈને આહ્લાદનો અનુભવ કરે છે. રજૂઆત દ્વારા આનન્દ સુધી, અને એ આનન્દ દ્વારા મંથન સુધી લઈ જતો શબ્દબંધ બેશક, માનસિક ભૂમિકાને બદલી નાંખે છે. આ સફળતા મેળવવા માટે સર્જક જે સમય ફાળવે છે, એ સમયનો હિસાબ આપણી પાસે નથી પરંતુ એ સમયની સફળતાનો હિસાબ આપણી પાસે હોઈ શકે છે, હોવો જોઈએ.

શુભકાર્યના આરંભે મંગલ કરવાનો આશય એ છે કે અપૂર્ણતા પ્રત્યે જાગૃતિ ટકી રહે. કોઈ કામના આરંભનો ઉત્સાહ, એ કામ પૂર્ણ થાય ત્યારે ઊંડે ઊંડે માનની ગ્રંથિ બંધાવે છે. સફળતા દ્વારા અપૂર્ણતાને લડત આપવાની છે. એ લડતનો વિજય અભિમાનનું કારણ બને તો અપૂર્ણતા અકબંધ રહી જાય. આ વાતની સભાનતા ટકી રહે તે માટે પૂર્ણતાને આંબનાર એવા પરમપ્રભુને કે પરમગુરુને યાદ કરવાના હોય છે. એમની સ્મૃતિ આપણી ભાવનામાં અભિમાનનો પ્રવેશ થવા દેતી નથી. અપૂર્ણતા પ્રત્યેની નમ્ર જાગૃતિ ધીમેધીમે મક્કમ રીતે પૂર્ણતા સુધી પહોંચાડે છે. ન પહોંચાય ત્યાં સુધી તે ખૂબ

સહાયક બને છે. આથી જ દરેક ગ્રંથકાર શબ્દમંગલ રચીને પોતાની જાગૃતિ નમ્રતાપૂર્વક પ્રગટ કરે છે. બીજો પણ એક સરસ આશય છે. ગ્રંથ રચનાર તો મનમાં મંગલ રચી લે તો પણ કામ ચાલી જાય, તેને શબ્દોમાં ઉતારવાની જરૂર નથી. પોતાની ધારણા મુજબની વાત કહી દેવાથી જ ગ્રંથને રચવો જોઈએ, મંગલના શબ્દો બોલવા માટે ગ્રંથ રચાતો નથી, ગ્રંથ રચાય છે કશુંક કહેવા, સમજાવવા. મંગલ કરવામાં ગ્રંથની વાતનો સંબંધ મેળવવો પડે છે. મજાનો આશય એ પણ છે કે, ગ્રંથરચના કરનાર શબ્દમંગલ રચીને માત્ર પોતાની અપૂર્ણતાને પ્રગટ નથી કરતાં, પરંતુ સાથોસાથ જ વાંચનારની અપૂર્ણતાને પણ અડી લે છે. નમવું, પ્રણામ કરવો તે પ્રગતિ માટે જરૂરી છે. એ વિના પ્રગતિ થાય નહીં, થાય તો તેમાં ભલીવાર ન હોય. વાંચનાર શબ્દમંગલ વાંચે એટલે એને પણ પોતાની અપૂર્ણતાનો ખ્યાલ રહે, અને એ અપૂર્ણતાને તોડવાની છે, તે પણ યાદ રહે. આ કૃતિનો આરંભ શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુને સમરીને કર્યો છે. લખે છે કે,

શ્રી નવખંડ અખંડ ગુણ, નમી પાસ ભગવન્ત

પરમાત્માના ગુણો અખંડ છે. આપણા આત્માના ગુણો તરફ તરત જ નજર જાય. જોકે આપણે કેટલા ગુણો ખરેખર મેળવ્યા છે તે સવાલ આત્માને જ પૂછવાનો. પણ મળેલા ગુણો પણ અવસરે છેહ દે છે તેવું ઘણીવાર બને છે. એકાદ અવસરે ગુણોની હાજરી ટકી જાય તે તો શક્ય છે, પણ એકાદ વખતની હાજરીના તાનમાં સતત હાજરી લેવાનું ભૂલી જવાય તો થાપ ખાઈ જવાય. આ તાન એ જ આપણું અભિમાન છે અને અભિમાન જ આપણી અખંડ ગુણવત્તાને સતત નડે છે.

ગુણોનું સાતત્ય કેળવવું. ગુણો મળ્યાં પછી પણ એ ટકાવી ન શકાય તો સરવાળે હાલત તો એની એ જ રહે છે. ઉપાધ્યાયજી મહારાજાએ અખંડ ગુણ લખીને આપણને ઈશારો કર્યો કે આપણા ગુણોમાં સાતત્ય નથી. સાતત્ય વિનાની સાધના બહુ આગળ લઈ ન જાય. આગળ જવું હોય તો સાતત્ય જોઈએ. સાતત્ય માટેની તીવ્ર આકાંક્ષા તો જોઈએ જ જોઈએ. આ સાતત્યને, મનનાં ધોરણે રચાતા સાતત્યને, મનમાં જુગજૂના ઘર બાંધી બેઠેલું અભિમાન તોડે છે. આ સાતત્ય ન તૂટે તે માટે મનમાં અખંડની ધૂન જાગવી જોઈએ અને

અખંડની ધૂન માટેનું શ્રેષ્ઠ આલંબન પરમાત્માથી બીજું કોણ હોય ? પરમાત્માને મનમાં સ્થાન મળે ત્યારથી અવગુણોની અખંડતા તૂટવા લાગે. એ તૂટે તે માટે જ આ કૃતિની રચના થઈ છે.

આગળ વધીએ. આ વૃત્તાન્તમાં સમુદ્ર અને વહાણનો વાદ વચન વિસ્તાર છે. બન્ને વચ્ચે વાદ થાય છે. વાદની શરૂઆત કોણ કરે છે, એમાં જીતે છે કોણ અને હારે છે કોણ તે વધુ મહત્ત્વનું નથી. બન્ને વચ્ચે થતી લાંબી દલીલબાજી જ અગત્યની છે. અઘરી ન સમજાય તેવી, સમજતા મુશ્કેલી પડે તેવી કે સમજવા માટે સબળ ભૂમિકા માંગી લેનારી દલીલબાજી નથી આ. દલીલબાજી મનને હળવું ફૂલ બનાવી દે છે. વસંતઋતુમાં જેમ આંબાનું ઝાડ મહોરી ઊઠે છે, એમ આ દલીલબાજીમાં પેસીને મન શબ્દશઃ મહોરી ઊઠે છે. મન મહોરી ઊઠે તો જ એમાં પ્રવેશ મળે; એ પછી જ વજન મૂકવા જેવી વાતને હળવેકથી કહી દેવાય. હૃદયનું પરિવર્તન મન દ્વારા જ શક્ય છે અને મનની કામ કરવાની રીતમાં સૌ પ્રથમ પ્રસન્નતાને સ્થાન મળે છે. મનની આવશ્યકતાને સમજીને પ્રસન્નતા જળવાય તે રીતે આમાં વાદવચનવિસ્તાર કર્યો છે. માત્ર મનની જ આરતી ઉતારવાની નથી. મનને સાધવાનું કારણ મન પાસે કામ કઢાવવું છે એ છે. કામ વિના એની સાચવણી કરતા રહેવાનું કામ મૂરખ કરે. કામ કઢાવવાની વાત પણ સ્પષ્ટ છે.

મોટા માણસથી માંડીને નાના માણસ સુધી બધાને ગુમાન કરવાની ટેવ હોય છે. જાણતા કે જાણ બહાર ગુમાની બની જવાનું સહજ છે. એવું ન બનવું જોઈએ. એવું બન્યું હોય તો તરત સુધારો કરી લેવો જોઈએ. કેમકે ગુમાન ક્યારે તૂટી જશે તેનો કોઈ ભરોસો નથી. ગમે તેટલી તાકાત હોય કે તૈયારી હોય. કાંઈ કામ લાગતું નથી. આભ જેવા વિશાળ સાગરે કરેલું ગુમાન ખોબા જેવડા વહાણે તોડી નાંખેલું. કંઈ રીતે ?

'સાવધાન થઈ સાંભળો, તે સવિ કહું વિચાર'

•

# ૩

## સાગરમાં અને સંવાદમાં પ્રવેશ : પહેલી ઢાળ

'કેસર અને કુસુમથી પરમાત્મા શ્રી પારસનાથ દાદાને પૂજીને, પરમાત્માનાં ચરણે પડીને વ્યવહારી લોકો મંગલ કરે છે. ઉલ્લાસ વધે તે મારે શકુન ઝંખે છે. ઉત્સાહ સાચો છે માટે શકુન મળી રહે છે. વ્યવહારી એટલે કે વેપારી લોકો આનન્દિત થાય છે અને પરમાત્માના ભામણાં લે છે. સફર શરૂ થાય છે.' સફર શરૂ થાય છે. ધીમે ધીમે પડદો ઊંચકાય અને નાટક મંડાય તેમ ધીમે ધીમે સાગર સુધી પહોંચવાનું છે અને સંવાદ શરૂ થવાનો છે. દરિયાની પીઠ પરથી સરકતાં વહાણોનું દૃશ્ય ડોલનશૈલીનું ચિત્ર બની જાય છે. હવાનો ધક્કો સતત લાગતો હોય, પાણીના વિસ્તૃત પટ પર ઉછાળ ચાલુ હોય, વહાણો ડોલતાં ડોલતાં આગળ સરકતા હોય, ઊંચા કૂવાથંભ સાથે બંધાયેલા સઢ છાતી ફૂલાવીને ફડફડતો ઘોંઘાટ મચાવતા હોય. લાંબા દોરડાં ખેંચને કારણે કિચૂડ કિચૂડ કરતાં હોય અને વહાણનું ખલાસી મંડળ દરિયાઈ લયનું સમૂહગીત છેડીને પ્રવાસને ગતિશીલ બનાવતું હોય અને એમાં સાગરનો ગર્જારવ ભેળો થતો હોય એવું દૃશ્ય રોમાંચ પેદા કરે છે.

દરિયાના ખોળે જવાનું છે, એના સહારે સફળતા સુધી પહોંચવાનું છે અને સફળતાને ખભે બેસાડી આ જ દરિયાનો ટેકો લઈ સહી સલામત પાછા ફરવાનું છે એથી દરિયાદેવને પૂજવાના હોય, એમના ખોળે નાળિયેર નાંખવાના, નૈવેદ્ય વરસાવવાનું, એ બધી સામગ્રી એના પેટાળમાં ગરક થાય તે પણ મંગલકાર જ છે. દરિયો પ્રસન્ન રહે, તોફાન ન નડે, એ માટે સાગરખેડૂઓ સાગરપૂજા કરતા રહે છે. વેપારીઓએ સાગરના ખોળે શ્રીફળ ધર્યા અને અન્ય સામગ્રીઓ વરસાવી. આ બાદ વહાણોનાં લંગર છોડવામાં આવ્યા અને બંદરના સંકુલને છોડીને વહાણો આગળ ચાલ્યા. વેપારીઓ ઘણા હતા એટલે જ વહાણ પણ ઘણા હતા. વેપારીઓની પત્નીઓ ધવલ ગીતો ગાય છે. આ કોઈ સામાન્ય સ્ત્રીઓ નથી. આ સ્ત્રીઓમાં કેટલીય પદ્મિનીનાર છે.

*‘પદ્મિની દીએ આસીસ, કહે ‘વહિલા આવજોરે.’*

મોડું ન કરવાની ટકોર તો ઘેરથી દુકાને જતી વખતે કરવાની. આ તો પરદેશ જાય છે એટલે એટલું જ કહેવાય. *‘વહિલા આવજો રે’* ખબર છે કે વહેલા આવે તો પણ મહિનો વીતી જાય પણ મહિનો એકવચન છોડીને બહુવચનમાં ન જતો રહે તે માટે આથી સરસ ઈશારો કયો હોય ? વહેલા આવવાની ઉતાવળમાં કામ અધૂરું ન રાખવાની ભલામણ પણ કરવી જોઈએ. કહે છે :

*હીર ચીર પટકૂલ ક્રયાણાં લાવજો રે.*

પાછા આવો ત્યારે હીરા જોઈશે, વિદેશી વસ્ત્રો જોઈશે, ને ભાતભાતની સામગ્રીઓ જોઈશે. કરિયાણું પણ જોઈશું. બધું જ લેતા આવજો અને એ બધામાં, આવવાની ઉતાવળ વિસારે ન પાડતા.’

છેલ્લે સુધી ભલામણો થતી રહે છે અને અંતે એ દોર પૂરો થાય છે. કુટુંબ પાછળ રહી જાય છે. વતન, વતનની ધૂળ પાછળ રહી જાય છે. વતનની હવા સાથે દોડતી આવે છે, વળાવવા માટે. છેવટે એ પણ થંભી જાય છે. દરિયાનો ધુંઆદાર પવન વહાણને પોતાની સાથે દોડાવે છે. દરિયા પરથી સરકતાં વહાણ, પવનનો સંગાથ લઈને ઝડપભેર દોડે છે. સઢમાં ભરાતો પવન રાવટીઓ યાદ કરાવે છે અને તરત જ એમાં લક્ષ્મી દેવીનો વાસ હોવાની

કલ્પના આવી જાય છે. જમીન પર ખોડાતાં તંબૂઓનું કાપડ પણ હવાના ઝોકે હાલતું હોય છે અને આ સઢનું કાપડ પણ એ જ રીતે હાલે છે. વહાણમાં લક્ષ્મીદેવીને ડેરાતંબૂ લગાવીને રહેવાનું મન થયું અને આપણા વેપારીઓએ જે ઊંચો શમિયાણો બાંધી આપ્યો તે જ જાણે સઢ રૂપે દેખાય છે. લક્ષ્મીને રહેઠાણ બાંધી આપનારાની શ્રીમંતાઈનું તો પૂછવાનું જ શું ? વહાણમાં વાજીંત્રો વાગી રહ્યાં છે, તોરણો લટકે છે એમાં ગૂંથેલા મણિઓ ચમકી રહ્યા છે. દરેક વહાણમાં આવા શણગાર છે. નીચે ભૂરો દરિયો છે.

કલ્પનાનો તંતુ સંધાય છે. ભૂરો દરિયો એ આકાશ છે. વહાણો એ વાદળો છે. ચમકતાં મણિગૂંથ્યા તોરણ એ વીજળી છે. વાગતાં વાજીંત્રો એ વાદળનો ગર્જારવ છે. વર્ષાઋતુ બનીને આખો કાફલો આગળ સરી રહ્યો છે.

વહાણો વિરાટ છે, એમની ઝડપ પણ અદ્‌ભુત છે. એમની પીઠ પર વિશાળ સઢ ઝૂલે છે. કલ્પના દોર સાધે છે. વહાણ એ પર્વત છે. એમના સઢ એ પાંખ છે. ઊંચા પર્વતો જાણે પાંખ ધરીને ઊડી રહ્યા છે.

વહાણોનો વૈભવી ઝાકઝમાળ જોઈને, દરિયાના દેવો પોતે જ વિમાનમાં બેસીને સફરે ઉપડ્યા હોય અને આ સાગર પરથી એ વિમાનો ઊડી રહ્યા હોય તેવું લાગે છે.

વહાણોની શોભા પાર વિનાની છે અને દરેક વહાણનો મોભો નોખો છે. આકાશમાં પોતાની નોખી તેજસ્વિતા અકબંધ જાળવી રાખતા ગ્રહોના મંડળ ટોળે વળીને દરિયા પર ઊતરી આવ્યા હોય, તેવું લાગે છે.

આ બધી કલ્પનાઓ વિશે પણ એક આગળની કલ્પના આવે છે. વહાણોનો કાફલો એક સાથે આંખ સામે આવવો તો માણસ માટે શક્ય નથી. માણસો તો સેંકડોની સંખ્યામાં વહાણોમાં બેસી ગયા છે. એ જુએ તોય એક બે વહાણ માંડ જુએ. ત્યારે આ કલ્પના કરવા તો બીજી દુનિયાના લોકો જોઈએ. એ લોકો છે દેવો ! ઊંચા આકાશમાંથી દરિયો જોઈ રહેલા દેવો, વહાણોનો કાફલો જોઈને લક્ષ્મીદેવીના તંબૂની, વહાણે સર્જી બતાવેલાં ચોમાસાંની, ઊડતા પર્વતની અને વિમાનની અને તરતાં ગ્રહમંડળોની કલ્પના કરે છે.

એક તો દેવોને નોંધ લેવી પડી, બીજું જોવામાં દેવોને એવો તો રસ પડ્યો કે એમને કલ્પનાઓ કરવાનું મન થયું. ત્રીજું એ કલ્પનામાં આ

વહાણોની કે વહાણોની સમૃદ્ધિને જોવાની નવી દૃષ્ટિ મળી શકે. આ ત્રણ કલ્પનાઓ પ્રસંગને સવેગ નહીં પરંતુ સરસ બનાવી દે છે. આવા વૈભવી વહાણો પાણીની સપાટી પરથી આગળ દોડી રહ્યાં છે.

જે રીતે બે સજ્જન ભેગા થાય, તો બન્ને એકબીજાને વધુ ને વધુ અનુકૂળ થઈને ધાર્યા કામને ન્યાય આપે છે. તે રીતે વહાણો સાગરનાં નીર સાથે લય સાધીને આગળ વધે છે અને સાગરનાં નીર પણ વહાણોને ગતિ આપવા અનુકૂળ રહે છે. બે સજ્જન ભેગા થાય તેમ વહાણ અને સાગર ભેગા થાય છે. બે સજ્જનના પરગજુ સ્વભાવ જોઈને કોના વખાણ કરવા, તેની મૂંઝવણ થાય, તેમ ગતિશીલ વહાણોને અને નડતર વિનાના સાગરને જોઈને કોનાં વખાણ કરવા તે સવાલ થઈ પડ્યો છે. પ્રવાસ આ જ રીતે ચાલુ રહે છે. સાગરનું તળિયું ઊંડાણમાં પ્રગતિ સાધતું જાય છે. વહાણનો આગલો ભાગ પાણીને વીંધીને રસ્તો કાઢતો હોય તેવું લાગે છે. એમ કરવા જતાં પાણીમાં મોટા મોજાઓ જનમે છે. એના તરંગો વહાણની ચોમેર ઉછળતાં જાય છે. અહીં ફરી કલ્પના આકાર લે છે. આ તરંગો એ સાગરના હાથ છે. એ વહાણને ઘેરી લે છે, એ આલિંગન છે. મિત્રને બે હાથે ભેટવાનું સહજ છે. આ દરિયો પોતાના મિત્ર નામે વહાણને ભેટે છે. મિત્રને ભેટવું એ આનન્દની અભિવ્યક્તિ છે અને આનન્દની અનુભૂતિ, ભેટની વખતે થતો રોમાંચ છે. સાગર પણ રોમાંચિત થઈ ગયો છે. સાગરમાં જે પરવાળાની જાળો વિસ્તરી છે એ એના રોમ છે.

વહાણો ઝડપભેર મધદરિયે આવી પહોંચે છે. મઝધારનો માહોલ અજીબ હોય છે. પહાડીના પ્રદેશમાં બે ટેકરીઓ વચ્ચે રસ્તો બનતો હોય છે તેમ પ્રચંડ જલપહાડો વચ્ચેથી વહાણોનો રસ્તો નીકળતો હોય છે. પાણીની સપાટી સમથલ નથી હોતી. ઊંચાનીચા આકારોમાં પાણી ભયાનક બની જાય છે. તોતીંગ વેગથી એકાદ જલડુંગર વહાણને ધક્કો મારે તો બાપડું વહાણ ગડથોલું ખાઈ જાય. પાણીના આકારો અચાનક શાન્ત થઈ જાય અને અચાનક માથું ઊંચકે. આમાં ખલાસીઓનો અનુભવ કામ લાગે છે. સાગરમાં અમુક વિસ્તાર આવો ચોક્કસ આવે છે. જો કે સાગરમાં લાંબો વખત રહ્યા પછી જ આ વાતાવરણ જોવા મળે અને સમજાય. વહાણો મધદરિયે આવ્યા ત્યારે

સજ્જન બનીને સાથ આપતો દરિયો પલટો લે છે. માથોડાઓ માપે એવા ઊંચા મોજાઓ અદ્ધર ઉછળે છે. દરિયો આકાશમાં ફંગોળાતો હોય એમ પાણીનો ધોધ ઊંચે ચડતો જાય છે. ગર્વશાળી માણસની ડોક ઊંચી હોય ને છાતી આગળ હોય તે જોઈને આપણે કહીએ છીએ કે આનો ગર્વ માતો નથી. દરિયાની હાલત આવી જ થાય છે. પોતાની વિરાટ અસ્મિતાથી એ મનોમન ફૂલાતો જાય છે અને પ્રચંડતાનું પ્રદર્શન કરવા તરંગોની પરંપરા રચે છે. તરંગો ઉછળીને પટકાય છે અને તૂટી જાય છે, ફરી ઉછળે છે અને ફરી વિખેરાય છે. ગાંડો થઈને દરિયો જાણે નાચવા લાગે છે. તોફાને ચડેલો શું કરે, તે કહેવાય નહિ. વહાણોનાં જીવન અને વિલય પર પોતાનો કાબૂ છે એવી માન્યતાને કારણે એ ફૂલાયો છે. અને

*મતવાલો કરે ચાલો, નિજ મન રંગસ્યું રે.'*

પોતાના તાનમાં એ ચાળા, ચેનચાળા કરવા લાગે છે. ઘડીકમાં વાહણની પાછળ ધક્કો મારે. ઘડીકમાં પડખેથી ધક્કો મારે, ઘડીકમાં વહાણને અદ્ધર ઊચકી લેતું મોજું ખડું કરી દે ને ઘડીકમાં આગળથી એવી થપાટ લગાવે છે કે વહાણ હચમચી ઊઠે. વહાણ ગમે તેટલું મોટું હોય, મારી સામે એ મગતરું છે... એનો આ રણકાર છે.

એ માને છે કે 'મારો વ્યાપ, મારું ઊંડાણ અને મારી જળસંપત્તિ મને અપૂર્વ બનાવે છે. મારા જેવું આ જગતમાં કોઈ છે નહીં, હું ધારું તો આભને પણ આંબી શકું...' એમ કહીને એ એવો ઉછાળ સાધે છે કે વહાણ એકદમ ઉપર ઊચકાઈ જાય છે. જાણે જમીન પર ઊભેલા આદમીને એકદમ જ પર્વતની ટોચ પર ધકેલી દે છે. ગર્વનું ભૂત એના મનમાં ભરાયું છે એટલે એ બબડાટ ચાલુ કરે છે. પોતાની જ વાત કર્યા કરે છે, પોતાના જ ગુણો ગાવા લાગે છે. એને બીજું કાંઈ સૂઝતું જ નથી. ભર્તૃહરિએ કહેલું - નિજગુણ કથાનું પાતક એને યાદ નથી રહ્યું, એ તો લાજ વિનાનો થઈ બેઠો છે. એને મળ્યું છે ઘણું બધું, એને મળેલી સમૃદ્ધિ ભાગ્યે જ કોઈને મળે. પણ એ મળેલું બધું એનાથી જિરવાતું નથી. એને દેખાડો કરવાનું મન થાય છે, પોતાનો પ્રભાવ પાથરી દેવા અને બધાને સ્તબ્ધ કરી દેવા એ ભૂરાયો થયો છે. એના અભિમાનનો પાર નથી અને પોતીકા ગુણાનુવાદનો છેડો નથી. ઘૂઘવતો જાય

છે ને પોતાની પ્રશસ્તિ ખડખડાટ લલકારતો જાય છે. એમાં એ સાવ વરવો લાગે છે.

નારી સામે ચાલીને પોતાનાં ગોપનીય સૌન્દર્યને વેચવા નીકળે તો સૌન્દર્ય હોવા છતાં તે કિંમત વિનાની થઈ જાય છે, તેમ આ દરિયો પોતાની શક્તિને પચાવી શકતો નથી એટલે વર્ચસ્વવાળો હોવા છતાં વજન ગુમાવી રહ્યો છે. એનું તોફાન જોઈને એક વહાણ ગુસ્સે થઈ ગયું.

એનું ગાંડપણ જોઈને કોઈનું પણ મગજ ગરમ થઈ જાય એવું હતું. 'એ તોફાન *'દૃષ્ટિ આકરૂં-'* હતું એટલે કે આંખને આકરું લાગે તેવું હતું. સારું નરસું જોઈ શકનાર એ તોફાનનો ખરાબો તરત સમજી શકે. વહાણ તો સાત સાગરનાં પાણી માપી ચૂક્યું હતું. એનાથી આ ગર્વ સહન ન થયો. એ તો તાડૂક્યું, સાચેસાચું કહી દેવા હુંકાર કર્યો.

બોલતી વખતે સામા માણસનું મોઢું જોવા ન બેસાય. જે લાગે તે સ્પષ્ટ ભાષામાં કહી દેવાનું. જેને આ કામ કરતા આવડે તેની બોલવાની શક્તિ સફળ. વાચાળ માણસ સારો ન ગણાય, બોલકણો કે બટકબોલો ગણાય. પણ જે હંમેશા સાચું રોકડું પરખાવે છે તે સાચકલો અને ખરેખરો છે. મોટાનાના કામમાં આવી નીતિથી ખરું કહેતો રહેનાર વાણીનો ધણી છે, બીજા તો માત્ર હાજીઆઓ છે. હાજી હાજી કર્યા વિના સ્પષ્ટ કહી દેનારાની હરોળમાં વહાણે સ્થાન લીધું હતું.

એ બોલ્યું : 'દરિયા ! તુમે તો ભરિયા, નવિ તરિયા કુણે રે ?'

ભાઈ ! સાગર તું સંપૂર્ણ ભરાયેલો છે, એક તસુ જેટલી ખાલી જગા તારામાં નથી. તો પણ તને તરી જનારા ઘણાં છે. સમજને કે મોટા ભાગના તો તને તરી જ જાય છે. તું કોઈથી નથી ડરતો. તને આંધીની બીક નથી. વરસાદથી રંજાડ થાય તો તેથી તું હેરાન થતો નથી. આગની તો બીક નડે જ કેવી રીતે ? પર્વતો, પહાડો, મહાશિલાઓ તને કશું કરી શકે તેમ નથી. તારામાં ગુણો પણ અંતવિનાના છે. તારામાં જેટલા ગુણો છે તેટલાં ગુણો મેળવવા માટે ઘણા ભવ કરવા પડે. તો પણ તને મારે એક વાત કહેવી છે. તું તારા ગુણોનું અભિમાન રાખે છે તે ખોટું છે. બધી મજા મારી જાય છે આમાં.

તારા જેવા વિશાળ મહાપુરુષે આનાથી સાવ છેટે રહેવું જોઈએ. તું

ફાંકો રાખે છે તે વાત જ વિચિત્ર નથી લાગતી ? તારાથી બધા ગભરાય છે. તારે દિગ્વિજય ખેડવાની પણ જરૂર નથી. તું દુનિયાનો રાજા છે. તું આમ ગર્વ રાખે તે સારું નથી લાગતું. આમ ગર્વ રાખવામાં અવસરે આખો ખેલ ખલાસ થઈ જાય. ગર્વ તો બટકણા કાચ જેવો છે. સહેજ ધક્કો લાગે ને ટુકડા થાય. ગુણવાન હોવું ખૂબ જ સારું લક્ષણ છે. પણ ગુણોનું પ્રદર્શન કરતાં રહેવું એ ખરાબ લક્ષણ છે.

તને ખબર છે, બજારમાં ઉજળા કપડાં પહેરીને અવરજવર કરનારા માણસોભેગો એકાદ છેલબટાઉ માણસ પણ રખડતો હોય છે. ભભકદાર કપડાં પહેરીને એ રખડ્યા જ કરે. એનું એક જ લક્ષ્ય હોય છે. બધા મને જુએ અને મારી કદર કરે. જોવા જેવું તો એની પાસે કાંઈ હોય નહીં એટલે ચટ્ટાપટ્ટાવાળા કપડાં પહેરીને નીકળી પડે. એ રીતે પણ લોકો સામું જુએ તે જ ઘણું છે, એને માટે. આવા પાસે કોઈ ગરીબ માણસ કાંઈક માંગવા જાય તો એને હડધૂત થવું પડે છે. બાહરી ભભકો પોલો ઠરે છે. એ રીતે આ ઉછળકૂદ કરવામાં કશુંક એવું બફાઈ જશે કે બધો પ્રભાવ પોકળ સાબિત થઈ જશે. તું તારા ગુણોની વાત કરતો રહે છે તે સારું દેખાતું નથી. આ લક્ષણ સાવ ખરાબ છે.

સારા માણસો તો બીજાના મુખે પોતાની પ્રશંસા સાંભળીને પણ શરમાઈ જાય, પ્રશંસા કરનારને રોકે ને મીઠાશથી એને ટોકે. આ જોઈને પ્રશંસકોને પોતે કરેલી પ્રશંસા એકદમ સાચી લાગે. પોતાના વખાણ ન સાંભળવાની વૃત્તિ દ્વારા ગુણવાન જનો અધિક ગુણવાન બને છે અને તેમના ગુણોની ઊંચાઈ દેવલોકને આંબી જાય છે. આ સામે જે પોતે જ પોતાના ગુણો ગાય, કૂકડો જેમ ડોક ઊંચી કરીને કૂકરેકૂક કરે તેમ ડોક ઊંચી કરીને જે આપબડાઈ કરે, તેના છતાં ગુણો પણ નાશ પામે છે, એટલું જ નહીં, એ એટલો ખરાબ બની જાય છે કે એના તમામ ગુણો છેક પાતાળમાં ડૂબી ગયા હોય તેમ લાગે.'

•

૪

# સંવાદ અને પ્રતિવાદ

પહેલો ઘા રાણાનો એટલે કે સાગરની સામે વહાણનો હતો. એ ઉપદેશ આપવા લાગ્યો.

સાચી વાત કહેવી અને ઉપદેશ આપવો, આ બે સહેજ ફરક ધરાવે છે. સાચી વાત સાચી જ હોય છે, ઉપદેશ સાચો ન પણ હોય. સાચી વાત કરનાર ખરેખર સાચી વાત કરે છે કે એ સાચના નામે ખોટું પરખાવે છે તે સમજવું જોઈએ. ઉપદેશ આપનાર શીદ ઉપદેશ આપવા લાગે છે તે પારખવાની પણ જરૂર રહે છે. ઉપદેશ સાચો હોય પણ ઉપદેશ આપવાનું કારણ સાચું ન હોય તો સાચો ઉપદેશ અર્થહીન લાગે છે. ઉપરાન્ત ઉપદેશ જ ખોટો હોય તો પણ એને માન્યતા આપવાનું મન નથી થતું. સાચી વાત પ્રસંગ, વ્યક્તિ, પરિસ્થિતિ તરફ ઈશારો કરતી હોવાની શક્યતા અધિક હોય છે. ઉપદેશ એમ ને એમ પણ આપી શકાય છે. અલબત્ત, એ પણ પ્રસંગને, વ્યક્તિને કે પરિસ્થિતિને સ્પર્શી જાય તે સંભવિત છે. પરંતુ સ્પર્શ્યા વિના પણ આપી શકાતો અને સાથોસાથ હૃદયને સ્પર્શી શકતો ઉપદેશ જોવા મળે છે.

સંભાવનાનો ઈશારો ઉપદેશમાં હોય છે પરંતુ સંભાવનાને રજૂ કરનારને એમ તો ન કહેવાય કે સંભાવના બતાવવાના નામે આક્ષેપ થઈ રહ્યો છે. સંભાવના ન બનેલી બાબતને આકાર પામવાની શક્યતા નિર્દેશે છે.

ઉપદેશને આક્ષેપ માની લેનાર પણ આ દુનિયામાં છે. સાચી વાતને મફતનો ઉપદેશ ગણાવનારા પણ આ દુનિયામાં છે. સાચી વાતને ન સ્વીકારવા માટે એ વાતને આક્ષેપ કહી દઈને, એ વાતના કહેનારને ઊતારી પાડવાનું કામ થતું જોવા મળે છે, સાચી વાતને મોટી મોટી વાતો ગણાવીને ઉવેખવાનું વલણ જોવા મળે છે. સાચી વાત અને ઉપદેશમાં નજીવો તફાવત છે. એ ઓળખી શકાતો નથી માટે બન્નેની હાંસી ઉડાવનારા માટે મેદાન મોકળું બની જાય છે. આ બન્ને પ્રત્યે બહુમાન ધરાવીને, બન્નેને બરાબર સમજીને એ મુજબ અમલ કરીને જીવન જીવનારા પણ આ દુનિયામાં છે. અને સજ્જનોમાં એમનો જ મહિમા ગવાય છે. સાચી વાતનો અને ઉપદેશનો મહિમા સમજવા માટે પણ સજ્જનનું હ્દય જોઈએ. સજ્જન જ સાચી વાત કહી શકે, કેમ કે સાચી વાત સમજવાનું સજ્જન સિવાયનાનું ગજું નથી. સમજ્યા વિના સાંભળવાનું સજ્જનોને પરવડતું નથી. એ જ રીતે સમજ્યા વિના સંભળાવવાનું સજ્જનને આવડતું નથી. સાગરને વહાણે કહ્યું કે સમજભરી વાત હતી. સાચી પરિસ્થિતિ અને જરૂરી ઉપદેશ સિવાય એ કંઈ જ બોલ્યું ન હતું. પણ સાગરનો તોર અલગ હતો. એને એને સાચાખોટાની તમા ન હતી. એની પોતાની વાત જ બોલતા ખૂટતી ન હતી, તો એ બીજાની વાત શા માટે સાંભળે ? પણ, એની મૂળવૃત્તિને ઘા લાગે તેવી વાત હતી. દંભી કે લોભી માણસ કડવું સાંભળી શકે છે, ક્રોધી કે માની કડવું સાંભળી નથી શકતો. એ તરત ઉકળી ઉઠે છે. સાગરનું માન તો સાતમા આસમાને પહોંચ્યું હતું.

તેણે વહાણને ઉદ્દેશીને ગર્જના કરી :

*'સી તુજને ચીંતા પડી'*

એણે કહ્યું. 'રે, વહાણ, હું ગમે તે કરું તેની સાથે તારે શું લેવાદેવા ? તું તારી ચિન્તા કર. મારી ચિન્તા કરવાની કોઈ જરૂર નથી. તારા ગુણનું કોઈ ઠેકાણું નથી. તું તારું સંભાળે તોય ઘણું છે. બીજાને ઉપદેશ આપવાનું તને

શોભતું નથી. પોતાનું કામ તડકે મૂકીને બીજાને ઉપદેશ આપવામાં મસ્ત થઈ જનારાની હાલત બહુ કફોડી થઈ જાય છે. તું મને શિખામણ આપે છે, તેમાં કાંઈ સારો દેખાતો નથી; તારા જેવા માટે જ તો ‘વાયડો’ એવો શબ્દ લખાયો છે. બોલવા સિવાય બીજું સૂઝે છે કશું તને ? બીજાની વાતો કરતા રહેવામાં તારી જીભને મજા પડે છે. જીભને બહુ ચલાવવામાં તું નિન્દા કરતો થઈ ગયો છે. તને મિત્રભાવે કહું છું કે આ જીભનો ચાળો તું છોડી દે. જીભને આમ નિન્દા કરવાની ટેવ પડી જશે તો તારી કિંમત કોડીની થઈ જશે. ઓછું બોલનારને સાંભળવાનું મન થાય પણ આખો દિવસ બોલબોલ કરનારને સાંભળવામાં તો ત્રાસનો અનુભવ થાય. તું બોલબોલ કરે છે તેથી તારી કિંમત ખતમ થઈ ચૂકી છે. બોલ્યા વિના કામ કરવાનું તું શીખી લે, નહીં તો તું કાયમનો દુઃખી બની જઈશ. તારી પાસે આવનારા ખૂટી જશે ને તારી સામે જોનારા કોઈ રહેશે નહીં. તું સાવ એકલો પડી જઈશ. દિવસે અને રાતે તારે એકલવાયા રહેવું પડશે. અત્યારે તો તું બીજાની વાતો કરે છે, પણ પછી તો તું તારી, તારા દુઃખની વાત કરીશ તોય કોઈ સાંભળનાર મળશે નહીં, માટે બબડાટ કરવાનું છોડી દેવામાં જ સાર છે. તું આ જ રીતે બકવાસ કરતો રહીશ, તો મને કશો ફરક નથી પડતો, પરંતુ તારું ભાવિ ધૂંધળું બને છે. માટે, આમ વરણાગી થઈને ઉપદેશ આપવાનું છોડી દે...’

અને આમ સાગરે વહાણની સામે પ્રતિવાદ રચ્યો.

કોઈ મતભેદ પડે અને બોલાચાલી થાય તો વિવાદ થયો - એમ કહેવાય છે. સાગર અને વહાણ બન્નેની વાત જુદી પડે છે. બન્ને વચ્ચે બોલાચાલી શરૂ થાય છે છતાં બન્નેની ચર્ચાને વિવાદ કહેવાને બદલે સંવાદ કહી છે. તે એટલા માટે કે બન્ને પોતાની વાત માટે જે રજૂઆતનો આશરો લે છે તેમાં ખાનદાની વર્તાય છે, વિચારો મહોરે છે, એક બીજાને ઉતારી પાડવાને રસ્તે એ જતાં નથી. એકબીજાની રજૂઆત તોડી પાડવામાં એક સમૃદ્ધ વિશ્વ સર્જાય છે. સારા માણસો ઝઘડે ત્યારે પણ સારાપણું જાળવવા મથે છે. એમનામાં સજ્જનતા એવી હોય છે કે, ઝઘડો થયા બાદ પોતાની ઉગ્રતા વિશે પસ્તાય છે. પોતે કહેલાં અમુક વેણ ખરાબ હતા, તેને બદલે બીજી રીતે કહેવામાં સારું લાગત, એમ તેઓ સતત ચિંતવે છે. આવેશમાં ખરાબ બોલાઈ જાય તે બદલ એમને રંજ

રહે છે. અને આવેશ તો ખરાબ છે જ એટલે કશુંક તો ખરાબ બોલાય જ. સાગર બોલ્યો તે *'હલુઆ બોલ'* હતા. એણે હળવેકથી વાત કરી હતી, પણ આશય સારો ન હતો. ઝઘડવાની વૃત્તિ હાજર હતી, એટલે એના બોલ *'હલુઆ'* થઈ ગયા. *'હલુઆ'* એટલે વજન વિનાના. સામા માણસની તર્જના વગર તો ઝઘડાબાજીમાં સફળતા ન જ મળે. તર્જનાનો આશ્રય બન્ને પક્ષે લેવાય છે. પરંતુ તર્જના કરતી વખતે શબ્દકોશમાંથી સારા શબ્દો ઉપાડીને વાપરનારા પણ હોય છે, એ રીતે ખરાબ શબ્દો વાપરનારા પણ હોય છે. ખરાબ નામનો શબ્દ જેમ શબ્દકોશમાં છે તેમ ખરાબ કહી શકાય તેવા શબ્દો પણ શબ્દકોશમાં છે. આવા શબ્દો અને કોશમાં હાજર ન હોનારા સાવ ખરાબ શબ્દો તર્જના માટે પ્રયોજાય છે, તેવું બન્યું છે, બને છે. આવું બને તે વખતે ખાનદાનીની વરાળ થઈ જાય છે. ઝઘડામાં પાણી નથી રહેતું.

પાણીદાર ઝઘડો તે છે જેમાં મુદ્દાની તર્જના માત્ર વિચારનાં ધોરણે થાય છે. આવા ઝઘડાને વાદ કહેવાય અને વિચારભેદ હોવા છતાં શિષ્ટતા જાળવવાનો અભેદ સર્જાતો હોવાથી તેને સંવાદ પણ કહેવાય. ઉગ્રતા હોય છે પણ વ્યક્તિ કરતાં વ્યક્તિની વાતને તે વધુ સ્પર્શે છે. સાગરે કહેલી વાતમાં ઉગ્રતાનો અણસાર છે, એ વહાણની વાતના જવાબમાં બીજી વાત કહી દે છે. સાગર પહેલવહેલો ઉત્તરવાળો રહ્યો છે, એટલે સામાને તોડી પાડવાને બદલે સાંભળીને કામ લે છે. એ ગળું ખોંખારે છે પણ વહાણને ખંખેરતો નથી. એ ઉપદેશક ન બનવાનો આગ્રહ કરે છે.

સારી વાત કહેનારને ઉવેખતી વખતે તે પણ વિચારવું જોઈએ કે આવી સારી વાતો કહેનારા કેટલા મળે ? આટલી સુંદર વાત જણાવનારની માનસિક ભૂમિકા કેટલી ઉન્નત હશે ? એ ગમે તેવો માણસ હોય, પણ એની આ વાત તો ખરેખર સારી લાગે છે. એ માણસની ખરાબી વિચારવાને બદલે અને એ માણસની વાતને તોડી પાડતા પહેલાં એની એ વાતથી થનારો ફાયદો; એની વાતમાં ઉપસ્થિત વાસ્તવ નજર સમક્ષ લાવવા જોઈએ. માણસ સંપૂર્ણ ખરાબ હોય, તો એને ચૂપ કરીને પાછો મોકલી દેવાય. પણ પછીથી એની વાત આપણા વિચાર માટે લાભકારક હોય, તો એ વાતને સ્થાન આપવું જોઈએ. માણસ સારો હોય તો સાંભળવામાં કાંઈ ગેરફાયદો નથી. આ માણસને આડી અવળી

વાતો કહીને ટાળવામાં નુકસાન આપણને પોતાને થાય છે.

વહાણ આ વાત કહે છે તે સાગરને જવાબરૂપે નહીં પણ પોતાની વાતનાં સમર્થન રૂપે. સાગરને વહાણ કહે છે કે - જગતમાં ચતુર અને કુળવાન તરીકે જાણીતા લોકો જ *'હિત-સીખડી'* આપે છે. સરસ મજાની વાત મનમાં ઊગે તે માટે કુળવાન હોવું જરૂરી છે અને એ વાતની ટકોરાબંધ રજૂઆત માટે ચતુર બનવું જરૂરી છે. આ બંને લક્ષણ ધરાવનારની વાત સાંભળીને, આનન્દ અનુભવે સજ્જન છે. પરંતુ આવી વાત સાંભળીને અસૂયાનો ભાવ અનુભવે સજ્જન નથી. મેં વાત કરી તેમાં જરાય જૂઠ નથી. તો પણ તું આડી વાત કરે છે તે દુઃખદ બીના છે. તું જે રીતનું વર્તન કરી રહ્યો છે તે જોખમી છે, માટે મેં તને બે બોલ કહ્યા છે. તારાથી તે પણ સભળાતા નથી તેથી મને ખેદ થાય છે. પાડોશીની વાડીમાં પેસીને દ્રાક્ષ ખાઈ રહેલો ગધેડો જોઈને આપણને કોઈ નુકસાની ભોગવવી પડતી નથી. નુકસાની પાડોશીને છે, સાકરની વાનગી ખાઈને ગધેડો તાવને નોતરે છે અને તાવમાંથી મોટે ભાગે તે ઊભો નથી થતો. આ કારણે એને વાડીમાં જોવો એ અસમંજસ ઘટના બની જાય છે. એમાં જોનારને હાનિ કે જોખમ નથી, પણ જોનાર સમજુ હોય તો લાગણી ખળભળે.

હે સાગર, તું જે વર્તાવ દાખવે છે તેથી મને હાનિ કે જોખમ નથી પણ મારી લાગણી ખળભળે છે. માટે હું કહું છું.

•

## ૫

## સાગર ઉવાચ :
## મોટાઈ રે માહરી સારે જગત પ્રસિદ્ધ

**મોં**ઘી વસ્તુને પ્રેમથી નકારીએ તો વિવેક જળવાય છે. મોંઘી વસ્તુ ભેટરૂપે આપનાર, તે વસ્તુને લેવાની તૈયારી ન બતાવનાર વ્યક્તિની નિસ્પૃહતા દ્વારા અંજાય છે. ખોટું લાગવાનો પ્રશ્ન રહેતો નથી. વ્યવહારમાં આવી રીતે ના પાડવાની આવડત ધરાવનાર વધુ ઇજ્જતદાર બને છે. કિંમતી વસ્તુને વિનયથી નકારી શકાય, કિંમતી વાતને નકારાય નહીં. કિંમતી વાતોને એટલે કે કિંમતી વાતો સમજાવતા શબ્દોને સાદર પરત કરવાની પરંપરા છે નહીં. હિતોપદેશને ઉવેખી શકાતો નથી. તે વાતો માનવી ન હોય તો વાતોમાં નબળાઈ દેખાડવી પડે છે.

સાગર વહાણને મફતનો ઉપદેશ ન આપવાની સલાહ આપે છે તો વહાણ ઉપદેશને મફતનો નહીં, પરંતુ કિંમતી ગણાવે છે. કિંમતી વાતને નકારાય નહીં. સાગરને છટકવું છે. હિતશીખ સ્વીકારીને પોતાની નિર્બળતાને પણ સ્વીકારવી પડે તેવી પરિસ્થિતિ તેને નામંજૂર છે. વહાણે ગર્વ ન કરવાનો

ઉપદેશ આપ્યો છે તે સારો છે કે સાચો છે કે ઉપયોગી છે કે અર્થહીન છે તે મુદ્દે સાગરે બોલવાનું રહે છે.

ધનવાન કે વિદ્યાવાન વ્યક્તિ ગંભીરતા જાળવીને વાતો કરે તે શોભે છે. ગંભીરતાને નાપસંદ કરનારા ગંભીરતાને જ ગર્વ ગણાવી દે છે કેમ કે તેમને ગંભીરતા કઠે છે તેથી વધુ ધનવત્તા કે વિદ્વત્તા ખટકે છે. ગંભીરતાને ગર્વ ગણાવી દેવાથી વ્યક્તિ ધનવાન્ કે વિદ્વાન્ તરીકે ઓળખાતી બંધ નથી થઈ જતી. ગંભીરતા તો ધનવત્તાને અને વિદ્વતાને નવીન ગરિમા બક્ષે છે. જેનાથી આ ગરિમા સહન ન થાય તેની વાત જુદી છે - આ સૂરથી સાગર કહે છે કે

*ઘટતો રે ગર્વ કરું છું પામું છું ચિત્તિ પ્રમોદ.*

સાગર કહે છે : તને મારો મોભ્ભો ઈર્ષ્યા કરાવે છે. ઈર્ષ્યાની નજરે જોઈએ તો ગુણો પણ દોષરૂપે દેખાવા માંડે છે. મારો ગર્વ તે માત્ર ગર્વ છે. ગર્વ તે કાંઈ અપલક્ષણ ન ગણાય. અપલક્ષણની ઉપસ્થિતિમાં તો મનને ખૂંચે, આઘાત લાગે. હું મનને ખૂંચે એવું કશું કરતો નથી. ઉપરથી હું તો મનને આનન્દ મળે તેવા મધુર ગર્જારવ કરું છું. મારા નીરના સુંદર સાદને સાંભળીને તને સંગીત નથી મળતું અને માત્ર ઘોંઘાટનો અનુભવ મળે છે તે મારી ભૂલ નથી, તારી ભૂલ છે. મારા આ મોભાને અનુરૂપ વર્તન હું કેમ ન રાખું ?

વહાણની હિતશિક્ષાને ઈર્ષ્યામૂલક ગણાવીને સાગર કહે છે કે ‘મારી પાસે ગર્વ કરવાનાં પૂરતાં કારણો છે. હું ગર્વ કરું છું તો મને ગર્વ કરવાનો અધિકાર પણ છે. અધિકારને અનુરૂપ કામ કરનારને ઉપદેશ આપવાની બુદ્ધિ તને સૂઝી છે તે કરુણતા છે. અભિમાન કરનારને સતત અભિમાનને અખંડ રાખવાની ચિન્તા કરવી પડે છે, ગમે તે પળે, ગમે તે રીતે ગમે તે પાત્ર દ્વારા અભિમાનનું ખંડન સંભવિત છે, તેથી ચિન્તાથી આકુળવ્યાકુળ થઈ જવાય છે. ડગલે ને પગલે આવું ખંડન ટપકી પડવાની બીક આડી આવે છે. એ કારણે સ્વસ્થતા ટકતી નથી. સતત તાણ રહે છે. તું મારી હાલત જો, હું ગર્વ કરું છું પણ મારો ગર્વ માત્ર ગર્વ જ છે. એ અભિમાન નથી. ગર્વ જો અભિમાન બની જાય તો અખંડવાળી ચિન્તા નડી શકે. મારે તો મોજ છે. કોઈ કરતાં કોઈ ચિન્તા નથી. મારું મન પ્રસન્નતાથી છલોછલ છે. મને મારા માનની આરતી ઉતરે કે

ન ઉતરે તેની કાંઈ જ પડી નથી. મારી મહત્તા વાસ્તવિક છે અને સ્પષ્ટ રીતે સુદઢ છે. એને ઊંચીની આંચ પણ આવે એમ નથી. પછી મારે ચિન્તા શા માટે કરવી પડે ? તું ભલે ગર્વને બટકણો કાચ કહે પણ મારો ગર્વ પારદર્શક હોવાં છતાં કાચને બદલે સ્ફટિકનો બનેલો છે. એની નિર્મળતાની તોલે કોઈ ન આવે. હું ફૂલણજી દેડકાની પેઠે ગજા બહારનું પેટ ફુલાંવતો હોઉં તો તારી વાત બરાબર ગણાય કે, ભાઈ અવસરે માર ખાઈ જવાશે. મારું પેટ તો માફકસર છે અને ચરબી વિનાનું છે. મને અજીર્ણ થશે તે દિવસે તો આકાશ અને પાતાળ એક થઈ ગયા હશે. મને મહાન તરીકે ઓળખાવાનું મન થતું નથી. ઊલટાનું મારી જાણ બહાર હું મહાન બની ગયો છું. મેં દુનિયાની દીવાલે કાન ધર્યા ત્યારે મારી જ મહત્તા ગવાતી સાંભળવા મળી.

*'મોટાઈ રે માહરી, સારે જગત પ્રસિદ્ધ'*

કેવી રીતે-એમ પૂછવાની જરૂર નથી.

*'સિદ્ધ અમર વિદ્યાધરી, મુજ ગુણ ગાઈ સમૃદ્ધ.'*

મારા ગુણ સંભળાવવા માટે, સિદ્ધજનો એટલે કે અજાયબ એવી મંત્ર-તંત્ર-યંત્રની ત્રિપુટીને સિદ્ધ કરનારા, અમર એટલે કે યુગોના યુગો સુધી જીવનારા દેવો, વિદ્યાધર એટલે કે હજારો લબ્ધિઓના ધારક મહાત્માઓ થાક્યા વિના મહેનત કરે છે. એ લોકોને મારી સમૃદ્ધિ ગમી છે અને સમૃદ્ધિ દ્વારા સર્જાતું મારું મહત્ત્વ પણ ગમ્યું છે. આથી જ હું પોતે પણ એમને પસંદ પડ્યો છું. વિરાટતા મારા ખોળે રમે છે. નિઃસીમનો પ્રસાર માત્ર મારો છે. જલની દુનિયા એ જ મારી અન્તિમતા નથી. 'વહાણ, તું જો. મારી દુનિયા જલ સિવાય પણ વિસ્તરી છે. મારા સદાના સંગાથી અંતર્દ્વીપ સંખ્યામાં અખૂટ તો છે જ, તદુપરાન્ત એમનો વૈભવ અમૂલખ છે. એ દ્વીપો સોનાના અને ચાંદીના બનેલા છે. જાણે કે સોનાએ અને ચાંદીએ એ દ્વીપોમાં પોતાના રહેઠાણ ખડા કર્યાં છે. મહેલોમાં રાતની શરૂઆત થાય ત્યારે દીપમાળની રોશની પ્રકટાવાય છે. રાતનું સૌન્દર્ય આ દીપમાળા દ્વારા જમાવટ કરે છે. મારામાં વસેલાં સોનાનાં અને ચાંદીના મહેલોમાં પણ ઔષધિઓ દીપ બનીને રેલાય છે અને જમાવટ કરે છે. મારા ખોળે વિકસેલાં આ વિશ્વને જોનારા નરનારીઓને સર્વોત્તમ પ્રકારની વિવિધ સુન્દરતા જોવા મળે છે. એ જોતાં જોતાં એમને એટલું

કૌતુક થાય છે કે, વાત જ પૂછ મા. એ લોકો આ વિશ્વ જોઈને સમગ્ર દુનિયાને જોઈ લીધાનો આનન્દ અનુભવે છે દુનિયાની દેખવા પાત્ર તમામ સુન્દરતા અહીં છે. આ મારા દ્વીપોમાં તાજી એવી વનરાજીનો પણ પાર નથી. વહાણ, તને તો ખબર પણ નહીં હોય, એટલાં નામો મારી આ દુનિયાની વનસ્પતિને મળેલા છે. દરેક નામને સોહાવનાર વનસ્પતિનો લીલોછમ પ્રદેશ સુવાસ રેલાવે છે. એમનાં નામો સાંભળ, એ નામમાં જ કેવી સુગંધ છે તેનો તને ખ્યાલ આવશે. કોમલ દલ ધરાવતા જાતિફળ, રસાળ અને લલિત, લવંગ, શ્રીફળ અને એલચી અને સોપારી અને સાથોસાથ નાગ ને પુંનાગ, નામ તો ઘણા બધાં છે પણ તે સાંભળવાની ધીરજ તારામાં નથી તેથી ટૂંકમાં કહું કે

*'જોવા જેહવા જોઈએ તેહવા મુજ મધ્યભાગ,'*

આ તો મેવાની વાત થઈ.

ફૂલોની સૃષ્ટિ અદ્‌ભુત છે. અહીં હાજર છે ચંપક, કેતકી અને માલતી, જે સતત પરિમલનો ધોધ વરસાવે છે. અહીં હાજર છે બકુલ અને મુકુલના સઘન વૃન્દો. અને ? અને ભમરાઓના ગુંજાવરથી વાચાળ બનેલા મચકુંદ. આટલું ઓછું છે. હજી તો સાંકળિયું બહુ લાંબુ છે. દમણો અને મરૂઓ અને મોગરો અને લાલવર્ણા અરવિંદ... વહાણ, તારા માટે આ નામ નવા છે અને આ નામ ધરાવતાં ફળ અને ફૂલો જોવાના તારે બાકી છે. મારા આધારે જીવન ધરી રહેલા ઉપવનોમાં કંદની જાતિ ઘણી બધી છે. આ બધું અમથું પડ્યું રહેતું નથી. એ તો *'દિએ જનને આનંદ'*

વળી, મારા શરણે રહીને સુખી રહેનારી આ વિદ્રુમની વેલ જોવા જેવી છે. એણે સાધેલો લાલ વર્ણ સંમોહનની વેલ રચે છે. આમ તો એ વિદ્રુમની વેલડી છે પરંતુ એ એવી સુંદર છે કે એ જોનાર પરવશ બનીને, આંખને બીજે વાળી જ ન શકે. દરેકની ઝંખના જ્યાં કેન્દ્રિત છે ત્યાં વિદ્રુમનું સ્થાન છે. યોગીની ઝંખના મંત્રમાં કેન્દ્રિત તો વિદ્રુમ ત્યાં માળા બનીને હાજર અને કામીની ઝંકના હોઠમાં કેન્દ્રિત તો વિદ્રુમ ત્યાં ઉપમા બનીને હાજર. આ વિદ્રુમ એ આશ્ચર્યની પરાકાષ્ઠા છે. અને એનો જનમદાતા હું જ છું. પરવાળાની માળા ગણતા મુનિવરોને જુઓ કે પરવાળા જેવા હોઠનું વર્ણન કરતાં કવિને જુઓ, મારા આ વંશજની બોલબાલા તરત વર્તાશે. આ તો મારા આશરે ઉછરતી

કુદરતી સંપત્તિની વાતો થઈ. દુનિયામાં મહત્ત્વની ગણાતી ઘણી ઘટનાઓમાં મારું નામ જોડાયેલું છે. મારા વિનાની એ ઘટનાઓ ચિરંજીવ ન જ બની શકત.'

(એક સૂચના : સમુદ્ર વહાણ બન્ને જણા વાત કરે છે તે નરદમ કલ્પના છે. કલ્પના દ્વારા બોધ આપવાનું ઉપાધ્યાયજી મ.ને અભિપ્રેત છે. આ રીતે બોધ આપવા માટે પૂ. ઉપાધ્યાયજી મ. બન્ને પાત્રોનાં મુખે પુરાણની વાર્તાઓ રજૂ કરે છે. જેમ સમુદ્ર વહાણની વાતચીત કાલ્પનિક છે, તેમ પુરાણકથા પણ કાલ્પનિક જ છે. એમાં કશી સચ્ચાઈ નથી. કલ્પના દ્વારા મળતો બોધ ઉપકારક નીવડી શકે છે, તેટલા પૂરતું જ કથાઓનું મહત્ત્વ છે. મતલબ કે કથાઓ ગૌણ છે. બોધ મુખ્ય છે. જૈનેતર પુરાણોની વાતો કેમ આવે છે ? તેવી ફરિયાદ કરતાં પહેલાં યાદ કરી લેવું પડશે કે, આ ફરિયાદ પૂ. ઉપાધ્યાયજી મહારાજ સામે કરેલી ગણાશે.)

સાગર પોતાની દંતકથા ગાય છે :

*'કિઓ રે ત્રિલોકી કંટક રાવણ લંકારાજ,*
*મુજ પસાએ તેણે કંચન ગઢમઢ મંદિર સાજ.'*

ત્રણેય લોકને કાંટાની જેમ ખૂંચીને હેરાન કરનારા રાવણે પોતાની સુવર્ણનગરી લંકાની હાક ફેલાવી હતી કારણ કે એવડી એ લંકા મારા ખોળે મહાલતી હતી. એ લંકાની સોનાના ગઢવાળી અને સોનેરી મહેલોવાળી શોભાનો ઠાઠ મારા બળે અકબંધ રહેતો હતો. હું ન હોત તો એ લંકાની અનુપમ દંતકથાઓ સાંભળવા મળત જ નહીં. લંકાને અકબંધ પણ મેં જ રાખી છે અને એની મહાન્ પ્રસિદ્ધિને છેક આજ લગી મેં જ જીવાડી છે.'

'વળી હે વહાણ ! તને એ વાર્તા ક્યાંથી ખબર હોય કે આ જમીનદોસ્ત બનીને પડ્યા રહેતા ઊંચા પર્વતો એકકાળે આકાશમાં ઊડતા હતા. હા, આ પુરાણોએ કહેલી કથા છે.

પર્વતોને પાંખો હતી અને વિકરાળ દેહયષ્ટિઓ તો હતી જ. તેઓ મન ફાવે ત્યારે આભને ઢાંકી દેતી ઊડાઊડ મચાવતા. એમનું આ તોફાન એકવાર ઈન્દ્રને નડ્યું. એ ગુસ્સે થયો. એણે નક્કી કર્યું કે આ પહાડોની પાંખો કાપવી જ જોઈએ. એ તરત જ પોતાનું હોનહાર વજ્ર લઈને પર્વતો પર તૂટી પડ્યો.

પર્વતોની પાંખો જોતજોતામાં કપાવા લાગી. આ જોઈને મેનાક નામનો ટચુકડો પહાડ સીધો મારી તરફ ધસી આવ્યો અને મારા અગાધ વારિમાં જોતજોતામાં ગરક થઈ ગયો. મારો પ્રભાવ એવો હતો કે મેનાકની પાંખો ન કપાઈ. એ બચી ગયો.'

'અને, આટલેથી જ મારી વાત પૂરી નથી થતી. મારા પેટાળમાં તું ડોકિયું કરીશ, તો તને લક્ષ્મીનારાયણ દેખા દેશે. એ પીળા વસ્ત્રો ધારણ કરે છે અને મારા પેટાળમાં નાગરાજની શય્યા રચીને લક્ષ્મીદેવી સહિત આરામ કરે છે. દુનિયાના પાલનહારને મારો ખોળો આરામ આપે છે.

*'હોડ કરે કુણ માહરી ? હું તિહુઅણ સિરતાજ'*

મારી તોલે આવવાની કોનામાં તાકાત છે ? હું તો ત્રણેય ભુવનને શિરે આભૂષણ બનીને બેઠો છું. મારી મહત્તા સમજવાની હેસિયત મહાન્ બનીને જ કેળવાય. ખાલી ખોટા ઉપદેશ આપવાની વૃત્તિતળે તું સાચી મહત્તાને ઓળખી શકતો નથી. તું કહે છે કે માનનો ભંગ થઈ જશે. પણ જરા, એ કહે કે, માનનો ભંગ કરવા માટે કેટલી શક્તિ જોઈએ ? મારું અનંત સામ્રાજ્ય સદાકાળ માટે અખંડ રહેવાનું છે. તારા જેવાની ચેતવણી ઈર્ષ્યાભાવમાંથી નીપજે છે. તને ઈર્ષ્યા થાય છે એ જ તો બતાવે છે કે મારું મહાનપદ કેવું છે. હું આટલો મહાન છું તો પણ મારું વજન જરાય નથી. એક હવાની લહેરખી પણ મને રમાડી શકે છે. જ્યારે તું કેવો છે તેની તને જ પૂરી ખબર નથી.'

સાગર કહે છે :

*'વહાણ પાહણ પણિ મુજથી ભારે તૂં કહેવાય.'*

તારા તોસ્તાની વજનની વાત જ થાય એમ નથી. તું તો સાવ પથ્થરિયું છે. અને ખૂબી તો એ છે કે આટલાં જડ વજનની હાજરીમાં પણ તું

*'હલુઓ પવન ઝકોલે ડોલે ગડથલાં ખાય.'*

પવનના એક ધક્કે આમતેમ ફંગોળાતું રહે છે અને ઊંચુનીચું થયા કરે છે. જ્યારે તું જ વજનવિનાનું હોય તો તારી વાત ક્યાંથી વજનવાળી હોય ? તારા બોલ સાવ હલુઆ છે. હલુઆ એટલે હલકા. એનું કારણ એ પણ છે કે મૂળે તારું પેટ પણ એવું જ છે.

*'હલુઓ છે તુજ પેટ.'*

તારી પાસે ભારપૂર્વક રજૂ કરી શકાય તેવી કોઈ જ વાત છે નહીં. તું સાવ એવો છે. તને હું કોણ છું, મારી મોટપ શી છે તેની ગમ પડતી નથી અને તોય તું મારી બુદ્ધિની જડ તાણતો જ જાય છે.

તારે જો મોટા લોકોની ભૂલો કાઢવી હોય તો, પહેલાં મોટાના ગુણ જોતા શીખવું પડશે. એ માટે તારું વામન માનસ કામ લાગે નહીં. મોટાના ગુણ જાણવા માટે પણ મોટાઈ હોવી જોઈએ આપણામાં, આપણને મોટાની વાતોમાં ડૂબે તેવી ચાંચ મળી નથી તેથી આપણે મોટાને નગણ્ય માનીને તેમની શ્રેષ્ઠતાને પડકાર્યા કરીએ, તેમના ગુણોને ખોટા પાડતા રહીએ તે આપણી માનસિક નીચાઈ છે. ભણેલા માણસોનું ભણતર સમજવા માટે ભણવાની મહેનત કરવા સુધી લંબાવું પડે. ભણવાની મહેનત કર્યા વિના જ ભણતરની ટીખળ કરનાર આપોઆપ મૂરખ કરે. વાંઝણી બાઈ જો પુત્રના પ્રસવની વાતોની ઠેકડી ઉડાવે તો કિંમત કોની થાય છે ?

માટે હે વહાણ, તું પહેલાં કક્ષા કેળવ પછી વાત કર !'

***સદાબહાર કડીઓ :***

ગિરૂયાના ગુણ જાણે જે હુઈ ગિરૂઆ લોક
હલુઆને મનિ તેહના ગુણ સવિ લાગે ફોક,
વાંઝિ ન જાણે વેદના જે હુઈ પ્રસવતાં પુત્ર
મૂઢ ન જાણે પરિશ્રમ જે હુઈ ભણતાં સૂત્ર ૨.૧૦

•

૬

# હૃદયની વેદનાનો ઉપદેશ

સળંગ લાંબી વાત બાદ બોલનાર અટકે છે ત્યારે એને પોતાનો વિજય થયો હોય તેવું લાગે છે. અટકીને એકાદ ખોખારો ખાય તે માણસને જીભ પર પૂરો ભરોસો હોય છે. જીભની દોડ મચાવનારને વાતે વાતે પોતાના વિજયના પડઘમ સંભળાય છે. નવી વાત કહી દેવાથી અને સામા માણસની વાતને કાપી નાંખવાથી મળતો વિજય અમૂલ્ય લાગે છે. પરંતુ આ વિજયવંત વર્તતા મહાપુરુષને ‘આ તો ખબર છે’ એટલું જ કહેવામાં આવે ત્યારે એને જબ્બર આંચકો લાગે છે.

સાગર લાંબુલચક વર્ણન કરીને પોતાના ગુણાનુવાદ કર્યા બાદ અટક્યો ત્યારે વહાણે આ બે શબ્દનો આંચકો આપીને પ્રતિવાત ચાલુ કરી. વહાણ કહે છે :

*‘મા આગળ મોસાલનું, એ સવિ વર્ણન સાચ.’*

તું મને આ વાત કરે છે તે વધારે પડતું છે. તેં આટલું લાંબુ ભાષણ કર્યું, તેમાંથી એક પણ વાત નવીન જણાતી નથી. મને બધી જ ખબર છે. સરસ્વતી પાસે જઈને

ગ્રંથરચના કરવાની પદ્ધતિ સમજાવવા બેસનારને અને ગ્રંથની કઠિન વાતો સરળ રીતે સમજાવી બતાવવાનો ઉત્સાહ બતાવનારને પ્રતિભાનું સાચું મૂલ્ય ખબર જ નથી. પ્રતિભાનું મૂલ્ય સરસ્વતીની કૃપા છે અને આ કૃપા વરસાવનારને પ્રતિભા વિકસાવવાની આડકતરી શીખ આપનાર દયાપાત્ર બને છે. તને ઇન્દ્ર મળી જાય અને તું એને દેવોની ચમત્કારી વાતો કહેવા લાગે, તો ઇન્દ્રને અચરજ થવાનું જ નથી. એ તો તારી બુદ્ધિમત્તાને ધન્યવાદ આપવા પોતાનું વજ્ર ઉપાડશે. હું ભલે સરસ્વતી અને ઇન્દ્ર નથી, પરંતુ તું મને કહી ચૂક્યો છે, તે વાત મારા માટે મુદ્દલેય નવી નથી. મારી સામે આવું બોલીને તું કેવો પૂરવાર થાય છે તે તારે સમજવું જોઈએ...'

સાગરને પોતાની નબળાઈ કબૂલવી નથી એટલા માટે એ પોતાની સબળાઈને આગળ ધરીને વહાણને નબળો દાવેદાર જાહેર કરે છે. મજબૂત યુદ્ધ લડવા માટેની જાહેરાત કરનારનો પડકાર કોઈ ઝીલી લે તો એને માટે પહેલો અભિપ્રાય આપવામાં, જાહેરાત કરનાર એટલું જ બોલે છે : 'એ શું મારી સાથે લડવાનો ?' આટલું બોલવામાં જ સામાની પ્રતિભાનું ખંડન થઈ જાય છે. આ મનોવૈજ્ઞાનિક આક્રમણ અસર કરી જાય તો વિના મહેનતે પરાજય કોઠે પડે.

વહાણને પરાસ્ત કરવા માટેનું સાગરનું આ આક્રમણ અસરહીણું નીવડ્યું. વહાણ તો તરત જ ધાણી ફૂટી તેમ બોલવા લાગ્યું. વહાણે તો ઉપરથી મણમણની જોખાવતા કહ્યું કે :

*'વિસ્તારું છું ગુણ અહ્મે, ઢાંકું છું તુજ દોષ;*
*તો એવડું શ્યું ફૂલવું ? શ્યો કરવો કંઠ-શોષ ?'*

ભલા, માણસ હું તો તારા ગુણડાં ગાતા થાકતો નથી. સતત પરિચય કેળવીને તારી લાક્ષણિકતા મેં અલગ તારવી છે. તેમાં ગુણ અને દોષ બન્ને છે. પણ, હું તો તારા સારા પાસાને જ જાહેરમાં કહું છું. તારું નબળું પાસું મેં આજ લગી, જાહેર નથી કર્યું અને કરવાનો પણ નથી. તું કેવો મહાન છે, તેની મને શું ખબર ન હોય ? તું પણ કમાલની વાત કરે છે. તું વિચાર, નાનો છોકરો પોતાની માતાને કહે કે - મામાના ઘેર જૂનો હીંચકો છે, તેના પર બેસવા જેવું છે. તો માતા બાળકની નાદાનિયત પર હસી કાઢશે. તું સાગર થઈને વહાણ

જેવા સદાના સહવાસીને પોતાની ઓળખ આપે છે તેથી લાગે છે કે, તું જરૂર માનસિક મુશ્કેલીમાં મૂકાયો છે. તારું આ વરવું સ્વરૂપ મને પીડા આપી રહ્યું છે. મેં આજ સુધીના આપણા પરિચયમાં તારી વિશેષતાઓને પારખી છે પરંતુ આજે મને લાગે છે કે મારું પારખું અધૂરું છે. તું આવો હશે, તેની મને કલ્પના પણ ન હતી...'

વહાણને મન સાગર વિરાટનું પ્રતીક હતો. એણે ક્ષુલ્લકતા દાખવતી નિજી પ્રશંસા કરી તે દ્વારા વાહણના મનમાં ઘડાયેલી સાગરની મોહક પ્રતિમા ખંડિત થઈ ગઈ. ઘણો પરિચય કેળવવા છતાં સહવાસીને ઓળખી ન શકાયાનો અફસોસ, જ્યારે અણધારી ઘટના બને છે ત્યારે પેદા થાય છે. વર્તનના મૂળમાં મન છે અને વર્તન દ્વારા મનને ઓળખાય છે. વચનરૂપે રજૂ થતું વર્તન અને શરીર દ્વારા રજૂ થતું વર્તન હકીકતમાં તો મનનો જ પડછાયો છે. મનમાં ઘેરાતો વિચાર, આચાર બનીને દેખા દે છે. આવા વખતે વિચાર તો અદશ્ય રહે છે. પરંતુ વિચારની મૂર્તિનું અનુમાન થઈ શકે છે. સતત સુજનતા જાળવનારનાં મનમાં ઘૂમરાતી એકાદી નબળાઈ અવસરે એવી નડે છે કે, વરસો જૂની સુજનતા સમૂળગી ખલાસ થઈ ગયેલી જણાય છે. વહાણે આઘાત અનુભવ્યો. એ બોલ્યું, તેમાં આક્ષેપનો નહીં, પરંતુ આઘાતનો ડંખ હતો. આવે વખતે બોલાતી વાતમાં ચિંતનનો સ્પર્શ હોઈ શકે છે.

વહાણે સજ્જનની સુંદર હિતકથાને અપરિહાર્ય કહી હતી. એમ કહેતા એણે સજ્જન અને દુર્જનની ખાસિયત ફોડ પાડીને કહી હતી. અત્યારે પણ એ એક જ વાત કરે છે. સાચી વાત કહેનારને ઉપદેશિયો કહીને ઉતારી પાડનાર અને એ સજ્જનથી સલામત અંતરે રહેવાની મનોમન ગાંઠ વાળનાર ઘણું બધું ગુમાવવાનો. કેમ કે સાચી વાત કહેનારનો સંબંધ સ્વાર્થ સાથે નથી હોતો. સ્વાર્થ વિનાની મિત્રતા દુર્લભ ચીજ છે. માત્ર સાચી વાત કહેવાની ટેવ ધરાવનાર માણસને કડવો કહીને એની સાથેનો છેડો ફાડી નાંખનારે સાચો સ્વાર્થ ખોયો છે. સાચી વાત કહેવા હિંમત જોઈએ, તેમ મિત્ર ગુમાવવાની તૈયારી પણ જોઈએ. માટે સાચું કહેનાર સાથેનો વ્યવહાર બંધ કરતી વખતે એને કશું થવાનું નથી.

જો કે, વહાણ અને સમુદ્ર તો હજી ઘણી વાતો કરવાના છે. પરંતુ

બોલાચાલી આગળ વધે ત્યારે આ મિત્રતા તૂટવાનું જોખમ નિશ્ચિત થઈ જાય છે. તે વાતનો વહાણને ખ્યાલ હશે. એટલે એ ખૂબ સંભાળીને સાગરના શિરે તોળાતા જોખમનો ઉલ્લેખ કરી દે છે. એ અભિમાન છોડવાનો ઉપદેશ નવેસરથી નથી આપતો. તે હવે પુરુષના વિશ્વાસે વચન પર વિશ્વાસ મૂકવાનો આગ્રહી બની જાય છે. તે કહે છે 'તને મેં ગર્વત્યાગ કરવાનું કહ્યું છે, તેથી તું રખે એમ માનતો કે હું તારી દુઃખતી રગ દબાવીને તને હેરાન કરવા માંગું છું. તને મેં મિત્ર માન્યો છે, તે જ પળે તારા સમગ્ર વ્યક્તિત્વ સાથે મારા સ્નેહનો તંતુ બંધાઈ ચૂક્યો છે. તું અઘટિત વર્તન કરે તેથી મારે તે તંતુને છૂટો પાડવો નથી. મારો તંતુ તો બંધાયેલો જ રહેશે. આપણે મિત્ર છીએ અને મિત્ર જ રહેવાના છીએ. મિત્ર બનવા માટે સ્વીકાર કરવાનું શીખવું પડે છે. તું મને તીખી વાતો કહે તે હું સ્વીકારું છું. કેમકે મેં તને મિત્ર બનાવ્યો છે. મારા વિશે તું ગમે તે કહે, તું હકદાર છે, એમ કહેવામાં મને જરાય અફસોસ નથી. મારી વાત તો સાવ જુદી છે. તેં મને આક્રોશથી કહ્યું છે કે, હું કેવો મહાન છું એ સમજવા માટે તારે કક્ષા કેળવવાની જરર છે...'

હું તને કોઈ પણ પ્રકારના આક્રોશ વિના કહેવા માંગુ છું કે, તું મને ઓળખી લે, મારું હૃદય તું વાંચ, લાગણીની ભાષા શબ્દોથી લખાતી નથી. એ લખાય છે ધ્રુજતા સાદથી અને ભીની આંખથી. એ સાદ સુણવા માટે અને એ આંસુને જોવા માટે તું પ્રયત્ન કર. તારી નબળી કડીનો દુરૂપયોગ કરવાનું હું કદાપિ વિચારી ન શકું. તારી નબળી કડી મને ખૂંચે છે, કારણ કે તને હું મારો માનું છું. તે ચન્દ્રમાને જોયો છે ? એના ખોળે હરણ બેઠું હોય છે. એ હરણને ચંદ્રમા પોતાનું માને છે. આથી એ હરણ ગંદુ-ગોબરું હોવા છતાં અજવાળું રેલાવતું હોય તેવું લાગે છે. હું ખરાબ વ્યક્તિ છું એવું નથી. તારા અવગુણને ઢાંકી દેવાની અને એને જ તારી સુંદરતા બનાવી દેવાની કળા સજ્જન હોવાના નાતે મેં પણ કેળવી રાખી છે. તારા અવગુણ મને સ્વયંભૂ રીતે જોવા મળ્યા છે. હું દીવો લઈને તારા અવગુણ જોવા નહોતો નીકળ્યો. એ કામ દુર્જનો કરે છે. ગામ આખાની નબળી વાતોને ગાયા કરવાની આદત ધરાવતા દુર્જનોને નબળા મુદ્દા જોઈતા જ હોય છે. એ લોકો રૂની પૂણીમાંથી સોંય તારવીએ તેમ ગુણોના ઢગલા વચ્ચે પણ એકાદ અવગુણ પકડી પાડે છે.

આટલેથી ન અટકતા તેઓ આ અવગુણને ડંકો વગાડવાપૂર્વક દુનિયાભર આગળ પ્રગટ કરતા રહે છે. રજનું ગજ કરવામાં એમને કોઈ સંકોચ થતો નતી. અલબત્ત, અવગુણ હોય છે અથવા એમની આંખે અવગુણ ચડે છે, તે વાત સાચી છે. પરંતુ તેઓ ખાડાને ઊંડી ખીણ કહી દે છે અને ખોબાને ખાડો કહી દે છે, તે વાંધાપાત્ર છે. મને દુઃખ એનું છે કે તું મને આવા નાપાક લોકોની હરોળમાં બેસાડી રહ્યો છે. તારે જો મારી સાથે વાંધો જ પડ્યો હોય તો તેમાં દોષ મારો નથી. તું છંછેડાયો તે જ બતાવે છે કે મારી વાત સાચી છે. સાચી વાત સાંભળીને સ્વીકારવાની ભાવના ન જાગે અને બીજા ત્રીજા વિચારો આવે તે પણ નબળાઈ છે. તારી નિન્દા કરવાનું કોઈ કારણ નથી. તારી તરફથી મને હેરાનગતિ નડી નથી. તારું તોફાન તો મને દિલધડક સાહસનો અનુભવ કરાવે છે. મને તું ડૂબાડી દે છે, તેવો કોઈ આક્ષેપ મેં કર્યો નથી. મારી વાત માત્ર મારા પર ભરોસો રાખવાની છે. તને મારા પર ભરોસો નથી માટે જ મારી વાત તું સાંભળતો નથી. મેં તને કદિ માથું દુઃખાડે તેવા ઉપદેશ આપ્યા નથી અને મારાથી તેમ થઈ શકે પણ નહીં. મારે અરીસાની જેમ તારો મૂળ ચહેરો તારી સમક્ષ પ્રગટ કરવો છે. તું મારા પર પથ્થર ઉગામશે તો ટકી શકવાનું મારું ગજું નથી. પરંતુ તું જો બોલીને મારી વાત તોડી પાડવા માંગે તો મારે તને જવાબ આપી દેવો જોઈએ. તું અનહદનો આદમી છે. તારી પહોંચ મારા માટે અકલ્પ્ય છે. તું આક્રમક બને ત્યારે આભને તોડી શકે, મારું તો શું થાય તેની મને ખબર જ નથી. પરંતુ શબ્દોની લડાઈ ખેલવી હોય તો મારી પાસે પૂરતાં શસ્ત્રો છે. તું તીખુંદાટ બોલી શકે છે, તો ધારદાર વાત કહેતા મને પણ આવડે છે, પરંતુ મને એકલી જીભાજોડી નથી ગમતી. હું ચર્ચા કરું છું તે મારી વાત સાચી ઠેરવવા માટે નહીં, બલ્કે સાચી વાતને ખોટી સાબિત થતી રોકવા. મેં સચ્ચાઈનો વજનદાર દંડો તારાં માથે ઝીંક્યો નથી. મેં તને સત્યનું ગુલાબ આપ્યું છે. તને એ આંગળી વચ્ચે પકડતાં ન આવડ્યું, તેથી તને કાંટા વાગ્યા છે. કાંટાના કારણે તું ગુલાબને સજા કરવા માંગે છે. મને અફસોસ થાય છે કે આવું સુંદર ગુલાબ વગર કારણે પીંખાઈ રહ્યું છે. તું એકવાર આ ગુલાબની સુગંધ લઈ જો, તને કાંટાની વેદના નગણ્ય લાગશે. તને મારી હિતશિક્ષા નથી ખૂંચતી, પરંતુ

મારી હિતશિક્ષાની પારાવાર સચ્ચાઈ ખૂંચે છે. તને સમજાવવા માટે મારે કેટલી છૂટ લેવી પડશે તેનો અંદાજ નથી આવતો. તને મારો અવગુણ ન ખૂંચ્યો અને મારી સાચી વાત ખૂંચી, તે તારી કક્ષા બતાવે છે. કક્ષાની ચડઉતર તો થયા કરે, પરંતુ મૂળભૂત યોગ્યતા અક્ષત જોઈએ. યોગ્યતા વિના કક્ષા આંબી શકાતી જ નથી. થોડી ઘણી દેખીતી કક્ષા પણ યોગ્યતાના અભાવે ધૂળ જેવી પુરવાર થતી હોય છે. નાળિયેરની વાત તને કરું. એ મૂળભૂત રીતે પોષક પ્રવાહી છે, તેને સુગંધી કરવા તેમાં કપૂર નાંખવામાં આવે તો એની પોષક તરીકેની કક્ષા પણ નાશ પામી જાય છે. નાળિયેરમાં કપૂર નાંખીને સુવાસિત કરવા જતાં તે ઝેર બની જાય છે. તને નીચી કક્ષાથી ઊંચી કક્ષા પર લેવા જતાં મારે તો માર ખાવો પડ્યો, સરળ ભાવે કરેલી વાતને તરછોડવા સાથે તું મને પણ સાવ હડધૂત કરી રહ્યો છે. ઠીક છે, હું તો ગમ ખાઈ જઈશ, પરંતુ તું આ ખોટું કરે છે, તે તારે યાદ રાખવું ઘટે. સારા ભાવે કહેલી સુંદર વાતનો સાવ ઊંધો અર્થ કરવા માટે કેટલી બધી ક્રૂરતા જોઈએ ? સજ્જનનું હૃદય બેરહમ થઈને તોડી નાંખવામાં તને ક્ષોભ પણ ન નડ્યો. મારે તારી સાથે ક્યું વૈર હતું કે, જેના દ્વારા પ્રેરાઈને હું તને પડકારું ? તારી સમૃદ્ધિની ઈર્ષ્યા કરવાનો મને સ્વપ્નેય વિચાર નથી આવ્યો. ઈર્ષ્યાને કારણે પણ દાઢમાં રાખીને ઉપદેશ અપાતો હોય છે. મારા માટે તું આવું માની બેઠો ? મેં તને ખરી વાત કહી તેના બદલામાં તેં મને સરાસર જૂઠ પકડાવ્યું. મને આવી આક્ષેપબાજીમાં રસ નથી. મને ખબર નહીં કે આપણો ઝઘડો છેક આટલે પહોંચશે.

જો કે ભૂલ તો મારી જ છે, મેં તારી ઓળખ વિના સાચી વાત તને કહી દીધી. તારામાં એ જીરવવાનું સત્ત્વ નથી તેની મને ખબર જ નહીં. મને સહેજ પણ કલ્પના હોત કે સાચી વાત પણ આમ ઊંધી રીતે ઘટાવી શકાય છે, તો હું બોલત જ શું કામ ? મેં કાંઈ દુનિયાનો ઉદ્ધાર કરી નાંખવાનો પરવાનો લીધો નથી. મારું જીવન અને મારી સમક્ષ ઉપસ્થિત રહેલાં પડકારો અને મારા સાથે તોળાતા જોખમો અને મારી અંગત સમસ્યાઓ, આ બધી બાબતોમાંથી હું ઊંચો નથી આવતો. મારે શા માટે બીજે માથું મારવું પડે ? પરંતુ સફરનું સખ્ય મને બોલવા પ્રેરી ગયું.'

હિત કરવા જતાં અહિત થઈ જાય ત્યારે તરત આગેવાની છોડીને પીછેહઠ સ્વીકારી લેવી જોઈએ. આમ તો પાત્ર ન ઓળખી શકવાનો સીધો અર્થ એ જ થાય કે આપણે થાપ ખાઈ ગયા. પણ, આ બાબતમાં જરા અલગ અભિગમ રાખવાનો હોય છે. સાચી વાતને ખોટી કહી દેવાથી સાચી વાત તો ખોટી બનવાની જ નથી. ઉપરથી એ વાતને ખોટી કહેવાનું સાહસ કરનાર ઉઘાડો પડશે. આવા સાથેનું સામીપ્ય ખંડિત થાય તેનો રંજ થવો ન જોઈએ. સૂરજના વિશ્વવ્યાપી અજવાળાથી ઘુવડ ત્રાસે છે, તે વાત સાચી, પણ તેથી કાંઈ ઘુવડનો જ વિચાર કરતાં રહેવાય નહીં. અજવાળાની પૂરેપૂરી કિંમત આંકવા માટે એકાદ ઘુવડની અવદશા પણ જગજાહેર હોવી જોઈએ.

•

૭

## મદ છાંડિને છાના રહેજોજી, સાયર સાંભળો

વહાણ બોલવાનો તંત છોડવા તૈયાર નથી. એ બોલતું નથી પણ એના હૃદયમાંથી અવાજ વહે છે. એના માથે આક્ષેપ મુકાયો તે કારણે એને જંપ નથી. એ સખત, સાથે અનુપ્રાસની ગોઠવણી કરવાનાં મોહ વિના સતત બોલે છે. વહાણને સાગરે ઉતારી પાડ્યું હતું. જાડા માણસની મશ્કરી કરવા એક તરીકો અજમાવાય છે. 'આટલો મોટો દેખાય છે પણ એક ધક્કો મારીશું તો ગબડી જશે,' ખડખડાટ હસતાં આમ બોલી દેવાનું. પોતાનો એકલવડો બાંધો ફૂંક મારતા ઊડી જાય એમ છે તે ભૂલી જઈને આમ ઠેકડી ઉડાવવાનો આશય પોતાની લઘુતા ઢાંકવાનો છે. પરંતુ લઘુતાનો આ પ્રકાર બહુ જલદી ઊઘાડો પડી જાય છે. એ માટે જાડા માણસે એવા એ પાતળિયાને ધક્કો નહીં મારવાનો, પણ પોતાની ભરાવદાર દેહયષ્ટિનું જ જમાપાસુ પરખાવવાનું. સાગરે વહાણને ઉતારી પાડવા માટે એને 'હલુઆ' કહીને તુચ્છકાર્યું. તુચ્છકારની છટા ખરેખર તો બોલવાની ઢબ જે 'કાકુ' તરીકે જાણીતી છે તે દ્વારા નીખરે છે. શબ્દો તો માધ્યમ બની જાય છે. ચહેરાનો

ભાવ અને ગળાનો મરોડ વાતને કોઈ પણ પ્રકારની અસર સુધી પહોંચાડી શકે છે. વહાણને પૂરા તુચ્છકારથી ‘હલુઆ’ કહીને સાગર મનોમન હરખાયો હતો. એને પોતાની મજબૂત કહેતી પણ ફીદા થઈ જનારા હજૂરિયાની ખોટ ન સાલી. કેમકે એ પોતે જ પોતાની પર ફીદા થઈ ગયો હતો. સામો હતપ્રભ થઈ જાય, તેવી ચોટ લગાવવા માટે ગમે તે હદે જવાની વૃત્તિનો શિકાર, સાગર પણ બની ગયો હતો. એણે પોતે પોતાની હલુઆછાપ આક્રમકતાનો ગર્વ અનુભવ્યો. સાગરની આ ગર્વદશા જોઈને વહાણ એના આક્ષેપને વધાવી લે છે. માથુ તોડવા માટે ફેંકેલો પથ્થર વાગવાને બદલે ઝીલાઈ જાય તો પથ્થર ફેંકનારની હાલત કફોડી થઈ જાય છે. હાથના કર્યા હૈયે વાગવાની કહેવત પ્રસંગને લાગુ પડે છે તેમ બોલચાલમાં પણ લાગુ પડે છે. બોલતી વખતે સૌથી ધારદાર ગણીને રજૂ કરેલો આક્ષેપ પ્રતિભાને જ વધુ અજવાળે તો બોલનાર ફીક્કો પડી જાય. કટાક્ષમાં કહેવાય કે તું બહુ ડાહ્યો છે તો એ આક્ષેપ ધારદાર લાગે. પરંતુ જવાબ મળે કે હા. ‘ડાહ્યો છું પરંતુ દોઢડાહ્યો નથી’ તો કટાક્ષ કરનાર બિચારો બની જાય. આ મજેદાર શૈલી છે. જે આક્ષેપ પર વજન મૂકાય તે આક્ષેપને જ ઈષ્ટ અને સાધક ગુણ બનાવીને આક્ષેપ કરનારને એ ગુણવિનાનો કહી દેવાનો. સાગરે ક્રૂર થઈને કરેલો ‘હલુઆ’નો આક્ષેપ અકબંધ રાખીને વહાણ સાગરની ખબર લે છે. સાગરને એ કહે છે.

*‘હલુઆ’ પણ અહ્મે તારૂજી, સાયર સાંભળો.’*

અમે ભલે, હલુઆ છીએ. અમે હલુઆ છીએ તે સારું જ છે. એમાં કાંઈ ખોટું નથી. અમે હલુઆ છીએ. તો જ તારક છીએ. તારા અગાધજળ અમે આરામથી લંઘી જઈએ છીએ, તારા ઊંડાણમાં અમે ગરક નથી થઈ જતા, તે અમે હલુઆ છીએ માટે જ. અમારા ખભે બેસીને લોકો તારા એક છેડાથી બીજા છેડા લગી પહોંચી જાય છે. અમે હલુઆ છીએ માટે જ દરિયા ખેડૂઓનો ભરોસો સાર્થક ઠેરવીએ છીએ. અમે લહુઆ છીએ માટે જ માનવસમાજ નવી ધરતીનો આનંદ પામે છે અને ધરતીથી સુદૂર રહીને આભ અને જળની વચ્ચે સૃષ્ટિનો સુમધુર આહ્લાદ પામે છે. સાગર તું સાંભળ. અમારી આ હળવાશ તો તારા અમાપ અને અનન્ત પ્રદેશનો ગર્વ ઓગાળી દે છે - તું કહે છે કે અમે મોટા છીએ. આમ કહીને તું મને ક્ષુદ્ર, પામર, નાનો કહી દે છે. તારી આ

વૃત્તિમાં શી મોટાઈ છે, વારુ ? મોટાઈ તો એ છે કે લોકો હંમેશા આપણાં ગીત ગાય અને આપણે એનાથી પર રહીએ. આપણી મોટપનો ઢંઢેરો આપણે જ પીટવાનો હોય, તો તે મોટાઈને પૂળો ચાંપી દેવો જોઈએ. તું સમાલીને કહે છે કે 'મને દુનિયા મોટો ગણે છે.' દુનિયાનું મોઢું જોઈને તું નક્કી કરી રહ્યો છે કે – મારું વર્ચસ્વ જબ્બર છે ને મારી હાક વાગે છે ને મારો પ્રભાવ સર્વવ્યાપી છે ને મારું નામ વજનદાર છે. પરંતુ હકીકતમાં તારું નામ જ મોટું છે. તારાં કામમાં કોઈ ભલીવાર નથી. તારો દેખાવ પહેલી નજરે તને વિરાટ બનાવી દે છે. પરંતુ તારો વર્તાવ તારી મોટાઈને અનુરૂપ નથી. તું દેખાવમાં નિતમોટો થવાનું શીખી ગયો છે પરંતુ વર્તાવમાં તું સતત પાછળ પડતો ગયો છે.

*'તુમ્હે કેવળ જાણ્યું વાધ્યાજી… નવિ જાણ્યું પરહિત સાધ્યાજી…'*

મોટાઈ ફાંદ ફુલાવવામાં નથી વસતી, એ તો પરહિતની સાધનામાં વસે છે. તારો આટલો વિરાટ ફેલાવો જો અને આ ફેલાવા દ્વારા તેં શું પ્રદાન કર્યું એ તું બતાવ. લખપતિ દસ પૈસાનું દાન દઈને દાનેશ્વરી થઈ જાય નહીં. એમ નાનું અમથું કામ કરી આપીને તું મોટો બની શકે નહીં. તારું ગજું અજબનું છે. પરંતુ તું કેટલો પરગજુ છે તેની તે વિચારણા કરી છે ? બાહરી દેખાવમાં જ મોટાઈને જાળવી રાખનાર હકીકતમાં મમરાનાં કોથળા જેવો છે. ભીતર સઘળું પોલું અને બહાર જાણે પૂર્ણતાની હેલી. આમાં ઠેકાણું ન પડે, બાહરી દેખાવથી અંજાનાર પાછળથી પસ્તાય જ છે. એમ બાહરી દેખાવથી જીવનાર એક દિવસ તો પટકાય જ છે. તું તારા વિરાટ દેખાવનો ફાંકો બાજુ પર મૂકી દે. તેં હીરા જોયા હશે. નાના છતાં ચળકાટભર્યા. ઝીણા અને તેજના પડછાયા ઝીલતા. એમાંનો એક હીરો પણ લાખોની કિંમતે તોલાતો હોય છે. એને હાથવગો રાખનાર લાગ અને વગ ચુસ્તપણે રાખી શકે છે. એ દેખાવમાં સાવ નાનો હોવા છતાં પૂજાય છે. એની નાનપને તુચ્છકારનાર મૂરખ ગણાય છે. તો હે સાયર, વધારાની, અસાર, નકામી, નિરુપયોગી ચીજવસ્તુઓને પોતાના ખોળે સાચવી રાખી કદ વધારતો રહેનાર ઉકરડો જોઈને કોઈ એમ નથી વિચારતું કે 'આ ઉકરડો કેટલો બધો મોટો છે. કેવો વિરાટ અને મહાન્ છે.' ત્યાં તો બધા ગંદકી ખાલી કરી જાય છે. એનો બહોળો વ્યાપ કચરો ખાલી કરવા સિવાય કોઈ કામનો નથી મનાતો. તારા મતે તો આ ઉકરડો પણ દેવ તરીકે

પૂજાવો જોઈએ કેમકે એ મોટો છે. લોકો વિરાટ ઉકરડાને ઉવેખીને નાનકડા હીરાને મહત્ત્વ આપે છે તે જ બતાવે છે કે મોટો દેખાડો લોકમાન્ય મહત્તા નથી. હીરો જોઈને લોકો ખુલ્લી આંખને પહોળી કરી દે છે અને ઉકરડો જોઈને લોકો ઝડપભેર નાક ઢાંકીને દૂર ભાગે છે. હીરા પાસે પહોંચવા લોકો લાખોની રકમ ખરચી દે છે. ઉકરડા પાસે જતાં પહેલાં હાથમાં કળશિયો લેવો પડે છે. મસમોટા ઉકરડાની આ બદતર હાલતનો તને ખ્યાલ હોય તો તે જે અભિનિવેશથી જાતઓળખ આપી તે તું ન જ આપત.

સાગરની વાતનો જવાબ વહાણ ઝનૂનથી વાળી રહ્યું છે. તે દઢતાથી બોલતું જાય છે : ‘આખા વિશ્વને ઢાંકી દેનારું અંધારું તો તેં પણ અનુભવ્યું હશે. આપણે આપણા જ શરીરને ન જોઈ શકીએ એવી કાળાશ આકાશમાં ફેલાવી દેનારું અંધારું આવી પડતાં ભલભલા છળી ઊઠે છે. રસ્તે ચાલનાર પોતાનું પગલું ક્યાં પડે છે તે અંધારાને કારણે સમજી નથી શકતો. જમીન અને પાણી બંને આંખ માટે સમાન બની જાય છે. અંધારામાં ચાલનાર સાવચેતી ન રાખે તો એનું પગલું જમીનને બદલે પાણીમાં પડી જાય અને ન બનવાનું બની જાય. અંધકાર છાતીનું બળ તોડી નાંખે છે. પરંતુ હે સાયર, જ્યારે એક નાનો દીપ પ્રગટે છે ત્યારે અંધારું ક્યાંય નાસી જાય છે. અંગૂઠાની ઊંચાઈથી અડધી ઊંચાઈ ધરાવતો એક દીપક અંધારાની વિશાળ ફોજને મજબૂત લડાઈ આપે છે. નાનો દીપ દૂર સુધી તેજ રેલાવે છે અને અંધારાના પડ ચીરી નાંખે છે. વિરાટ અંધારું આ નાનકડા દીપ સામે હાર સ્વીકારી લે છે.’

‘વળી, હે સાયર, અનન્તની હદનો વ્યાપ ધરાવતું આકાશ એક નાના ચન્દ્રથી ઉજળું દીસે છે. અતિશય શ્યામ હોવા છતાં તે એક માત્ર ચન્દ્રમાના ઉજાસથી રૂપાળું લાગે છે. વિરાટ એવું આભ પોતાના રૂપરંગ બદલીને ચન્દ્રમાની પ્રભા હેઠળ આવી જાય છે. અંધારુ અને આકાશ બન્નેય મોટા છે પરંતુ બન્ને સાવ કાળા છે અને બન્ને પોતાની વિરાટ પ્રતિભાનું પોત ખોઈ દે છે – તે પણ સાવ ક્ષુલ્લક એવા દીપ અને ચન્દ્ર જેવાની સામે.’

‘આંખોનું મૂલ્ય પણ તું જાણે છે. આંખ વિના તો જીવન સૂનું થઈ જાય. પરંતુ આંખમાં કિંમત મોટા ડોળાની નથી, નાની કીકીની છે. મોટા ડોળા હોવા છતાં આંધળાઓ દેખી શકતા નથી. નાની, ચમકદાર કીકી હોય તો જોઈ

શકાય. હૃદય વિનાનું શરીર જેમ અર્થહીન છે તેમ કીકી વિનાની આંખ અર્થહીન છે. નાનું હૃદય અને નાની કીકી જ અર્થવત્તાનો આશ્રય બને છે. મોટું શરીર અને મોટા ડોળા દેખાવ પૂરતા જ કામ લાગે છે.'

'એરંડાનું વૃક્ષ ગમે તેટલું મોટું હોય પરંતુ તેનો ઝાઝો વપરાશ હોતો નથી જ્યારે નાની અમથી ચિત્રાવેલી તો અખૂટ ખજાનો વરસાવતી જ રહે છે. એને જેમાં મૂકો તે પાત્ર સદાકાળ છલકતું રહે છે. ચિત્રાવેલી દેખાય તો નાનો છોડ, બેપાંચ દિવસમાં જમીન પર ઊગેલો છોડ હાથમાં લો અને ચિત્રાવેલી હાથમાં લો કોઈ ફેર ન લાગે. પરંતુ ચિત્રાવેલીને એક માટલું ઘીથી ભરી એમાં મૂકી દો તો એ એક જ માટલામાંથી હજારો માટલાં ભરીને ઘી નીકળતું જ રહે. આ કામ કોઈ પણ ઊંચો છોડ કે મોટું વૃક્ષ કરી શકતું નથી.'

'પાંચજન્ય શંખનો મહિમા તારા માટે અજાણ્યો નથી. એ કેટલો નાનો છે ? પણ વાસુદેવ એમાં હવા ફૂંકે છે ત્યારે ત્રણેય ભુવનમાં ધ્રુજારી વ્યાપી જાય છે. પાંચજન્ય શંખનો નાદ કાને પડતાં જ અક્ષૌહિણી સેના મેદાન છોડીને નાસી છૂટે છે, નદીના કિનારા ભાંગી જાય છે, દરિયાકાંઠાની શિલાઓ હચમચી જાય છે, પર્વતો પગથી માથા સુધી થથરે છે, મોટા મહાલયોની ભીંતો અને ઊંચા ગઢ હાલી ઊઠે છે. વિરાટ વિશ્વ નાના એવા શંખના હુંકારાથી ફાટી પડે છે...'

'પહાડ જેવા ઊંચા મદમસ્ત ગજરાજોની વનલીલા અને જલક્રીડામાં સંહારક વેગ હોય છે. એમનું ઝનૂન ભારે વિનાશક હોય છે, પરંતુ એમના દેહની સરખામણીમાં સાવ નાનો દેખાતો એક જ સિંહ ગર્જના દ્વારા જ ટોળું વિખેરી શકે છે. મહાગજના શરીરનો અડધિયો ગણાય તેવો સિંહ હાથીને પલકવારમાં ખતમ કરી નાંખે છે. હાથીનો વિરાટ દેખાવ કાંઈ કામ લાગતો નથી...'

'ઇન્દ્રનું શસ્ત્ર વજ્ર તો નાનું જ શસ્ત્ર લાગે, પરંતુ એના સ્પર્શમાત્રથી પર્વતના ભુક્કા થઈ જતા હોય છે. આકાશને આંબી જતાં વિરાટ પર્વતોની પ્રચંડ તાકાતનો સર્વનાશ કરનારું વજ્ર દેખાવમાં સાવ ક્ષુલ્લક, નાનકડું હોય છે.'

'એક નાની ઔષધિ પાસે રાખવાથી હજારો ભૂતપ્રેતને દૂર ભાગવું પડે છે. ઔષધિ એક છે ભૂતપ્રેત હજારોની સંખ્યામાં છે. ઔષધિ દેખાવે સાદી અને

ટચુકડી છે. ભૂત દેખાવે ભયાનક અને ચિત્રવિચિત્ર આકારના છે તો'ય ઔષધિ ભૂતપ્રેતને દૂર ભગાવી દે છે...'

સાગરને વહાણે નાનાની મોટાઈનાં અને મોટાની નાનપના ઘણા ઉદાહરણો આપ્યા છે. તમામ ઉદાહરણમાં વહાણની વાણી વર્તાય છે. પરંતુ હવે જે ઉદાહરણ આવે છે તેમાં ખુદ ઉપાધ્યાયજી મહારાજા પોતે બોલતા હોય તેવું લાગે છે. સર્જકનું વ્યક્તિત્વ તેનાં સર્જનમાં દર્શન દેતું રહે છે. સર્જકની આસપાસની સૃષ્ટિનો પડઘો તેનાં સર્જનમાં અચાનક પડતો જાય છે. ગ્રંથ લેખનમાં ઉપાધ્યાયજી મહારાજા એટલા વ્યસ્ત રહેતા કે એક વખત તો સાંજના સમયે તેમના શિષ્યે ધરેલું પાણી તેમણે ધ્યાનમાં જ ન લીધું અને સૂરજ ડૂબી ગયો. અનેક વિદ્વાનોની તરસ છીપાવતા ગ્રંથો લખનાર મહાપુરુષે પોતાની તરસને ગાંઠી નહી. આવું તો વારંવાર બનતું. વહાણના હવે પછીના શબ્દો વહાણના તો ગણવા જ પડે, પરંતુ એ શબ્દો ઉપાધ્યાયજી મહારાજા અધિકારપૂર્વક ત્યાં પ્રયોજી શકે છે... શબ્દો છે -

*'નાન્હે અક્ષરે ગ્રંથ લિખાએજી... તેહનો અર્થ તે મોટો થાએજી...'*

ગ્રંથ લખવાની વાત જ પરિવેશ બદલી નાંખે છે. અક્ષરો નાના હોય અને પાનું મોટું હોય તો ગ્રંથ ઓછા પાનામાં લખાઈ જાય. બને તેટલા નાના અક્ષરે લખવાનો મૂળ હેતુ આ હતો. અક્ષરો નાના હોય તેથી તે અક્ષરો દ્વારા સૂચિત થતી શિક્ષા નાની ન બની જાય. નાના અક્ષરમાં લખેલો ગ્રંથ અર્થની દૃષ્ટિએ ખૂબ મોટો હોય છે. બીજા કોઈ સ્થળે ગ્રંથ લેખનનો આ આદર્શ લખવાનો હોત તો પૂ. ઉપાધ્યાયજી મહારાજ ઓછા અક્ષરે - એમ જ લખી દેત. એમનો ગ્રંથ રચવાનો મૂળ આદર્શ જ એ છે. ઓછામાં ઘણું કહી દેવું. પરંતુ વાત અત્યારે વહાણની ચાલે છે અને નાના હોવા છતાં મહત્ત્વ જાળવી શકવાની ચાલે છે માટે નાના અક્ષરે - એમ લખ્યું છે. અક્ષર નાના છે, બારીક અને ઝીણા છે તો પણ વાંચવા માટેના છે અને વંચાય છે. નાનાને હલુઆ કહી દેવાથી નાના અક્ષરો કિંમત વગરના થઈ જાય નહીં. કેમ કે એ નાના અક્ષરો બૌદ્ધિક ઉન્નતિ, વૈચારિક પરિપાક અને માનસિક વરદશાના દાતા છે. અક્ષરોને નાના માનીને એની ઉપેક્ષા કરવી છોડી દેવાની. નહીં તો જીવન કોરુંકટ રહી જશે. વહાણ આ વાત જણાવે છે :

*'નાન્હે અક્ષરે ગ્રંથ લખાએજી, એનો અર્થ તો મોટો થાએજી ? '*

મોટા થવાનું મૂળ નાના હોવામાં રહ્યું છે. અક્ષરો નાના રહ્યા છે તેથી તેમનામાં મોટા, મહાન્ અર્થો વસે છે. મોટા-મહાન્ અર્થ એ જ અક્ષરની ઓળખ છે. વહાણ તરીકે મને નાનું ગણીને તું મારી મશ્કરી કરે છે પરંતુ અંધારાની જેમ અને આભની જેમ તારી મહત્તા પણ વિનાશ પામવાની છે. તારી હાલત ઉકરડા જેવી થશે. તારા શિરે કચરો જ ઝીંકાશે. તારી મોટાઈની આંખમાં કીકી જ નથી તેથી તું અંધાપો ભોગવશે...' આ બધી વાતો કહ્યા બાદ વહાણ પોતાની વાત કરે છે. વહાણનું તત્ત્વજ્ઞાન પણ અદ્‌ભુત છે.

એ કહે છે કે 'મોટા અને નાના હોવાના તે કાંઈ ઝઘડા હોય ? ઝઘડા તો સારા અને ખરાબ હોવાના થાય ? મોટા હોવા છતાં સારા હોનારા છે તો ખરાબ હોનારા પણ છે. નાના હોવા છતાં ખરાબ હોનારા છે તો સારા હોનારા પણ છે. નાના હોવું કે મોટા હોવું એ બાબત દેખાવ પર અટકે છે. ખરાબ હોવાનો આક્ષેપ ઝઘડો જનમાવે. સારા હોવાની આપબડાઈ વિવાદ પેદા કરે. આ બન્ને શક્ય છે. આ બન્ને દેખાવ પૂરતા નથી પરંત વાસ્તવિક છે, માટે જ તો આપણને ખરાબ કહેનાર વધારે કડવો લાગે છે અને સારા કહેનાર વધારે મીઠો લાગે છે. આમાં પણ સમજવાની જરૂર છે, આપણે જાતે જ આપણા અવગુણ ગાઈએ તો એ ગાણું એટલું અકારું નથી લાગતું જેટલું બીજો કોઈ એ ગાણું ગાય તો લાગે છે. એ જ રીતે બીજો કોઈ આપણી પ્રશંસા કરે તો એટલું ખરાબ નથી દેખાતું જેટલું જાતે પ્રશંસા કરવામાં દેખાય છે. હું નાનો છું ને તું મોટો છે એ વાત તો સમજ્યા હવે. એ સવાલ દેખાવનો છે. પરંતુ તું 'હું મોટો છું માટે સર્વગુણ સંપન્ન છું-' એમ બોલી બેઠો છે તેનાં કારણે તારી સારપ નાશ પામી છે. તું સજ્જન હોત તો આપપ્રશંસા ન કરત, તો તારી મોટાઈ પણ અકબંધ રહેત. પણ તેં તો જાતની આરતી ઉતારી લીધી છે. હવે તો તું જ તારી નાનપનું કારણ બન્યો છે. હે સાયર !

*'તુમ્હે મોટાઈ નાંખી ઢોલીજી... નિજમુખે નિજ ગુણ રસ ઘોલીજી.'*

પોતાના જ મોઢે પોતાના ગુણોનો રસ ઘોળવામાં તારી મોટપ ઢોળાઈ ગઈ છે. તું મોટો નથી તેવું તેં જ સાબિત કરી આપ્યું છે. મારે તારી મોટાઈને પડકારવી પડે એમ નથી. તું મારી ભૂલ કાઢે છે પરંતુ તને મારી ભૂલ તરીકે જે

મુદ્દો મળ્યો છે તે તો તારી જ ભૂલ બની ગયો છે. હું આમ વચ્ચે રહ્યો જ નથી. તો પણ મારે તને સમજાવવું પડશે. કેમકે તને તારા ભૂતકાળનો ગર્વ છે. તારા ખોળે વસીને લંકાનો જયજયકાર થયો હતો તેમ તું કહે છે તે તો સાચું છે. પરંતુ તારી શું ભૂલ થઈ છે તે તને કદાચ, યાદ નથી. સાંભળ ત્યારે,

*'તુમે રાવણનું બલ પોષ્યુજી... પિણ નીતિશાસ્ત્ર નવિ ગોખ્યુંજી...*
*ચોર સંગી તુહ્મને જાણીજી... રામચન્દ્રે બાંધ્યા તાણીજી...'*

હે સાગર, રાવણનું રાજ તેં સાચવ્યું પણ રાવણની ચોરશાહીને તેં ચલાવી લીધી હતી. ચોરને ઘરવાસો ન આપવાની નીતિ તેં ન પાળી. આ બાબતમાં તેં અનીતિ કરી. પછી તો તારા ગળે પત્થરિયો સેતુ બાંધવા દ્વારા સાંકળ નાંખીને રામે તને બાંધી લીધો. તારી અનીતિ તને જ ભારે પડી.'

'તારા ખોળે વનદ્વીપો છે તેમાં તારું પ્રદાન નથી. એ તો ભૂમિ પ્રદાન છે. સૌન્દર્ય સૃષ્ટિનો વૈભવ ભૂમિની વિશેષતા છે તેમાં તારું પોતાનું કશું જ નથી. માટે હે સાગર,

'તે દેખિ મદ મત વહિયોજી... મદ છાંડીને છાના રહિયોજી...'

•

## ૮

# તુજ મુજ વચિ વિવાદ છઈ
# તિહાં કુલનો સ્યો ગર્વ ?

શાસ્ત્રવાર્તાસમુચ્ચયની બૃહદ્‌વૃતિમાં પ્રલંબ પૂર્વપક્ષ રચીને ત્યાર બાદ મજબૂત ઉત્તરપક્ષ રચનારી પરમોચ્ચ બૌદ્ધિકતાનાં સ્પંદન ઝીલતી કલમ અહીં એ જ ઢબે આગળ વધતી રહે છે. પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની વણઝાર ચાલે છે. એક પછી એક દલીલો ધસી આવે છે. સાગરના વિસ્તૃત કથન પછી વહાણ પણ વિસ્તારથી પેશ થાય છે, આપણને એની રજૂઆતમાં વાત પૂરી થઈ જશે એમ લાગે છે. અને સાગર બોલવા માંડે છે ત્યારે વહાણની રજૂઆત અધૂરી લાગે છે. આમ પૂરી અને અધૂરી અભિવ્યક્તિ ક્રમશઃ આવતી જાય છે. એક વાત તૂટે છે. બીજી વાત ઊઠે છે. એ તૂટે છે અને પછી ત્રીજી વાત આવી પહોંચે છે. વહાણ છેલ્લે એટલું ધારદાર બોલી ગયું કે સાયરને હવે મોકો નહીં મળે એમ લાગે, પણ સાયર ગાંજ્યો જાય તેમ નથી. એ પોતાનો અવાજ ઊભો રાખીને વળતી લડત આપે છે. વહાણે કહેલી વાત દરવખતની જેમ કડવી હતી. આથી સાગરે ખેદ અનુભવ્યો. સાગર પોતાને વિરાટ માને છે. વિશ્વમાં સર્વોત્તમ અને મહાન્

અસ્તિત્વ પોતાનું છે એમ સાગરને લાગતું હતું. એ શરૂઆત તો વહાણને ઉતારી પાડવાથી જ કરે છે. એ કહે છે 'વાહણ, તારી સાથે વાત કરવામાં મને કંટાળો આવે છે. તારી સાથે શું વાત કરવી એમ થાય છે.

*તુજસ્યું હું બોલતાં પામું છું નિર્વેદ*

તું આ ભાષણ શું સમજીને કરી રહ્યું છે તે નથી સમજાતું. તું મને પડકારતા રહેવાનું નક્કી જ કરી બેઠું છે એટલે મારો તો છૂટકો પણ થવાનો નથી. મારી ઓળખ મેં તને આપી, એમાં તે મારું કશું નથી, તેમ સાબિત કરીને મને અકિંચિત્ કહ્યો.'

સામો માણસ શું કહે છે અને સાથોસાથ શું કહેવા માગે છે તે સમજ્યા વિના, આપણાં ધોરણ મુજબ એને તોડી પાડવામાં આપણને એમ લાગતું હશે કે જ્ઞાનનો મહિમા થાય છે, પણ આ પદ્ધતિમાં અજ્ઞાનનો જ મહિમા છે. સંદર્ભ કે ભૂમિકા સમજવાનું બાકી રાખીને કોઈ વાતનો ઉદ્ધરણ તરીકે ઉપયોગ કરીએ ત્યારે આપણું વિશાળ વાંચન છતું થવાને બદલે આપણાં વાંચનની મર્યાદા ઉઘાડી પડે છે. નવા શબ્દોને અજમાવી લેવાનો શોખ કેવળનાર સર્જક અર્થગંભીર નથી બની શકતો, તે રીતે વાત સાંભળી ન સાંભળી કરીને તરત જ એ સામે પ્રતિવાદ રચનારો અર્થની બાબતમાં પામર નીવડે છે. એ બોલે છે તેમાં અર્થનો અનર્થ જ નથી થતો, બલ્કે અર્થ જ નિરર્થક બની જાય છે. 'यन् माधवेन उक्तं तन्न' આ સંસ્કૃતભાષાની કહેવત, હે વાહણ ! તારે ખાસ સમજવી જોઈએ. માધવ નામનો કોઈ એક વિદ્વાન્ જે કોઈ વિધાન કરે તેનું ખંડન કરનારો વર્ગ હતો. કેમ તો કે માધવે કહ્યું છે માટે, માધવ શું કહે છે અને કંઈ ભૂમિકાથી કહે છે તે સમજ્યા વિના માત્ર માધવ નામથી જ તેનાં વિધાનો પર તૂટી પડવામાં જ્ઞાનની ઈતિ માની બેસેલા મૂર્ખ વિદ્વાનો જેવું તું કરી રહ્યો છે. હું કોણ છું તેની તને જેમ ખબર નથી, તેમ હું શું કહેવા માંગું છું તેની પણ તને ખબર નથી. તું માને છે તેમ હું મને મહાન્ ગણું છું માટે જ હું મહાન્ નથી પોતાની ઉત્તમતાનું ગાણું ગાઈને હું હીણો પૂરવાર થયો છું, એમ તારું માનવું છે.'

સાયર બિલકુલ શાન્તિથી કહે છે : તને મેં લંકા જાળવી તે નથી ગમતું તો કંઈ વાંધો નહીં. તને મારા ઉછરંગે વિકસેલી હરિયાળી પારકી લાગે છે તો એનો પણ વાંધો નથી. તું સમજવા માગતો નથી તો પણ તને સમજાવી દેવા

માગું છું. કેમ કે તું મને સમજાવવાની મહેનત રહ્યું છે. કૃષ્ણને તું ઓળખતું હશે. કૃષ્ણને વિશ્વના કોઈ પ્રલોભનો ચળાવી ન શકે. પણ મારી દીકરી લક્ષ્મી એ કામ કરી શકી, કૃષ્ણ જેવો કૃષ્ણ મારી દીકરીને વરવામાં ગૌરવ અનુભવતો થયો. કૃષ્ણ જેવા મહાન પુરુષ સાથે મારું સગપણ થાય તે જ બતાવે છે કે હું કોઈ સામાન્ય કક્ષાનો આદમી નથી. લક્ષ્મીનો જન્મ એકમાત્ર મારા જ પ્રભાવે થયો છે. દેવો અને દાનવોના સંગઠિત પ્રયત્ન પછી મારું મંથન થયું હતું. મારી પાસે એમણે અનેક અપેક્ષાઓ રાખી હતી. એ તમામ સંતોષાય તેવું પ્રદાન મેં કર્યું હતું. સમુદ્રમંથન તો એક અજીબોગરીબ ઘટના છે. એમાં અથથી ઈતિ સુધી મારી જ બોલબાલા હતી. મેં જે પ્રદાન કર્યું છે, તે તું તે વખતે હાજર રહેલા દેવોને પૂછી જો. બીજી તો બધી ઘણી સામગ્રી હતી, પણ આ લક્ષ્મી તે વેળાએ મેં પ્રકટ કરી હતી. લક્ષ્મીનું વર્ચસ્વ તું સારી રીતે સમજી શકે છે. લક્ષ્મી વિનાનો માણસ અક્કરમી ગણાય છે. સમાજમાં વગ ધરાવનારા, વર્ચસ્વ અને વજન જમાવનારાને લક્ષ્મી વિના ચાલતું નથી. વિકાસશીલ દેશો, સમૂહો અને માનવો લક્ષ્મીની સહાય વિના કશું કરી શકે નહીં. પ્રગતિ અને ઉન્નતિનો ભૌતિક આકાર લક્ષ્મી વિના સર્જાતો નથી. ટોચ પર પહોંચવા માટે લક્ષ્મી એકમાત્ર આધાર છે. હે વહાણ ! મારી પુત્રીની આવી મહત્તા જ મારી મહત્તા સ્થાપિત કરી દે છે. તને એ સમજાઈ નહીં તે દયાજનક ઘટના છે. મારા ભાઈમાં એક ક્ષીરનો સાગર છે. એ ક્ષીરસાગરમાં ભરતીટાણે ઊભરાતા સફેદીભર્યાં ફીણ જેવા દેવો ટોળે વળે છે. મારા ભાઈની આવી મહત્તા પણ મારી મહત્તા છે. મૂળમાં મારું કુળ જ એવું છે કે, એમાં જનમનાર મહાન ન હોય તો જ આશ્ચર્ય ગણાય. તો હે વહાણ ! મને મસમોટી શીખામણ દેનાર તું મારા કુળની વાત માંડતા જ ખચકાશે. કેમકે તારી કુળપરંપરા જ નબળી છે.

આ એક બહુ ખરાબ પદ્ધતિ છે. વિવાદ વખતે વિવાદપાત્ર બાબતોને છોડીને અંગત વાતો પર ઊતરી જવું. ઠાવકાઈભરી શરઆત પછી સાગર આ અભદ્ર રીત અજમાવે છે. આવેશમાં આવીને નાહકનો બફાટ કરી દેવાથી સાચી વાત પણ મારી જાય છે. પરંતુ આ જ પદ્ધતિ આજ સુધી અજમાવાતી રહી છે. એનાથી વિજય મળે કે ન મળે, સંભળાવી દીધાનો સંતોષ જરૂર મળે છે, સાગર બોલે છે, માત્ર સંભળાવી દેવાની વૃત્તિથી. એ કહે છે ‘હે વહાણ !

તારા કુળની તો વાત જ થાય એમ નથી, તારા પૂર્વજો લાકડાં છે. વૃક્ષોનાં પોલા થડમાંથી તને જન્મ મળ્યો છે. એ થડને ક્ષુદ્ર જીવાતો કોરી ખાય છે. એ પોતે જ પોતાના રક્ષણ માટે અસમર્થ હોય છે. એમનાથી બીજાની રક્ષા શું થવાની હતી ? લાકડાંની બખોલોમાંથી આવી કેટલીય જીવાતો અંદર પેસીને થડને કોરી ખાય છે. આ એંઠ જેવા થઈ ગયેલાં લાકડામાંથી તારો જન્મ થાય છે. તું વળી મને કંઈ હેસિયતથી સારા બનવાનો ઉપદેશ આપી શકે. તું તો જન્મ પહેલાનું અસાર છે. સારા થવાનું મારે નહીં, તારે છે. હું કદાચ, ખરાબ થયો હોઈશ તોય મને તો વારસામાં સારાઈ મળી છે, તેથી તરત સુધરી શકીશ, પણ તને તો વારસામાં પોલા રહેવાની વૃત્તિ ભેટ મળી છે. મારી નબળાઈ તો મને નડતાં નડશે, પરંતુ તારી પારાવાર પોલ તને હંમેશા નડવાની છે. તારી અને મારી વચ્ચે સરખામણી શક્ય જ નથી. આપણા વારસામાં સાવ અલગ સંસ્કારો વહે છે. તારા સંસ્કારોથી તું જ હેરાન થઈશ, મારા માટે ચિંતાપાત્ર કશું નથી. તું મને ઉપદેશ આપે છે, તેથી મારું મન મૂંઝવણ પામે છે. આ બિચારો પોતાનું ન સંભાળી શકનારો મને શીખવાડે છે. તું મારાથી વધારે સારું બનવા માંગે છે પણ, વાસ્તવમાં તું મારા જેવો પણ થઈ શકવાનો નથી. મારામાં અને તારામાં જે ફરક છે તે સમજાવી શકાય તેમ નથી.

*તુજ મુજ વિચ જે અંતરો તે મુખ કહ્યો ન જાય.*

તારા વિષે વિચારું છું અને તારી મહાન્ બની જવાની મથામણ જોઉં છું ત્યારે તારી દયા આવે છે. તને તારી ક્ષુલ્લકતાના વિચાર આવતા નથી. તને તારી અધમતાનો ખ્યાલ નથી. તને બીજાને ખરાબ ગણવાનો અવગુણ જબરો ગોઠી ગયો છે. મારામાં આવો અવગુણ નથી, એનો મને ગર્વ છે.'

આપણામાં સામર્થ્ય ન હોય તે સહ્ય છે. બીજામાં સામર્થ્ય ન હોય તે સહ્ય છે. આપણામાં સામર્થ્ય ન હોય અને બીજાનું સામર્થ્ય ખમાતું ન હોય તે અસહ્ય બીના છે. આપણે સજ્જન હોઈએ એટલે બીજા બધા દુર્જન નથી બની જતા. આપણે સજ્જન ન હોઈએ એટલે બીજા દુર્જન નથી થઈ જતા. બીજા કોઈ દુર્જન હોય એટલામાત્રથી પણ આપણે સજ્જન નથી બની જતા. આ બધું વિચારવાનું છે.

સાગર કહે છે કે, તારે (વહાણે) આ વાત સમજવી જોઈએ. હું કોણ છું,

તે તું ન સમજી શકે તો તે સમજાય તેવું છે. પણ તું તને પોતાને તો બરોબર ઓળખ. તારું ગજુ કેટલું તે તો તું વિચાર. તું પોતે કેટલા પાણીમાં છે એનો વિચાર કર્યા વિના તું આમ બોલતા રહેવાની ટેવ ચાલુ રાખીશ તો તું સાવ ધોવાઈ જઈશ. હું અભિમાન કરવાના કારણે ખરાબ છું તેમ તું માનતું હોય તો તો સમજી લે કે મારા ગર્વને બાદ કરતા મારામાં એવું ઘણું બધું છે, જે મને ઉત્તમ પૂરવાર કરે છે. આ સામે તારામાં એવું કશું જ નથી જે તારી ઉત્તમતા જણાવે.'

વહાણ કહે છે 'કુલનો ગર્વ શીદ કરે છે તું ? અને એમાંય તું મારા પૂર્વજોને શા માટે સંડોવે છે. લંગડો માણસ કાખઘોડી વિના ચાલી ન શકે તે તો સમજ્યા, પરંતુ બન્ને પગ સાજા હોવા છતાં કાખઘોડીના ટેકે જ ચાલવાનું પસંદ કરનાર મૂરખ ગણાય છે. તું સીધી વાત કરી શકે છે તોય આડું બોલતો રહે છે, તે કમાલની વાત છે. મારા કુળનો ગર્વ મને પણ છે. હું એની વડાઈ ટાળું છું. પણ તું આમ અવળું બોલે છે. તેથી મને દુઃખ સાથે જણાવવાની ફરજ પડે છે.

કલ્પવૃક્ષોની ઉત્તમતા વિશ્વપ્રસિદ્ધ છે. એના છાયામાં ઊભા રહીને જે ઝંખના થાય તે સફળ થઈ જાય. વિચારમાત્રથી ધાર્યું કામ કરી આપવામાં કલ્પવૃક્ષની તોલે કોઈ ન આવે. આ કલ્પવૃક્ષો એ મારા પૂર્વજો છે. ગરમીના સમયમાં પશુઓને, પંખીઓને, વટેમાર્ગુઓને અને હરણ જેવા નાજુક જીવોને નિરપેક્ષભાવે શીતળતાનું સ્નાન કરાવનારા વૃક્ષો મારા પૂર્વજો છે. મનુષ્યોને અને પંખીઓને પારવિનાની સ્વાદુ ફળસૃષ્ટિ વિના મૂલ્યે ધરી દેતા ઝાડવાઓ મારા વડવા છે. જીવતો લાખનો અને મર્યો સવા લાખનો હાથી છે, તો મારા પૂર્વજો જીવતા સહાયક અને મર્યા ઉપકારક છે. બારેમાસ હૂંફાળું જીવન ધરનાર ગૃહો બને છે, વૃક્ષોમાંથી જ. એના દેહમાંથી માવો લખલૂટ કમાણી કરી શકે છે. એના બધા અંગો જુદા જુદા વપરાશમાં લઈને મનુષ્યો કળાવૃત્તિ સંતોષે છે. કારીગરો તો હાથ બનાવટની નિતનવી સામગ્રી એનામાંથી એવી બનાવે છે કે જોનારા માની જ શકતા નથી. ભલા સાયર ! તારો અને મારો ઝઘડો આખો અલગ છે અને તું આ વાતો અવળી રજૂ કરે છે. તારી વાત તું કહે, મારી વાત હું કહું, તે આદર્શ પરિસ્થિતિ છે. આ તો તું ત્રીજી જ વાત બોલીને બાજી બગાડી રહ્યો છે. આમ કરવાથી તું સલામત બની શકતો નથી.' •

૯

# રવિ ચંદ પયોધર પ્રમુખના કુલ કુણે જાણ્યા કુણ દીઠ ?

અંતે તો આ સમજાવટની રચના છે. આ રચનાનું પાત્ર કશુંક સમજાવવા મથે છે. પછી તે સાયર હોય કે વાહણ હોય, દરેક વ્યક્તિના પોતાના વિચારો હોય છે એની પ્રામાણિકતામાં શંકા હોઈ શકે, પણ એનાં અસ્તિત્વમાં શંકા નથી હોતી, 'હું તો આમ ચાલવા જ ન દઉં', 'હું તો કહું', 'મને આ રીત ન ફાવે', 'આપણે તો ખુલ્લું કહી દઈએ', 'હું કોઈથી ડરતો નથી', 'મને આમ લાગે છે', 'મારું માનવું આવું છે' અને 'તેવું છે' વગેરે લાક્ષણિક પ્રયોગો જાણવાની ઉત્સુકતા હોય તો દરેક વ્યક્તિના વાક્યો તપાસવા. તરત જ જાણવા મળશે કે આ વ્યક્તિ પોતાનું વિશ્વ રજૂ કરવા વારંવાર કયા વાક્યનો ટેકો લે છે. આ જ રીતે એકાદો વિચાર સ્થિર થઈને દરેક વ્યક્તિનાં માનસ પર પક્કડ જમાવી ચૂક્યો હોય છે. વાચતીચમાં એ તૂર્ત જ ડોકાઈ જાય છે. વાતનો આરંભ થાય ત્યારે એ વિચારના સગડ મળે અને વાતનો અંત નજીક આવે તેમ એ વિચાર ઊઘડતો જાય. એવું નથી કે એક જ વિચાર જામી પડ્યો હોય છે. એમ તો આખેઆખી

વિચારધારાઓ માનસને પ્રભાવિત કરી ચૂકી હોય છે. એક દૃષ્ટિ હોય અને અનેક દૃષ્ટિકોણ હોય. અનેક દૃષ્ટિઓ હોય અને ઘણા બધા દૃષ્ટિકોણ હોય. બે વિચારધારા કે બે દૃષ્ટિ કે બે દૃષ્ટિકોણ સામસામે આવી જાય ત્યારે વ્યક્તિનાં વિચારક પાસાની પરીક્ષા થઈ જાય છે. વિરોધપક્ષની વિચારધારાને તોડીને પરીક્ષા પાર કરી લેનારા મળે છે, પોતાના પક્ષની મહત્તા સાબિત કરીને પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા મળે છે. બન્ને કામ કરીને સફળ થનારા મળે છે. આમાં જરૂર પડે છે સમજાવટની. સમજીને બોલવું, સમજેલું બોલવું અને સમજાય તેવું બોલવું, આ ત્રણ મુદ્દા યાદ રાખવાના છે.

સાયર બોલે તો સાયરનો પક્ષ લેવાનું મન થાય છે અને વાહણ બોલે તો વાહણનો પક્ષ લેવાનું મન થાય છે. હવે વાહણ તો આપણો નાયક જ છે એટલે એનો પક્ષ લેતાં રહેવાનું મનોમન નક્કી થઈ જ ગયું છે. સાયરને એ ગાંઠતું નથી અને સાયર એને ગાંઠતો નથી, વાત ચકડોળે ચડે છે.

આપણા કુળને હીણું કહેવામાં આવે ત્યારે જડબાતોડ જવાબ આપી દેવા છતાં મન ખાટું થઈ જાય છે. અજ્ઞાતપણે હીનતાની ગ્રંથિ મનમાં બંધાય છે. આપણે હીણ ન હોઈએ તે સારી વાત છે. પણ હીણા કહેવાતા હોઈએ તે અસહ્ય છે. પ્રતિકાર કરવા છતાં આ બાબતનો ડંખ રહે જ છે. હીણા હોવાનું મહેણું જ સખત દુ:ખજનક છે. લોકગીતમાં એટલે જ કહ્યું છે 'કોઈની કાંકરીએ માર્યા ન મરીએ; મેણાના માર્યા મરીએ રે,' વહાણ સાથે સાયરને વિવાદ છે. સાયરે કાંકરીચાળો કર્યો હોત તો વાહણ બહુ ઉપાડો લેત નહીં, પણ આ તો મેણું મારીને મન મારી જાય તેની તરકીબ અજમાવી હતી. ખૂબ ગુસ્સે થયેલો આદમી મારી મારીને થાકતો જ નથી તેમ દિલનો દુભાયેલો જીવ પણ બોલતો જ જાય છે, બોલી બોલીને થાકવાનું એ નામ લેતો નથી. વાહણ બોલતું રહે છે :

*'કુલગર્વ ન કીજે રે સર્વથા, હુઓ રૂડે કુલિ અવતાર રે,'*

ભલાદમી, સારા કુળમાં જનમ મળી ગયો તેટલા માત્રથી કુળનું અભિમાન રાખવાનું હોય નહીં. ગુલાબના છોડ પર ઊગેલા કાંટા ગુલાબના કુળમાં જનમેલા હોવાનો ગર્વ ધરાવે તો શું એ કાંટા મટી જાય ? ગુલાબનાં કુળમાં સ્થાન લેવું હોય તો સુગંધ, સુંદરતા અને નાજુકતાનો ત્રિવેણી સંગમ

જોઈએ. ગુણ વિનાનો આદમી જનમે ગમે ત્યાં, પરંતુ એને કુલઅંગાર જ ગણવો. કુલીનતાનો સીધો સંબંધ ગુણિયલ હોવા સાથે છે. ગુણોની ઉપસ્થિતિ કુલીનતાને જણાવી આપે છે. ગુણોની શૂન્યતા કુલહીનતાની જાણ કરે છે. મીઠડો માનવી માયાવી હોય તો એને ગુણિયલ ન ગણાય. આખાબોલો આદમી ડંખિલો હોય તો ગુણિયલ નથી. ઉદાર આદમી ચોર હોય તો ગુણિયલ ગણાય ? સમજવાનું એ છે કે સારા ગુણોની સારી અવસ્થામાં ઉપસ્થિતિ હોય તો જ કુલનો ગર્વ સારો લાગે. સારો લાગે એ એટલા માટે કે ગુણોની તે પ્રકારની ઉપસ્થિતિ વ્યક્તિત્વને શોભા બક્ષે છે. દરજ્જો સંભાળીને જીવનાર અને પોતાનો વ્યવહાર સાચવનાર મોભાદાર લાગે છે. એનું અભિમાન છલકાતું નથી. એ પ્રતિભાવાન્ લાગે છે, પ્રદર્શનખોર નહીં. સુદૃઢ વ્યક્તિ અને ઉદ્દંડ વ્યક્તિ શક્તિની પૂર્વભૂમિકા ધરવે છે છતાં બન્નેમાં ફરક છે. ઉદ્દંડતાનો પ્રવેશ ગર્વના દરવાજેથી થાય છે. સુદૃઢતા માટે ગર્વની જરૂરત છે નહીં. એ માટે સ્વમાન કાફી થઈ પડે છે. કુલીનતાનું સ્વમાન સૌમ્ય પ્રભાવ પાથરે છે. જો આપણે ઊંચાઈ પર જ હોઈએ તો બીજાના ધક્કાથી શીદ ડરવું જોઈએ ? જો આપણે ઊંચાઈ પર હોઈએ તો બીજાને ધક્કા પર શીદ મારવા પડે ?ઊંચાઈને આંબી જનાર – ઊંચે સુધી પહોંચતા જે મહેનત કરવી પડે છે તેનું મૂલ્ય સમજતો હોય છે. પોતાને ઊંચે પહોંચવા – જેવી મહેનત કરવી પડી તેવી અન્યોને પણ કરવી જ પડી હશે, તેવી સમજ ન કેળવાઈ હોય તો જ બીજાની ઊંચાઈનું મહત્ત્વ ડંખે. અમૃત પામ્યા પછી પણ બીજાના હાથમાં કટોરો જોઈને ઈર્ષ્યા અનુભવાતી હોય તો અમૃતનો લાભ સાવ અલેખે જાય છે. કાં તો અમૃતનું મૂલ્ય સમજાયું ન હોય, કાં તો હસ્તગત વાનગી અમૃત છે તેની જાણ ન હોય, કાં તો અવિશ્વાસની માત્રા વધી પડી હોય તો જ આવું બને. અમૃતનું મૂલ્ય જાણમાં હોય, અમૃતની પ્રાપ્તિ પ્રત્યે સભાનતા હોય અને વિશ્વાસ સંપૂર્ણ સ્વસ્થતાની હદ પર હોય, તો બીજાની તરફ નજર માંડવાનું મન થશે જ નહીં. આપણી ઊંચાઈ સમજાઈ હોય, તો બીજી કલ્પનાઓ કરવી પડતી નથી.

ખરાબીની હાજરીમાં કુલીનતાનો ઝંડો ફરકાવવાથી લજવાય છે કુલીનતા. કેમ કે ઝંડો ફરકાવવાનું કારણ લોકો બરાબર સમજી જાય છે. ‘હે, સાયર ! તે કમળ જોયાં હશે, તેની ઉત્પત્તિ શેમાંથી થાય છે, ખબર છે ? કાળા

કાદવમાંથી કમળનો જનમ થાય છે. એની અનુપમ સુંદરતા લક્ષ્મીદેવીને મોહિત કરી શકી છે. લક્ષ્મી કાયમ કમળના ગૃહમાં જ વાસ કરે છે. ખાનદાન પરંપરાઓ પર ખોબે ખોબે વરસતી લક્ષ્મીદેવી કમળ સાથે સંબંધ બાંધતી વખતે એની પૂર્વાવસ્થા વિચારતી નથી.

*'કહો કુલ મોટું કે ગુણ વડા ?'*

બોલ, સાયર ! બોલ. કુલ મોટું ગણાતું હોય તો લક્ષ્મીદેવી કમળ પર ફીદા થાત નહીં. લક્ષ્મીદેવી કમળની પસંદગી કરે છે ત્યારે એની ગુણવત્તાની જ જીત થઈ હોય છે, કુલીનતાની નહીં. તારા મનમાં કુલીનતાનું ભૂંસું ભરાયું છે. તારે એ ખંખેરી નાંખવું જોઈએ. એ માટે જ તો તને કમળની વાત કરી રહ્યો છું. એકમાત્ર કુલની ખેંચતાણ કરવાનું મૂરખને જ પરવડે, સમજદાર તો ગુણનું પાસું પહેલું તપાસે. ગુણોનું વજન વધતું હોય તો બીજું વિચાર્યા વિના જ સ્વીકાર મળતો હોય છે. જંગલના ઝેરી અને જોવા પણ ન ગમે તેવા ફૂંફાડિયા સર્પરાજાને શિરે ચળકતા શેષમણિઓ, એ સર્પરાજાનું મહત્ત્વ વધારે છે. મહાન્ રાજાઓ આ પેટે ચાલતા પ્રાણીઓની પાછળ પડે છે તે પણ આ શેષમણિઓના કારણે જ. એ શેષમણિની પ્રાપ્તિ થાય તે માટે જીવનનું જોખમ ખેડે છે, એ રાજાઓ. એમના હાથમાં શેષમણિ આવે છે ત્યારે તેઓ એની જંગલી વસાહતવાળી પેદાશનો વિચાર નથી કરતા. એનો ચળકાટ અને એનો પ્રભાવ એની નબળી પૂર્વાવસ્થાને ગૌણ બનાવી દે છે. અને એ શેષમણિને -

*'કાજવિ શિર ધારે જિમ હરિ ગંગ રે ?*

ગુણહીણો કુલગર્વ મૂરખ લોકો ધરે છે, પણ તેમાં કશ્શો સ્વાદ મળતો નથી. રસ્તે રઝળતા શ્વાનને સિંહની ચામ પહેરાવી દેવાથી એ સિંહનો ગર્વ ધરાવી શકે પરંતુ તેથી કાંઈ એ સિંહનાદ કરી શકે નહીં. એ માટે મૂળભૂત ગુણવત્તા જોઈએ. બાહરી આડંબર કામ ન લાગે.

જગતમાં જ્યાં ગુણવત્તા જોવા મળે, ઉત્તમતાનો સ્પર્શ અનુભવાય ત્યાં કુલીનતા આપોઆપ વર્તાતી હોય છે. કુલીનતા પૂછવાની ન હોય - એ તો અનુભવવાની હોય. સૂરજ સોનેરી તડકો પાથરીને દુનિયાને ઉષ્મા બક્ષે છે, ચન્દ્રમા દૂધમલ તેજથી અટારીઓ અજવાળીને અમૃત વરસાવે છે, વાદળો અનરાધાર હેલીથી પૃથ્વીને ભીંજવે છે તે અનુભવ્યા બાદ આપણને એમના

કુળની પૃચ્છા કરવાનું મન જ થતું નથી. આકૃતિ જેમ ગુણોને કહે છે તેમ કૃતિ કુલને જણાવે છે. ગુણો જોવા મળે ત્યાં સ્વકીય ભાવ અનુભવી લેવો, એ સ્થળે પોતાનું અને પારકાનું વિચારવું નહીં. અવગુણ દેખાય ત્યાંથી ખસી જવું, એ સ્થળે પોતાનું અને પારકાનું ભેદભર્યું વર્તન રાખીને તાણાતાણ ન કરવી. કેમ કે લાભ થાય છે - ગુણો દ્વારા. એ ગુણનો મહિમા સમજીને બહુમાન ધરવાની નુકસાન સિવાય કશું જ ખોવાનું નથી. વનમાં ફરવા નીકળીએ તે વેળાએ વનની માટિયાળ ભૂમિ પર બેફામ ફૂટી નીકળેલા ફૂલો જોવા મળે છે. સુંદર તો એવા કે આંખમાં આવી ભરાય. સહૃદય આદમી વિચારતો બેસે કે આ ફૂલ કેવી જગાએ ઊગ્યા છે ? તો વન્યવૈભવ માણવાનો બાકી રહી જાય. જંગલના ફૂલ પર થોડી ધૂળ પણ બાઝી હોય છે. મેલા દેખાતા વન્ય પુષ્પો નજીકથી જોવા મળે ત્યારે લાગણીનો નવો અધ્યાય રચાય છે. એને રોકવાનું વિચારાય પણ નહીં. એ ફૂલની મોજ માણવી હોય તો કુલીનતાની માન્યતા બદલવી જ પડે.

ગુણોને આંખેથી ઝાલવા અને હૃદયમાં ઉતારવા, એ શ્રેષ્ઠ ગુણ છે. સારા માણસો આ બાબતમાં પૂર્ણ રીતે ધંધાદારી હોય છે. તેઓ ગુણ સાથે કામ લે છે. ગુણની પછવાડે બીજી સૃષ્ટિ ખડી કરવામાં એમને રસ નથી. સારા માણસો સામે આમ ગુણો જ કામ લાગે છે. માટે હે, સાયર ! કુલમદને છોડીને ગુણો પર કેન્દ્રિત થા. એમ કરવાથી જ તારો જસ જગમાં વાધશે.'

•

## ૧૦

# તત્ત્વજ્ઞાન : વાતચીતનું અને દાનનું

વાતચીત કરવામાં ધ્યાન રાખીએ તો બે વસ્તુ જોવા મળે : ઘણા લોકો કહી દેવામાં માનતા હોય છે, ઘણા લોકો સમજાવવામાં. કહી દેવું, સંભળાવી દેવું, બોલ્યા જ કરવું, એક વળગણ છે. સામા માણસને તો કંઈ બોલવા જ નહીં દેવાનો. બોલવાનું કામ આપણે જ કરવાનું. જે આવે તે, જેમ ફાવે તેમ બોલીને સમય પૂરો કરી નાંખવાનો. અને પછી ? ખરો તાલ હવે જ તો ભજવાય છે. વાત પૂરી થાય પછી 'બધું જ કહી દીધું, કશું જ બાકી રાખ્યું નથી, બધું જ આવી ગયું' એવો સંતોષ, ગૌરવપૂર્વક વ્યક્ત થવા લાગે છે. માત્ર બોલી નાખવાથી બાજી જીતી જવાતી હોય, તો બાજીઓ ક્યારેય સમેટાઈ ન હોત. બોલવાની તાકાત બન્ને પક્ષ પાસે હોય છે.

બોલનાર બોલે છે તો સાંભળનાર સાંભળે પણ છે. બોલનારને બોલતાં આવડે તેમ સાંભળનારને સાંભળતાં પણ આવડે. સાંભળનાર સાંભળી લે છે તેનો મતલબ એમ ન થાય કે એ બોલી નથી શક્યો. ચૂપ રહ્યો. મતલબ કે સાંભળી લીધું, સાંભળવું જ પડ્યું. આમ માની લેવામાં જોખમ છે.

સાંભળનાર ચૂપચાપ, ગરીબડો હોય તે રીતે સાંભળી લે છે ત્યારે બોલનાર પોરસાય છે અને પોતાની બાજીના બધા જ પત્તાં ખુલ્લાં મૂકી દે છે. સફળતાનો નશો બધું જ રહસ્ય ઓકાવી દે છે. અને પછી ચૂપ રહેનાર અવાજ ઊઠાવે છે ત્યારે બોલી નાંખવા બદલ પારાવાર પસ્તાવો થાય છે. પણ ત્યારે તો મોડું થઈ ગયું હોય છે.

સાંભળી લીધા પછી બોલવાનું શરૂ કરનાર માટે ઘણા રસ્તા છે. અત્યાર સુધી જે કાંઈ સાંભળવા મળ્યું તેમાં એક મુખ્ય મુદ્દો છે અને તે મુદ્દો તોડી પાડીએ તો એની સાથે જોડાયેલા નાના મુદ્દાઓ આપોઆપ તૂટી જાય. આટલું લક્ષ્ય રાખીને મુખ્ય મુદ્દાને પૂરેપૂરો તોડી નાંખવાનો રસ્તો સદાબહાર છે, છતાં કઠણ પણ છે. વાતને સાંભળવી, સમજી લેવી અને પછી તરત જ મુખ્ય બાબતને અલગ તારવવી સરળ નથી. સમજી લેવાનું કામ જ અઘરું છે.

બીજી પદ્ધતિ જરા જુદી છે. બોલી જનાર બોલી જાય છે અને અમુક વાતો ઊભી રાખી જાય છે. એ વાતોની સામે બીજી નવી જ વાતો ઊભી રાખી દેવાની. પેલી વાતોને તોડવાની નહીં. પણ બિરબલે જેમ મોટી લીટી દોરીને અકબરની લીટીને નાની કરી, તેમ નવી વાતો રજૂ કરીને પેલી વાતોને જૂની અને પામર સાબિત કરવાની.

ટૂંકમાં સળંગ એકધારું બોલી જનારને વિગતવાર જવાબ આપવાની કલા પણ જાણીતી તો છે જ.

જોખમ આમાં પણ છે. લાંબા જવાબો આપવાનાં તાનમાં આપણાં પણ બધાં પાનાં ખુલ્લા થઈ જતાં હોય છે અને એ ખુલ્લાં પાનાં પર ફૂંક મારવામાં આવે તો બીજાં પણ પાનાં સિલકમાં હોવા જોઈએ, જે આગળ કામ લાગે.

જેટલું જાણીએ એટલું બધું જ બોલવામાં પ્રામાણિકતા જરૂર છે પણ જોખમ પણ છે. આપણી આવડત અલબત્ત, જોખમની વાતને ગૌણ બનાવી જ દે છે.

આ તો બોલી જનારની વાત થઈ. સમજાવવામાં માનનારાની વાત જુદી છે. તેઓ માટે વાતચીત એક માધ્યમ છે. તેઓ વાતચીતને હારજીતનો મુદ્દો નથી માનતા. ચૂપ થવું નહીં અને ચૂપ કર્યા વિના રહેવું નહીં એવા પામર આશયથી તેમની વાતચીતો શરૂ થઈ હોતી નથી. તેમને પોતાને

સમજવું હોય છે અને જરૂરી વાત સામાને સમજાવવી હોય છે. તેમનું લક્ષ્ય આક્રમણનું નહીં પણ સંક્રમણનું હોય છે. તેઓ સમજાવટ માટે પૂરતા પ્રયત્નો કરે છે. પ્રશ્નો કરીને સામાને બોલતો રાખે, સામેથી આવતા પ્રશ્નોના જવાબ શાન્તિથી આપે, બદલાતો મુદ્દો યાદ કરાવે, આવડતની સ્પષ્ટતા કરે અને મૂળ વાત આગળ વધારે. પુનરાવર્તન પણ કરે અને ખુલાસા પણ કરે. સંભળાવી દેવાની હોંશ વિના એવું બોલે કે સાંભળનાર સાચેસાચ સાંભળે જ. મીઠાશથી એવું સમજાવે કે સાંભળનારને રૂઢિપ્રયોગ મુજબનું ખોટું ન લાગે અને પોતાની ખોટી વાત ખોટી લાગે જ લાગે. સમજાવવાની આવડતનો સારો ઉપયોગ કરવામાં આવે તો, મૂળ વાત એ છે કે સાચી વાતનો મોભો અચૂક સચવાય છે.

પણ અને પરંતુ એ બે શબ્દો બહુ ખતરનાક છે. લાંબી લાંબી વાતો પછી એક 'પણ' કે એક 'પરંતુ' ઉમેરાય છે અને વાત આખી બદલાઈ જાય છે. માણસ સારો હોય છે, ઉદાર હોય છે, સહાયક હોય છે, બુદ્ધિશાળી હોય છે અને એથી પણ વિશેષ હોય છે. વાતના આ છેડે પરંતુ ઉમેરાય છે અને સૂર ફેરવાય છે. પરંતુ ઉમેરાય એનો સાફ મતલબ એ થાય કે પહેલાની વાત ફોક થાય છે. અત્યાર સુધી જણાવેલી વાતો પર ચોકડી મૂકાઈ રહી છે. માણસ ભલે સારો અને ઉદાર અને સહાયક અને બુદ્ધિશાળી હોય પરંતુ એના અભિમાનનો પાર નથી. ઊંચી પ્રતિમા પર હથોડાના ઘા થાય તો નાની મોટી તિરાડ પડી જાય તેમ લાંબી પ્રશંસાને છેડે એક પરંતુ આવે છે અને પ્રશંસા ધોવાઈ જાય છે. એવું પણ નથી કે પરંતુ શબ્દથી નિંદા થાય છે. પરંતુ એક વળાંક આપી દે છે. વાત ચાલતી હોય તેમાં ઘટસ્ફોટનો તબક્કો, પણ કે પરંતુ દ્વારા આવે છે. પરંતુ ભૂમિકા બાંધી લીધા પછી જ ખરી શરૂઆત કરે છે.

એક જ જણ બોલ્યા કરતો હોય અને ઘણા બધા વિચારો સમજાવીને આખરે કોઈ એક વિચારને સાચો સાબિત કરવાનો હોય, તે વખતે દરેક વિચારને સમજાવવો પડે છે. સમજાવ્યા બાદ આવે છે પરંતુ. એ લઈ જાય છે બીજી વાત તરફ. બીજી વાતને અંતે ફરી હાજર થાય છે પરંતુ. તે ત્રીજી વાત તરફ લઈ જાય છે. આખરે પરંતુ છેલ્લી વાર વપરાય છે પછી વાત સમજાવાય છે અને પરંતુ આવતો નથી. એટલે એ વાત, પરંતુ વિનાની એ વાત સાચી

હોવાનું સમજાય છે. પરંતુ અને પણ વાપરતા આવડે તો બોલીને બંધાઈ જવાનું જોખમ રહેતું નથી.

પૈસાદાર માણસ પોતાની સંપત્તિનો ગંજાવર ઢગલો જોઈને પોરસાતો હોય છે. સમૃદ્ધિની ટોચ પર બેસીને એ ખીણમાં અટવાતા પામરોની દયા ચિંતવે છે. પોતે મહેનત કરી, હતાશાના પ્રસંગે અણનમ રહીને પ્રયત્નો ચાલુ રાખ્યા, કોઈની ફિકર કર્યા વિના ધાર્યું સિદ્ધ કર્યું, એ વાતને યાદ કરીને તે ગર્વ અનુભવે છે. ગર્વ કરવાનો પોતાને હક છે, તેમ પણ એ વિચારે છે. કારણ કે સહન ઘણું કર્યું હોય છે એણે. ભારે અગવડો પડી હોય છે ભૂતકાળમાં એને. આકાશ અને જમીન વચ્ચે એકલા પડી જવા છતાંય ગાફેલ રહ્યા વિના એણે છાપરું મેળવ્યું હોય છે. નાકે દમ આવી ગયો હોય છે એને. આજે જે અવસ્થા મળી છે તે બીજાને મળે તે શક્ય છે, પણ પોતે પારાવાર કષ્ટોનો સામનો કરી શક્યો તેવો સામનો કરીને તો ભાગ્યે જ કોઈ ટોચ પર આવી શકે, તેવો અહેસાસ પણ થતો હોય છે. બીજાનું કામ નહીં, મારી જેમ આગળ આવવા માટે, આવો ભાવ હોય છે. એક તરફ આવી વિચારણા ચાલે છે, તો બીજી તરફ મળેલી સંપત્તિનો પણ નશો હોય છે. જોઈને અને માણીને ખુશ થતા રહેવાનો સ્વભાવ ઘડાવા લાગે છે. મારી મહેનતનું ફળ મને મળવું જ જોઈએ, એવી ભાવના આગળ વધી જાય છે. પછી મારી મહેનતનું ફળ મને જ મળવું જોઈએ, એ હદે વાત પહોંચી જાય છે. મને મળે જ એ એક વાત છે અને મને જ મળે તે બીજી વાત છે. બીજી વાત મગજ પર સવાર થઈ જાય છે. એક મર્યાદા બંધાઈ જાય છે. સફળતા અને સંપત્તિ આપણી પોતાની જ દુનિયામાં ઉપયોગી બને છે. બહારની દુનિયાની વિચારણા થતી નથી. બહારની દુનિયાના લોકો ઉપેક્ષાપાત્ર લાગે છે. આપણી દુનિયાને વખાણે તેની નોંધ લેવાય છે, તે પણ એટલાપૂરતી જ કે એ વખાણમાં આપણી સફળતાનો જય હોવાનો અનુભવ થાય છે. આપણી દુનિયાના ખ્યાલોમાં ખોવાઈને મદહોશ રહેનારને એમ ચોક્કસપણે લાગતું હોય છે કે મહાન્ બનવા માટેની તમામ યોગ્યતા મેં મેળવી છે. હવે હું પણ મહાન્ છું.

હવે અહીં, પરંતુ પ્રવેશ કરે છે. શું એ ખરેખર મહાન્ હોય છે ? વિચારવા જેવી વાત છે. પોતે સફળ થયા તે ખોટું નથી. એની સફળતાની

ઈર્ષ્યા નથી કરવી. પણ એની સફળતા નકામી પુરવાર થઈ રહી હોય છે. સફળતાનો સાચો અને સારો ઉપયોગ કરે તે મહાન્ ગણાય છે. માત્ર સફળ થાય તે મહાન્ ગણાતો નથી. જે સફળતાની અસરમાં ઉડવા લાગતો ન હોય, તે જ મહાન બની શકે છે. સફળ થયા, સંપત્તિ મેળવી, પૈસાદાર થઈ ગયા, નામ અને દામ મેળવી લીધા. હવે શું ? માત્ર સફળતાને જ ચાહનાર માટે મેળવીને ખુશ થવાનું અને ગર્વ અનુભવવાનું કામ બાકી હોય છે. બીજું કોઈ કામ હોઈ શકે છે તેની કલ્પના પણ નથી આવતી.

ધનવાન્ આદમી પોતાનાં ધનને ખૂબ જ સંભાળીને અને સાચવીને વાપરે તો મશ્કરી થાય છે. ધનવાન્ આદમી પોતાનાં ધનનો એક માત્ર પોતીકા લાભ પૂરતો ઉપયોગ કરે તો તે કંજૂસ ગણાય છે. ધનવાન્ આદમી પોતાનાં સ્વજનો અને સંબંધીઓ સાથે મહેફિલો ગોઠવે અને એક વખતના પરિચિતોની ગરીબી પ્રત્યે ધ્યાન ન આપે, તેમને યાદ ન કરે, તેમને બોલાવે નહીં, સાચવી ન લે, તે લક્ષણ બતાવે છે કે સફળતાનો દુરુપયોગ થયો છે. પોતાની તાકાત હોય તો પણ હેરાન થતા અનેક દુઃખીઓને સહાય ન કરે તેનો મતલબ એ જ થાય કે સફળતાનો વપરાશ સ્વાર્થી રહ્યો છે. ઉદાર થવાની વાત સાંભળ્યા બાદ પણ વ્યવહાર પૂરતી ઉદારતા દાખવનારની સખાવતોમાં દંભ ડોકાતો હોય છે. ખોબે ખોબે આપવા છતાં, ખૂટે નહીં તેવી પરિસ્થિતિ હોવા છતાં, કટકે કટકે આપે અને જે આપ્યું તેનું પ્રદર્શન કરે તેવા દાનવીરો હાંસીપાત્ર બને છે.

ધાર્યા કરતા ઓછો ખરચ થાય તેવી ગોઠવણ કરવાની, એ પૂર્વે શક્તિ કરતાં તો સાવ જ ઓછું ધારવાનું, અને એ પહેલાં કરુણાનો ધોધ વહેતો થવાનો છે તેવી જાહેરાત કરવાની, આવો માણસ ધાર્યા કરતાં સહેજ પણ વધુ ખરચ થઈ જાય, ત્યારે ડઘાઈ જતો હોય છે. દાન આપવા છતાં એનો જીવ કપાઈ જતો હોય છે. મન વિનાનું દાન કરીને એ પાર વિનાનું વળતર મેળવવા ઈચ્છતો હોય છે. દાનમાં લગામ રાખવા મથે છે પણ રહેતી નથી. એ મનોમન સમજી લે છે કે ગડબડ થઈ. ગોટાળો થયો. બધો હવે વેડફાટ થવાનો. કશું ન બોલે તોય મન ખાટું થઈ જાય છે. બોલીને બંધાયા છીએ માટે આપવું પડશે, તેવી વિચારણા બાદ જે દાન થાય છે, તેમાં પૈસા છોડવાની ભાવના નથી જોવા મળતી. ત્યાં તો આ લેનારથી ક્યારે છૂટકારો થાય એ જ ભાવના જોવા મળે

છે. જે ખર્ચાયું તેટલું બધું ફરીથી કમાઈ લેવાની ચિંતાથી મન તંગ થઈ જાય છે અને કર્યું કરાવ્યું બધું ધૂળ થઈ જાય છે. આવા માણસોએ મહાપરાણે કરેલાં દાનથી લેનારાને કશુંક મેળવ્યાનો આનંદ થતો નથી. ઘણાખરા તો આવા દાનને લેવાનું ટાળે પણ છે.

અલબત્ત, આપણા દાતા તો આ રીતે પણ દાન આપીને પોતાનો જયજયકાર બોલાવે છે. પોતાની સંપત્તિનો નશો પોષવાનું મૂળ કામ આ રીતે પણ થઈ ગયું તેવી સમજથી તેઓ માની લીધેલી નુકસાનીની થોડી ઉપેક્ષા પણ કરવા લાગે છે. એકાદવાર મહાપરાણે થઈ ગયેલું દાન બીજી વખત તો નથી થતું, પણ એકવાર થયું તે પણ જાણે અજબનું કામ કર્યું હોય, તેવો ભાવ અંકાઈ જાય છે. દાન પણ કર્યું છે. કમાયા પણ છીએ. મેળવ્યું પણ છે અને આપ્યું પણ છે. બીજાની ચિંતા પણ કરી છે અને પોતાનું બરોબર ચલાવ્યું છે. બન્ને તબલાં પર આંગળીઓ થરકતી જાય છે. એક તબલું બોદું બોલે છે એની ચિંતા કરવાની રહેતી નથી. બીજા તબલાનો મોટો અવાજ સંતોષપ્રદ હોય છે. પૈસા ઘણા છે. પૈસા મારા છે. મળ્યા છે. મેળવ્યા છે. મેળવવાના છે અને ? મળવાના છે. પૈસાનો નશો અજીબ હોય છે. પૈસા મળે તેમ કૃપણતા પણ સલુકાઈથી દૃઢ થતી જાય છે. અમુક વખતે કૃપણતા વહાલી પણ લાગતી હોય છે.

વાહણે કુલનો ખોટો મદ કરવાની ના કહી તેના જવાબમાં સાગર કહે છે : આખા વિશ્વમાં મારાં રત્નો વખણાય છે. દુનિયાની દરિદ્રતા મારા રત્નો દ્વારા ખતમ થઈ શકે છે. મારા રત્નો જ તો શ્રીમંતાઈ અને રાજવૈભવ લાવી આપે છે. મને ન બોલવાનું કહેનાર તું કોણ ? તારી તો બોલવાની જ લાયકાત નથી.

વાહણ જવાબ આપે છે : તારી પાસે રત્નો છે તે સાચી વાત. રત્નો તેજસ્વી છે તેય સાચું. પણ તું રત્નોનું દાન કરતો જ નથી. રત્નોને તો અમે મેળવીએ છીએ. વૃક્ષો પર ઊગેલાં ફળોને પાડવા માટે હાથી બોલાવાય છે. હાથી સૂંઢથી આખાં વૃક્ષોને હચમચાવે છે. ટપોટપ ફળો નીચે પડે છે. વૃક્ષ આ હાલતમાં જાહેરાત કરે છે કે, મેં ફળોનું દાન કર્યું. હાથી જવાબ આપે છે કે, ભાઈ, ભલો થઈને આમ શેખી ન હાંક. આ તો મેં બધાં પાડ્યાં. તું તો એક-બે ફલો આપીને બાકીના ઉપર રહેવા દે છે. મારે તને એ જ વાત કરવી છે. તું

તો એક પણ રત્નની લહાણી કરતો નથી. આ તો અમે તારાં માથે ચડી આવીએ છીએ. મરજીવાઓ તારા પેટાળને વીંધીને રત્નો ખોળી કાઢે છે. અને અમે એ કિનારે લઈ જઈએ છીએ.

વાહણ વાતને આગળ ચલાવે છે : સાગર, તારું કામ વૃક્ષ જેવું છે. પરાણે દાન આપવું. અને કોઈ ફળો ઉપાડી જાય ત્યારે દાનવીરતાનો ડંકો વગાડવો. આ તો સરાસર જૂઠ છે. ધૂપસળીને સુગંધ આપવી નથી હોતી. એને સળગાવો, તો વિરોધ કરીને ખાખ થઈ જાય પછી જ એ સુગંધ આપે છે. હાથમાં ધૂપસળી લઈએ, સળગાવવા માટે, તો એ હાથમાં કાળા ડાઘા પાડી દે છે. કપડા પર કાળાં કણિયા પાડીને ધાબા પાડી દે છે. ન સળગવાની જક અક્કડ રહે છે. પણ એનું કાંઈ જ ચાલતું નથી. ધુમાડામાં એ ખતમ થઈ જાય છે, ત્યાર પછી જ સુગંધ મળે છે. તું આવું તો નથી કરતો ને, સાગર !'

સાગર જવાબ સરસ આપે છે : કબૂલ, વહાણ, કબૂલ હું કંજૂસ છું. પૂરતું આપતો નથી. હાથ છૂટ્ટો રાખવાનું જિગર નથી ચાલતું મારું. સાચી વાત છે. પણ તેમ છતાં મારી પાસેથી ઢગલાબંધ રત્નો ઉપાડી જવાયાં છે. પરાણે ગણવું હોય તો પરાણે, પણ રત્નો મારામાંથી ઉપાડી લેવાયા છે તે સાચું છે. અને હકીકત એ છે કે આટલાં બધાં રત્નો લઈ જવામાં આવ્યાં છે તો પણ મારો રત્નોનો ખજાનો સમૃદ્ધ અને વિરાટ છે. મારી ગંજાવર મિલકતની ઈર્ષ્યામાં ગળાડૂબ રહીને તું સાચી વાત જોવાનું ચૂકી રહ્યો છે. મારો અખૂટ રત્નભંડાર મારી મહત્તાની ગવાહી છે. તેની ઈર્ષ્યા શા માટે ?

•

૧૧

# ગુણદૃષ્ટિ અને દોષદૃષ્ટિ

**બી**જાના ગુણો જોવાનું કામ સરળ નથી. બીજાના દોષ જોવાનું કામ અઘરું નથી. ગુણનો પ્રેમ સારી વસ્તુ છે. દોષનો દ્વેષ સારી વસ્તુ છે. ગુણ અને દોષ બન્નેને યોગ્ય રીતે ઓળખવાના છે. ગુણ મેળવવાના અને દોષ ટાળવાના. ગુણનો ફેલાવો સારી વસ્તુ હોવાથી ગુણની પ્રશંસા કરવાની. દોષનો ફેલાવો ખરાબ વસ્તુ હોવાથી દોષને વખોડવાના. આમાં કશું જ ખોટું નથી. ગુણની ઊંચાઈ અને દોષની હીણપત નોંધવી જ જોઈએ. સમસ્યા એ છે કે, પોતાની ઊંચાઈ માટે ગુણની નોંધ લેવાય કે નહીં. સમસ્યા એ પણ છે કે બીજાની હીણપત પૂરવાર કરવા દોષની નોંધ લેવાય કે નહીં. જવાબ સાફ છે. પોતાની ઊંચાઈની ઇચ્છા દોષ છે. બીજાને ઉતારી પાડવાની વૃત્તિ દોષ છે. આ ઇચ્છાને અને આ વૃત્તિને કોઈ પણ રીતે પોષાય નહીં. આ તો ગુણનાં નામે અહં સંતોષવાની વાત થઈ જાય છે અને દોષનાં નામે અહં તોડવાની વાત થઈ જાય છે.

સાગરની કેફિયત ધારદાર છે : બીજાના ગુણો જોતાં ન

આવડે તો શીખવું જોઈએ. બીજાના દોષો જોવાની ટેવ પડી ગઈ હોય, તો તે સુધારવી જોઈએ. બીજાને સુધારવાનો ઉપદેશ આપનારને પોતાનેય સુધારવાનું હોય છે તે કેમ ભૂલાય ? સાચો ઉપદેશ જીવનમાં ઉતારવાનો હોય. દોષ માત્રનો વાંધો હોવો જોઈએ અને દરેક ગુણનો આદર હોવો જોઈએ. ફાવતા ગુણો પકડી લઈને બાકીના ગુણોમાંથી આપણી બાદબાકી ક્યારેય ન થાય. બીજાને દોષવાળો કહીને વખોડી કાઢવામાં આપણે પોતે સારા નથી દેખાતા. બીજાનું બોટવાની આદત હંમેશા નુકસાનકારી નીવડે છે.

સાગર કહે છે; તે વહાણને ઉદ્દેશીને. વહાણને જવાબ આપવામાં સાગરે અદ્ભુત વાત કરી નાંખી : દોષની વાત કરતી વખતે જો અંગત અદેખાઈ જ પોષાતી હોય તો આપણી પહેલી ફરજ એ છે કે, અદેખાઈ ટાળી દેવી. આ પછી જ દોષની તપાસ કરવાનો હક મળે છે. આ હક મેળવનારા સાચા આદમીઓ બહુ ઓછા હોય છે. વાહણ ! તું મારા દોષની વાત કરે છે. પણ પહેલાં તું અંગત અદેખાઈથી જાતને અળગી કરી જો. તને પોતાને જ લાગશે કે ‘મેં સાગરમાં દોષો જોયા તે કેટલું ખોટું થયું છે’ તું મારી ખબર લઈ લેવાના તાનમાં કેટલી બધી ભૂલો કરી બેઠો છે એ તને જેટલું મોડું સમજાશે, તેટલું તું વધુ હેરાન થવાનું. હું તને ઉતારી પાડવા માટે આ નથી બોલતો, હું તને સાચા રસ્તે દોરવા માંગું છું.

સાગરની વાત આગળ ચાલે છે : તું મને એમ જણાવીને ઉતારી પાડે છે કે, મારામાં ઉદારતા નથી. મારામાં માત્ર સંગ્રહશક્તિ જ છે. પણ સાગરને તું ક્યાં ઓળખે છે ? ઉદારતા હોય કે ન હોય તારા મિત્ર સાગરમાં, પણ એની અખૂટ મિલકતનો જોટો જડે તેમ નથી. મારી ગંજાવર સંપત્તિ તારાથી સહન ન થતી હોય તે સમજી શકું છું. બીજાની ઉન્નતિ જીરવવાની તાકાત જોઈએ આપણામાં. આપણામાં એવી તાકાત ન હોય તેથી જ ઉન્નતિની આગળ પાછળ ખોટા આરોપો ગોઠવવા પડે છે.

વાહણને જવાબ આપતા આવડે જ છે. એ કહે છે તે વાત એકદમ મજાની છે : આપણી સામે ખરી પરિસ્થિતિ રજૂ કરવામાં આવે તે માટે આપણે તૈયાર હોઈએ છીએ. પણ ખરી પરિસ્થિતિમાં આપણે તો સારા જ રહેવાનું છે. તેમ મનોમન નક્કી કરેલું હોય છે. પરિસ્થિતિમાં આપણી નબળાઈનો

ઉલ્લેખ થાય, આપણું ઉધારપાસું ઉઘાડું પડે તે માટે આપણે તૈયાર નથી હોતા. વર્તન ભલે આપણે ખરાબ કરીએ, પણ વાતો તો આપણા માટે સારી જ થવી જોઈએ. કામ ભલે ખરાબ હોય, નામ તો સારું જ રહેવું જોઈએ. આ સમીકરણના આધારે દરેક વાતોની મૂલવણી થતી હોય છે. કોઈ પ્રશંસા કરે ત્યારે આ સમીકરણ બીનજરૂરી રહે છે. પરંતુ કોઈ ચોખ્ખી વાતો કરી નાંખે ત્યારે આ સમીકરણ અજમાવવાનું મન થાય છે. બોલતાં સારું આવડતું હોય તો ન્યાયની અને નીતિની વાતો કરીને સાચી વાતને નિંદામાં ખતવી દેવું સરળ પડે છે. ગુણ જોવાની અને દોષ ન જોવાની વાતો તો માત્ર આપણા માટે થતી નિંદાના ખુલાસામાં રજૂ કરવાની હોય છે. સાચી વાત કહેનારને તે વળી ગુણ જોવાનું શીખવવું પડે ભલા ? અને આપણી નબળાઈને ટાળવા ઈચ્છનાર માટે દોષરહિતની વાતો કરવી શોભતી હશે ? સાચી વાત જીરવવાની પણ તાકાત જોઈએ.

વાહણ સાગરને કહે છે : આપણામાં એ તાકાત ન હોય તો મેળવવાનો પ્રયત્ન કરવાનો. આપણી અસહિષ્ણુતાને કારણે સાચી વાતને નિંદા ગણાવી દેવાથી કોઈ ફેર પડતો નથી. તું તારા ગુણો મને સમજાવે છે તે વધારે પડતું છે. તારા ગુણો જોઈને જ તો મને મન થાય છે કે, આટલો અમથો દોષ બધી બાજી બગાડી નાંખે છે તે સુધારી નાંખું. પણ તું તો દોષનો બચાવ કરીને ગુણોની તાકાત ખતમ કરી રહ્યો છે. તારામાં રત્નો ઢગલાબંધ છે તે તો ખબર છે હવે. પણ તારા રત્નો સાથે તારું વર્તન જરાય સારું નથી.

વાહણની વાત નીતિ તરફ વળે છે : સંપત્તિ મેળવવાની આવડત જુદી હોય છે. મળેલી સંપત્તિને સાચવવાની આવડત જુદી હોય છે. સાચવેલી સંપત્તિને વાપરવાની આવડત સાવ જુદી હોય છે. મેળવવાની આવડત મહત્ત્વની હોવા છતાં માત્ર તે એક જ આવડતથી કામ પૂરું થતું નથી. સંપત્તિ મળી ગઈ એટલે આપણો પ્રભાવ વધી ગયો. વાત સાચી. સંપત્તિ વધી ગઈ એટલે આપણો પ્રભાવ વધી ગયો. વાત સાચી. સંપત્તિ વધી તેમ પ્રભાવ વધે અને પ્રભાવ વધે તેમ સંપત્તિનો પ્રેમ ગાઢ બને. સંપત્તિ જોઈને ખુશ થતા રહેવાનો લહાવો બધાને નથી મળતો.

વાહણ કહે છે, સંપત્તિ મળ્યા બાદ તો કામ શરૂ થાય છે. સંપત્તિ મળે

પણ સાચવતા ન આવડે તો આપણી મૂર્ખામી સાબિત થઈ જાય છે. બીજી પણ એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. વહેવારું રહેવાને બદલે તહેવારું બનીને સંપત્તિને આડેધડ ફૂંકી મારનારો મહામૂરખ ઠરે છે. ત્રીજી વાત પણ છે : સંપત્તિ મળી, ગણતરી પૂર્વક સાચવી અને યોજના મુજબ વાપરી પણ જે સ્થાને એ સંપત્તિ વાપરી મતલબ કે આપી, ત્યાં એની ખરેખર જરૂર છે કે કેમ ? તેની તપાસ તો કરી જ નહીં. વાપરવાની એટલે વાપરવાની. વાપરી એવો સંતોષ થાય માટે વાપરી. અમુક મર્યાદા નક્કી કરીને ખરચ કરી લીધો. આપેલી સંપત્તિના વપરાશ બાબતની કાળજી લેવાનું ટાળ્યું. આમ બને તો પણ આપણી ઠેકડી ઉડે છે.

વાહણ સાગરને કહે છે : તારી પાસે ભલે ને ઢગલાબંધ રત્નો હોય, પણ તેની કાળજી લેતા તને નથી આવડી. પરિણામે છતે રત્ને તું વામણો બની રહ્યો છે. રત્નો તો મહામૂલા છે. લાખોની કિંમત બોલાય છે એમની. એનાં તેજ અદ્ભુત છે. પણ તેં આ રત્નોને ગંદા કાદવમાં ઢબૂરી દીધા છે. તારી બુદ્ધિનો પરચો આમાંથી મળે છે. તારી પાસે ગોળ ઘણો છે, પણ તું એને ખોળમાં દાટી દે છે. ભલાદમી, રત્નોને તો અલગ તારવીને રાખવાના હોય, એને બદલે તેં તો રત્નોની હાલત ખરાબ કરી નાંખી છે. જે રત્નો તારા સમગ્ર અસ્તિત્વને ઝળાહળા કરી દે એમ છે; તેને તે કાદવભરી બખોલોમાં દાટી દીધા છે. તારા પેટાળમાં મોટે ભાગે ખરાબ કચરો ભર્યો છે. એવો વિચિત્ર અને બેડોળ ઢગલો છે કચરાનો, કે ઢગલાની નીચે રત્નો હશે, તેમ માનવામાં પણ ન આવે. અને આ ગંદા ઢગલાની નીચે રત્નો છે એમ જાણવામાં આવે, ત્યારે તારી મૂર્ખામી પર હસવું જ આવે. કાં તો દયા આવે. તને બીજું બધું તો ઠીક પણ આ શ્રેષ્ઠ રત્નો પણ સાચવતા ન આવડ્યા. તું કહે છે કે, મારો ફેલાવો વિશાળ છે. તે હશે. પણ આ ફેલાવો બધી બાજુથી કચરાભર્યો છે. રત્નો થોડા ને ગંદકીના ઢગલેઢગલા. તારો વિરાટ હોવાનો દાવો સાચો હોવા છતાં નકામો પૂરવાર થાય છે.

વાહણની વાત સમજવા જેવી છે : સારી વાતોનો જાણકાર વિદ્વાન્ ગણાય. સારી કથાઓ કહી શકનાર કથાકાર કહેવાય. પણ ઘણી બધી વાતો જાણતો હોવા છતાં, સારી વાતો તો જરાક જ જાણતો હોય એવો માણસ

વિદ્વાન્ ન ગણાય. નકામી અને પામર કથાઓ ઠઠાડતો રહેનાર, એકાદી સારી કથાના જોરે કથાકાર થઈ જતો નથી. આ રીતે ઢગલાબંધ ગંદકીઓ વચ્ચે થોડાં થોડાં રત્નો રાખીને સાગર મહાન્ ન બની શકે.

વાહણ કહે છે : આ તો ઠીક છે, અમે છીએ તો આ રત્નોને કાદવના ભોંયરામાંથી સહીસલામત બહાર કાઢી લઈએ છીએ. તારાથી વિખૂટા પડેલાં રત્નોના ભાવ ઊંચકાય છે. એ રત્નો માટે ધનકુબેરો પડાપડી કરે છે. રાજમહેલોમાં એને સ્થાન મળે છે. રાજાઓ અને રાણીઓના અલંકારોમાં એ જડાઈ જાય છે. રાજાના વિરાટ ખજાનામાં આ રત્નોનું સ્થાન અદકેરું હોય છે. રત્નોને ખોળી કાઢવાની અમારી મહેનત તું જો પ્રમાણિકતાથી જોઈશ, તો તું જાતે જ કબૂલીશ કે, ગુણની દૃષ્ટિ જ ખરેખર અમારામાં (વાહણોમાં) છે. તારા ત્રાસદાયક ગંદા ઢગલાઓમાંથી અમે રત્નોને આબાદ ગોતી લઈએ છીએ, તે અમારી ગુણદૃષ્ટિ જ છે.

વાહણ સાગરને રોકડું પરખાવે છે : અમને દોષદૃષ્ટિ ન રાખવાનું કહેનારો તું પોતે જ દોષદૃષ્ટિ છે. તેં હમણાં કહેલું ને કે, દોષદૃષ્ટિ ધરાવનારા બીજાના ગુણોને ધરાર ઉવેખે છે. તું જ તે કામ કરે છે. તારામાં દોષદૃષ્ટિ છે માટે જ તું રત્નોનું તેજ જીરવી નથી શકતો. તારામાં દોષદૃષ્ટિ છે માટે જ તું રત્નોને ખૂણે ધકેલી દે છે. તારામાં દોષદૃષ્ટિ છે માટે જ તું મને પણ દોષદૃષ્ટિ કહી શકે છે. પોતાના ખરાબ કામ બધા ચાલુ રાખવાના અને એ તરફ કોઈ ધ્યાન પણ દોરે, તો તરત તેમને નિંદાખોર અને દોષદૃષ્ટિ કહી દેવાના, આ ભારે અન્યાયી વલણ છે.

વાહણ મુદ્દાસર આગળ વધે છે : ગુણદૃષ્ટિ હોય તે બીજામાં રહેલી યોગ્યતાને પારખી શકે, બીજાની શક્તિની કદર કરી શકે, બીજાનું વજન આંકી શકે અને સ્વીકારી શકે. બીજાની યોગ્યતાને વિકસાવવામાં ગુણદૃષ્ટિને રસ પડે છે. બીજાની શક્તિને ખીલવવામાં ગુણદૃષ્ટિ આનંદ અનુભવે છે. બીજાની પ્રગતિ જોઈને પેટમાં તેલ રેડાતું હોય, તેવાને ગુણદૃષ્ટિ કેમ કહેવાય ? બીજાને પાછળ રહેતો જોવામાં આનંદ આવતો હોય તેનેય ગુણદૃષ્ટિ કેમ કહેવાય ? આગળ વધી શકે એમ હોય, તેને પાછળ રહેવા દેવો અને આગળ વધી ગયેલાને માટે આડો અવળો પ્રચાર અને ઉચ્ચાર કરવો, તે ગુણદૃષ્ટિનાં લક્ષણ

નથી. સાચા સમીકરણોનો ખોટો ઉપયોગ કરીને સચ્ચાઈને નિંદામાં ખતવી દે, સાચી રજૂઆતને અદેખાઈમાં ખતવી દે, તે ગુણદૃષ્ટિ નથી. ગુણદૃષ્ટિ તો બીજાની વાતને સમજવા મથે, ન સમજાય તો મહેનત પણ કરે. પણ વાતને ઉતારી ન પાડે. સાચી વાતને તોડી પાડવાની અને ઉતારી પાડવાની વૃત્તિ દોષદૃષ્ટિ દ્વારા આવે છે. પોતાનો બચાવ કરવા માટે બધાને ધક્કે લેતા રહેવાની વૃત્તિ ભારે નુકસાન કરે છે.

વાહણની વાત ધીમે ધીમે સ્પષ્ટ બનતી જાય છે. બીજાની માટે ગુણદૃષ્ટિની વાતો કરીને પોતાની દોષદૃષ્ટિ જાળવી રાખવાની ચાલાકી અજમાવવા માટે ઘણી બધી ધૃષ્ટતા જોઈએ. સાચી વાતને ગૌણ કરવાની હોંશ જોઈએ, સાચા માણસની પવિત્ર લાગણી પર બેરહમ આક્ષેપો કરવાની હિંમત જોઈએ, પોતાનો કક્કો સાચો ઠેરવવા હીન કક્ષાની ચાલબાજી રમતા આવડવી જોઈએ, પોતાને વિરાટ ગણાવીને મારા જેવાને મામૂલી અને પામર કહેતાં આવડવું જોઈએ. ગુણદૃષ્ટિની વાતો પોતાના બચાવ માટે કરવાની અને બીજાને ઠેકાણે પાડવા માટે દોષદૃષ્ટિથી છેક રોષદૃષ્ટિ સુધી પહોંચી જવાનું. આ હળાહળ કપટ છે.

વાહણનો મુદ્દો સમજવા જેવો છે. સાગરે વાહણને ગુણો જોતા શીખવાનો ઉપદેશ આપેલો. વાહણ તે કબૂલે છે, ગુણો જોવાના તે કબૂલ. પણ મારા દોષોને મારા ગુણો સહ્ય બનાવી દે છે માટે મારે મારા દોષો દૂર કરવાની કશી જરૂર નથી એ વાત વિચિત્ર છે. દોષ આખરે દોષ છે. એનો પસ્તાવો જ હોય, બચાવ નહીં. આપણા દોષનો બીજા દુરુપયોગ કરે અને આપણને ખોટી રીતે દબાવે, ત્યારે પણ દોષ તો ખૂંચવો જ જોઈએ. એને બદલે સાચી રીતે, ખૂબ જ પ્રેમથી દોષ તરફ ધ્યાન દોરવામાં આવે ત્યારે પણ - આ મારી નબળાઈનો ગેરલાભ લે છે એમ કહીને, નબળાઈ ટાળવાની વાત બાજુ પર જ રાખી દેવામાં આવે અને સાચા માણસને, સારા માણસને ખોટી રીતે ઉતારી પાડવામાં આવે તે શું સૂચવે છે ?

સાગર વાહણની વાત સાંભળે છે. મનમાં જવાબ તૈયાર કરે છે, અને વહાણને ફરી વાત જરા અલગ રીતે ઉતારી પાડે છે : મોટી મોટી વાતો કરવાની ટેવ પરથી સાબિત થાય છે કે તને અભિમાન નડે છે. ગજા બહારનું

અભિમાન તને છાજે નહીં તેવી વાતો બોલવા પ્રેરે છે. તને મારાં રત્નોની વિશાળ સૃષ્ટિ માટેની ઈર્ષ્યા કનડે છે. ખેર, રત્નની વાત હું જવા દઉં છું. મારા વિરાટ જલરાશિ સાથે તો તારે વાંધો નથી ને ? મારા વ્યાપક જલભંડારના હિસાબે જ તારો મહિમા છે. મારું પાણી જ તારી તરણકળાને ઉપયોગી રાખે છે. મારામાં પાણી ન હોત, તો તારો ભાવ કોણ પૂછત ? બીજી પણ એક વાત મારામાં પાણી છે. તેના પ્રભાવે જ દુનિયામાં શીતલતા છે, લોકોના જીવન સુખપૂર્વક વહે છે. લોકોને બધી જ રીતે મારા પાણી ઉપકારી નીવડે છે. મારા પાણીનો મહિમા પણ મને ભગવાન્ બનાવે છે. આ વાત તો તનેય કબૂલ છે ને ?

•

## ૧૨

# વિશાળતાથી ઉત્તમતા અને ઉદારતા સુધી

**બી**જા આપણા ભરોસે રહેતા હોય ત્યારે આપણા મનમાં તેમના માટે શું વિચારો ચાલતા હોય છે, તે પણ વિચારવું જોઈએ. આપણો આશરો લેનારને આપણે કેવી રીતે મૂલવીએ છીએ તે જોવા જેવું છે. આપણી પાસે એવું કશુંક જરૂર છે જે બીજાને આકર્ષે છે. બીજાને અપેક્ષા બંધાય તેવી પ્રતિભા આપણી હોય જ, તો અપેક્ષા સંતોષવાની જવાબદારી આપણા ખભે આવે છે. ભરોસો મૂકવાનું મન થાય તેવું વ્યક્તિત્વ હોય, અને ભરોસો સાચવીએ નહીં તો બાજી બગડે છે. થોડી કસર રહેતી હોય છે. નાનો એવો અભાવ રહેતો હોય છે. એમાં આપણું મૂલ્યાંકન બદલાઈ જાય છે. આપણું એટલે આપણા માટેનું.

બીજાને આપણી પાસે અપેક્ષા રહે છે તે કોઈ ગરજ નથી. બીજાની અપેક્ષા તો આપણી ધરખમ યોગ્યતાનું બહુમાન છે. બીજાને આપણામાં જે દેખાયું તે કદાચ, આપણે ઉવેખતા રહ્યા હતા. અપેક્ષા રાખનારે આપણાં સામર્થ્યને વિશેષ રીતે જાગૃત પણ કર્યું હોય છે અને જાગૃત પણ રાખ્યું

હોય છે. તે તે અપેક્ષા સંતોષવાનું કામ આપણી પ્રતિભાને નીખાર આપે છે. આપણા અનુભવમાં નવો ઉમેરો આ રીતે જ તો થવાનો છે.

'બીજાને જરૂર છે માટે એ આપણી પાસે આવે છે. ન આવે તો એને ઓછપ રહેવાની. આપણને એના ન આવવાથી કશું ગુમાવવું પડતું નથી. આપણી સમૃદ્ધિ આપણને ભરપૂર રાખવાની જ છે.' આ વિચારણામાં સત્ત્વની હાજરી હશે, પણ એ સત્ત્વ બીજાને ઉતારી પાડવા સિવાય બીજા કોઈ કામ વપરાય છે ખરું ?

અપેક્ષાને ગરજ ગણી લેવામાંથી ઉપેક્ષા કરવાનું શરૂ થાય છે. આપણી પાસેથી, આપણી શક્તિ કે પ્રતિભા દ્વારા બીજી વ્યક્તિ કૃતકૃત્ય થવા માંગતી હોય ત્યારે એના હૃદયમાં ઉત્સાહ હોય છે. એના આદર્શોને ઉપેક્ષા દ્વારા ખતમ કરી નાંખવામાં સજ્જનતા નથી. આવી ઉપેક્ષા અસહ્ય હોય છે.

બીજાની પ્રતિભા ખીલવવાની હોય, આપણા ભરોસે ખીલવવાની હોય ત્યારે દિલમાં ઉમંગ છવાવો જોઈએ. આપણી યોગ્યતાની કક્ષા મુજબ આ આનંદમાં નવા અનુભવો ઉમેરાય તો કેટલાક અનુભવો સામાં પાત્રની કક્ષા મુજબ પણ મળે જ. અહીં ઉદારતા જરૂરી હોય છે, વરસાદ થઈને અનરાધાર વરસી જવાની ઉદારતા. અહીં પ્રામાણિકતા જરૂરી હોય છે, પૂરેપૂરા પ્રકટ થઈ જવાની અને જે હોય તે બધું જ પ્રકટ કરી દેવાની પ્રામાણિકતા. આપણા પરનો ભરોસો નિભાવી લેવો તે એક વાત છે અને ભરોસાને ભરપૂર બનાવી દેવો તે બીજી વાત છે. આપણા હાથ નીચે તૈયાર થનારને એટલી હદે ખીલવવો જોઈએ કે એ આપણાથી આગળ નીકળી જાય, એનો વિકાસ પણ પછી તો - એટલો બધો થાય કે આપણે જ કહીએ કે - હું તો માત્ર નિમિત્ત હતો. પછી તો એ કેટલોય આગળ વધ્યો !

વાહણ સમુદ્રને પ્રેરણાસૂત્રની સમજ આપતા કહે છે કે : તું રત્નોની વાતો પરથી પાણીની વાત પર સરકી જાય, તે ન ચાલે. તારી પોલ પૂરેપૂરી ખૂલે તે પહેલાં તું ફેરવી તોળે છે. તારાં રત્નોને તારે ખીલવવા જોઈતા હતા. તેમનામાં તેજ છે અને પ્રભાવ છે એ બધાં તારાં ખોળે હતા, તારા ભરોસે હતા. અને છે પણ. જે રત્ન અમે બહાર લઈ ગયાં તેની કિંમત કરોડોમાં અંકાઈ, જે તારા ખોળે રહ્યા તે કાદવ બરાબર રહ્યા છે. તારા આશ્રિતનું તેં ધ્યાન ન રાખ્યું.

અરે, આશ્રિતની તેં ઉપેક્ષા જ કરી. તેં કરેલી ઉપેક્ષા, અપમાનથી પણ બદતર હતી. અપમાનમાં સાફ સાફ ખ્યાલ આવી શકે. ઉપેક્ષામાં ઘણું બધું અદ્ધર રહી જાય છે. આવી હીનવૃત્તિનું ફળ તને અચૂક મળશે. લખી રાખજે.

વાહણ આવેગથી બોલે છે : તારાથી, બીજા આગળ વધે તે સહન ન થયું, બીજામાં તારાથી આગળ વધવાની શક્તિ છે તે પણ સહન ન થયું. બીજાને આગળ વધવા દેવામાં, હું પાછળ રહી જઈશ - તે તારી વૃત્તિ બીજા પાછળ રહે તે જ મારી તાકાત. બીજા નબળા રહે એ તારો ગર્વ. બીજામાં અધૂરપ રાખે તે જ તારું સત્ત્વ. તને અહં નામનો નશો ચડ્યો છે. બીજાની પ્રગતિથી આ નશો ઉતરી જાય એમ છે. એટલે તું, તારું જ્યાં જ્યાં ચાલે છે, ત્યાં ત્યાં બીજાની પ્રગતિને અટકાવી દે છે. પછી તો બીજાની પ્રગતિ તૂટતી જાય, અટકતી જાય એ જ તારી પ્રગતિ છે, એમ લાગતું જાય છે.'

વાહણનો જવાબ સાગરને સમજાય એમ નથી, એ તો વાહણને અભિમાની ગણી દે છે. એ જવાબ આપવાને બદલે અવળી વાત કરે છે ને કહે છે : તું અભિમાનમાં આવું બધું ફાવે તેમ બોલે છે. મારી પાસે જે કાંઈ પણ છે તે તમામ મારો મહિમા છે. તારાં જેવા મામૂલી તત્ત્વોની સાથે જીભાજોડી મને શોભતી નથી. તારી વાતો કેવી છે ? રત્નો મારાં નથી, રત્નોને મેં દબાવી રાખ્યાં, રત્નોને મેં હેરાન કર્યા ? ઠીક છે. મારાં નીર તો તારી સામે હિલોળા લે છે ને ! એ નીર વગર ન તો તું તરી શકે, ન તો દુનિયા ચાલી શકે. મારી વિરાટ જળરાશિની તોલે કોઈ ન આવી શકે. મારાં નીર તને તરવા દે છે. મારાં નીરથી દુનિયાનું જીવન ચાલે છે. મારાં નીરથી ઋતુઓનાં બંધારણ ઘડાયાં છે. મારાં નીરથી આરોગ્ય અને સંપત્તિ પણ સચવાયા છે. તારી માટે રત્નો કામનાં નથી એટલે તું રત્નોને કાદવમાં ડૂબેલાં કહી દે છે. પણ આ પાણી તો તારાં કામનું છે ને ! એને મેં તારતાં શીખવ્યું. એને મેં શાંત રહેતાં શીખવ્યું, એને મેં સંપીને રહેતાં શીખવ્યું. તો જ તારી યાત્રાઓ ચાલે છે. મારાં જળને જો મેં તૈયાર ન કર્યા હોત તો એ તને ક્યારનાય ડૂબાડી દેત.'

સાગરજી કમનસીબ જીવ છે. એના સમીકરણો એને ખોટો બનાવી દે છે. પણ એ સમજે તો ને ! એ તો જવાબ વાળવાના તાનમાં છે. વાચાળતાની આ જ તો તકલીફ છે. બોલતા આવડે એટલે જાતને સાચા પુરવાર કરવાનો

ધંધો શરૂ થઈ જાય છે. બોલતા આવડતું હોય, એ જ જાણે સાચા હોવાનો આધાર બને છે. આપણી ભૂલ બતાવનાર જે ભૂલ બતાવે છે તે પણ બોલીને જ બતાવે છે. ભૂલ તરફ ધ્યાન જાય તો સારી વાત છે, પણ બોલતા આવડે છે તેથી ભૂલ કાઢે છે, એવું લાગે તો જોખમ થઈ જાય. આમાં ભૂલ ગૌણ બની જાય છે અને બોલતા આવડવું, તે મહત્ત્વનું બની જાય છે. ભૂલ બતાવનારની રજૂઆતમાં નબળાઈ શોધવાનું થાય છે, તે આ જ મુદ્દે ! ભૂલ સાંભળતી વખતે જ છટકબારી અને ખુલાસા અને ચોખવટ અને જવાબો ઘડાતા જાય છે. કારણ કે પોતાની ભૂલ જોવાનું કામ ગૌણ બનેલું હોય છે. મુખ્ય કામ એક જ હોય છે : બોલનારની સામે એવી જ રીતે બોલવાનું. બોલી બતાવીએ એટલે આપણે સાચાં. બોલી બતાવીએ એટલે આપણે મજબૂત. બોલી બતાવીએ એટલે આપણે વિદ્વાન. જવાબ વાળવાના જબ્બર આવેશમાં સામા માણસના શબ્દો પર ટાંપીને નજર રાખવામાં આવે છે. એ શબ્દોની સામે શબ્દો ખડકવાની તૈયાર થવા લાગે છે. ખડકાઈ પણ જાય છે. પણ સાચા માણસના શબ્દો પાછળ ઘુઘવતો સંદર્ભોનો દરિયો નજર બહાર રહી જાય છે. પરિણામે, ફરી હાર ખમવી પડે છે. આમ છતાં શબ્દોની લડાઈનું ઝનૂન નથી જ ઓસરતું. સાગર ઝનૂનથી બોલે છે. ન બોલવાનું બોલે છે. આડું અને અવળું બોલે છે કેમ કે તે માત્ર બોલવા માંગે છે અને તે પણ એટલા માટે કે બોલવું તે જ એને મન જીત છે.

વાહણ પણ બોલે છે. એને પણ હારવામાં રસ નથી. છતાં એની નજર ઊંડી છે. એ સારા ઉદ્દેશથી બોલે છે. વાહણ બોલે છે કેમ કે તે સમજાવવા માંગે છે. અને સમજાવવાનું કામ આપણે કરતાં હોઈએ ત્યારે અમુક અંશે સામા માણસ પર આપણે વિશ્વાસ પણ મૂક્યો હોય છે. સામો માણસ સમજશે, એ આશાવાદ જ આપણને સમજાવવાની પ્રેરણા આપે છે. સામા માણસને જ સમજવું ન હોય ત્યારે આશાવાદની પરીક્ષા થઈ જાય છે. વાહણ આ પરીક્ષાના તબક્કામાં છે. અને પૂ. ઉપાધ્યાયજી મહારાજાનું પ્રિય વાહણ પરીક્ષામાં અચૂક સારું પરિણામ બતાવે છે.

વાહણ કહે છે : તારાં પાણી અમને તારે છે એ વાત જ ખોટી છે. અમને તો અમારું પુણ્ય તારે છે. અમારું પુણ્ય પરવારે તો અમે નાના તળાવમાંય ડૂબી

જઈએ. તારાં પાણીની વાત તું કરીશ જ નહીં. તારા પાણી તો તારાં માથે ભાર છે. કહેજે તો ખરો કે, તારું આ પાણી તને શું કામ લાગે છે ? પર્વત પર ઊગેલા વૃક્ષોનાં ફળો તો બીજા બધાં લઈ જાય છે પણ વૃક્ષો પોતે પર્વતને છાંયડો આપે છે. પર્વતોને એટલે જ વૃક્ષોનો બોજો નથી લાગતો. તારા પાણી તને શું આપે છે તે પહેલાં બોલ, પછી બીજી વાત કરજે. તને એ કાંઈ જ કામ નથી લાગતા. તારા પાણીથી તો પશુઓ અને પંખીઓ ડરે છે. ગમે તેટલી તરસ લાગી હોય પણ તારી પાસે ટીપું પણ એ લોકો નહીં લે. રે ! આવું પાણી શા કામનું ?

આપણી સંપત્તિ આપણને કામ ન લાગે તે આપણી કંજૂસાઈ છે અને આપણી સંપત્તિ બીજાને કામ ન લાગે તે ભારે કંજૂસાઈ છે. સાગરમાં રહેલાં રત્નો અને સાગરનું પાણી - બન્નેય આ રીતે સાગરની કંજૂસાઈ પૂરવાર કરે છે.

સંપત્તિની જેમ પ્રતિભા પણ મહત્ત્વની છે. પ્રતિભા હોય તે ઉત્તમ બાબત છે અને એ પ્રતિભા માત્ર સપનાં જોવામાં વેડફાઈ જાય તે કામ ન લાગે. પ્રતિભાનો નક્કર ઉપયોગ થવો જોઈએ. પ્રતિભા આપણામાં હોય તેમ બીજામાં પણ હોવી જોઈએ. તેવી ભાવનાથી સભર વિનિયોગ પણ પ્રતિભાનો શ્રેષ્ઠ વપરાશ છે. જે પ્રતિભા મામૂલી તકલીફો હેઠળ ગોંધાઈ જાય તે શા કામની ? અને જે પ્રતિભા બીજામાં ન અવતરે તે પણ શા કામની ? વાહણ ગજબ વાત કરી જાય છે. વાહણ કહે છે : તારા પેટાળમાં અલાયદી જીવસૃષ્ટિ જીવે છે. તેનું જીવન તારાં હિસાબે છે. તે કબૂલ. પણ તે તો બધા દરિયાઈ જીવો છે. એમને જીવાડવાથી તું આખી દુનિયાને જીવાડનાર ન કહેવાય. કામ ઓછું કરીને વધુ કામ કરવાનો યશ લેવાય જ નહીં. કામ ન કરીને યશ લેવાની તો વાત એથીય ખરાબ ગણાય. યશની અપેક્ષા વિના પ્રામાણિક રીતે કામ કરવું જોઈએ. યશ તો સહજ મળે છે. યશ તરફ ધ્યાન હોય તો ધીમે ધીમે જોખમમાં મૂકાઈ જાય તેવું ય બને. તારી યશની લાલસા તને મફતનો યશ ખાવા પ્રેરે છે. આ સારું નથી.

અને તારાં પાણીથી જ જો દુનિયા ચાલતી હોત તો, તારા ખલાસીઓ સાથે પાણી લઈને નીકળત જ શાના ? તને ખબર છે, જ્યારે ખેપ ધાર્યા કરતા લંબાઈ જાય છે ત્યારે ખલાસીઓ પાણી પીવા પર અંકુશ રાખે છે, કેમ કે પાણી

ખૂટી જાય તો ભરદરિયે મરવું પડે. સમજાય છે તને ? તારા અફાટ જળરાશિ વચ્ચેય ખલાસીઓ તરસ્યા રહીને મરી જાય. તારું પાણી એમની તરસ ન છીપવી શકે. બલ્કે, એમના શરીરને ખતમ કરી નાંખે. આવા ખારાવખ પાણીનો ગર્વ તને શોભતો નથી.

વાહણ કહે છે : મોટો ગંજ ખડકી દેવાથી મહાન્ ન થવાય. એ માટે ગુણવત્તા જોઈએ. થોડું મીઠું પાણી પણ ખલાસીઓને જીવન આપે છે. મીઠાં પાણીના ભરોસે જ તેઓ તારી ખેપ ખેડે છે. ટૂંકમાં : જે સંપત્તિ બીજાને કામ લાગે તે થોડી હોય તોય કામની, અને જે વસ્તુ કામની હોય તેનો ગર્વ શોભે પણ ખરો. કંજૂસ કરોડપતિના પૈસા ગાળો ખાય છે અને ઉદાર માણસનું નાનકડું દાન પ્રશંસા મેળવે છે. હજારોની સંખ્યામાં લાકડાઓ ભેગાં કરવા કરતાં, એક ચંદનનો ટુકડો રાખવો વધુ ઉત્તમ ગણાય છે. મૂરખ માણસના ટોળા વચ્ચે ઘણું રખડવા કરતાં, એકાકી જ્ઞાનીની સાથે થોડો સમય બેસવામાં જ આપણી શોભા છે. ઉદાર અને ઉત્તમ વ્યક્તિ પોતાને અને બીજાને કામ પણ લાગે છે અને સ્વ-પરને પ્રસન્ન પણ રાખે છે. કોરી વિરાટતા તો ભારે પડી જાય છે. અને એટલે જ તો... વાહણ ઉમેરે છે : તારો અવાજ કાયમ ભારે ભારે હોય છે. ના પાડવાની અને હા ન પાડવાની દાનતમાં તારો અવાજ ઘોઘરો થઈ ગયો છે. તારે હળવા ફૂલ થવું હોય તો દાન કરવાનું શીખી લે...

•

## ૧૩

# વાદળથી વરસાદ પડે...

સાગરની સામે વાહણ જે બોલે છે તેનું અર્થઘટન આમ પણ થઈ શકે : પોતાની પાસે રાખી મૂકેલી સંપત્તિ પોતાને અને બીજાને કામ લાગે તેમાં સંપત્તિની સાર્થકતા છે અને આવી સાર્થકતા હોય તો જ સંપત્તિનો ગર્વ શોભે. સાગરની સંપત્તિ નથી પોતાને કામ લાગતી, નથી બીજાને કામ લાગતી. એટલે એ સંપત્તિ સાર્થક નથી અને માટે જ એનો ગર્વ શોભતો નથી. વાહણ અહીં વૃક્ષનો દાખલો આપે છે. પર્વતો પર ઊગેલા વૃક્ષો પર્વતની સંપત્તિ છે. આ વૃક્ષો ફળો આપે છે તે બીજાને કામ લાગે છે અને છાંયડો આપે છે તે પર્વતને પોતાને કામ લાગે છે. આ તો એક અર્થઘટન થયું. આ જ દાખલો બીજી રીતે પણ વિચારી શકાય : પર્વત પર ઊગેલા વૃક્ષો પોતાનાં ફળો પોતાની પાસે જ રહેવા દે, બીજાને ન આપે તો તે વૃક્ષો ભારે વજનદાર થઈ જાય આથી પર્વત માટે તેમનો બોજો અસહ્ય બની જાય પછી શું થાય? પછી પર્વતની સહનશક્તિ પૂરી થઈ જાય. ત્યારે ધરતીકંપ થાય અને પર્વત વૃક્ષોને મૂળસોતા ઊખેડી નાંખે. વૃક્ષોને પોતાની સંપત્તિને

કારણે જ મરવું પડે. પોતાની સંપત્તિનો વિનિયોગ કરતા ન આવડે તેની બૂરી વલે થાય છે.

બીજી વાત એ છે કે આપણે જેનો વિનિયોગ કરીએ છીએ તે વસ્તુ બીજાને કામની છે કે નહીં તે પણ જરા વિચારવું પડે. એમ ને એમ દાનમાં બધું પધરાવાય નહીં. વૃક્ષોની જ વાત કરીએ. જો વૃક્ષો પર વિષફળ ઊગતા હોય તો તેને દાનેસરી બનવાનો હક નથી. એ દાનેસરી બને તોય એનું દાન સ્વીકારવા કોઈ તૈયાર હોતું નથી. જે ભૂલેચૂકે એનું દાન સ્વીકારી લે તેની જિંદગી પૂરી થઈ જાય છે. આવાં દાનને દાન ન કહેવાય.

આપણી પાસે દાન આપવા જેવી વસ્તુ ન હોય, તે ગરીબી જ છે. સાગરને આ વાત ભારોભાર લાગુ પડે છે. એ જલના દાન દ્વારા જીવનનાં દાનનું ગીત ગાય છે. જવાબમાં વાહણ કહે છે કે સાગરનાં જળ તો જીવનો ભોગ લઈ લે એવા છે. એના દાનનો ઉપયોગ શો ?

સાગર જવાબ વાળવા તૈયાર જ છે. એની ચાલાકી જોવા જેવી છે. એ જવાબનો આરંભ એક નાની એવી ખોટી વાત મૂકીને કરે છે અને પછીની રજૂઆતો લગભગ સાચી કરે છે. શરૂઆતની ખોટી વાત પકડાય નહીં તો પાછળની લાંબી રજૂઆત હેઠળ કદાચ, સાચી વાતનો અવાજ રૂંધાઈ પણ જાય.

સાગર કહે છે : મારા રત્નો નકામાં રહે છે, ઠીક છે. મારું જળ નકામું છે અને નકામું રહેવાનું છે, ઠીક છે. આટલું હોવા છતાં તું મારાં કિનારાઓ પર નજર દોડાવ. વિશ્વભરમાં પૂજાતી ગંગાજેવી નદીઓ મારા ખોળે ધસી આવે છે. મારા અને ગંગાના સંગમને જોવા, એના દર્શન કરવા ટોળાબંધ ભક્તો ધસી આવે છે. મારું સાયરદેવતા તરીકે તેઓ પૂજન કરે છે. તારી વાચાળતા દ્વારા તું મને ખોટો ઠેરવી દેશે. બોલવામાં હું હારી પણ જાઉં. પણ છતાંય મારી પૂજા બંધ થવાની નથી. મારી સચ્ચાઈનો પુરાવો મારી પૂજા છે. શબ્દબાજી તો ઠીક હવે. એક વાત સમજી લે. પૂજાપાત્ર બનેલી વ્યક્તિને નકામી કહી દેવાથી તે નકામી બની જતી નથી...

વાહણ તરત કહે છે. વાત સાચી, પણ નકામી બાબતને પૂજાપાત્ર કહી દેવાથી તે પૂજાપાત્ર બની જતી નથી. તું તારી જાતને પૂજાપાત્ર ગણાવે છે એ

વાત પણ હાસ્યાસ્પદ છે. આપણને કોઈ મહત્ત્વ આપે તેથી આપણે ફૂલાઈ જઈએ અને વધુ મહત્ત્વ મેળવવા માટે આપણે જાહેર કરીએ કે, મને મહત્ત્વ મળી રહ્યું છે... તે દૃશ્ય કઢંગું લાગે છે. આ તો આપણી યોગ્યતાની પરીક્ષા છે. આપણી પૂજા જીરવાતી ન હોય તો આપણે પૂજા લેવાને લાયક નથી તે નક્કી થાય છે. અને પૂજા માટેની યોગ્યતા એ જ તીર્થનો મુખ્ય મહિમા છે. આખી દુનિયા પડી છે, કેમ કોઈ બીજે કશે જતું નથી અને તીરથ પાસે જ આવે છે ? વાત સાફ છે. તીરથની યોગ્યતા છે પૂજાવાની. તારામાં એ જરાય નથી દેખાતી. તું જરા વિચારી જો. તીરથ કોને કહેવાય અને તીરથ કેવી રીતે થવાય તે. તીરથ પાસે જનારને પવિત્રતા સાંપડે છે. ગંગા તારી પાસે આવીને તો ખારીવખ થઈ જાય છે. આ જ છે ને તારા તીર્થપદનો મહિમા.

'તીરથ તો ઠીક પણ સજ્જન હોય તે પણ સંપર્કમાં આવનાર વ્યક્તિને હેઠે ન પાડે. સજ્જન સામા માણસના ગુણની કદર કરે અને તીરથ ગુણોનો ઉમેરો કરે. સજ્જન એટલે સારું જોનાર. તીરથ એટલે સારા બનાવનાર. સજ્જન ખરાબ બોલવાનું ટાળે. તીરથ ખરાબીને જ ટાળે. સાગર ! તું તીરથ તો નથી. પણ સજ્જન પણ નથી. તું તો ગંગાને ખોળે લઈને એના મહિમાને ખતમ કરી નાંખે છે. ગંગાનો મહામૂલો પ્રવાહ તારામાં સમાઈને કોડીનો થઈ જાય છે. સંપર્કમાં આવનારને બગાડવાનું કામ દુર્જન કરે છે.'

'દુર્જન બીજું એક કામ તો અચૂક કરે છે. દુર્જનનો સંપર્ક કરનાર હજી દુર્જન દ્વારા બગડ્યો ન હોય, માત્ર સંપર્કમાં જ આવ્યો હોય, આટલામાં જ દુર્જનનો પ્રભાવ શરૂ થઈ જાય છે. દુર્જન સાથે વાત કરતા માણસને જોતાવેંત જ બીજા બધાનાં મનમાં શંકાની શરૂઆત થઈ જાય છે. દુર્જનને મોઢું આપનાર સારો હોઈ શકે નહીં. દુર્જનને ઊભો રાખનાર અને દુર્જનની સાથે ઊભો રહેનાર સારો નથી ગણાતો. દુર્જનને દૂરથી સલામી કરવાની હોય. દુર્જનના સંપર્કમાં રહેનારને આવી બદનામી વેઠવી પડે છે. દુર્જન પણ ઘણા પ્રકારના હોય છે. કોઈ દાનતનો દુર્જન હોય તો કોઈ આંખોનો. આવા બીજા પણ પ્રકારો પડે. અને તેથી જ તેના સંપર્કમાં રહેનારને પણ અનેક રીતની બદનામી વેઠવાની આવે જ.

વાહણ દાખલો આપે છે :

કસ્તુરી કચરે ભરી, કચરા રૂપ કહાય.

કચરાના ઢગલાની સામે કોઈ જોતું જ નથી. પણ કદાચ, કચરા સામે કોઈ જુએ અને કચરા સાથે પડેલી કસ્તુરી જોવામાં આવે તો, પહેલાં તો એ કસ્તુરીની કચરામાં જ ખતવણી થવાની. કદાચ, એનો ઘટ્ટરંગ જુદો પડી જાય અને ઓળખ થઈ જાય તો પણ એની ચારે બાજુ ફેલાયેલા કચરાને કારણે એને લેવાનું મન ન થાય. એ કસ્તુરી હોવા છતાં કામની ન રહે. દુર્જનનો પરિચય આ કામ કરે છે. દુર્જનનો પરિચય કરનારની દુર્જનમાં ખતવણી થઈ જાય છે અને સજ્જન તરીકે છાપ ટકી રહે તો'ય તે ભૂંસાવાની અણી પર હોય છે. મૂળ વાત એટલી જઃ જેનો પરિચય કરનાર બગડે છે અને બદનામ થાય છે તે દુર્જન છે.

વાહણ સાગરને કહે છે કે 'તારી જાતને તીરથમાં ખતવવાની વાત બાજુ પર રાખ. હમણાં તું તારી પોતાની સજ્જનતાની ખાતરી આપ. તીરથ થવા માટે તો વળી મોટું કામ કરવું પડશે. તીરથ કેવું સરસ કામ કરે છે ? એ ગરમીને શમાવે છે, એ તરસને ટાળે છે અને મલીનતાને દૂર કરે છે. તારા અને ગંગાના સંપર્કની વાત બાજુ પર રાખીએ, પણ તારા દર્શનાર્થીને તું આપે છે શું ? તેમની ગરમી શું શમાવે છે ? સવાલ જ નથી. તારા ખારાં પાણી તો ચામડીને દઝાડે છે અને વાળને બગાડી નાંખે છે. તું તરસ શમાવે છે ? સવાલ જ નથી. તું તો તરસ વધારે છે અને મોતનો તરફડાટ આપે છે. તું મલીનતા હરે છે ? એમાંય સવાલ નથી રહેતો. તારામાં નાહવા પડનારા બહાર આવ્યા બાદ ફરીવાર સ્વચ્છ પાણીથી નહાઈ લે છે. હવે આમાં તું તીરથ બને તેવું જણાતું જ નથી. ઉપરાંત, તીરથ તે કહેવાય જે સામે કાંઠે લઈ જાય. તીરથ તે ગણાય જે તારે. તું કોઈને તારે છે ? અરે ! તું તો અમારા જેવા તારણહારોને ડૂબાડવાનો લાગ ગોતતો હોય છે, તું તીરથ બને એ શક્ય જ નથી.

તીરથ બનવાની યોગ્યતા હકીકતમાં તો મારી છે. દુનિયાને સંસારથી તારનાર સાધુઓ, દર્શન કરવા આવનારને પાવન બનાવનારા સાધુઓ, જરૂર પડે ત્યારે મારી પાસે આવે છે. અને હું તેમને તારું છું, સામે કાંઠે પહોંચાડું છું ?

વાહણ વાત પૂરી કરે છે : હવે વાત રહી લોકોની. લોકો તને પૂજે છે

શાને ? લોકો કશુંક જોઈને જ પૂજતા હશે ને ! વાત સાચી છે. પણ લોકો પૂજે છે તે જોવાને બદલે લોકો પૂજા જે કારણે કરે છે તે કારણ જ જોવું જોઈએ. લોકો તારાથી ડરે છે. અને ડરને કારણે તને સાચવવા માટે પૂજે છે. એમ તો કુંભાર પણ ગધેડાને બાપ ગણીને સાચવતો હોય છે. પણ એટલા માત્રથી કુંભારનો બાપ બનવાની યોગ્યતા એનામાં આવી જતી નથી. એ તો ગરજ છે માટે બાપની જેમ પૂજવો પડે. બાકી તો સામું પણ ન જુએ.

સાગર વાત ઉપાડી લે છે : ગરજ છે એ જ તો વાત છે. ગરજ પડે છે તે મારી તાકાત બતાવ છે. શા માટે તારી ગરજ નહીં અને મારી જ ગરજ પડે છે. ભલાદમી, હું સામર્થ્ય ધરાવું છું. અને મારા એ સામર્થ્યમાં વિશ્વાસ મૂકનાર વિશ્વાસ મૂકે છે તેમાં ગરજે ગધેડાને બાપ કહેવાની ફાલતુ વાત વચ્ચે આવતી જ નથી. મારું સામર્થ્ય તને સમજાવું. મારું પાણી ખારું છે તેથી પીવા કામ નથી લાગતું તે વાત સાચી છે પણ તેટલા માત્રથી મારું પાણી નકામું નથી થઈ જતું. મારા જળની વરાળને લઈને આકાશમાં વાદળા બંધાય છે અને વરસાદ પડે છે. મારા પાણી ન હોત તો વરાળ બંધાત નહીં. વરાળ બંધાત નહીં તો વરસાદ પડત નહીં. વરસાદ પડત નહીં તો દુનિયાભરમાં હરિયાળી ન ઊગત. એ ન ઊગત તો લોકોને શીતલતા ન મળત એ શીતલતા ન મળત એટલે લોકો ગરમીના માર્યા ખતમ થઈ જાત. આ હિંસક પરંપરા ન સર્જાઈ, તેનું કારણ મારાં પાણી છે. મારાં પાણીમાંથી વાદળ બંધાય છે. વાદળમાંથી વરસાદ પડે છે. વરસાદ હરિયાળી સર્જે છે. હરિયાળી શીતલતા પસરાવે છે. અને એ શીતલતા લોકોને જીવવાનો આહ્‌લાદ આપે છે. માટે લોકો પૂજા કરે છે.

સાગર માર્મિક વાત કરે છે : વાહણ, તું જે લાકડા દ્વારા નિર્માણ પામ્યું છે તે લાકડાં વૃક્ષોમાંથી મળે છે. અને એ વૃક્ષોનું નિર્માણ વરસાદનાં પાણી કરે છે. મારાં પાણીમાંથી સર્જાયેલા વાદળાઓ તારા જન્મદાતા છે. મતલબ કે તું મારી પરંપરા દ્વારા જન્મ પામ્યું છે. તું મારું વંશ વારસ છે. આ કારણે જ મારાં ખોળે તને હું તરવા દઉં છું. તું તો છોરું છે. તું કછોરું થઈને મારી સામે એલફેલ બોલે તોય મારાથી ગુસ્સો કરાય નહીં. એમ કરું તો મારા માવતર તરીકેના પદને લાંછન લાગે. તું ભલે કછોરું થયું, પણ મારાથી કમાવતર ન જ થવાય.

'તું મને સજ્જનમાં પણ ગણતો નથી ભલે. પણ મારાથી સજ્જનતા ન

છોડાય. તારો અને મારો સંબંધ દૂરનો છે. પણ સંબંધ આખરે સંબંધ છે. એ સંબંધને છેહ દેવાની હોંશ મને નથી. તું કડવી વાણી ભલે બોલે. મારાથી એ સહેવાતી નથી. પણ શું કરું ? મારાથી તને કશું ન કરાય. આટલી લાગણીથી જ તને મારા ખોળે તરવા દઉં છું. હું કમાવતર થાઉં તો તારે ડૂબવું જ પડે. દુનિયાની કોઈ તાકાત તને બચાવી ન શકે. પણ હું કમાવતર બનવા તૈયાર નથી. તું તારે બોલ, જે બોલવું હોય તે.'

સાગર અટકે છે. સાગરની વાત સમજવા જેવી છે. વાતની શૈલી જોવા જેવી છે એ વહાણને એમ કહે છે કે તું મારો વારસ છે માટે તને છોડી દઉં છું. તેમાં ગર્ભિત ધમકી છે. વાહણને મનોમન તોડી પાડવાની પણ પદ્ધતિ છે. સામા માણસને આપણે આપણા ઉપકાર હેઠળ દબાવી દઈએ, કે પછી સામો માણસ આપણા ઉપકાર હેઠળ દબાયેલો છે તેમ એને મોઢામોઢ કહી દઈએ તેથી તે આપણા પ્રભાવ નીચે આવી જાય છે. આપણે એના પર છવાઈ જઈએ છીએ. કંઈ નહીં તો છેવટે લઘુતાગ્રંથિથી બંધાઈ જાય છે. પછી તેના વિચારો એક પ્રવાહમાં અટવાઈ પડે છે. એને મૂંઝવવો સરળ પડે. એને દબાવવો સરળ પડે. એક તો ધમકી આપવી અને ઉપરથી સામા માણસનું મનોબળ તોડવાની કારવાહી કરવી એ ઝનૂની પ્રયાસ દેખાય છે પણ વહાણના જ્ઞાનતંતુ પોલાદના બનેલાં છે. તે જરાય ગૂંચવાયા વિના વાતનો જવાબ આપે છે.

તે કહે છે : અરે ભાઈ, તારાં પાણીથી વાદળ સર્જાય છે તે વાત ખોટી છે. તારાં પાણી તો વાદળો જાતે ખેંચી કાઢે છે. તું લાખ મથે પણ તારા પાણી લેતા એને તું રોકી નથી શકતો. વાદળને પાણી લેવાની સત્તા આપનાર ઈન્દ્ર છે. ઈન્દ્રની આજ્ઞાથી એ તારી પર આક્રમણ કરે છે. અને તારાં પાણી વાદળ પાસે પહોંચી જાય છે. આમાં તું દાન આપે છે તેવું કહેવાય જ નહીં.

પૈસાદાર કંજૂસના ઘરે રાજસત્તાથી સૈનિકો ધન લેવા જાય ત્યારે કંજૂસના કાલાવાલા કામ લાગતા નથી. કંજૂસને પૈસા આપવા જ પડે છે. કંજૂસ પરાણે પૈસા આપે અને પછી જાહેર કરે કે મેં રાજાને દાન આપ્યું છે. તો એમાં કંજૂસની મશ્કરી જ થાય. પરાણે આપવું પડ્યું તેની મશ્કરી અને પરાણે આપેલું તેને દાન ગણાવે છે એની મશ્કરી. સાગરની હાલત અદ્દલ આ કંજૂસ જેવી થાય છે. એનાં પાણી લઈ લેવામાં આવે છે વાદળો દ્વારા, તે અને એ પરાણે ગયેલાં

પાણીની ખતવણી તે દાનધર્મમાં કરે છે તે મશ્કરી કરાવનાર બાબતો છે.

વાહણ કહે છે : જો વાદળો તારાં પાણીમાંથી બંધાયા હોય તો તારે એમને વહાલ કરવું જોઈએ. એને બદલે તો તું વરસાદ વરસાવતા વાદળોને જોઈને રઘવાયો બની જાય છે. તું વરસાદ પડતો જોઈને ફાટી પડે છે. કેમ કે તને ડર લાગે છે કે આ વાદળા ફરીવાર મારાં જળનું અપહરણ કરી જશે તો ?

હવે વાત રહી પાણીમાંથી વાદળા બંધાય છે તેની. એ વાત પણ વાહણ સરસ સમજાવે છે : જો સાગરના પાણીથી જ વાદળા બંધાતાં હોય તો એ વાદળામાંથી વરસતાં પાણી ખારા હોત. એ જ્યાં વરસત ત્યાં કાળો કેર વર્તાવત, પણ વાદળનાં પાણી મીઠડા હોય છે. મધુરતા નામની વિશેષતા પાણીમાં આવે છે તે વાદળનો પ્રતાપ છે. વાદળનો જાદુ તારા ખારા પાણીને અમૃત બનાવી દે છે. પછી જ પાણી વરસે છે અને હરિયાળી સર્જે છે અને શીતલતા ફેલાવે છે અને લોકોને જીવનચેતના આપે છે. મતલબ કે જીવનશક્તિ આપવાનું કામ વાદળ કરે છે. વાદળ ખારાશને ખતમ કરે છે અને મધુરતાનો ઉમેરો કરે છે ત્યારે જ પાણીમાંથી અમૃત વરસે છે. તારું પાણી છે માટે એ મીઠું બને છે એ વાત ખોટી. એ પાણી તારું છે માટે એને મીઠું બનાવવું જરૂરી બને છે તે મુદ્દાની વાત છે અને વાદળ જળને મીઠું બનાવવાનું જરૂરી કામ કરે છે. તેમાં તારો કશો ફાળો નથી.

ગાય ઘાસને ખાય છે અને બદલામાં દૂધ આપે છે એનો અર્થ એ નથી કે ઘાસમાં દૂધ આપવાની તાકાત છે.

•

## ૧૪

# સંબંધ ગુણનો એક સાચો

સાગરની વાત માત્ર અર્થહીન નથી પણ હીનઅર્થ વાળી પણ છે. હું મહાન્ છું એમ તે બોલે તે અર્થહીન કહેવાય અને બીજામાં દેખાતી મહાનતા કે મહત્તા મારા ઉપકારથી જ શક્ય બની છે, મારો ઉપકાર હોય નહીં તો એ મહત્તા પણ હોય નહીં - એ તો હીન અર્થ થયો. હું મોટો છું તે અર્થહીન વાત છે અને બીજા બધા નાના (હકીકતમાં, નકામા) છે તે હીનઅર્થ વાત છે. બન્ને ખરાબ છે. પણ પહેલી વધારે ખરાબ છે, તે એટલા માટે કે એ પહેલી વાત જ બીજી વાતને ખેંચી લાવે છે.

સાગર પોતાની મોટાઈને સાબૂત રાખવા બીજાને નીચા દાખવે છે. આ અસહ્ય બાબત છે. બીજા નબળા કે નાના હોય તો તે તેમની મુશ્કેલી છે. એનો ગેરલાભ લેવાની વૃત્તિ આપણને અધમ બનાવી દે છે. સાગર આ સમજતો નથી, વરસાદ લાવનારા વાદળોને પાણી આપનાર સાગર છે એમ કહીને તે વરસાદી વાદળોને પોતાના ઉપકારતળે દબાવવા માંગે છે. વાદળમાં તો કાંઈ હતું જ નહીં આ તો

સાગરની કૃપા થઈ કે એમને પાણી મળ્યાં અને વરસાદ પડ્યો. વાહણને આ કબૂલ નથી. એ ગળું ખોંખારીને કહે છે કે - પાણીને વરસાદલાયક બનાવવાની અદ્ભુત તાકાત વાદળોમાં છે એ તાકાત વાદળોમાં ન હોત તો સાગરમાં અને નદીમાં ફરક જ ન હોત. નદીમાં મીઠાશ છે તે વાદળનાં પાણીની, અને સાગરમાં મીઠાશ નથી તે સાગરની ખારાશથી.

સાગર વાતને ખોટી રીતે વાળે છે : ગમે તેમ, પાણી આખરે પાણી છે પછી તે સાગરનું હોય કે વાદળનું. મૂળ મહિમા પ્રવાહી પાણીનો છે. મીઠાશ અને એવું બધું તો સમજ્યા હવે. દેખીતી રીતે જ પાણી પાણી વચ્ચે કોઈ ફરક નથી. પાણી છે તો ખારાશની અને મીઠાશની વાતો થાય છે. પાણી જ ન હોય તો ખારાશ પણ શું નડવાની અને મીઠાશને પણ શું કરવાની ?

વાહણ કહે છે : પાણી જોવા માટેની વસ્તુ હોય તો તો પ્રશ્ન જ ક્યાં રહે છે ? બધું સરખું જ છે. પણ પાણી તો પીવા માટે છે અને પીવાની યોગ્યતા જેનામાં હોય તે જ પાણી પાણી ગણાય. જેનામાં એ યોગ્યતા ન હોય તે પાણી ઝેર બરાબર ગણાય છે. દેખાવ પરથી બધાને સરખા ગણાય નહીં. એમ સૌને સરખા ગણવા લાગીએ તો બધા વૃક્ષો પણ દેખાવમાં સરખા છે. પછી એરંડાનું ઝાડ હોય કે કલ્પવૃક્ષ હોય બન્ને સરખા ગણાય, બેમાં ફેર શો રહે ? મામૂલી કાચનો ટુકડો અને ચિંતામણિ એ બન્ને પણ દેખાય છે તો સરખા જ. તો પછી બન્નેમાં ફરક શાના આધારે પાડવાનો ?

વાત એમ છે કે દેખીતી સમાનતાને કારણે ગુણવત્તા નક્કી કરી શકાય નહીં. બે માણસના ચહેરા સરખા હોય એટલા માત્રથી સ્વભાવ સરખા બની જતા નથી. બે માણસના અક્ષરો સરખા હોય એટલા માત્રથી બન્નેના વિચારો સરખા બની જતા નથી. એકાદ સમાનતાને આગળ ધરી બીજી અસમાનતા કે વિષમતાને ઢાંકી ન શકાય. તારું પાણી દેખાવમાં ભલે નદીનાં કે વરસાદનાં પાણી જેવું દેખાય, પણ એટલા માત્રથી તે મધુર બની જતું નથી. તારું પાણી ઝેર જેવું છે. તે અપલક્ષણને ઢાંકવા તું બાહરી દેખાવ પર ઝૂકી પડે છે તે યોગ્ય નથી.

વાહણની વાત સરસ છે. પ્રશંસા કરનારા લોકો પણ બીજાની પ્રશંસા કરવા દ્વારા પોતાની લઘુતા ન થઈ જાય તેનું ધ્યાન રાખતા હોય છે. જ્યારે

બીજાની લઘુતા બતાવનારા લોકો તો પોતાની પ્રશંસા થવી જોઈએ એ વિશે જાગૃત રહે છે. સાગરને ગમે તે ભોગે પોતાની પ્રશંસા જોઈએ છે. બીજા પ્રશંસા મેળવી લે તો એ પ્રશંસામાં, એમની પ્રશંસા થઈ તેમાં પોતાનો ઉપકાર કામ કરે છે તેમ કહીનેય જશનો લાભ મેળવવા અમુક લોકો તલપાપડ રહે છે. સાગર આવો જ છે. અને આવી જશની ભૂખ સામા માણસનું અપમાન કરવામાં કોઈ સંકોચ રાખતી નથી. સાગરે, વાહણનું સાફ શબ્દોમાં અપમાન કરી નાંખ્યું હતું. વાહણ જવાબ આપીને સાટું વાળી દે છે.

એ કહે છે : મારા પૂર્વજ તો કલ્પવૃક્ષો છે જેમનો મહિમા અનાદિ કાળથી છે અને અનંતકાળે સુધી રહેવાનો છે : એમની વંશપરંપરા અને મારા જનમદાતા વૃક્ષોનો ઉછેર કરનારા વાદળો છે. તું તો નથી જ. તું ઉછેર કરવા પાણી મોકલતો હોત તો આખા વૃક્ષપરિવારનો અકાળે અંત આવી ગયો હોત. વળી, તું એમ માનતો હોય કે ‘વહાણોને હું તરાવું છું, તારું છું, એ મારો ઉપકાર છે’ તો તે તારી ભૂલ છે. તને ખબર નહીં હોય પણ, તારે ખબર મેળવી લેવી જોઈએ કે, ગામડામાં ગાડા પ્રવાસે નીકળે ત્યારે ગાડાના બે પૈડાની વચ્ચે અને ગાડાની બરોબર નીચે ઝૂલામાં કૂતરું ગોઠવાઈ જ જાય છે. એ કૂતરું એમ વિચારતું હોય છે : હું આ સ્થાન શોભાવવાની જવાબદારી અદા કરું છું માટે ગાડું ચાલે છે. હું જો બેજવાબદાર રહું તો ગાડું ચાલે નહીં. આ કૂતરાંની મનોવૃત્તિ અદ્દલ તારા જેવી છે. તું પણ ફાંકો રાખે છે કે અમે વાહણને તારીએ છીએ. પેલું ગાડું જેમ બળદના પ્રતાપે ચાલે છે તેમ અમેય અમારાં પુણ્યના પ્રતાપે તરીએ છીએ. તારે એમાં ફૂલાઈને ફાળકો થવાની કાંઈ જરૂર નથી. તારવાની જ હોંશ હોય તો તું એકાદ મોટા પથ્થરને કે પર્વતશિલાને તારતો રહેને ! એકાદને તો તારી બાતવ ! તારી તાકાતને શા માટે એક જ વિષય પર મર્યાદિત રાખે છે. તું જો પથ્થરોને તારી બતાવે તો તારી તારવાની તાકાત સામે મારુ સર્વસ્વ કુરબાન કરવા તૈયાર છું.’

પહેલી વાત તો એ છે કે ગુણવાન્ દેખાવાનો નહીં, પણ ગુણવાન્ બનવાનો આગ્રહ રાખવો જોઈએ. બીજી વાત ગુણવાન્ બન્યા પછી ગુણનો ગર્વ પણ ન રખાય. ધનનો ગર્વ ખોટો, તેમ ગુણનો ગર્વ પણ ખોટો. ગુણ આવે અને ગર્વને સાથે લેતા આવે, તો તે ગુણો ઘમંડના પ્રેરક બની જાય છે.

ગુણવત્તા સાચી તે જ ગણાય છે, જે ગર્વના ડાઘ વિનાની હોય. ગર્વ ગળે તો જ ગુણો કામના. ગર્વ ગળે નહીં અને વધતો જ રહે, તો બધું જ ધૂળ અને ધાણી.

સાગર તરત ગર્જના કરે છે : મને ગુણવાન્ બનવાની શીખ આપનારો મૂરખ આદમી દુનિયામાં તું પહેલો પાક્યો છે. મારામાં ગુણો છે, માટે જ તો મારી પૂજા થાય છે. લોકો મૂરખ હશે એટલે મારી પૂજા કરતા હશે, એમ ? ગુણો મેળવવાનો ઉપદેશ આપવાને બદલે તું ગુણો જોવાની દૃષ્ટિ મેળવે તોય ઘણું છે. ગુણને કારણે માણસ કીર્તિ પામે, યશ મેળવે. કીર્તિનો અને યશનો રંગ ઉજળો છે - સફેદ છે. અને જેઓ કીર્તિમાન્ કે યશસ્વી બન્યા હોય તેમની પ્રસિદ્ધિને ચન્દ્રના અજવાળા સાથે સરખાવાય છે. મજાની વાત એ છે કે, દુનિયાભરની કીર્તિ સાથે ઉપમાના નાતે જોડાતો ચન્દ્રમા મારો પુત્ર છે. એટલે મારી કીર્તિ અને મારો જશ આ ચન્દ્રમા દ્વારા ફેલાતો જ જાય છે. મારા પોતાના ગુણો ન ગાઉં અને મારા પોતાના પુત્રના ગુણો ગાઉં તોય મારી મહત્તા મોટી છે. મારો પુત્ર ચન્દ્ર પોતાની કૌમુદીથી યૌવનાઓના ગર્વને દૂર કરીને પ્રેમીજનોને સહાય કરે છે. યોગીજનો પર શીતલતા પાથરીને ધ્યાનની ધારા સ્થિર કરે છે. આખી દુનિયાનો સંહાર કરવા સમર્થ ગણાય તેવા ભોળાનાથ શંકરની પાસે જવાની કોઈ હિંમત નથી કરતું, પણ મારો પુત્ર ચન્દ્ર એ શંકરની જટામાં સ્થાન લઈ બેઠો છે. શંકરે પોતાના આભૂષણ તરીકે એને સ્વીકાર્યો છે.

સાગર કવિતાની ભાષા અપનાવે છે : સરોવરોની શોભા નિર્મળ પાણીથી અને કમળોથી વધતી હોય છે. મારો પુત્ર અમૃતનું સરોવર છે. એની દૂધ જેવી ધવલતાથી આકર્ષાઈને દેવો ટોળાબંધ સ્નાન કરવા આવી પહોંચે છે. તું પૂછીશ. આમાં કમળો ક્યાં છે ? જવાબ તૈયાર છે. દૂરદૂરથી ચન્દ્ર પર જે ડાઘા દેખાય છે તે હકીકતમાં ચન્દ્રરૂપ સરોવરમાં ઊગેલા નીલકમલો છે. દોષદેખા લોકો એને ડાઘ કહે છે. હકીકતમાં તો સરોવરનાં પાણીને સુગંધી કરવાનું કામ કરનારા નીકલમલોની પ્રશંસા કરવી જોઈએ, પરંતુ તારાં (વાહણ) જેવા વાંકદેખાઓ આ માનવાના નથી. ખેર, આ ચન્દ્રરૂપ સરોવરમાં સાક્ષાત્ કામદેવ સ્નાન કરવા આવે છે, સાથે રતિદેવીને પણ લાવે

છે. એમની જલક્રીડાને કારણે ચોમેર પાણી ઉછળે છે. પાણીના છાંટા આકાશ પર બાઝી જાય છે અને એ છાંટાઓ પછી તારા તરીકે ઓળખાય છે. મારા મહાન્ પુત્ર ચન્દ્રમાની વિશેષતા તું જોઈ શકે તો તેના જનમદાતા તરીકે મારી પ્રશંસા તું કરવાનો જ. પછી તને મારા દોષો જોવાનું કે મારી નિંદા કરવાનું મન નહીં થાય.

વાહણ પાસે જવાબ તૈયાર જ છે. સાગરની વાત સાગરના ગળે જ તે ભેરવે છે : તારા પુત્રની ઋદ્ધિ જ તો તારી હાંસી કરાવે છે. તારો પુત્ર તને છોડીને છેક આકાશ પર પહોંચી ગયો છે. તારી સાથે રહેતા ગભરાય છે. તારો પુત્ર ઉપવાસી છે, સદાચારી છે. તું પાપી છે. કારણ ? તેં તારી પુત્રી લક્ષ્મીને કાયમ ઘરભેગી રાખી છે. પુત્રીને ગૃહવિદાય આપવાની પવિત્ર પરંપરાનો તેં ભંગ કર્યો છે. આમ કરતા તું –

*નવિ લોકથી લાજે રે. અભિમાને ભાજે રે.*
*વળી પાપ કરીને ગાજે રે, પાપીઓ રે.*

તારી આવી અધમતાથી મૂંઝાયેલો ચન્દ્ર તને છોડીને ભાગી છૂટ્યો. એણે આકાશમાં રહેવાનું પસંદ કર્યું : જમીન સાથેનો સંબંધ તેણે સજ્જડ રીતે તજી દીધો. કેમ કે તારો સંબંધ જમીન સાથે છે. એટલે તારી જેમ તારા સંબંધીનો સંગ પણ એને જોખમી લાગ્યો ! એનું આ નિર્મળ વ્રત જોઈ દેવો ખુશ થયા. અને,

*સુરનર વંદીઓ રે.*

તે દ્વિજરાજ તરીકે પૂજાય છે. એના ગુણો ઉજળા છે. લોકો એને ચાંદો જેવા હુલામણા નામે સંબોધે છે. એની પવિત્રતાનું વ્રત સમજનાર તારી સામે જુએ છે અને ભડકે છે કેમ કે –

*મલમૂત્ર સમેટે રે, અપવિત્ર તૂં ભેટે રે.*

આખી દુનિયાનો કચરો તું મોજથી સ્વાહા કરી જાય છે. તારી આવી વિકરાળ અને વિચિત્ર ભૂખને જોયા બાદ એ લોકો અસરપરસ વાતો કરે છે કે,

*તેણી કારણે બેટે, દૂરે પરિહર્યો રે.*

તારી આવી ગંદકીથી ત્રાસીને જ તો પુત્ર તને છોડી ગયો. તને છોડી

જવામાં પુત્રને રાહત મળે છે અને તું તારા પુત્રની પાવનતાનું કારણ પોતાને ગણાવે છે. છે ને તારી બુદ્ધિમત્તા.

વાત આટલેથી જ નથી પૂરી થતી. પૂનમના દિવસે તું ભરતીરૂપે ઉછળીને તારા પુત્રને મોજા દ્વારા ભેટે છે. પુત્ર બિચારો પોતાનું પાવનવ્રત ભગ્ન થયું તેના રંજમાં પોતાના કિરણો સમેટીને અમાસ સુધીમાં તો એ કિરણોને તજી દે છે. તારા સ્પર્શ વાળા કિરણોને તજવા તે ઘોર અંધકારમાં લપેટાઈ જાય છે. પવિત્રતા અકબંધ રાખવા એ પોતાના કિરણોને વિખેરી નાંખે છે. અને તું એની પાછળ કૂદકા મારે છે.

*શશિસ્યૂં તુજ રંગો રે, ઈમ છે એકાંગો રે,*
*નવિ સ્નેહે અભંગો, સજ્જનની પરે રે.*

તારો પ્રેમ સુસંગત નથી. તારામાં પ્રેમ હોય તો તું તારા પુત્ર જેવો બનત, પણ તું તારી ગંદકી છોડવા તૈયાર નથી. આ રીતે તો તું તારા પુત્ર માટે માથાનો દુઃખાવો બની ગયો છે. તારો પુત્ર સારો લાગે છે કેમ કે તે સતત તારો સંપર્ક ટાળતો રહે છે. એની ગુણવત્તાના મૂળમાં તું તો નથી જ. બલ્કે તું એની સાથે સંપર્ક સાધી શકતો નથી, એ જ એની ગુણવત્તાનું મૂળ છે.

તો પણ આખરે તો તે તારા કુલનો ગણાય. એને તારા વંશજ હોવાનો અફસોસ છે. ગમે તેટલી ગુણવત્તા કુલનો સંબંધ ટાળી શકે નહીં. યમુના સાથે સંબંધ પામ્યા બાદ વરસાદનું ઉજળું નીર જેમ કાળાશ પામે છે તેમ ગુણહીન સાથેનો સંબંધ ઉત્તમ ગુણવત્તાને તુચ્છ ઠરાવે છે. તારા વંશજ તરીકેની પોતાની અધમતાથી ચન્દ્ર વાકેફ છે. આ જ કારણે તે ઉત્તમતા મેળવવા લાંબી તપસ્યા કરતો રહે છે. પરિણામે એની કાયા કરમાતી રહે છે. દિવસે દિવસે તેનો આકાર ટૂંકાતો જાય છે તે તેની તપસ્યા છે. પુત્રની પજવણીમાં અને પુત્રના પસ્તાવામાં તારી ગુણહીન અસ્મિતા કારણ છે તે તારે સમજવું જોઈએ...' પોતાની નબળાઈને ઢાંકવા માટે પોતાના સંબંધીઓની સારપને વટાવી ખાવાનો શોખ ઘણા કેળવે છે. પોતે કંજૂસ હોય તો પોતાના ભાઈની ઉદારતાને એટલી હદે ગાવા માંડે, કે જાણે ભાઈનું દાન તો એના પોતાના પૈસે ચાલુ હોય. પોતે ડરપોક હોય તો પોતાના સ્વજનની હિંમતનું એવું વર્ણન કરે કે જાણે એને કાયરમાંથી વીર બનાવનાર પોતે જ હોય. માતા કોઈ દિવસ

એવા ગાણાં નહીં ગાય કે મારા દીકરાને મેં તૈયાર કર્યો છે. એને મળેલી શ્રેષ્ઠતા પોતાને આભારી છે તેવું ગાવાની જરૂર માતાને નથી લાગતી. માતા જો આવું ગાયા કરે તો સમજવું કે દાળમાં કંઈ કાળું છે. માતા તો એટલું જ બોલે : એ મારો દીકરો છે. પોતાનું સમગ્ર પ્રદાન એક જ વાક્ય દ્વારા તે સૂચિત કરે છે. આ રીતે સાચો પ્રેમ વ્યક્ત થાય છે.

સાયરનો પ્રેમ જે રીતે વ્યક્ત થાય છે તે રીતે બતાવે છે કે દાળમાં કાળું છે. વાહણે દાળનું કાળું-ભૂરું તત્ત્વ પકડી પાડ્યું. પોતાની નબળાઈને સમજવાની તૈયારી ન હોય તો નબળાઈને સાંભળવાનું સત્ત્વ પણ નહીં આવે. સાચી યોગ્યતા નબળાઈને ઢાંકતી નથી. સાચી યોગ્યતા કોઈનું નામ વટાવવાનું પસંદ કરતી નથી. યોગ્યતાનો સંબંધ સૌથી પહેલો વિચારની સ્વચ્છતા સાથે છે. આ બાદ તેનો સંબંધ વિચારની સ્પષ્ટતા સાથે છે. સ્વસ્થ વિચાર સુધી પહોંચવા માટે સ્વચ્છતા અને સ્પષ્ટતાના અનુક્રમથી આગળ વધવું પડે છે. સાયર આમ કરવા તૈયાર નથી.

•

## ૧૫

# મુજ સમ જગમાં કો નહિ રે,
# ઈમ કોઈ મ ધરો તંત

પોતાના સ્વજનોના વૈભવી વિલાસને કારણે પોતે શ્રીમંત છે, એવો દાવો રાખનારા ખોટો હોઈ શકે. આપણા બધા જ સ્વજનો વૈભવમાં આળોટતા હોય તેવું ભાગ્યે જ બને છે. આપણા સ્વજનોમાં, વૈભવ અને પરાભવનો પ્રવાહ સમાન્તરે જોવા મળે છે. કોઈ સ્વજનો દોમદોમ સાહેબીના માલિક હોય. કોઈ સ્વજનો પેટપૂરતું રળી ખાતા હોય. કોઈ સ્વજનો પોતાની નબળાઈના હિસાબે ફાંફા પણ મારતા હોય. પ્રારબ્ધનું ચક્ર અનિયમિત છે, એ વાત તો જાણીતી છે.

સ્વજનોનાં કારણે અલબત્ત, આપણી ઓળખ કેળવાતી હોય છે. પરંતુ, આપણી પોતાની મૌલિક ઓળખ પણ હોય છે. જે માત્ર આપણે પોતે જ ઘડીએ છીએ. વાહણ સાયરને કહે છે કે ‘તું તારી પોતાની ઓળખ ઘડી શક્યો નથી. તારું વર્ણન સ્વજનોની દશા-અવદશા પર ટક્યું છે. ચન્દ્રની દશા પર તું મુસ્તાક છે. ચન્દ્રની અવદશા કાં તો તું નથી જાણતો, કાં તો તું નથી સમજતો, કાં તો તું ધરાર ઉવેખે છે.’

પૌરાણિક કથા મુજબ ચન્દ્રના બે પિતા છે : એક અત્રિ બીજો સાયર. વાહણ ન છૂટકે કહે છે કે

*'તે બેઈ બાપને બેટડે, તુજને કિસ્યો આનંદ'*

સાયર, તારા સ્વજનની અવદશા મારે ગાવી નથી. મારે તારી પાસે તારી પોતીકી દશાની માહિતી મેળવવી છે. તું એ નથી આપતો, તું બીજી વાતો કરે છે તે હવાલા છે. હવાલાના આધારે હજી વાદ જીતાતો હશે, જીવન તો નહીં જ જીતાય.'

વાહણ કહે છે કે - પગ પર ઊભા રહેવાનું અને પછી છાતી ફૂલાવીને વાત કરવાની. પોતાની લાંબી ઓળખાણના જોરે કૂદકા નહીં મારવાના. હવામાં છલાંગ ભરવાની જરૂર નથી. આપણે ખાલીખમ્મ હોઈએ તો ચૂપ રહેવાનું. બીજાના ગજવામાં ડોકિયું કરવાથી પૈસાદાર થવાતું નથી, ચોર બનાય ખરું. સાયર, તારી વૃત્તિ બીજાના ગજવે પૈસાદાર બનવાની છે. બીજાના ગુણ ગાઈને તું પોતે એ ગુણો વટાવી કેમ શકે ?

*નિજગુણ હોય તો ગાજીએ, પરગુણ સવિ અકયત્થ.*

બીજાના ખીસામાં રહેલા પૈસા કામ ન લાગે, ચોપડીમાં પડેલું જ્ઞાન કામ ન લાગે, તેમ બીજાના ગુણોનો સગવડિયો અનુવાદ આપણને ગુણવાન થવામાં કામ નથી લાગતો. બીજાની ઉત્તમતાને વહારે લાવવી પડે છે તે મૌલિક ઉત્તમતા નથી. તારામાં એવું કશું તત્ત્વ નીપજવું જોઈએ, જે જોઈને અન્યો આપોઆપ તને ઉત્તમ માને. તું તારી ઉત્તમતાની નવીનવી સાબિતી આપતો રહે તે તારી અધૂરપ છે.

અહીં અટકવાનું મન થાય છે. ઉત્તમતા સહજ હોય અને સ્વયંસિદ્ધ હોય. બીજા કહે ત્યારે આપણે ઉત્તમ બનીએ અથવા આપણે મારી મચડીને એવું બતાવીએ તે બધું ઉચિત નથી. ઉત્તમતાને સ્વાશ્રયી રાખવી જોઈએ. પરાશ્રયી ઉત્તમતા સરવાળે ખાડામાં ઉતરવાનો ધંધો છે.

*अन्यस्माद् लब्धपदो नीचो प्रायेण दुस्सहो भवतिः।*

એમ સુભાષિત કહે છે, બીજાના જોરે ઊંચાઈ મેળવનાર ખતરનાક બની જાય છે.

સાયર પોતાની સુંદરતાને સાબિત કરવા બે કામ કરે છે. બીજાની

સારપની સાથે પોતાને સીધો સંબંધ છે તે સિદ્ધ કરવાનું, એક. બીજાની ખરાબીને સતત જાહેર કરતા રહેવાનું, બીજું. આ વૃત્તિ બતાવે છે કે વ્યક્તિ કહેતાં સાયર આત્મલક્ષી નથી.

બીજાના ગુણોનો ટેકો લેવા બીજે જોવું તો પડે જ. બીજાની નિન્દા કરવા નિન્દ્ય કર્મની તપાસ પણ કરવી પડે. આ માટે બંને પ્રકારના માણસોને ખોળવા પડે. અને જે ખોળવા માંગે છે, તેને તો આ તરત મળી જાય છે. બન્નેને મેળવવા પડે તે જ પરાશ્રય છે. આ બે ન મળે તો પોતાની ઉન્નતિ સાબિત કેમ થાય ? સાયરની બડાઈ આમ પરાશ્રયી છે. તેને પોતાની મૌલિક ઓળખ ઘડવામાં રસ નથી. વાહણ આથી એની બન્ને પ્રવૃત્તિ બેનકાબ કરી મૂકે છે. એ કહે છે તેમ - સાયરની ગુણવત્તા અન્યો પર અવલંબે છે, પોતાની નથી. આ મુદ્દે એના સંબંધિત તરીકે સ્થાપિત થયેલા બહુમૂલ્ય ચન્દ્રમાની નબળાઈ ન છૂટકે સમજાવવી પડે છે. એક તો એના પિતા બે છે. બીજું તેની કળા સતત ઘટે છે. અસ્થિર અને અનિયમિત છે. મતલબ કે એની ગુણવત્તા ઠેકાણાવિનાની છે. રાતે પણ કાયમ ન મળે. અને દિવસે તો ન જ મળે. સદંતર આવજા કરતી કળા એને હાસ્યાસ્પદ બનાવે છે. આ ચન્દ્રના બાપ તરીકે સાયરે શરમાવું જોઈએ. વાહણનો આ મુખ્ય સૂર છે.

વાહણ વાત સમેટે છે કે ‘મુખ્ય વાત પોતીકી પ્રતિભા છે, પ્રતિભાનો ઉપયોગ અન્યોના ઉપકારમાં કરવો તે છે. આ બન્નેનું સાતત્ય, મારે અભિમાન વિના જણાવવું ઘટે કે મારામાં છે. તારાં આ ખોફનાક નીર પરથી હું મારી પ્રતિભા દ્વારા તરું છું. આ મારી મૌલિક ઓળખ છે. વળી, તરવાના શોખથી હું તરતો નથી. વહાણવટું ખેડતાં વેપારીઓને લાભ થાય તે મારો આશય હોય છે. હું તરું છું પણ સતત અને તારું છું પણ સતત. આમ તારે તે તીર્થની વ્યાખ્યા મને લાગુ પડે છે. તને નહીં.’

બીજા આપણને ઊતારી પાડવા મોઢામોઢ ગાળો આપતા હોય ત્યારે એની ગાળ તરફ ધ્યાન ન આપતાં તેની અસત્યતા તરફ ધ્યાન દોરવું જોઈએ. આ માટે પોતાની સાચી વાત બેધડક જણાવવી. શરમ ન રાખવી કે આ તો આપપ્રશંસા છે. આ તો નિન્દાકર્મનું તટસ્થ વિશ્લેષણ છે. પોતાની જાતનો ખરો બચાવ આપણે પોતે જ કરવો પડશે. બીજો આવે એની રાહ જોવી, આવ્યા

પછી એ આપણો બચાવ કરે તેની રાહ જોવી. બચાવ કરતી વખતે તે ખોટી વાત ન જણાવી દે તે સાચવવું. આ બધી ઝંઝટ ભારે હોય છે. બીજો આવીને આપણો બચાવ કરવાને બદલે આપણી ટીકા કરવા માંડે તેવું પણ બને. સાચા હોવાની પૂર્વશરતપૂર્વક આપણે આપણી સચ્ચાઈ જાહેર કરવી, એ માટે મગરૂરી નહીં બલકે નમ્ર મક્કમતા દાખવવી, આમાં કશું ખોટું નથી. કેમ કે આપણે આત્મપ્રશંસા નહીં પરંતુ ખોટી વાતનો પ્રતિકાર કરીએ છીએ. વાહણનું માનસ આ છે. નિંદાના ઉત્તરનો સૌથી મોટો આધાર સાંભળવાની સહનશક્તિ છે. બીજો, સમજવાની સહનશક્તિ, તીખી વાત સાંભળીને ઉગ્ર ન બનવું અને અસ્વસ્થ ન થવું. આ કળા આવડી જાય તો તાકાત નથી નિંદા કરનારની કે, આપણને પજવી શકે.

પજવવાના આશય વિના અને માત્ર સમજાવવાના આશયથી જ આપણી નબળાઈ કોઈ આપણને બતાવે તો તે નિંદા નથી. એને સહાનુભૂતિ ગણવી જોઈએ. સહાનુભૂતિનો તો સ્વીકાર જ હોય. નિંદા કરનારને અમુક તબક્કે જ રોકી શકાય છે. બધી જ વખતે નિંદા કરનારને રોકવાનો મતલબ નથી હોતો, જેવા સંયોગો જેવી પરિસ્થિતિ, તેવો પ્રતિભાવ. આમાં કોઈ ચોક્કસ નિયમથી બંધાઈ ન જવાય. વાહણની પરિસ્થિતિ મુજબ વાહણે પોતાનો બચાવ કર્યો છે. યાદ એટલું જ રાખવાનું કે પોતાની પ્રશંસા અને પોતાનો બચાવ બન્ને અલગ છે, પોતાની પ્રશંસા, પોતાનો બચાવમાં આવતી હોવા છતાં, અને પોતાનો બચાવ, પોતાની પ્રશંસા દ્વારા થતો હોવા છતાં.

વાહણનું બચાવનામું અથવા આરોપનામું સાયર ગાંઠતો નથી તે કહે છે :

*સુણિ વાહણ ! તું રે, ન કહે મુજ ગુણ સાર,*
*કાઢે પૂરા દૂધમાં રે, કહતો દોષ વિચાર;*

તું દૂધમાંથી પૂરા એટલે કે પોરા કાઢે છે. મારામાં ગુણો જોવાનું તને ફાવતું નથી. તને દોષ જોવા સિવાય કશું આવડતું પણ નથી. તારા મમતની તો હદ નથી. મારા ગુણોને તું ઢાંકી દે છે, તેથી એ મટી જશે એમ ?

*'મુજ મોટા છે અવદાત'*

મારી વાત વિરાટ છે. મારી પોતાની ઓળખ તું જાણવા માંગે છે ? તને

તો જાણે મારી કશી ઓળખ જ મળી નથી. સારું. સાંભળજે, હવે કાન બંધ કર્યા વિના સાંભળજે. મને મારા ગુણલા ગાવા ફાવતા નથી. તું પરાણે બોલાવે છે એટલા પૂરતું મારે જણાવવું પડશે.'

તો સાયર ઉવાચ : ધરતીના ખોળે કૂવા છે, સરોવરો અને તળાવો અને વાવડીઓ છે. નદીઓ અને ઝરણાઓ છે. આમનાં નીર દ્વારા ધરતીવાસી લોકો પોતાને શીતલતા બક્ષે છે. પણ જ્યારે ગ્રીષ્મઋતુ આવે છે ત્યારે આ બધા ક્રમસર પોતાનું નીર ખોઈ બેસે છે.

*ભર ઉનાલે તે દિને રે, વાધે મુજ ઊધાણ*

ગરમીના ભારેખમ દિવસોમાં માત્ર મારું જ નીર ટકી રહે છે. સાયરની વાત ભલે ખોટી રહે. એ સમજાવે છે સરસ. એ કહે છે : મેરુ પર્વત સોનાનો છે. સોનું આગના સંપર્કમાં આવીને પીગળતું હોય છે : મેરુપર્વત આગના સંપર્કમાં આવવા છતાં પીગળતો નથી. મેરુની આ મોટાઈ છે. મારી મોટાઈ આવી જ છે. ઉનાળામાં પાણીનું બાષ્પીભવન થઈ જતું હોય છે. કૂવાથી માંડીને ઝરણાઓ સુધીની બધી જ જલસૃષ્ટિ ગરમીમાં નામશેષ બની જાય છે. ગરમીમાં જળ વિખરાય છે આ ક્રમ થયો. હું એક જ આ ક્રમનો ભંગ કરું છું. મારા નીર ભર ઉનાળે પણ અખૂટ હોય છે. વાત આટલેથી જ નથી અટકતી. આપણી બન્નેની સરખામણી થાય તો હું જીતી શકું. હું સંતોષી છું તેથી એક જ જગ્યાએ શાન્તિથી બેઠો રહું છું. મારી સ્થિરતાને કોઈ તોડી શકતું નથી. મારી મર્યાદા તો પુરુષોત્તમથી પણ શ્રેષ્ઠ છે. હું મારો વિસ્તાર છોડીને એક પગલું પણ આગળ વધતો નથી.

'મારી આ વિશેષતા સામે તું કેવું છે ? તું તો જંપીને એક જગાએ બેસતું જ નથી. તું સતત આમથી તેમ દોડી જાય છે. તારા પગે ભમરો છે. તું આખી દુનિયાનું ગામતરું કરતું રહે છે. તારો લોભ અગાધ છે. તારી ભૂખ દુકાળિયા જેવી છે. તારે તો તારું પોતાનું ઘર પણ નથી. તારા કરતાં હું લાખ દરજ્જે સારો છું.

*તું મુજ ગુણ જાણે નહિ રે; સ્યો તુજસ્યૂં મુજ વાદ ?'*

તને તારા ગુણની જાણ નથી. મારા ગુણથી તું જાણીજોઈને અજાણ રહે છે. તારી સાથે તો વાત પણ કરાય નહીં. તારામાં એવી યોગ્યતા જ નથી.'

સાયરે વાહણને એની જગ્યા બતાવી દેવાનો પ્રયત્ન કર્યો છે. ઘણા લોકો આ રીતે બીજાને જગ્યા બતાવી દેવાની હેવા ધરાવતા હોય છે. તેઓ મોઢામોઢ નિંદા કરીને એમ માને છે કે કદ પ્રમાણે વેતરી નાંખ્યો. હકીકતમાં આવું કરવા દ્વારા તે વ્યક્તિ પોતાની જ જગ્યા બીજાને દેખાડી દે છે. હીન માનસિકતા જ બીજાને ઊતારી પાડવા પ્રયત્ન કરે. આવા આદમી બીજાને કદ પ્રમાણે વેતરવાના પ્રયત્નમાં પોતાનું જ કદ વેતરી નાંખે છે. નિંદાશીલ આદમીને વધુ મહત્ત્વ મળતું નથી. નિન્દાનું તત્કાલીન નવીન તત્ત્વ જે મહત્ત્વ આપે છે તેની કોઈ કિંમત નથી. આવા નિંદાશ્રયી મહત્ત્વને લઘુતા કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.

સાયરને વાહણ નિંદાશ્રયી ન બનવાની શીખ આપવા માંગે છે. સાયર તે સાંભળે તેમ નથી. તેથી પરથમ પહેલું સાયરનું ગર્વખંડન કરવા વહાણ કહે છે. સાયર, ઉનાળામાં ઝરણાઓ, નદીઓ, કૂવાઓ ખાલી થઈ જાય છે. તારું નીર અખૂટ રહે છે, કબૂલ. મને તું એટલું કહીશ કે તારું નીર પીવામાં કામ લાગે છે ખરું ? ખારું નીર હોય તો પણ શું અને ન હોય તો પણ શું ? વપરાવાનું જ નથી, પછી એની હાજરી ગેરહાજરીથી શું ફરક પડે છે ? ખૂટી પડેલા નીરનાં કારણે પણ કૂવા વગેરેની નોંધ લેવાય છે. તારી નોંધ તો નીર અખૂટ છતાં નથી લેવાતી. રે, આવા મહાન્ થવાની કિસ્મત શી ? તને પોતાને તો યાદ હશે જ કે અગત્સ્ય ઋષિએ તને એક જ ઘૂંટડે ખાલી કરી નાંખ્યો હતો. તું જ કહે, તારો અખૂટ રહી શકવાનો ગર્વ ત્યારે તૂટેલો કે નહીં ? આ દુનિયામાં ઘણાબધા સત્ત્વવાન્ મહાનુભાવો આવતા રહે છે. દરેક ક્ષેત્રમાં મજબૂત પ્રગતિ દાખવનારા અલગ અલગ સ્થળે જનમતા જ હોય છે. આ કારણે જ અભિમાન રાખવું છોડી દેવું જોઈએ. આપણી પ્રગતિ અલબત્ત, સારી છે. પણ આપણે જેમ પ્રગતિ સાધીએ છીએ તેમ બીજા પણ સાધી શકે છે અને સાધવાના છે. આપણી પ્રગતિને કારણે બીજાને પ્રગતિહીન માનવાની ભૂલ ક્યારેય કરવી નહીં.

તારી વાતનો જવાબ એ છે કે તું મને અનંત ભૂખનો જીવડો માને છે પરંતુ તારી ભૂખનો તે વિચાર પણ કર્યો છે ? તારા પેટમાં પ્રતિપળ સેંકડો નદીઓ ઠલવાય છે. કરોડો વાદળા તારા પર વરસી પડે છે. છતાં ય તું

ધરાતો નથી.

*સહસ નદી ધન કોડિથી રે, તુજ નવિ પેટ ભરાઈ,*
*તું નિત્ય ભૂખ્યો એહવો રે, કિમ સંતોષી થાઈ ?*

તું તને સંતોષી ગણાવે છે પણ તારું વર્તન તો સાવ ઊંધું છે.

અમને તું રખડું ગણાવે છે. સાંભળી લે, અમે ભમીએ છીએ તે પરોપકાર માટે, સ્વાસ્થ્ય માટે નહીં. જેમ સૂર્ય આભમાં ભમે છે તે પરોપકાર માટે, ચન્દ્ર આકાશને ઉજાળીને ગતિ સાધે છે તે પરોપકાર માટે, જેમ વાદળદળો આભમાં દોડાદોડ મચાવે છે તે પરોપકાર, માટે તેમ અમે સહુ તારા પરથી વહેતા રહીએ છીએ તે માત્ર પરોપકાર માટે જ. સજ્જન માણસો પરોપકાર માટે દોડતા હોય છે. દુર્જનોને પરોપકારની પડી જ નથી હોતી. એ તો ફાંદ ફૂલાવી એક જગાએ પડ્યા રહે છે. દાખલા તરીકે તું.

તું તારી જાતને ક્ષમાવાન્ ગણાવે છે. જો તો ખરો, તું કેવો ધમધમે છે, તારો દેહ કેવા ઉછાળા મારે છે. તારી જડતા કેવી છે, તે તો આ અજંપો બતાવે છે કે તું ભીતરથી સગળે છે. તું તારી મર્યાદાના ગુણ ગાય છે. તું કિનારાને તોડતો નથી એમ તું જ કહે છે ? કિનારા પર તો વેલંધર દેવો બેઠા જ હોય છે. તું કાયમ કિનારો છોડી આગળ ધસી જવા માંગે છે. પરંતુ, એક ડગલું મતલબ મોજું તું આગળ વધે એટલે એ દેવો તને બેરહમ ફટકારે છે. તું બાપડો પાછળ જતો રહે છે. આમાં તારો મર્યાદાપ્રેમ કામ કરે છે કે મારનો ડર - તે તું જ કહે.

સાયર, તું મને ઉપદેશ દે છે ? ગુણ અવગુણની સમજ આપે છે તે સાંભળી મને તો હસવું આવે છે. તારાં મોઢે આ ફિલસૂફી શોભતી નથી. હું તને બે હાથ જોડીને કહું છું :

*પર અવગુણ નિજગુણ કથા રે, છાંડો વિકથારૂપ'*

મને આનો ડર લાગે છે તેમ માનતો નહીં. મને આમાં કંટાળો આવે છે તેથી કહું છું. અને મુખ્ય કારણ એ છે કે

*'જાણું છું સઘલૂં અહમેં રે, સાયર ! તુજઝ સ્વરૂપ'*

તારું વરવું ભીતર હું બરોબર જાણું છું. માટે બસ કર હવે.'

•

## ૧૬

# શરણદાતાની વાતો

સમજાવટની કામ ન પતે તો ધમકાવીને કામ પતાવવું, આ નિયમમુજબ સાયર વાહણને હવે ધમકાવે છે. કહે છે, તે અત્તારલગણ ઘણા અપરાધ કર્યા છે. તારી જીભ વધારે પડતી લાંબી થઈ ગઈ છે, તું મારી અંગત વાતો ઉખેળ્યા કરે છે. હું તારા અંગત વર્તનને ગૌણ ગણી ઢાંકું છું. તારી નાપાક ટેવ હવે તું છોડી દે. જો તું આજ રીતે નિંદા કરતો રહીશ, મારી ભીતરી વાતો ડહોળ્યા કરીશ, તો

*'પોતે તરંગ ધુજારમાં બોળી,*
*તો હું નાંખીશ તુજને ઢોળી.'*

તને મારા ઘુમરાતા તરંગોમાં ડૂબાડીને ઊંધું વાળી દઈશ. તારા જવાથી મને કશું નુકસાન થવાનું નથી. તારા જેવા તો ઘણાય મારી પાસે આવે છે અને જાય છે. મને કોઈ ફરક પડતો નથી.

*'જો અખૂટ છે નૃપભંડાર, તો ચાકરનો નહીં કો પાર.'*

જો રાજાનો ધનભંડાર અખૂટ હોય તો નોકરો તો મોટી સંખ્યામાં હોય જ. મારો જલરાશિ અગાધ છે. મારી દોસ્તી

સાધવા ઘણા આવી જશે. તારા વિના હું એકલો નહીં પડી જઉં. તને એમ લાગતું હશે કે મારો ગુસ્સે થવાનો સ્વભાવ જ છે. હકીકત અલગ છે.

*'ઉષ્ણ અગ્નિ-તાપે હુએ ગાઢું. જેહ સ્વભાવે જલ છે ટાઢું'*

પાણીનો સ્વભાવ શીતલ રહેવાનો હોય છે. અગ્નિના સંપર્કે તે ઉષ્ણ બને છે. તેથી પાણીનો સ્વભાવ ગરમ છે તેમ કહેવાય નહીં. એ જ રીતે તારા અબદ્ર શબ્દો મને ગુસ્સો કરવા પ્રેરે છે. બાકી, હું તો શાંત છું. મને

*'ક્ષમાવંત ધુરિ જે આરોપ્યો મને'*

ક્ષમાવાનમાં શ્રેષ્ઠ વ્યક્તિનું બિરૂદ જગત દ્વારા મળ્યું છે. તને તારા જ્ઞાનનું અભિમાન છે. તું નીતિનું જ્ઞાન જ ધરાવતું નથી.

*'મોટાસ્યુ હઠવાદ નીવાર્યો, નીતિ ઋજુમાર્ગ તેં વિસાર્યો.'*

તે મોટા માણસો સાથે જડવલણ ન રાખવું એ નિયમને તે તોડ્યો છે. એરંડાના ઝાડ પર બેસીને તેં હાથીને છંછેડ્યો છે. હવે તારે આનું પરિણામ ખમવાની તૈયારી રાખવી પડશે. મારો કાળઝાળ ગુસ્સો તને જીવંત નહીં રહેવા દે, મારા તરંગના એક ધક્કે, તારે સ્મશાન સુધી પહોંચી જવાનું છે.'

સાગર પણ છટાદાર સમુદ્રવર્ણન કરે છે.

*'કોડિ તરંગ શિખર પર વાધે. જઈએ ફીરઈ તે અંબર આધે.'*

ક્ષુબ્ધ સાયરના કરોડો તરંગો પલકવારમાં આકાશને ઢાંકી દે છે. એક તરંગ જ આકાશને તોડી પાડવા સક્ષમ છે. તું કોણ માત્ર છે કે મારા તરંગથી બચી શકે ?

સાયર ધમકી સાથે ભવિષ્યવાણી ભાખે છે. સાગરે ધમકી દ્વારા વહાણને બે આંચકા આપ્યા છે. એક તારું પાપ તને નડે છે. અર્થાત્ તું પાપી છે અને તારા પાપનો હિસાબ તારે ચૂકવવો જ પડશે. બીજું, તારા બીજા કોઈ શરણદાતાની તાકાત નથી તને બચાવવાની.

વાહણ તરત જ કહે છે. :

*જાત રાખજે, સાગર ! પાછું જોર !*

તું સાચી વાતો સાંભળવા તૈયાર નથી. એટલે ધમકીઓ આપે છે. તારી આ ધમકી તારી પાસે રહેવા દે. તારી હવા કાઢતાં મને આવડે છે. તારે જે કરવું હોય તે કર. મને કોઈ ડર નથી. તારાં વચનોમાં અભિમાન

ટપકે છે, પણ એમાં સચ્ચાઈનો તો છાંટો પણ નથી, તું સાચું પણ શું બોલવાનો હતો ?

*'કેતાં કાલા કાઢિએ જિમતા દહિ ને માખ.'*

દહીં અને અડદ ભેગા કરીને ખાનારો દહીમાંથી કેટલા કાળા દાણા જુદા પાડવાનો હતો. ખાય છે જ કાળા દાણા, પછી જુદા કાઢવાની વાત ક્યાં રહી ? તું આદમી જ જૂઠો છે. પછી સાચું તો શું બોલવાનો હતો ? તું તારું જૂઠ તારી પાસે રાખ. મને એવી ધમકી આપવાની જરૂર નથી.'

*'સાયર સ્યૂં તું ઉછ્લે ? સ્યૂં લે ફૂછે ફોક ?*

સાગર, તું શાનો ફાંફો રાખને આમ કૂદે છે ?

*ગરવવચન હું નવી દમું, દેસ્યૂં ઉત્તર રોક.*

તારો ગર્વ ભર્યો વાણી વ્યવહાર હું ચલાવી લેવાનો નથી. તને રોકડો જવાબ મળશે. તને મેં સમજાવવા પ્રયત્નો કર્યા. સાચી વાતો માનવા આગ્રહ કર્યો, ખોટી જડતા છોડવા કહ્યું.

વાહણ વાણીની વર્તણૂક સંબંધે સરસ નુકતેચીની કરે છે : પોતાનો સ્વારથ સાધી લેવા માટે સાચને અળગું અને જૂઠને વળગું કરાય નહીં. તારા ખોટા ગુણ ગાઈને, તારી નબળાઈની આરતી ઉતારવાનું પાપ મારાથી ન થાય. મારા મરણતોલ જોખમનેં ગાંઠ્યા વિના જ મેં તને સાચું કહેવાનું શરૂ કર્યું હતું. હું ધારત તો ચૂપ રહીને પણ તારી નબળાઈ પોષી શકત. મારે તારી સાથે બગાડીને નુકસાન સિવાય કશું મેળવવાનું ન હતું. તારી સાથે, આમ છતાંય મેં બગાડ્યું. બોલીને જ બગાડ્યું. મારી ઈચ્છા તને બોલીને સુધારવાની હતી. બન્યું ઊંધું. મારાં બોલવાથી તું વધારે બગડ્યો. મારી નીતિ એક જ છે.

*'રૂસો પરિ વલિ વિષ ભખો, પણિ કહીએ શુદ્ધ.'*

સામો માણસ ગુસ્સે થાય કે ઝેર ઓકે. સાચું તો એક વાર કહેવું જ. સાચી વાતમાં નબળાઈનો ઉલ્લેખ કરવો પડે તો કરવો. મને સાચની બાબતમાં કોઈ સંકોચ નડતો નથી. તું અમારા છિદ્રો ઢાંકવાની જૂઠી બડાઈ હાંકે છે. તું તો સાવ ગમાર છે. તું બોલે છે તે તું જ સમજતો નથી. તું અમારી જ નાની નબળાઈને વિરાટ ભૂલ તરીકે ગાવા માંડે છે. ઉપપત્ની જેમ અન્ય પત્નીના છીંડાં શોધે, તેમ તું મારાં છીંડા શોધ્યા કરે છે.

*પણિ રખવાલો ધર્મ છે, તે ન કરે નિદ.*

તારી શોધ ખોળ સાવ નકામી નીવડશે.

મારે તો ધર્મના રખવાળા છે. ધર્મ દિવસ રાત જાગ્રત રહીને મારી રક્ષા કરે છે. તું મને શું નડવાનો ? અને તારી યોગ્યતા તો જો. જ્યારે ક્યાંય જવાની બારી મારી પાસે નથી. ત્યારે તું મને દબાવવા અને દબડાવવા માંડ્યો છે. મારી પાસે કોઈ અવકાશ નથી. બચવાનો, તે જોયા બાદ જ તું મને ધમકાવે છે.

*પણિ મુજ રક્ષક ધર્મમાં, નહિ તુજ બલ લાગ.*

પણ તારી નજર ટૂંકી છે. મારી રક્ષા કરનારું પરમતત્ત્વ તું જોઈ શકતો નથી. તારી કોઈ તાકાત આ પરમ સામે કામ લાગવાની નથી.

*જેહથી મુજ બૂડે નહીં.*

*બાવનમો ભાગ.*

તું મને ડૂબાડવાની ધમકી આપે છે. મારો ધર્મ એવો મહાન્ છે કે હું તો શું પણ મારો બાવનમો ભાગ પણ તારા તોફાનથી ડૂબવાનો નથી.

અમારો નાશ કરીને અમારા વિના જીવવામાં તારે કશું ગુમાવવાનું નથી તેમ કહેતા પહેલાં તારે થોડું વિચારવું તો હતું ?

*અહમ્ જતાં તુજ એકલો ઊગરસ્યૈ તો પંક.*

અમે તને છોડશું પછી તારી પાસે માથોડા ઊંડો કાદવ બચશે. તારી દોસ્તી આ ગંદડા થર કરશે. વાહ. તું મને ખતમ કરી નાંખવા માંગે છે. વિસર્જન કોઈ અઘરી વસ્તુ નથી. અઘરું તો સર્જન છે. આ મુદ્દે જ તો ગુરુની જરૂર પડે છે.

સર્જન માટે પ્રશિક્ષણ ગુરુ પાસે મળે છે. ગુરુ વિના ભમતા જનો તોડફોડ કરીને પોતાનું નામ અને દુનિયાનું કામ બગાડશે. એ કેવળ મૂર્ખામી છે. ગુણોને જોવા, પારખવા, ગુણોની કદર કરવી, ગુણોને અનુરૂપ તક આપવી, આ બધી વિશેષતાઓ ગુરુમાં હોય છે. ગુરુ દ્વારા આ બોધ શિષ્યને પણ સાંપડે છે. ગુરુવિનાના લોકો આવો બોધ પામેલા હોતા નથી. તેઓ પોતાનું ઘર જાળવવા બીજાનું ઘર નિઃશંક ભાંગે છે. તું મારું ઘર ભાંગશે તેથી નુકસાન તને જ છે. હંસની વિદાયથી સરોવર સૂના બને. ભ્રમરો વિના કમળ સૂનાં બને, આંબાની મંજરી કોયલ વિના સૂના બને, ઘર કે મહેલ, દીપ અને ઉજાસ

વિના સૂના બને, મલયનો પર્વત ચન્દન વિના સૂનો બને. આર્થિક સદ્ધરતા વિના જેમ રાજ્યતન્ત્ર સૂનું બને -

*સોહે નહિ તિમ અમ્હ વિના, તુજ વૈભવ રંગ*

તારો બધો વૈભવ અમારા વિના સૂનો બની જવાનો છે. તું ખાલી ખમ્મ થઈ જવાનો છે. તારી ગુણગાથા અમારા સિવાય બીજા કોઈ ફેલાવવાના નથી. અમે નામશેષ થયો એની સાથોસાથ તારું યશોગાન બંધ થશે.

તને, કીધેલી હિતશીખ ઊંધા ઘડા પર પાણી જેવી છે.

*કરહ, પિઠિ જિમ જલ વરસવૂં.*

કાચબાની પીઠ વરસાદથી ન પલળે તેમ તું હિતશીખથી નથી સુધરતો. પોતાના હાથે પોતાને થતું નુકશાન તું જુએ છે. તોય તને કશો જ અફસોસ નથી.

*મૂરખ જો લાજે નહિ, જાણિ નિજહાણી.*

આ તારી મૂર્ખતા છે. તું મૂર્ખ છે તેનું તને દુઃખ નથી તને તારી મૂર્ખતાનો ગર્વ છે એનું મને બહુ દુઃખ છે. આ મૂર્ખામીના પ્રભાવે જ તું મારો ઉપકારી બનવા નીકળ્યો છે. ટીંટોડી નામનું પંખી હંમેશા પગ આકાશ તરફ રાખીને સૂએ છે કેમ કે એ માનતું હોય છે કે એના પગના ટેકે જ આકાશ ટકી રહ્યું છે. તું આવો જ ફાંકો રાખે છે. તારી કશી ઉપયોગિતા છે નહીં. અને તું જગતકાજી હોવાનો દાવો કરી રહ્યો છે. તું તરત ગુસ્સે થઈ જાય છે કેમ કે તારી મોટાઈ તારે જાળવી રાખવી છે. મારે તને એ જ સમજાવવું છે. મોટાઈનો આધાર તું માને છે તે નથી. મોટાઈને સાબૂત રાખવા આપણે બન્નેએ સંપ રાખવો જોઈએ. તારી વિરાટ કક્ષા અને મારી સ્વૈરવિહારની કળા આ બેના સમન્વયથી આપણી મોટાઈ જળવાય છે. તું ગમે તેટલો વિરાટ હોય. મારા વિના તેની કશી કિંમત નથી. હું ગમે તેટલો કળાવાન હોઉં. તારા વિના મારી કશી કિંમત નથી. તારું વિશાળ ક્ષેત્રફળ મને કળાનો અવકાશ આપે છે. મોટાઈ આપણા બન્નેના સ્નેહભાવમાં છે. આપણે એક હશું તો આપણો જશવાદ ગવતો રહેશે. આપણે વિખૂટા પડીશું તો બન્નેય મામૂલી માણસમાં ગણતરી પામીશું.

મારે તને ઉતારી પાડવો નથી. તારી હીનતાને જગત આગળ ચીતરવી નથી. મારે તને સારા રસ્તે વાળવો છે. સારપ એટલે સંપ. આપણે વાત કરીએ

તે આપણો સંપ, એમ નહીં. આપણે વાત કરવાનો આનંદ લૂટીએ એ આપણો સંપ. મારા લીધે તારો આનંદ તૂટ્યો એમ તું રખે માનતો. હું તને મારો અંગત દોસ્ત માનું છું.'

વાહણ વિનાશ રોકવા કહે છે કે, 'રાજા સ્વાવલંબી હોય, સ્વતંત્ર હોય તે કબૂલ. પણ પોતાની શોભા માટે તે પરાવલંબી બને તેમાં ખોટું નથી. એને ચામર વીંઝવામાં આવે છે, એના શિરે છત્ર ધરવામાં આવે છે. આ દ્વારા તેનો દમામ વધી જાય છે. સ્વાવલંબી બનવા માટે તે જાતે જ પોતાને ચામર વીંઝે અને જાતે જ પોતાના શિરે છત્ર રાખે તો કેવું લાગે ? સ્વાવલંબી બનવું, પણ એક મર્યાદા રાખીને. જડતાથી નહીં.'

'વિન્ધ્ય પર્વતોમાં હાથીઓ ટોળાબંધ વસતા હોય છે. એમને એ સ્થળ મળે તો તે બીજે ક્યાંય જવા રાજી ન થાય. આને હાથીની પરવશતા ન ગણાય. આ તો હાથીની અનુરૂપતા છે.'

'સિંહ વનમાં વસે છે. વૃક્ષોની છાયામાં બેસે છે. તળાવ કિનારે વિરામ કરે છે. ગીચ હરિયાળીમાં ઘૂમે છે. આ પ્રવૃત્તિઓમાં તે શોભે છે. તે જો સૂકા રણમાં રહેવા જાય તો પરેશાન થઈ જાય. સિંહના વનવાસને કોઈ પરાવલંબન ગણતું નથી. સિંહની અનુરૂપતા વનવાસ છે.'

આપણો સંબંધ તે આપણી અનુરૂપતા છે. તું મને પરાવલંબી ગણે કે હું તને પરાવલંબી માનું તે જડતા છે. વસ્તુસ્થિતિ તો સમાનતામાં રહી છે. તું મારો મિત્ર અને હું તારો મિત્ર તે સમાનતા, આમાં સ્વાશ્રય કે પરાશ્રયની પારાશીશી જરૂર નથી. તારા વિના મને ચેન નહીં પડે. મારા વિના તારી શોભા રહેશે નહીં. માનસરોવર હંસો વિના સૂનું બની જાય. હંસો માનસરોવર વિના બેચેન બની જાય. આ જ તો સંબંધ છે. આપણો સંબંધ આવો છે. તું માન સરોવર છે, હું હંસ છું. વિખૂટા પડવામાં આપણે બન્ને સીદાશું. આમ છતાં તું છૂટા પડવાના તાનમાં હોય તો મને નુકશાન નથી. નુકશાન તને જ છે.

*હંસ સિંહ કવિવર કરે જિહાં જાઈ તિહાં લીલ,*
*સર્વ ઠામિ તિમ સુખ લહે. જે છે સાધુ સુસીલ.*

જે માણસને રહેતાં આવડે છે તે બધે સુખ પામે છે. જે માણસને રહેતાં નથી આવડતું તે કાયમ દુઃખ પામે છે. તું મને નહીં રાખે તો હું બીજે મોજથી

રહી શકીશ. પણ મારી વિદાય બાદ તારા ફાળે તો માત્ર દુઃખ જ આવશે.' વાહણ અટક્યું.

સાયર વિચાર્યા વિના જ બોલ્યો : 'તું ક્યાં જાય છે તે હું જોઉં છું. મારી સંમતિ વિના તું એક વેંત પણ હલી શકે નહીં. મારી સામે બોલવામાં તને મજા પડી હશે, તેં શરમ છોડીને ઘોંઘાટ મચાવ્યો હતો. હવે, શરણદાતાના દ્રોહનું ફળ તને મળશે જ. તું મફતના ભાવે સલાહો પકડાવે છે. વિના કારણે ઉપદેશ દે છે. નાહકની ફરિયાદો કરે છે. તારી આ કાયમી ટેવ છે. અત્યાર સુધી તારી કુટેવથી ઘણા હેરાન થયા છે. હવે વારો તારો છે. હવે તારે જ હેરાન થવું પડશે.'

સાયરનો ઊભરો ગળી જઈને વાહણ કહે છે : તું તને શરણદાતા તરીકે ઓળખાવવા માંગે છે. ખરો શરણદાતા એ કહેવાય જે સદાય આશ્રિતની કાળજી લેતો રહે, સેવકજનના ગુણોને પારખીને એની સંભાળ રાખે, સેવકની તકલીફને પોતાની તકલીફ માને, આશ્રિતને દુઃખ ન પડે તે ખાતર પોતે ખમી ખાય. જે માલિકને પોતાના આશ્રિતના ગુણોની કદર નથી, જે આશ્રિતને પાત્ર વેઠિયો માને છે, જે આશ્રિતને પગલૂંછણિયાની જેમ ઉપયોગમાં લઈને ફગાવી દે છે, તે માલિક મૂઢ છે. ગધેડાના ખભે ચંદનની ગુણી બાંધવામાં આવે તોય ગધેડો તેની સુરભિ માણી શકતો નથી. એ માત્ર વજન અનુભવે છે. આશ્રિતનો સદ્‌ગુણ ન પારખનાર, માત્ર ટોળાઓ હાંકે છે. એ લાગણીભર્યો સંબંધ પામી શકતો નથી. એ કામથી કામ રાખે છે. આશ્રિતની લાગણીને એ કબૂલી શકતો નથી. આશ્રિત એને મન ચીજ છે. આ માલિકો આશ્રિતની ગુણવત્તાનો આસ્વાદ પામવાનું ચૂકી જાય છે.

*એ તું જાણે મૂઢ.*

તું આવો છે. તારે જે કરવું હોય તે કર. મને ડર નથી. તારી મૂર્ખતાનો અફસોસ જરૂર થાય છે.'

•

## ૧૭

# સંવાદ અને તોફાન

**સા**યર અને વાહણનો સંવાદ છેલ્લા તબક્કે આવી પહોંચ્યો છે. સંવાદ પછી સમાધાન થાય અથવા સંઘર્ષ થાય. અત્યારે તો સંવાદ હજી ચાલુ છે. વાતો કરી. ઘણી બધી કરી. નીવેડો આવતો નથી. વાત લંબાતી અને ખેંચાતી જાય છે. સાયર અને વાહણ બન્ને થાકે છે. બન્ને કંટાળે છે. પરંતુ કંટાળો કે થાક કબૂલવા બેમાંથી કોઈ તૈયાર નથી. વાત આગળ ચાલતી રહે છે.

બોલવાનો વારો સાયરનો છે. તે કહે છે. રે, વાહણ તું મારી સાથે શાનો વાદ કરે છે ? તું પૈસા રળી આપે છે તે મારો જ પ્રભાવ છે. મેં તને શરણે રાખ્યું, ડૂબાડ્યું નહીં. તેથી તું કરોડો કમાઈ શક્યું. મારી સહાય વિના જ તું એક ગજવાર પણ હલી શકે નહીં. મારી પાસે તું કામ કઢાવવા માંગતું હોય તો મારી સાથે તારે બગાડવું ન જોઈએ. આ વહેવારુ વાત છે. આ કોઈ ઉપદેશ પણ નથી. મારા દ્વારા તું કામ કરી શકતું હોય તો તારે મને સાચવી લેવો જોઈએ. તું મારી સાથે બગાડે છે તે સારું લક્ષણ નથી. રાજા જેવા

સાર્વભૌમ પણ મંત્રીને સાચવતા હોય છે કેમ કે તેમનું કામ મંત્રી દ્વારા ચાલતું હોય છે. હું દયાભાવે તને તારું કામ કરવામાં સહાય કરું છું તો પણ તું મને ઊતારી પાડે છે, મને બદનામ કરે છે, ચન્દ્રમાની વાત તને ખબર હશે. મૃગને એણે દયાભાવે ખોળામાં રાખ્યું. પરંતુ મૃગને રાખવામાં એની નિર્મળ દેહશોભા પડી ભાંગી. મૃગને સાચવવામાં ચન્દ્રમાને મૃગ દ્વારા જ કલંકી હોવાનું બિરૂદ મળ્યું.

*તિમ તું મુજને પિણ હુઓ, કહેતો દોષ નિઃશંક.*

તે રીતે તને સાચવવામાં મારે બદનામી વેઠવી પડી. હું તને બચાવતો રહું છું અને તું મારું નામ બગાડતું રહે છે. શરણદાતાને ભગવાનની જેમ પૂજવામાંય પાપ ન લાગે. પૂજવાની વાત તો બાજુ પર રહી, તું તો મને બેફામ ગાળો આપે છે. તારી આ મહામોટી ખામી છે.

*ઊથાપે નિજ આશરો એ તુજ મોટી ચૂક.*

સાયરની ઈચ્છા વાહણના પિતા બનવાની છે. પિતા તોફાની દીકરાને નાસમજ ગણીને ખખડાવી નાંખે અને તેનું તમામ સંચાલન પોતાના હસ્તક કરે તેમ વાહણને તોફાની ગણીને સાયરદાદા ખખડાવે છે.

ધમકી અને ઠપકાથી ડગ્યા વિના વાહણ કહે છે :

*શરણ જગિ ધર્મવિણ કો નહિ.*

શરણ હોય તો માત્ર ધર્મનું. બીજા શરણ તો નામના જ. ધર્મને શરણે જનારનું ધર્મ પૂરું રક્ષણ કરે છે. ધર્મનું શરણું લેનાર યશસ્વી બને છે. નિર્ભય બને છે.'

હવે પછીની આખી ઢાળ (દશમી) ભાષા કર્મની પ્રભુતાનો અનુભવ કરાવે છે. વિપત્તિ આવે છે અને હેરાનગતિ વેઠવી પડે છે અને વિપત્તિ નાશ ધર્મ દ્વારા થાય છે. આ વાતની સાહિત્યિક ઊંચાઈથી ઉપાધ્યાયજી મહારાજ રજૂઆત કરે છે. વિપત્તિ અને હેરાનગતિનું વર્ણન વાહણ કરે એટલે એની દુનિયાની વાતો જ આવે. વાહણની દુનિયા એટલે દરિયાની દુનિયા. દરિયો, દરિયાના મુસાફરો, તોફાન અને ચાંચિયાઓ અને જહાજી યુદ્ધો અને એવું બધું. વાહણ છટાદાર રજૂઆત કરે છે :

*કાલ વિકરાલ કરવાલ ઉલાળતો, ફૂંક મૂકે પ્રબલ વ્યાલ સિરખી.*

વાહણો સાયર પરથી શાન્તિથી સરકતા હોય છે અને અચાનક દૂરથી વાહણોનો બીજો કાફલો આવતો દેખાય છે. પહેલાં તો કાળા ટપકાં જ લાગે. અનુભવી આંખો એટલા પરથી જ ઓળખી લે કે આ તો ચાંચિયાઓ આવ્યા. ‘‘સમાલ બેલી’’ની ચીસોથી વાહણો ગાજી ઊઠે. વાહણો વ્યૂહાત્મક રીતે ગોઠવાઈ જાય. ખલાસીઓ તૂતક પર પૂરી તાકાતથી જવાબ આપવા હાજર થઈ જાય. વડો નૌકાધ્યક્ષ આદેશો આપતો જાય છે અને આવતો કાફલો કેવો વ્યૂહ અપનાવે છે તે જોઈને ફેરફાર કરતો જાય. ચાંચિયાઓ નજીક આવે. એમનો કાફલો વ્યૂહાનુસાર ગોઠવાય. એમની ચીસો ભયાનક પડઘા પાડતી રહે અને વેપારી-કાફલાનું મનોબળ ઘટાડતી રહે. કાફલો મોટો થતો જાય અને વેપારીઓ ઘેરાઈ જાય. દરેક વાહણોની અડોઅડ ચાંચિયાઓ વાહણો લાવી દે. પછી શું થાય ?

*જૂઠ અતિ દુઠ જન સુખ સરમોહતા, યમ મહિષ સાંભરે જેહ નિરખી.*

ચાંચિયાઓ પોતાના વાહણોના કઠેડા પર ચડવાની તૈયારી કરવા લાગે. એ લોકો એમ કરતી વખતે પોતાની તલવારો હવામાં વીંઝતા હોય. એમના ચહેરા ભયાનક હોય. એમના મોઢામાંથી અશ્રાવ્ય શબ્દો ફેંકાતા હોય. એમની બોલી સાંભળીને એમ જ લાગે કે આ તો સાપના મોંમાંથી ફૂંફાડા નીકળે છે. એમને જોઈએ યમરાજાના પાડા જ યાદ આવે. કદાવર અને બેરહમ અને આક્રમણમાં શૂરા.

ખલાસીઓ પ્રતિકાર કરે એટલે તેઓ તરત વાહણોમાં આવી ન શકે. પરિણામે તેમનો પિત્તો જાય. હાથમાં ખોફનાક શસ્ત્રો રાખી તેઓ

*ભારિયા ક્રોધ આવે હકાર્યા.*

ગુસ્સાથી ફાટફાટ થઈ જાય. સ્મશાનના ભૂત જેવા, ગુફામાં રહેતા અઘોરી બાવા જેવા, જમરાજના દૂત જેવા એમના દેદાર હોય. તાકાત એમની એવી કે

*અંજનાપૂત નૂતન વકાર્યા.*

હનુમાનોનો નવો અવતાર થયો હોય, તેવું દેખાય પછી અથડામણ થાય.

*હાથિ હથિયાર શિર ટોપ આરોપિયા.*

હથિયારો અને બખ્તરો અને લોખંડી ઢાલો અને ટોપાઓ અને વીરવલયો આ બધા –

*ઝલકતે નૂર બલપૂર.*

સૂરજના તડકામાં ચમકવા લાગે. યુદ્ધ મંડાય તેથી એવું જ લાગે કે દરિયા પર બીજો દરિયો ઘેરાયો છે. વીરરસનો મહાસાગર.

વાહણોની ધજા ફડફડ અવાજ કરતી હવા ભેગી હાલતી હોય. તેના વિવાધ વર્ણો ચળકાટ રેલાવતા હોય.

આ જોતા એમ લાગે કે રણલક્ષ્મીના હૃદય પર પંચવર્ણી કંચુકી બંધ વિરાજે છે. લડવૈયાઓને જોર ચડે તે માટે તોસ્તાન વાજીંત્રો ગડગડે છે. ભેળભેળાનું યુદ્ધ શરૂ થાય છે. રણ ખેલાડીઓ –

*કેવલી ઘાઉ દિએ મૂછ મોડી.*

ઘા દેતા જાય છે અને મૂછને તાવ પણ દેતા જાય છે. તલવારથી કપાયેલા શિરો ઉછળવા માંડે છે. યુદ્ધના ઢોલ વાગતા રહે છે. ભાલાઓ ચમકતા રહે છે. કલ્પના જોડાય છે. કપાતાં શિરો તે વાદળા છે. વાગતા ઢોલ તે વાદળનો ગર્જારવ છે. ચમકતા ભાલા તે વીજળી છે. લોહીના રેલા વહી જાય છે તે શું છે ? ક્રૂરરસરૂપી હાથીના માથે ચોપડેલું સિંદૂર છે. પરાક્રમીઓ યુદ્ધના ક્ષેત્રને ઘમરોળી નાંખે છે. ડરપોક લોકો માથું દબાવીને બેસી પડે છે. પછી નવો ખેલ મંડાય છે.

*ભંડ બ્રહ્મંડ નવખંડ જે કરી શકે ઊછલે તેહવા નાલિગોળા.*

બ્રહ્માંડના સેંકડો ટુકડા કરી નાખે તેવા તોપગોળા ફૂટે છે. આગની જાળ ચોમેર વિસ્તરે છે. એવું લાગે છે કે યુદ્ધ જોવામાં એકતાન થઈ ગયેલા જમરાજના આ લાલચોળ ડોળા છે. સળગતા તોપગોળા તે જમરાજના લાલ ડોળા. છે ને અનુપ્રાસ ?

ચાંચિયાઓની કારી ફાવતી નથી. ગુસ્સામાં તેઓ ગાંડા થઈ જાય છે. આડેધડ અગનગોળા તેઓ રાડારાડ કરવા સાથે ફેંકે છે. વાહણનો કોઈ સુભટ મરણિયો થઈને તીર વરસાવે છે. આ ખેલ જોઈ બંદિજનો વાહવાહ વદે છે. ચાંચિયાઓના હાલ કેવા થાય છે ?

*ઉસરી ચોર જલિ સોર બહુ પાથરઈ.*

તેઓ ટપોટપ સાયરના નીર પણ ઊતરી પડે છે. તેઓ તેલ ઢોળીને પાણી પર આગ લગાડવા માંડે છે. આગ ભડકી ઊઠે છે...'

વાહણ આટલી વાત કર્યા બાદ કહે છે :

*ખાલતો બાલતો ટાળતો દર્પ તુજ તેહ તૂં દેખતો કિમ ન જાગે ?*

તારો ગર્વ ખલાસ થઈ જાય, તારો ગર્વ બળી મરે, તારો ગર્વ ટળી મરે, તેવી આગ તારા શિરે ભડકી ઊઠે છે. તું કશું કરી શકતો નથી. આ આગ અમને અડકે છે. અમારી પર આગ લપેટાય છે. ત્યારે તારું કર્તવ્ય છે કે અમને બચાવે, કારણ કે તું એમ માને છે કે તે અમે શરણું આપ્યું છે. આવી વેળાએ તારું શરણાગત વાત્સલ્ય ક્યાં જતું રહે છે ? તું કશું જ કરી શકતો નથી. તે બતાવી આપે છે કે તું શરણદાતા નથી અને શરણદાતા બનવાને લાયક પણ નથી.'

મૂળ વૃતાંત  આગળ વધે છે : સાયરમાં વિસ્તરેલી આગથી શેષનાગ પણ સરવળે છે. પૃથ્વી હલચલ મચાવે છે. સાયર ખળભળી ઊઠે છે. ડરપોક લોકો આગ જોઈને ચક્કર ખાઈ જાય છે. પરાક્રમી સુભટોનો જુસ્સો વધતો જાય છે. આ આગમાં પણ પરાક્રમી સુભટો ચાંચિયાઓનો ખાત્મો બોલાવી દે છે. આવી સાહસિકતાથી દેવો હરખાય છે. છેલ્લું ચિત્ર મજાનું છે. સતત બાણો વરસતા રહે છે. આ બાણો દ્વારા અવકાશમાં જાણે રેખાઓ અંકિત થઈ જાય છે.

*બાણ બહુ ધૂમથી તિમિર પસરે સબલ.*

એટલા બધા બાણ વરસે છે કે કશું સૂઝતું જ નથી. ધુમાડાથી વાતાવરણ ભરાઈ જાય તેમ બાણથી ભરાઈ જાય છે. ધુમાડાથી અંધારું ફેલાઈ જાય એટલે કામકાજ અટકી પડે. બાણથી કામકાજ અટકી પડ્યા અને એ જ અંધારું. બાણના સૂસવાટા અને ધનુષના ટંકારનો અવાજ તો જાણે - *કૌતુકી અમરના ડમરું ડમકે.*

વાહણ કહે છે :

*એહવે રણ શરણ તૂં કિસ્યૂં મુજ કરે ?*

આવી લડાઈ મચે છે ત્યારે તું મને બચાવે છે ? નહીં જ. મને બચાવે છે માત્ર ધર્મ. તું તો દાંત કાઢીને દુર્જનની જેમ તમાશો જુએ છે. તું શું શરણ

આપી શકવાનો ?' વાહણની વાતનો મોડ જબરો છે. રસાળ યુદ્ધકથા કરીને તે દોષારોપણ સાયરના શિરે કરે છે.

સાયર કંઈ ઓછો નથી. એ વળતું પરખાવે છે. એ કહે છે : વાહણ તું તારા જ પાપનું ફળ ભોગવે છે. મારી અપેક્ષા રાખવી હતી તો પાપ શીદને કર્યું. પાપમાં મજા કરવી અને પાપ પીપળે ચડે ત્યારે ગરજ બતાવીને ફાંફા મારવા એ બેવડી નીતિ છે. તારે સહેવું પડે છે તેમાં મારો ફાળો જરાય નથી હોતો. તારા પાપથી જ તારે સહન કરવું પડે છે. આટલું ઓછું હોય તેમ એહ

*મુજ નિંદા કરી સ્યો અધિકો ફલ ભોગ.*

પાપ ભોગવીનેય તું પાપની પ્રવૃત્તિ ચાલુ જ રાખે છે. જૂના પાપ તને ઓછા લાગે છે તેથી તું મારી એટલે કે તારા શરણદાતાની નિંદા કરે છે. પછી, તકલીફ આવે ત્યારે સહાયની અપેક્ષા રાખે છે. તારી વૃત્તિ પણ જબરી છે. બેવડા કાટલા રાખીને તું સજ્જન થવા માંગે છે. પણ તારું પાપ તને કાયમ નડવાનું જ છે. તારા પાપનાં ફળ રૂપે જ તારા પેટમાં ખીલાં ઠોંકાયા છે. તને દોરીથી કચકચાવીને બંધાય છે, તે તારા જ પાપનું ફળ. તારા પોલા ઉંદરમાં ધૂળ અને પથરા મૂકવામાં કશી તકલીફ નથી પડતી. તારું ઊંડું પેટ ભરવા આ બે જ વસ્તુ કામની છે. તારી ગતિ પણ હવાના આધારે હોય છે.' સાયરના શબ્દોમાં :

*વાય ભર્યો ભચકે ઘણું તૂં જગિ ખરો અજાણ.*

તનેં શું સંઘરવું તેનું ભાન નથી. શાનાથી પેટ ભરાય તેની ગમ નથી. હવાના ઝપાટે તું ઓડકાર ખાવા માંડે છે. તું અજ્ઞાન છે. સાચ્ચો અજ્ઞાન.

વાહણ તોડી પાડે છે. એ કહે છે : રે, સાયર, તું પણ બાકી જબરી જડતા બતાવે છે.

*દેખો છો ગિરિ પ્રજલતો, નવિ નિજ પગવિચ અગ્નિ.*

તું એવો તો જડ છે કે તને દૂર સળગતો પહાડ દેખાય છે. પણ પગ નીચે લાગેલી આગ દેખાતી નથી. તારી હાલત એવી છે કે તારામાં દોષોનો સુમાર નથી અને બીજાના દોષો તારે દૂર કરવા છે. તું પહેલાં તારું સંભાળ. તું અવિચળ હોય તો મેરૂમંથન વખતે ઘમરોળાયો કેવી રીતે ? તું નીરભર્યો છે તો રામના એક તીરથી તું સળગી કેવી રીતે ગયો ? તું સુસ્થિર છે તો

પાતાળકળશના પવનથી ઘવાઈને શીદ લોથપોથ લઈ જાય છે ? શું કામ તું ઓટ વેળાએ કચરો ફાંકતો ગંદકી લઈને ઘરભેગો થાય છે ? આ બધા જ તારા પાપનાં ફળ છે. એ તને દેખાતા નથી. તારે બીજાના જ દોષ જોવા છે. તારે બીજાને પાપી સાબિત કરવા છે. તારા પાપ ઢાંકવા તું બીજાને પાપી કહે છે તે યોગ્ય નથી. પોતાના દોષને સ્વીકારવાની વાત તો બાજુ પર રહી, બીજા પર દોષ પરાણે ઠોકી બેસાડવા અને પોતાની નિર્દોષતાની વાતો કરવી આ બધું તને શોભતું નથી.'

આ સાથે બન્નેનો મિજાજ ગયો. બન્ને સાચેસાચ આક્રોશમાં આવી ગયા. બન્ને હવે છેલ્લો દાવ માંડીને ફેંસલો લાવવા માંગે છે. સાચી વાતને સાંભળનાર અને સાચી વાતને સંભળાવનાર બન્ને માટે આક્રોશ ખતરનાક છે. આક્રોશ આવે છે તે સૂચવે છે કે આપણને કશોક ડંખ છે. અંદર કશુંક દાઝી રહ્યું છે. છતાં સાચનો ડંખ અને જૂઠનો ડંખ અલગ પડી જાય છે. વર્તન અને વાણી દ્વારા આ અલગાવ દેખાય છે.

•

## ૧૮

# આખરે વાહણ જીતે છે

**સા**યરને વાહણે મૂર્ખ કહ્યો. ગધેડા જેવો મૂઢ કહ્યો તેથી એનો પિત્તો ગયો.

*એહને વયણે રે હવે કોપઈ ચડ્યો,*
*સાયર પામ્યો રે ક્ષોભ.*

સાયરનો ગુસ્સો, ગર્વ અને નિષ્ફળતાના દ્વેષમાંથી પેદા થાય છે. વાહણને ચૂપ કરવાની હોંશ રાખીને તે વાત લંબાવતો રહ્યો. વાહણની કડવી વાતો સાંભળી તે એનો ઉપહાસ કરવા લાગ્યો. વાહણના કટાક્ષો ગળી ખાધા તે એની બાજી બગાડવા. પણ આખરે બધું જ માથે પડ્યું. ચૂપ પોતાને થવું પડ્યું. ઉપહાસ પોતાનો થયો. બાજી પોતાની બગડી. આ નિષ્ફળતા હતી. એ નડી એટલા માટે કે ગર્વને કારણે તે વધુ મોટી દેખાઈ. નિષ્ફળતા બહુ આઘાતજનક નથી. નિષ્ફળતા સાથે આપણી માન્યતાઓ જોડાય છે, ત્યારે તે અસહ્ય બની જાય છે. ગર્વ જાળવવાના પ્રયાસો ચાલુ હોય તે વખતે નિષ્ફળતાનો નાનો ટકોરો પણ હથોડાની જેમ વાગે છે. ગર્વ માટે નિષ્ફળતા અત્યંત દુઃખદ બને છે. નિષ્ફળતા એટલે

ગર્વનો ભંગ તેવું લાગે છે. હકીકતમાં નિષ્ફળતા માત્ર સાંયોગિક ઘટના છે. ગર્વ એને જીવન મરણનો સવાલ બનાવી દે છે. સફળતા મળે તો ગર્વ સાતમા આસમાને લઈ જાય છે અને નિષ્ફળતા મળે તો, ગર્વ આકાશ તૂટી પડ્યું હોય તેવો અનુભવ કરાવે છે. સાયર નિષ્ફળ નહોતો થયો, એ વાહણની વાત સમજ્યો હોત તો નિષ્ફળતાની કલ્પના પણ ન આવત. પરંતુ વાહણની વાતને એ ગર્વના કાને સાંભળતો રહ્યો એટલે સાચી વાત ઉપેક્ષિત રહી અને એનો વિકરાળ કોપ પ્રકટ થયો.

વાવાઝોડું ફૂંકાય તેમ પવન ફૂંકાયો. પવનના ઝપાટે પાણી અદ્ધર ચડ્યું. એટલું અદ્ધર કે આભને આંબી ગયું. ઉછળતાં નીર આભને ટકરાઈને, આભમાં ગાબડું પાડીને જાણે નીચે આવ્યા અને શિખરોના સમૂહો ભાંગી પડ્યા. સાયર તોફાને ચડ્યો. વાતાવરણ બદલાયું. આકાશમાં વાદળા ઘેરાયા. વીજળી ઝબૂકી. ગર્જારવ થવા માંડ્યો. કલ્પના ઉપસ્થિત થાય છે : તોફાની સાયર તે ભૂત છે. વીજનો ચમકાર તે ભૂતનું હાસ્ય છે. વાદળનો ગર્જારવ તે ભૂતના હાથમાં રહેલા ડમરૂનો અવાજ છે. *'ડમ ડમ ડમરૂ વિલાસ'* પાણીની સાથે મહામત્સ્યો આકાશમાં ઉછળે છે. પાણીમાં રહીને તેઓ પૂંછડી વાંકી વાળે છે. આ દૃશ્ય વેપારીઓ જુએ છે. પહેલાં તો કોઈ દ્વીપની માટીવાળી જમીન લાગે પણ પછી આકાર સ્પષ્ટ થયો. વિરાટ દેહ અને દેહની અપેક્ષાએ અત્યંત સ્ફૂર્તિભરી છટપટાહટ, આવા એક નહીં અનેક મત્સ્યો આભમાં ઉછળતા હતા એ જોઈને વહાણવાસીઓને એમ લાગ્યું કે *ધૂમકેતુ શત શંક.* આ સેંકડો ધૂમકેતુ આવી પડ્યા છે. સાયરના તોફાનથી અંધારું છવાતું ગયું. કલ્પના મુજબ વાહણનો ગુસ્સો તે આગ છે. આગમાંથી ધૂમાડાનો પ્રવાહ બહાર આવે છે. અંધારું તે ધુમાડા છે. અંધારામાં કે ધુમાડામાં આંખ નકામી બની જાય છે. તેથી

*ભયભય ત્રાસે રે મશક પરિ તદા, વાહણ લોક હજાર.*

ધુમાડાથી મચ્છરો ત્રાસી જાય તેમ અંધારાથી વાહણવાસીજનો ત્રાસી ગયા. વાહણની ચોમેર બાંધેલા દોરડા તૂટવા માંડે છે. દોરડાં તૂટે એટલે વાહણની સમતુલા જોખમાય. વિપદાને વાહણવાસીઓ જોતા રહ્યા. એમનાથી કશું થાય તેમ ન હતું. ફૂલના બીંટને તોડી નાખવું સરળ છે. સાયર માટે વાહણના લાંબા લંગરો તોડી નાખવા સરળ હતા. સાયરના જોરે તે લંગરો

તૂટીને દૂર ફેંકાવા માંડ્યા. વાહણની વ્યવસ્થા તૂટવા માંડે છે.

વાહણના કૂવાથંભના છેડે એક પાંજરું રાખવામાં આવે છે. એમાં એક માણસ બેસાડવામાં આવે. એને પિંજરિયો કહેવાય. એ સાયરના ચારે ખૂણે દૂર દૂર નજર નાંખતો રહે. વાતાવરણની, અનુભવી આંખો કરતી રહે. હવાના ઝપાટામાં માણસ ઊડી ન જાય માટે તે પિંજરામાં બેસતો હોય. પિંજરું વજનદાર હોય છે. આખું પિંજરું સાયર તોફાને ચડ્યો ત્યારે આકાશમાં ઉલાળા લેવા માંડ્યું. હવામાં કાગળ ફરફરે તેમ પિંજરું ફરફરવા માંડ્યું. વેપારીઓને બેસવા તૂતક પર નાનામોટા મંડપો અને આસનો બંધાયા હતા તે ઝપાટામાં તૂટવા લાગ્યા. વાહણના નાના સ્તંભો, દોરડા તૂટ્યા તેથી આડાઅવળા પડવા લાગ્યા. ધ્વજાના દંડ ઢળી પડ્યા. વાહણનો મુખ્ય આધાર કૂવાથંભ હોય છે. કૂવાથંભની સાથે સઢ જોડાય. સઢના આધારે દિશાનુસારી ગતિ સધાય. સાયરે કૂવાસ્થંભના ટુકડા કરી નાંખ્યા. વાહણો ખોટી દિશામાં ખેંચાયા. ખોટી જગ્યાએ આવી પહોંચ્યા.

સાયરમાં સપાટી પર સમાન દેખાતાં નીર ભીતરમાં અલગ દુનિયા છૂપાવી બેઠા હોય છે. અમુક વિસ્તારમાં પાણીની સપાટીથી સહેજ જ નીચે શિલાખંડો ધાર ઊંચી કરીને કુદરતી રીતે ગોઠવાયા હોય છે. વાહણો આ વિસ્તારમાં જાય એટલે તેમના મજબૂત પાટિયા તૂટે જ. સાયર વાચાળ વાહણના કાફલાને આવા જોખમી વિસ્તારમાં લઈ આવ્યો. પરિણામે -

*સબલ શિલા વચિ ભાંગા પાટીયા, ઊછલતે જલ ગોટ.*

વાહણમાં ગાબડાં પડ્યા અને પાણીનો પ્રવાહ અંદર પ્રવેશ્યો. અહીં સુંદર કલ્પના થઈ છે. વાહણે પોતાના આશ્રિતોના જીવન જોખમમાં છે તે જોયું. પોતે એમને બચાવી શકે તેમ નથી તે એને સમજાયું. આશ્રિતોનું દુઃખ એ સહી ન શક્યું અને એનું હૈયું ફાટી પડ્યું.

*આશ્રિત દુઃખથી રે વાહણ તણો હુઓ માનું હૃદયનો ફોટ.*

આ તોફાન અચાનક થયું. લોકો ડરના માર્યા ધ્રુજવા લાગ્યા.

*કાયર રોવે રે ધીર તે ધૃતિ ધરી પરમેશ્વર સમરંત.*

ગભરુ લોકો રોવા માંડ્યા અને ધીરજ ને ધૈર્ય રાખીને પ્રભુને સમરવા લાગ્યા. વાહણની અને વાહણવાસી જનોની હાલત ખરાબ હતી. આ તો હજી

શરૂઆત હતી. બાજી તો હજી હવે પૂરી થવાની હતી. વાહણને સમાધાનની તક આપવા વચલો પક્ષ હાજર થાય છે. જે જીતે તે રાજા. એ ન્યાયે રાજા સાયર હતો. એણે વાહણને ખોખરો કરી નાખ્યો હતો. વાહણને પૂરો કરી નાખવા એ તૈયાર જ હતો. પણ એ પૂર્વે વાહણ માફી માંગી લે તો એ ઉદાર બનવા પણ રાજી હતો. એણે પોતાના હજૂરિયાઓ વાહણને છેલ્લી તક આપવા મોકલ્યા.

*વિચિ આવી વાણી વદે ઉદધિકુમાર તાલકખ.*

ઉદધિકુમાર દેવો તરંગરૂપે વાહણ પાસે ધસી આવ્યા અને કહેવા લાગ્યા :

*વાહણ ન કીજે સર્વથા મોટા સાથે ઝૂઝ.*

તારે મોટા સાથે જુદ્ધે ચડવું ન જોઈએ. તું તારી ભૂલનું પરિણામ જોઈ રહ્યો છે. હજી માફી માંગીને જુદ્ધ રોકી લે. નહીં તો આ દરિયાઈ તોફાન તને ક્યાંય તાણી જશે. તારે બચવું હોય તો સાયર સાથે સમાધાન કરી લે. તું સમાધાન કરીશ તો -

*વિકટ સંકટ ટલી સબ દૂર. ફિરિ સજ થઈ વાજઈ તુંજ તૂર.*

તારા પરનું સંકટ ટળી જશે. તારા સાજનમાજન ફરી સજ્જ થઈ જશે અને તૂતક પર ફરી વાજિંત્રો વાગવા માંડશે. તું માફી માંગશે એટલે સાયરનો કોપ ટળી જશે. સાયર તો મહામાનવ છે.

*ગિરૂઆ તે જગિ સરલ સુબોધ.*

મોટા માણસ તો તરત માફી આપી દે. તારે કાલાવાલા પણ કરવા નહીં પડે. સાયર સાથે રહીને સાયર સાથે વેર બાંધવું તને પરવડે તેમ નથી. તું, વેપારીઓને અપાર સમૃદ્ધિ આપે છે તે અમારા સાયરદેવની કૃપાથી જ. એ કોપે ચડે પછી તો

*તસ કુનજરિ જન થાઈ ખ્વાર.*

તારા બધા જ સમૃદ્ધિ ડૂબી જવાની.

સાયરે તને ઉછેર્યો, તને લાડકોડ લડાવી દુનિયા આખી દેખાડી, તેની સેવા કરવામાં નાનપ શાની ? તેની સાથે સ્પર્ધા ન કરાય. મોટા પુરુષોની કૃપા રંકને રાજા બનાવે. એમની અવગણના જીવતરને ધૂળ કરી દે. આ

સાયરદેવની પૂર્વપરંપરા પવિત્ર છે. એનામાં લોકપાલ દેવોનો અંશ ધબકે છે. એમની સેવાનો લાભ પણ ભાગ્યવાનને જ મળે. હું તને કહું છું તે તારા હિત માટે. તું હિત તત્ત્વોથી અજાણ પણ નથી. અવસર ઓળખીને તું કરવા લાયક ક્ષમાપના કરી લે. તારા બેહાલ થયા છે તેની ફિકર ન કર.

*હુકર દિએ જો સાહિબ ધીર, તો અમ્હે સાધુ તુજ શરીર.*

તું મારા માલિકની માફી માગે એ જ પળે મને તે હુકમ કરશે અને તારી બેહાલીને હું ટાળી દઈશ.

*મેલ કરો અમ્હ વયણે પોત ! જિમ તુજ હુઈ જગ જસ ઉદ્યોત.*

તું સાયર સાથે સમાધાન કરીશ તો તને બચવા તો મળશે જ, જગતમાં પણ તારી નમ્રતાના ગુણગાન ગવાશે. ચોરાશી બંદરના દરવાજા તને જોવા મળશે.

આ વાતોમાં ધમકી હતી કે ચેતવણી તે વિચારવાનું વાહણે મુનાસિબ ન માન્યું. તેણે વળતો જવાબ આપ્યો. આ કદાચ છેલ્લો જવાબ હતો. વાહણનું બોલવાનું કામ પૂરું થઈ જવાનું છે. એ હવે માત્ર સહન કરવાની તૈયારી બતાવે છે. સાચી વાત બોલનારે અપમાન અને ધમકીથી પર થઈ જવું જોઈએ. સાચી વાત બોલવા માટે હિંમત તો જોઈએ જ, વધુમાં લાંબાગાળાની સહનશક્તિ જોઈએ. સાચા હોવું અને સાચા રહેવું અને સાચા ટકી રહેવું ત્રણેય જરૂરી છે. સાચો રહેનારો પણ બાંધછોડ કરીને સમાધાન કરે તો સાચા તરીકે ટકી શકતો નથી. વાહણે સાચી વાત કરી તે સાચો હતો માટે. સાયરની ધમકી એણે અવગણી. તે સાચા રહેવા માટે જ. હવે ખાનાખરાબી વેઠ્યા બાદ પણ તેને સમાધાનની તક મળે છે. તે એને નકારે છે કેમકે એને સાચા તરીકે ટકી રહેવું છે.

એ જરાય ક્ષોભ વિના ઉદધિકુમારને કહે છે :

*પખ્ય તુમ્હે પોખ્યો ખરો. નિજ સાહિબનો દેવ !*

દેવ, તે તારા માલિકનો સરસ બચાવ કર્યો છે. તારી અંધશ્રદ્ધા તને સલામત. તારો માલિક સાચી વાતને સ્વીકારી નથી શકતો.સાચી વાત કહેનારને તે વાચાળ માને છે. સાચને પારખવાની શક્તિ પોતાનામાં નથી એટલે બીજામાં પણ ન જ હોય તેમ તે માને છે. મારી સાચી વાત તેને જચતી નથી. એ બહાનું સ્વામીદ્રોહનું કાઢે છે. તું એને સમજાવ કે સ્વામીદ્રોહ કરતાં

મોટું પાપ સત્યદ્રોહ છે. તું મને બચાવીશ પણ સત્યને નહીં બચાવી શકે. હું મને ટાળી દઈશ પણ સત્યને ખડું રાખીશ. હું ગભરાતું પણ નથી. હું તારા માલિકને શરણ માનતું જ નથી. હું તો ધર્મના પરમપાવન શરણને સ્વીકારું છું. મારી રક્ષા એ કરશે. તારી મધ્યસ્થીની મારે કોઈ જરૂર નથી. મારા રક્ષક મને સલામત રાખશે.

*શ્રી નવખંડ જિણંદ તેહનું શરણ કિઓરી,*

મારી સફર ઘોઘા બંદરેથી મંડાઈ છે. ત્યાં દેવાધિદેવ શ્રી નવખંડ પારસનાથ દાદા બિરાજે છે. એ મારા રક્ષક છે. મારી જિંદગીભરની સલામતી એમની છત્રછાયામાં છે. આ પરમાત્માની પ્રતિમા નવ ખંડોમાં વિભક્ત થઈ ગઈ તો આપોઆપ પાછા નવે ખંડ ભેગા થઈ ગયા. આ નવખંડ જે પ્રભાવે એક થયા તે પ્રભાવ મને પણ બચાવશે. આ દાદાના દરબારમાં કરોડો દેવો ઊભા હોય છે. એમનું સ્મરણ પણ વિપત્તિને હરનારું છે.

વાહણનો ભક્તિભાવ તેના મૂળ શબ્દોમાં માણીએ :

*'અરિ કરિ કેસરિ આગે અહિ જલ બંધ રૂજારી,*
*ભાંજઈ અડભય એહ સાહિબ સબલ ભુજા રી.*
*તેજે ઝાક ઝમાલ રવિ પરી જેહ તપેરી,*
*સિદ્ધ અમર મુનિવૃંદ જસ નિત જાપ જપેરી.*
*પતિત પાવન પ્રભુ જાસ રંજે ભગતિરસેરી.*
*તસ દુઃખ હરવા કાજ દેવ અનેક ધસેરી.*
*તે પ્રભુ શરણ કરેઈ. અવર ન આસ કરૂંરી.*
*કુણ લિઈ પત્થર હાથ પામી રયણ ખરૂંરી.'*

વાહણ મૂળ વાત કહે છે :

*જલભય નહીં મુજ દેવ ! સમરે નીલ છબી રી.*
*સ્યૂં કરસ્યેં અંધકાર ઊગ્યે ગયણી રવી રી.*

મારા પ્રભુ તો સૂરજ જેવા છે. એ ઊગે એટલે અંધારું ટળે જ. તારા કોઈ જોખમ મને નથી નડવાના. મારા દેવ તો અનંત કરૂણાનિધાન છે. મને કોઈ જ બીક લાગતી નથી.

*જાઓ તુમ ઉદધિકુમાર ! સાયર-મેલ કિસ્યોરી ?*

સાગર સાથે સમાધાનની વાતો પણ શું અને માફીની કલ્પના પણ શું ? તમે તમારા રસ્તે પડો. મારો પ્રભુ મને બચાવશે.

મારો પ્રભુ તો હું ડૂબીશ તોય મને બચાવશે. એ સાચો સાહિબ છે. તને ગમે તો એક વાત કહું ? તું પણ આ સાયર જેવા નાપાક માલિકને છોડી દે. મેં છોડીને પહેલ કરી છે. તું પરંપરા આગળ વધાર. આપણને મુશ્કેલી નડશે તો આ દાદા તરત બચાવી લેશે.

*લહસ્યૂં જગજસવાદ આરતિ મહીંઅ રતીરી.*

અને આ મુશ્કેલીને ખમી ખાવામાં લાભ જ છે. દાદાની કૃપાએ આપણે દુઃખને સુખની જેમ માણીશું. આપણને જરાય વાંધો નહીં આવે. સાચું કહું છું દોસ્ત ! ખરાબ માલિકની સેવા છોડી અને પાવન થા... વાહણ આ બોલીને અટક્યું. સાયર તો બોલવાનું છોડીને તોડવામાં પડ્યો છે. હવે નથી સાયર બોલવાનો નથી વાહણ બોલવાનું. હવે પડઘા સાંભળવાના છે.

વાહણના છેલ્લા બોલ આમ પણ સારા છે. પરંતુ એ જે પરિસ્થિતિ વચ્ચે બોલે છે તે કારણે તેનું મહત્ત્વ વધી જાય છે. મરણતોલ ઘા શરીર પર લાગ્યા હોય, બોલવાના હોંશ ન હોય, આંખે ઝાંખું દેખાતું હોય, ગળું સખત સૂકાતું હોય, ઘા પર વંટોળની ધૂળ પડતી હોય અને દુશ્મનનો માણસ ગળા પર તલવાર અડાડીને દેશવિરોધી પ્રવૃત્તિમાં સહાય કરવાનું કહે, ના-નો મતલબ મોત નક્કી હોય, ત્યારે દુશ્મનના એ માણસને ધૂત્કારી કાઢીને મોત વહાલું કરી જવું, એ વાંચવા માટે અદ્‌ભુત છે. હકીકતમાં બહુ જ મુશ્કેલ છે. વાહણની હાલત આ દૃષ્ટિએ વિચારવી જોઈએ. એ બોલ્યું, ઉદધિકુમારને એણે પાછા કાઢ્યા ત્યારે એનાં ગાબડામાંથી પાણી ભીતર પેસી રહ્યું હતું. પાણીના ધક્કે વાહણ વારંવાર પથ્થરખંડો સાથે અફળાતું હતું. પાણીનો પ્રવેશ વાહણને ઝડપભેર પાણીમાં ગરક કરી રહ્યો હતો. એ બોલ્યું એની થોડીક જ ક્ષણો પછી તેનો અંતકાળ નક્કી હતો. સમાધાન કરત તો તે જીવી શકત, બચી શકત, સાજું નરવું થઈને મોજ કરી શકત. પણ એણે સાચ સાથે બાંધ છોડ કરી નહીં. તૂટી જઈને પણ એ ટકી રહ્યું. બચવાની શક્યતા નહતી. ડૂબી મરવાનું નક્કી હતું. ત્યારે પણ તેનો પ્રભુ પરનો વિશ્વાસ ચલિત થયો નહીં. પળ બે પળમાં જ એનો અંજામ નિશ્ચિત હતો.

જોકે છેલ્લું અટ્ટહાસ્ય વિધાતાનું હતું. વાહણની અંતિમ વાણી સાંભળીને આકાશમાંથી ખેલ જોતા દેવો ખુશ થઈ ગયા. પોતાના વિમાન સાથે તેઓ વાહણ પાસે આવ્યા. મરણના ભોગે પણ ધર્મનું શરણ ન છોડવાની વાહણની સાત્ત્વિકતાને સત્કારવા-

*કુસુમ વૃષ્ટિ ઉપરિ રચે.*

દૈવી ફૂલો વરસાવ્યા. દેવો પ્રશંસા કરતા બોલ્યા : વાહણ, તારી સાત્ત્વિકતાને ધન્ય છે. મરવાની બીકે બાંધછોડ કરવાની સહજ વાત તેં સ્વીકારી નહીં. તને ધન્યવાદ છે. તારા જેવી સાત્ત્વિકતા ભાગ્યે જ જોવા મળે. સંકટ કાળે અતૂટ રહેવાની તારી મહત્તા અલૌકિક છે. તારી ઉત્તમતાની અમે આરતી ઉતારીએ છીએ.

કહેવાની જરૂર નથી કે દેવોએ વાહણને બચાવી લીધાં. આ જોઈને સમુદ્ર સ્તબ્ધ થઈ ગયો. પોતાના વર્ચસ્વથી પણ વધારે શક્તિશાળી વર્ચસ્વ હોઈ શકે છે તે વાસ્તવિકતા એને માંડ માંડ સમજાઈ. સામે પડવાનું જોખમ એણે લીધું જ નહી. એણે પોતાની સઘળી તાકાત ખર્ચી નાંખેલી. છતાંય વહાણ સલામત બચી ગયું. એણે તરત જ પોતાનું તોફાન સમેટી લીધું. પછી ?

*સુરવર જસ સાંનિધિ કરે, તેહસ્યૂં કેહી રીસ ?*
*ઈમ સાયર પણ ઉપશમી, ધરઈ વાહણ નિજ સીસ.*

સાયરે વાહણને માથે ચડાવ્યું. •

## ૧૯

# વિદાય વચન : ગર્વત્યાગ હિતકાજ

કટોકટી ટળી ગઈ હતી. દરિયાઈ તોફાનમાંથી વહાણો મુક્ત થયા હતા. વાહણવાસીઓ હર્ષથી નાચી ઉઠ્યા હતા. મોતને ડેલે હાથ દઈને તેઓ સલામત પાછા ફર્યા હતા. તેમનાં મન હળવાફૂલ થઈ ગયાં. તેઓ માનવા લાગ્યા કે,

*'પ્રભુ પાસજી નામથી દુ:ખ ટળ્યો હો,...*
*સવિ મલ્યો સુખ સંજોગ'*

વાહણો અખંડ થયા તેના વધામણારૂપે તેમણે વાહણને કેસરના છાંટણાંથી વધાવ્યા. લાલકેસરથી વાહણની તોતીંગ ભીંતો રંગાઈ ગઈ. જાણે સંકટરૂપી રાત ટાળ્યા બાદ પ્રગટતું રક્તરંગી પ્રભાત હોય તેવા વાહણો શોભતા હતા. અતિશય ગરમી પછી વરસાદ વરસે છે. તેમ સંકટરૂપી ગ્રીષ્મઋતુ પરાકાષ્ટાએ પહોંચી અને ત્યાર બાદ હરખરૂપી વરસાદ વરસ્યો. અહીં વાદળોની ગેરહાજરી હોય તે કેમ ચાલે ? આકાશમાંથી ફરકતા ઉજળા ધ્વજો તે વાદળો છે. આનન્દની ઘડીઓ રંગરાગથી માણવાની હોય. વાહણમાં કુદરતી રીતે રંગરાગ ચાલુ થઈ ગયા. કૂવાથંભ બાંધ્યો તે જાણે ઊંચો વાસડો હતો. ઉપર ફરકતી સફેદ ધજા તે નર્તકી હતી.

આનન્દપર્વ આમ ઉજવાતું હતું. વાહણ પર નવેસરથી ઊંચા માંડવા બંધાયા એ જોઈને એવું લાગતું હતું કે વિવાહ થઈ રહ્યો છે.

કૂવાથંભની ટોચ પર પાંજરૂ અને પંજરિયો ગોઠવાઈ ગયા. એમ લાગતું હતું કે જાણે આકાશરૂપી વૃક્ષની ડાળ પર કોઈ નાજુક પોપટ બેઠો છે. વાહણના કુલ નવ સઢ હતા. તે જાણે નવનિધાન અને નવગ્રહની કૃપાવૃષ્ટિ સૂચવતા હતા.

*રાચે માચે નાચે બહુજન સબ હી બનાવત સાજ,*
*વાજે વાજાં હરખનાં હો પામ્યું તે અભિનવ રાજ.*

જાણે નવું રાજ્ય સ્થાપના પામ્યું હોય તેમ સહું નાચતા હતા અને પોતાની શૈલી મુજબ શણગાર સજતા હતા. રાજ્ય સ્થપાયું એટલે રાજ સામગ્રી જોઈએ. તો મેઘાડંબર તે રાજાનું છત્ર છે. શમિયાણો તો સુંદર તૈયાર છે જ. વાહણની બન્ને બાજુ વાહણના ભૂરા મોજાઓ જાણે ચામરરૂપે વીંઝાય છે. રાજા વાહણ છે. રાજયાત્રા આગળ ચાલે છે.

એક ભરતી સાગરમાં હતી, બીજી ભરતી લોકોના દિલમાં હતી, ત્રીજી ભરતી પવનના વેગમાં આવી અને વાહણ પૂરપાટ વેગે ચાલ્યા. પવનની અનુકૂળતાએ પવનની પોતાની ગતિને જ પાછળ પાડી દીધી. વાહણે વેગભરી ગતિના સહારે લોકોના મન પર ગૌરવનો અભિષેક કર્યો. ઝડપભેર સરકતા જહાજ જોઈને જલચર જીવો દૂર ભાગે છે. આ જલચર જીવોના ઓઠાતળે જાણે ગરીબી દૂર નાઠી રહી છે કેમ કે વાહણ તો શ્રીમંતાઈના ઢગલા સાથે લઈને દોડી આવે છે. આમ અતિશય આનંદ સાથે વાહણો ધાર્યા સ્થળે પહોંચ્યાં. તેમને બંદર ઉપર આવતા જોઈને ત્યાંનાં લોકો અને વેપારીઓનો ઉલ્લાસ વધ્યો. લોકોનો ઉલ્લાસ વધ્યો તેથી વાહણોનો જશ પણ વધ્યો.

વેપારીઓએ દુકાનો માંડી મોંઘીદાટ સામગ્રીઓને કારણે તે દુકાનો વિમાન જેવી લાગતી હતી. દુકાનોમાં રત્નોની હારમાળાઓ છે. એ જાણે લક્ષ્મીદેવીના હીરાના હારની તેજધારા છે. સૌનેયા અને રૂપૈયા તો ગણ્યા ગણાતાં નથી. ન્યાયરૂપી વેલડી પર ઉગેલાં ઉજ્જવલ ફૂલ જેવા ધોળા મોતી ત્યાં સોહે છે. લાલ રંગના રત્નો દરેક દુકાને વેચાય છે. આ રત્નોની કાંતિ બજારની જમીન સુધી રેલાય છે. બજારની જમીન લાલ થઈ જાય છે. કલ્પના

બંધાય છે. પગે અળતો લગાડીને તરત જ ફરવા નીકળેલા લક્ષ્મીદેવી બજારમાંથી પસાર થયા હશે અને તેમનાં આ લાલ પગલાં હશે તેવું લાગે છે.

દેશવિદેશના વસ્ત્રો વેચાઈ રહ્યા છે. આમાં અમુક વસ્ત્રો સાચા સોનાની જરીવાળા છે, રત્નોથી જડેલાં છે એ વસ્ત્રોની ગૂંથણી મોંઘેરી છે. વસંતઋતુમાં બગીચા ખીલી ઊઠે અને વિધવિધ સુરભિ રેલાતી રહે તેમ દુકાને દુકાને સુગંધી તેલની સુરભિ રેલાય છે.

શ્યામવર્ણની કસ્તૂરીના ઢગ વેચાણ માટે દુકાનમાં ખડકાયા છે. એની મઘમઘતી સુગંધથી ખેંચાઈ આવેલા ભમરા એને ચોંટી પડ્યા છે. શ્યામ વર્ણના ભમરા કસ્તૂરી સાથે એવા એકરૂપ બની જાય છે કે તે કસ્તૂરી પર બેઠા છે તેમ દેખાતું જ નથી. સવાલ થાય કે ભમરાનો ગુંજારવ તો સંભળાય ને. વાત એમ છે કે બજારમાં ગરદીનો એટલો શોર છે કે ગુંજારવ કાને પડતો નથી. અને કાળાશભરી કસ્તૂરી પર ભમરા નજરે પડતાં નથી. અંબર અને ચન્દન અને અગર અને કપૂરની સુગંધ ફાટપાટ થાય છે. આ સુગંધ રેલાતી જ નથી બલકે ભમરાઓને ગાંડાં બનાવી દે છે. ટૂંકમાં વસાણાં એટલા બધાં છે કે આ બધું દેવલોકમાં પણ નહીં મળતું હોય તેમ લાગે છે.

ભરતીમાં ક્રમસર પાણી વધતું જાય અને ઘુઘવાટ વધતો જાય તેમ બજારમાં માણસો વધતા જાય છે અને ઘોંઘાટ વધતો જાય છે. વેપારીઓએ વેપાર કરીને ધાર્યા કરતાં વધુ સોગુણો વકરો કર્યો. નવી સામગ્રી ખરીદી જહાજમાં ભરી અને ઘરભણી જવા તૈયાર થયા. અનુકૂળ પવન મળતાં વહાણો ઉપડ્યાં. બે પાંખે પંખી ઊડે તેમ સુકાની અને સઢના બળે વાહણ ચાલ્યાં. જહાજની ધ્વજાના દંડ પર કિંકિણીનો મધુર રણકાર થઈ રહ્યો છે તે જાણે લક્ષ્મી દેવીના ઘુંઘરું વાગે છે. વહાણ પાણી ઉલેચતું ધસી રહ્યું છે. વાહણના મધ્યભાગ પર કેસરની અર્ચા કરાઈ છે. કલ્પના આકાર લે છે. વાહણ તે હાથી છે. નીચે રેલાતું નીર તે મદ ઝરે છે. કેસરની અર્ચા તે ગંડસ્થળે ચોંપડેલું સિંદૂર છે.

વાહણ ઝડપથી આગળ વધે છે પણ તે ઉછળતું નથી. અંદરનો સરંજામ સ્થિર રહે, આકંઠ ભરેલી સામગ્રી વેરાય નહીં એવી સ્થિર ગતિથી એ સરે છે. ગુણવત્તાના તોલમાપ કરવા છે ? એક પા પૃથ્વી મૂકો, બીજી પા સ્વર્ગ મૂકો.

બન્નેને ત્રાજવે તોળવા માટે વાહણ તુલાદંડનું કામ કરે છે. મતલબ કે વાહણમાં પાર્થિવ તત્ત્વો છે અને સ્વર્ગીય તત્ત્વો પણ છે.

કામિજનો જેમ કામિનીના હૃદયને જીતી લે, તેમ વાહણે સાગરના મધ્યભાગને જીતી લીધો છે. વાહણ ઉત્સાહથી આગળ વધતા જાય છે. પોતાના ગુણોથી પરાભવ પામેલા સાયરની સહાય એ પૂરા બહુમાનથી સ્વીકારે છે. એમ કરતાં ઘોઘા બંદર દેખાવા માંડ્યું. બંદરેથી સૌ આપણને જોતાં હશે એમ માનીને ખલાસીઓએ વાહણની ટોચ પર લાલ ધજાઓ ફરકાવી. લાલ ધજા દ્વારા તેમણે વેપારીઓનો નગરપ્રેમ કે સ્વજનપ્રેમ પ્રગટ કર્યો, બંદર જોઈને વેપારીજનોના પરિવારે હરખના આવેશમાં આનન્દઘોષ વ્યક્ત કર્યા. એવા પ્રચંડ એ અવાજ હતા કે એ સામે ઇન્દ્રના હાથીની ગર્જના કે વાદળનો ગર્જારવ પણ હળવો લાગે. આનંદના વાજીંત્રો બાજી ઉઠ્યા. લોકો મંગલગીતો ગાવા લાગ્યા. લોકોના વિવિધ અવાજના પડઘા પાડીને સાગરે પોતાનો આનન્દ વ્યક્ત કર્યો. બંદર તરફથી કેટલીય નૌકાઓમાં બેસી નગરજનો સામે લેવા આવ્યા. નૌકા દ્વારા તેઓ વાહણોમાં પહોંચ્યા. સૌ અરસપરસ ભેટ્યા. લાંબા સમયનો વિરહ પૂરો થયો. અને ઘોઘા બંદરના કાંઠે વાહણ આવી પહોંચ્યા. ઘેરઘેર આનન્દ છવાયો. વાહણ પરથી ઉતર્યા બાદ સર્વે વેપારી સૌથી પહેલા શ્રી નવખંડા પારસનાથ દાદાના દરબાર પહોંચ્યા. પ્રભુની કૃપાના બળે આવી શક્યા તેનું ઋણ ચૂકવવા તેઓ પ્રભુને મહામોંઘા આભૂષણો, મોતીના સાથિયા, રત્નોની આંગી સમર્પિત કરે છે. કેશર-ચંદન-બરાસ જેવા સુગંધી દ્રવ્યોથી પ્રભુની પૂજા કરે છે. દેરાસર પર નવી ધજા ચડાવી નવો કળશ શિખર પર મૂકે છે.

ઉપાધ્યાયજી મહારાજે વાહણનો પક્ષપાત કર્યો છે. સંવાદ પૂરો થયો. વાહણ બધી રીતે જીતી ગયું છે. બોલવામાં અને વ્યવહારમાં. છતાં તેની જીતને ઠોસ બનાવવાની જરૂર ઉપાધ્યાયજી મહારાજને લાગી હશે તેથી તેઓ વાહણનો પક્ષ દૃઢ થાય તે માટે છેલ્લી બે કડી ઉમેરે છે :

*ઈણ પરિ જેહના દ્રવ્યનો હો, આવ્યો પ્રભુને ભોગ,*
*સાયરથી મોટું ઠર્યું તે જિંહાજ મિલિ સવિ યોગ.'*

વાહણના ખભે રહેલું દ્રવ્ય પ્રભુ જેવા સર્વોત્તમ પાત્રની ભક્તિમાં વપરાયું તે વાહણની ઊંચી સિદ્ધિ છે વાહણની સામગ્રી આમ તો આખાય

નગરમાં ફેલાઈ જવાની છે. બધાને જ એ કામ લાગવાની છે. વાહણ પોતે સાવ ખાલી થઈ જશે અને નગર આખાના ઘરોને ભરી દેશે આ કાંઈ નાની સૂની મહત્તા નથી પણ તેથીય મોટી વાત એ છે કે વાહણે આણેલી સામગ્રી પ્રભુની પૂજામાં વપરાઈ, પ્રભુના ખોળે મૂકાઈ અને તેય સૌથી પહેલી મૂકાઈ. આ તો ઉત્તમતા જ ગણાય. સાયરના મુકાબલે વાહણે આ રીતે પોતાની શ્રેષ્ઠતા પુરવાર કરી.

આમ સંવાદ પૂરો થયો પૂ. ઉપાધ્યાયજી મહારાજ લખે છે :

*એ ઉપદેશ રચ્યો ભલો હો.*

આ સંવાદ તે માત્ર વાતચીત નથી પણ સળંગ પ્રવાહમાં વહી આવતો ઉપદેશ છે. સત્તર ઢાળ લાંબી વાતચીતનો ઉપદેશ કયો છે ? એક જ.

*ગર્વ ત્યાગ હિત કાજ*

ગર્વનો ત્યાગ કરવો જેવો છે. ગર્વ એટલે અભિમાન અને અભિમાન છોડવું સહેલું નથી. શરીરમાં વહેતું લોહી ગરમ રાખવાની તાકાત ગર્વમાં છે તેમ લખાતું આવ્યું છે.

માણસ પોતાના મહત્ત્વને ઓળખે છે. પોતાનું મહત્ત્વ તે નોંધપાત્ર બનાવવા મથે છે. મહત્ત્વને ટકાવવા માટે તે જાતજાતના નુસખા અપનાવે છે. આ મહત્ત્વને પંપાળવાની વૃત્તિ તે અહં છે. એમાંથી સંઘર્ષો મંડાય છે. ઈર્ષ્યા જનમે છે. આત્મશ્લાઘા અને પરનિંદા ચાલે છે. પોતે સફળ થાય ત્યારે બધો જશ પોતાનો હોય અને નિષ્ફળતા મળે ત્યારે દોષનો ટોપલો બીજાને માથે મૂકાય. બીજા આગળ વધ્યા તે ન ખમાય પોતે પાછળ રહે તે ન જીરવાય. બીજાને ઉતારી પાડવાનું મન થયા કરે. પડતાને પાટુ મારવાનું મન થાય અને ચડતા આગળ ચીપિયો પછાડવાનું મન થાય. બધાની ભૂલ સરળતાથી દેખાય. સલાહ સહજ રીતે અપાય. ઉપદેશ આપવો ગમે પણ સાંભળવો ન ગમે. બીજાની ભૂલ કાઢવી ગમે પણ પોતાની ભૂલ સુધારવી ન ગમે. મોઢામોઢ ગાળ દેવાય ને પીઠ પાછળ ઘોર ખોદાય. આ બધી ગર્વની નિશાનીઓ છે.

કોઈ આપણને કશું જણાવે તો સાંભળવું જોઈએ સાંભળવા ખાતર નહીં પણ પ્રેમથી સાંભળવું જોઈએ. કોઈ આવીને આપણું અપમાન ન કરી જાય તે વિશે જાગૃતિ રાખવાની. દલીલો કોરાણે રહેવી જોઈએ વાતેવાતે બીજાનું

અપમાન કરવાનું અચૂક ફાવી ગયું હોય તો મનનો કાંટો ગર્વના ઝેરથી સીંચાયો છે તે નક્કી થઈ જાય છે. ભૂલ તો બીજાની જ થાય છે અને બીજા બધા ભૂલ કરે જ છે. મારી ભૂલ થાય જ નહીં. અને મારી ભૂલને બતાવવાનો પરવાનો કોઈને મળ્યો નથી. આ જીવનમંત્ર છે. આપણા વર્તુળમાં રહેલી હરકોઈ વ્યક્તિઓ ક્યાંક ને ક્યાંક ભૂલ કરી બેસે છે. અને તે ભૂલને આપણે ચગાવતા રહીએ છીએ. આ રીતે બીજાની નબળાઈ ચગાવીને શું મળે છે ? નથી એ ભૂલ દૂર થઈ શકતી. નથી એ ભૂલ કરનારની આંખો ખૂલતી. આપણે ધારીએ તો એ પણ થાય પણ આપણે તો બીજું જ કંઈ ધારી રાખ્યું હોય છે.

બીજા નબળા પૂરવાર થયા, બીજા ભૂલ્યા, બીજાએ ગરબડ કરી એનો સાફ મતલબ છે કે આપણે નબળા નથી, આપણે ભૂલ્યા નથી, આપણે ગડબડ નથી કરી. પરિણામે આપણો હાથ ઊંચો રહ્યો. આપણો પક્ષ મજબૂત બન્યો. હવે બીજા કરતા આપણે મૂઠી ઊંચેરા માનવી બન્યા. હવે બીજાને સીધા કરી નાંખો. અથવા તો બીજાને ખુલ્લા પાડી દો. સબક શીખવાડી દો. આ જાતનું ઝનૂન ગર્વમાંથી નીપજે છે. બીજાને બચાવી લેવાની ભાવનાનો આવિષ્કાર અલગ રીતે થતો હોય છે. એમાં વ્યક્તિ મહત્ત્વની હોય કે મામૂલી હોય પણ વ્યક્તિગત અદાવત જરાય નથી હોતી. એમાં તો ખોટી બાબતનો ફેલાવો ન થવો જોઈએ તે વાત મહત્ત્વની હોય છે. આ ભાવના હોય તો પારકી પંચાતનો સવાલ રહેતો નથી. મોટે ભાગે આવી કોઈ ભાવના હોતી જ નથી. હોય છે માત્ર મફતની ચોવટવૃત્તિ. મૂળમાં ગર્વ હોય છે. આપણી પાસે કાંઈ નથી, આપણા હાથમાં કાંઈ આવવાનું નથી તે નક્કી છે તો હવે બીજા પાસે કાંઈ રહેવું ન જોઈએ, બીજાને પણ કશું મળવું ન જોઈએ આવી મનહૂસ ગણતરીથી બોલનારાઓ હિત સાધી શકતા નથી. પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે હિત કરવું હોય તો ગર્વનો ત્યાગ કરવો જોઈએ. ગર્વ છૂટે એટલે બીજા અપલક્ષણો આપોઆપ છૂટી જવાના. સરવાળે હિત સધાવાનું.

પૂ. ઉપાધ્યાયજી મહારાજા હવે સંવાદની વાતને સમેટે છે. જે સમયે

*તપગચ્છભૂષણ સોહતા વિજયપ્રભસૂરિરાજ*

*આ. શ્રીવિજયપ્રભસૂરિમ.*

ધરાતલને પાવન કરી રહ્યા હતા. તે સમયે

*શ્રીનયવિજયવિબુધ તણો હો સીસ*

એટલે કે પૂ. યશોવિજયજી મહારાજ આ કૃતિ રચી શક્યા...

*સીસ ભલે ઉલ્લાસ...*

રચનાના કર્તા જણાવે છે કે

*એ ઉપદેશે જે રહે તે પામે સુજસ વિલાસ.*

આ કૃતિ દ્વારા જાણવા મળતો ઉપદેશ જે જીવનમાં ઉતારશે તે સુજલવિલાસ પામશે. ઉપાધ્યાયજી મહારાજ પોતે પોતાની માટે વધુ લખતા નથી. લખવાનું તો આમેય નથી. તેમનું નામ પૂરો ઈતિહાસ સંઘરીને બેઠું છે. એ લખવું એટલે મા આગળ મામાના મા-બાપની વાત કરવી.

છતાં એક વાત બાકી રહે છે. આ કૃતિ શબ્દશઃ જે ઉપદેશ આપે છે તે ખયાલમાં આવી ગયા બાદ પણ કશુંક રહી ગયું છે તેમ લાગે છે. વાહણે ઉપદેશ આપ્યો. આપીને એની બોલતી બંધ કરી. વાત સાચી. સાયર સુધર્યો ? ના. આ જ વાત છે. અહીં ઉપાધ્યાયજી મ.નું વિદાયવચન માણી લેવું જોઈએ.

સામા માણસને સમજાવવાની વૃત્તિ સારી છે. સમજાવવા માટે એને બોલીને ચૂપ કરવો તે કબૂલ છે. તો પણ માણસ સુધરશે તેની કોઈ જ ખાતરી નથી. માણસને બોલતો બંધ કરી દેવાથી તેનું દિલ જીતી શકાતું નથી. માણસને જીતવો હોય તો દલીલથી નહીં પણ દિલથી જીતવો જોઈએ. માત્ર બોલબોલ કરવી કે દલીલબાજી કરવી કે આક્ષેપબાજી કરવી કે મોઢામોઢ સંભળાવી દેવું કે ચૂપ કરી દેવા વગેરે દ્વારા શબ્દો જીતાય છે, માણસ જીતાતો નથી. શબ્દો અટકે છે, માણસની ખરાબી અટકતી નથી. સાચી વાત કરી દેવાથી ફરક ન પડતો હોય તો પછી કશું કહેવાનું જ નહીં. ઉપેક્ષા ભાવના. ના કહેતી વખતે જ યાદ રાખવાનું કે આપણા કહેવાથી ફરક પડશે જ એવું નથી. આ યાદ રાખવાથી ફાયદો એ થાય છે કે સામો માણસ સુધરી જાય તો પણ આપણને ગર્વ થતો નથી. સામો માણસ ન સુધરે તો આપણને સમયના બગાડનો પણ રંજ રહેતો નથી. સામા માણસની એવી ભવિતવ્યતા હોય તો આપણે લાચાર છીએ.

બીજાની ભૂલ બતાવતી વખતે ગર્વનું નડતર ન હોય અને બીજા દ્વારા બતાવાતી આપણી ભૂલ વખતે ગર્વનું નડતર ન હોય તો ઉપાધ્યાયજી મહારાજ જે ઈચ્છે છે તે સિદ્ધ થઈ જાય છે. ●

## ૨૦

# સંવાદનું સરવૈયું

વિચારશીલતા મનુષ્યનો ઉત્તમ ગુણ છે. વાતચીત થાય છે તે સારી હોય, તો તેની પાછળ સારી વિચારશીલતાનો ફાળો સમજવો. વાતચીત બૂરી હોય તો તેનું કારણ છે બૂરી વિચારશીલતા. આ એક વાત છે. પરંતુ ઉપાધ્યાયજી મહારાજા બીજી વાત કહેવા માંગે છે. સારી વાત રજૂ કરનારો સારો જ હોય તેમ ન માનવું. સારી વાત કહેનાર, સારી વાતને હાથો બનાવીને પોતાનું કામ કરાવી લેતો હોય તેવું પણ બને. સાયર અને વાહણ બંને વાતે ચડેલા. ખૂબ બધી વાતો કરી. સારી વાત વાહણે કરી અને બાકીની વાત સાગરે કરી એમ ન મનાય. વાહણે સારી વાતનો સારો ઉપયોગ કર્યો. સાયરે સારી વાતનો સારો ઉપયોગ ન કર્યો. પોતે જે સારી વાત બોલતો હતો તે વાહણને ચૂપ કરવા. પોતે જે વાહણની સારી વાત સાંભળતો હતો તે વાહણની ભૂલ કાઢવા એટલે કે સાયરે સારી વાતને રીતસરની વટાવી. પણ વાહણ સામે એનો ગજ ન વાગ્યો. આ મૂળ વાત છે.

ઉપાધ્યાયજી મહારાજાના આ સંવાદકાવ્યના છેલ્લાં

પ્રકરણમાં આપણે સાયર અને વાહણને ભૂલી જવાના છે. બંને સામસામે આવી ગયેલા, માટે એકનો બચાવ અને બીજાની પીટાઈ કરવાની જરૂર નથી. બંનેને સામસામે લાવનાર ઉપાધ્યાયજી મહારાજા બંનેના મોઢે જે વાતો મૂકે છે, તેનો વિચાર કરવાની જરૂર છે. વિચારણા સાયરતરફી પણ નથી કરવી અને વાહણતરફી પણ નથી કરવી. આ વિચારણા જાતતરફી કરવી છે. ઉપાધ્યાયજી મહારાજા આ પાત્રો દ્વારા આપણી સમક્ષ જે સંદેશો મૂકે છે, તે જ જાણવા જેવો છે.

સારી વસ્તુ હાંસલ કર્યા બાદ કામ પૂરું થઈ જતું નથી, કામ શરૂ થાય છે. જમી લીધા પછી કામ પૂરું થઈ જાય છે એમ આપણને ભલે લાગે પણ જમ્યા પછી કામ શરૂ થાય છે. માટે જ સો ડગલાં ચાલવાની કે વામકુક્ષિ કરવાની સલાહ વૈદું આપે છે. ગુણવાન્ બનવું જરૂરી છે. બની ગયા. કામ હવે જ શરૂ થશે. ગુણો મેળવીને ખાધેલું જીરવવું જોઈએ. ગુણો જીવનમાં અને હૃદયમાં સદી જવા જોઈએ. ગુણો મેળવી લીધા પછી ગુણવત્તાને ટકાવી રાખવી એ વાત તો છે જ. આપણી વાત ગુણવત્તાને આત્મસ્થ બનાવવી જોઈએ એ છે. ગુણો ભીતર હોય છે. ભીતર જ રાખવા જોઈએ. ગુણોનું પ્રદર્શન ન થાય. આપણા મોંએ આપણા ગુણો સામે ચાલીને વ્યક્ત થાય તે ગરીબી છે. ભર્તૃહરિએ કહ્યું છે તેમ, નિજગુણકથા નામનું પાતક સૌથી ખરાબ છે, એક માણસે બધા પાપ કરી લીધા, આખરે, પોતાના ગુણો ગાઈ જોયા. એ દુનિયાનો સૌથી અધમ માણસ બની ગયો.

સારું ત્યારે, બીજા દ્વારા ગુણો ગવડાવાય કે નહીં, મોટા મોટા રાજાઓ પણ આ પ્રવૃત્તિ માન્ય રાખી ચૂક્યા છે. આપણી જાત પર કાબૂ રાખવાની વાત મુખ્ય છે. બીજા ગુણ ગાય ત્યારે આપણો કાબૂ વિચલિત થઈ જાય છે. પ્રશંસા સાંભળીને આપણે પાણીપાણી થઈ જઈએ છીએ. આમાં આપણે આપણી પ્રશંસા કરતા નથી. આ તો આપણી વિરલ સાધનાનું ફળ આપણને મળે છે. આપણી કદર કરનારને રોકાય કેમ ? ગુણવત્તાની પરીક્ષા જ અહીં થાય. ગુણવત્તા પ્રશંસાને ગાંઠતી નથી. ગુણવાન સાચી વાતને સાંભળે. સારી વાતને સાંભળે. પ્રશંસાને કદાપિ નહીં. પ્રશંસા થતી હોય અને એનું લક્ષ્ય આપણે હોઈએ, તો આપણે એ સ્થળ છોડી જવાનું. આ પગલું અમુક વખતે

અવ્યવહારું લાગે તો બીજો રસ્તો છે. મનોમન વિચારવાનું કે આ પ્રશંસા હું ચલાવી લઉં છું તે મારી નબળાઈ છે. આ વિચારવાથી આપણું માથું શરમથી ઝૂકી જશે. *પ્રશંસા સાંભળીને શરમાવું તે ગુણવત્તાની પરાકાષ્ટા છે.* (૧.૧૦)

બીજાને ખરાબ કામ કરતાં જોઈને આપણને દુઃખ થાય છે. એ દુઃખ એટલા માટે થાય છે કે ખરાબ કામ કરવાના કારણે એ હેરાન થશે. એની હેરાનગતિ આપણા હ્રદયમાં અનુકંપા જગવે છે. આપણે એને રોકીએ કે ટોકીએ તો એ આપણો ઉધડો લેશે, પારકી પંચાત છોડવાની સલાહ આપશે. આપણે એને ખરાબ કામ ન કરવાનું કહીએ છીએ તે પારકી પંચાત છે કે નહીં તે પણ વિચારવું પડે છે. ખરાબ કામ કરવું એ એની પોતીકી ઈચ્છા છે. એના ખરાબ કામથી આપણને વ્યક્તિગત નુકશાન કશું જ નથી. કદાચ, કોઈવાર ફાયદો પણ થતો હોય. ખરાબ કામ કરીને એ આબરૂ ગુમાવે તો આપણી આબરૂ સારી રહે અને વધે. એનું ખરાબ કામ આપણને નડતું નથી. તો પણ આપણને એનું એ વર્તન કઠે છે. આપણે એને સમજાવીને પાછો વાળવા ઈચ્છીએ છીએ. ક્યારેક આપણા કહેવાથી એ સુધરી જાય તો આનંદ પણ થાય છે. ન સુધરે અને કહેવાનો અવકાશ ન રહે તો શું કરવું ? મનોમન એના વિશે થોડી ચિંતા કરવી. પારકી ચિંતાનો સવાલ નથી. આ તો આપણા હ્રદયની સ્વચ્છતાનો સવાલ છે. એના વિશે ચિંતા કરવાથી આપણું હ્રદય લાગણી અનુભવે છે. એ ના પાડે અને આપણે એની ઉપેક્ષા કે નિંદા કરીએ તો હ્રદયમાં લાગણીના સ્થાને જડતા આવી જાય છે. આપણે ચિંતા રાખવી. ઠેકો ન રાખવો, ખરાબ પરિણામ આપનારી પ્રવૃત્તિમાં જોડાતા માણસને જોઈને પળભર રંજ અનુભવવો એ લાગણીશીલતા છે. કરુણા ગણી શકાય. (૨.૪)

મહાપુરુષો દરેક યુગમાં અવતરે છે. પોતાના સમયમાં તે સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. ઉપલી હરોળથી માંડીને છેલ્લી હરોળ સુધીના લોકો એમને બહુ માને છે. એમને વ્યક્તિગત જીવન હોય છે, વ્યક્તિગત પસંદ નાપસંદ હોય છે. એમની રુચિ - અરુચિને આપણી સમજ મુજબ મપાય નહીં. આપણી ગુણવત્તાનું કોઈ ઠેકાણું નથી. મહાપુરુષોનાં જીવનની કોઈ પણ ઘટના રહસ્યરૂપ હોય છે, એમના પ્રસંગોમાંથી કાયમ અર્થબોધ મળે. જરૂર દૃષ્ટિ કેળવવાની હોય છે. મહાપુરુષોનું નિજી વર્તન આપણી અધૂરી અક્કલથી

સમજાશે નહીં. મહાપુરુષો વર્તન દ્વારા કશુંક સિદ્ધ કરે છે. આપણે વર્તન દ્વારા કશુંક અધૂરું છોડીએ છીએ. એમની હોડ તો ન જ હોય. એમના દોષ પણ ન જોવાય. એમના ગુણોને પણ આંધળુકિયા કરીને માની ન લેવાય. મહાપુરુષને સમજવાનો પ્રયત્ન થવો જોઈએ. મહાપુરુષોને સમજવા માટે મહાપુરુષ થવું પડે. પસીનો પાડીને પૈસો કમાનાર શ્રીમંત બનવું એટલે શું તે બરોબર સમજી શકે છે. મહાન બનવાથી મહત્તાની પરખ સહજ બની જાય છે. બાકી, ભીખમંગો આદમી પસીનો પાડનારને મૂરખ ગણે તો એ ખૂદ મૂરખ ઠરે છે. મહાન્ બની ન શકીએ, મહાન્ બનવા માટે અપેક્ષિત ગુણો સમજી ન શકીએ ત્યાં સુધી મહાપુરુષની વાતમાં માથું ન મારવું. આપણો અબોધ આપણને નડે તે પૂર્વે જોખમી પરીક્ષા લેવાનું છોડી દેવું જોઈએ. મહાપુરુષનો એમને એમ સ્વીકાર કરવાની વાત નથી. મહાપુરુષને પૂરેપૂરા સમજવા મુશ્કેલ હોય છે તેની વાત છે. તેમને સમજવા પ્રયત્ન કરવો આપણું અજ્ઞાન ખ્યાલમાં રાખવું. દોષદર્શન ઓછું થવા લાગશે. (૨.૧૦)

નાની અને મોટી વસ્તુમાં જીતે કોણ ? બધો આધાર ગુણો પર છે. નાનો ગુણવાન હોય અને મોટો ઓછો ગુણવાન હોય તે પણ સંભવિત છે. સોનું નાના ટુકડા જેટલું પડ્યું હોય અને પથ્થરનો ગંજ ખડકાયો હોય તો પણ જીતે તો સોનું જ. નાના હોવું, દેખાવમાં નાના હોવું અને એ જ રીતે દેખાવમાં મોટા હોવું તે પારાશીશી નથી. સારના આધારે મૂલ્યાંકન થાય છે. આ નાનો છે અને બીજો મોટો છે આ મૂલ્યાંકનની સાચી રીત નથી. गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः એમ કહીને ભવભૂતિ સૂચવે છે કે ઉત્તમતા ઉંમરની અપેક્ષાએ નાનામાં હોઈ શકે છે માટે નાનાને બહુમાનવા. ગર્દીના જોરે સાચા થવાતું નથી. એકાકી પડી જનારો જૂઠો થઈ જતો નથી. ગર્દીમાં વધુ દૂષણો જોવા મળશે. ઢોલ મોટું હોય તો પોલ મોટી જ હોય, કહેવતમાં નથી આવતું ? નબળા બાંધાનો માણસ બુદ્ધિશાળી હોય તો આવકાર પામે છે. કદાવર આદમીમાં બુદ્ધિ ઓછી હોય તો એને પાસે આવવા દેવામાં જોખમ લાગે છે મુદ્દે, સારની જીતને સમજવી જોઈએ. સાર વસ્તુઓ પોતાનું તેજ ટકાવવા બાહ્ય વૈભવની અપેક્ષા નથી રાખતી. (૩.૮)

મુશ્કેલી આપણને પડે છે અને બીજાને પણ પડે છે. મુશ્કેલી વખતે

સહાયની અપેક્ષા રહે છે. આપણે મુશ્કેલીમાં હોઈએ ત્યારે બીજા સહાય ન કરે તો ભલે આપણે બોલતા નથી. પણ મનમાં તો ખોટું લાગે જ છે. આપણી ઓળખાણનું વર્તુળ તટસ્થભાવે આપણી હાલત જોતું રહે તે આપણને અસહ્ય લાગે છે. મુશ્કેલી જતી રહે પછી પણ આનો ડંખ રહી જાય છે. બીજો કોઈ તકલીફમાં પડે ત્યારે આપણને આપણો અનુભવ યાદ આવે છે. વેર વાળવાનું ઝનૂન પડ્યું હોય તે રીતે આપણે એ તકલીફ પ્રતિ સરિયામ તટસ્થ બની જઈએ છીએ. આપણા શિરે ઝીંકાયેલી તકલીફ અને તત્કાલીન ઉપેક્ષા આપણને ત્રાસ આપી ગઈ હતી. આજે એવો ત્રાસ બીજાને પડી રહ્યો છે, તે જાણવા છતાં આપણે બેઠા રહીએ છીએ. આપણને એમ લાગે છે કે આ જ ન્યાય છે.

આપણે ભૂલી જઈએ છીએ કે આપણી તકલીફ વખતની આપણી ઉપેક્ષા વખતે આપણે કેવો અન્યાયબોધ મેળવ્યો હતો. આપણા હાથમાં ન્યાય કે અન્યાયનું કોઈ પાસું નથી. આપણી ફરજ સહાય કરવાની છે. બીજા ફરજ ચૂકે એટલે આપણે ફરજ ચૂકવી તે ન્યાય નથી. દુઃખીની દયા ધાર્મિક યોગ્યતાનો પાયો છે. આપણી કક્ષા મુજબ અને આપણી પરિસ્થિતિ મુજબ સહાય કરવા તત્પર રહેવું જોઈએ. આપણે આખા ગામને સહાય કરી શકવાના નથી. આખું ગામ આપણી સહાય માંગવાનું પણ નથી. છૂટાછવાયા પરેશાન આદમીઓને ચૂપચાપ સહાય કરવી જોઈએ. એના મનમાં હીનતાનો આઘાત ન લાગે તેવા પ્રેમથી સહાય કરવી. આખા ગામમાં ડંકો વગાડી દેવાની ધંધાદારી વૃત્તિથી પર થઈને સહાય કરવી. શક્તિ મર્યાદિત હોય તો સહાય ઓછી કરવી પડે. પણ આપણી હાલતને અનુરૂપ સહાય કરવી જ. આવું કામ કરનારને અને આવું કામ, કહ્યું તે રીતે કરનારને દુનિયા વખાણે છે. એની માણસાઈ સફળ થાય છે. એનો જન્મ કૃતાર્થ બને છે. સહાય કરવાની ભાવનામાં અન્ય ધર્મપ્રવૃત્તિઓને ઠેસ ન પહોંચે તે સાચવવું. અને ધર્મ પ્રવૃત્તિને સાચવવામાં સહાય કરવાનું એટલે કે દુઃખીના દુઃખ ઓછા કરવાનું ન ભૂલાય તે પણ સાચવવું. (૯.૭)

જીવન પછી સૌથી મહત્ત્વની બાબત છે, સંબંધ. સંબંધ ધાગા જેવો નાજુક છે. જરાક ખેંચાય એટલે તૂટે જ. સંબંધનું હૃદય સ્નેહભાવ છે. વિશ્વાસ સંબંધનો શ્વાસ છે. વિશ્વાસ તૂટવાથી શરૂઆત થાય છે અને સ્નેહભાવ

છૂટવાથી સંબંધની પતનની અંતિમ પળ ગણાઈ જાય છે. લાગણીના ધોરણે વાતો થઈ હોય એને તટસ્થભાવે જોવાનું પાપ કરે તે મિત્ર નથી. એક મિત્ર બીજા મિત્રને વાત કરે છે ત્યારે વાતની સાથે તે વિશ્વાસ અને સ્નેહ વ્યક્ત કરતો હોય છે. વાતની ભૂમિકા મૈત્રી છે. મૈત્રીની નજરે વાતો થઈ હોય, મૈત્રીની જીભે એકરાર થયા હોય તેનો અર્થ એટલો જ કે મૈત્રી દઢતા સાધી ચૂકી છે. મૈત્રીના સ્પર્શ વિનાની વાતો અને એવા જ એકરાર વાતો તરીકેનું કે એકરાર તરીકેનું મહત્ત્વ ગુમાવી દે છે. મૈત્રી તૂટે, સંબંધ પૂરો થઈ જાય ત્યારે સ્મરણભૂમિ પર વાતો અને એકરારો ઘુમતા રહે છે. એના દરેક પાસાં પર મૈત્રીની છાપ હતી. સ્નેહનો આવિષ્કાર હતો. વિશ્વાસની ફોરમ હતી. સાચો દોસ્ત મૈત્રી તૂટ્યા પછી પોતાને ગુનેગાર માને છે. સાચો પ્રેમ સ્મૃતિશેષ સંબંધને રેશમની જેમ જાળવે છે.

અતીતમાં સરકી ગયેલો સંબંધ કોઈને કોઈ રીતે વર્તમાન જીવન પર અસર મૂકી ગયો છે. એ અસર જરૂરી હતી, જરૂરી નીવડી પણ છે. છટકવાની બારી ગોત્યા વિના આપણી કબૂલાત સ્પષ્ટ કરી દેવી જોઈએ. સંબંધ પૂરો થાય એટલે જૂના કપડાંની જેમ એને ફાડી ન નખાય અને ફગાવી ન દેવાય. એ સંબંધે એક સમયે આપણી પર વર્ચસ્વ સ્થાપ્યું હતું. આપણે પણ એ સંબંધ દ્વારા વર્ચસ્વ જમાવી ચૂક્યા હતા. આજે વર્ચસ્વ નથી. વ્યક્તિ તો છે જ. એને નકરાવી નથી. એને ઉતારી પાડવી નથી. એને હેરાન કે બદનામ નથી કરવી. એક વખતે એ આપણો અંશ બની ચૂકેલી. આપણે આપણા અતીત અંશને ખંજર બતાવવું નથી. મૈત્રીનો મલાજો જાળવવો જોઈએ (૭.૨)

બોલીને ન બગાડવાની શીખ કાયમ કામ નથી લાગતી. મીઠાશથી વર્તવું દર વખતે મુશ્કેલ હોય છે. આપણો લાભ ન અટકે તે માટે સારી વર્તણૂક અને વાતચીત રાખવાની જરૂરત હોય છે ખરી. પણ આપણા લાભ ખાતર સાચી વાત ઘવાતી હોય તો બહેતર છે કે આપણે સહીને સાચી વાત ટકાવી રાખવી. સાચી વાત સમજી શકે તે ઉત્તમ. સમજીને સમજાવી શકે તે તો સર્વોત્તમ. સાચી વાત સમજાવતી વખતે સ્વસ્થ રહી શકે તે ઉત્તમોત્તમ. ગેરસમજ એક એ છે કે સાચી વાત બોલીએ એટલે કડવું જ લાગે. બીજી ગેરસમજ એ છે કે કડવું બોલીએ એટલે સાચા સાબિત થઈએ. કેમકે કડવું

સાંભળવાથી સામાને ચૂપ થવું જ પડે છે.

યાદ રાખવું જોઈએ કે સાચી વાત સમજાવવાનો અર્થ સામાને ચૂપ કરવો. તે નથી. સાચી વાત દ્વારા સામો પોતાનું નબળું સ્વીકારે તે સારું લક્ષણ છે. સાચી વાત દ્વારા સામો સમસમીને જોતો રહી જાય તે જરા વિચિત્ર છે. સાચી વાત ગળે ઉતરે તે માટે સમજાવવાનું છે. સામા માણસને સમજાવવામાં મહેનત પડે છે, તે વાત સાચી છે, તેમ સાચી વાત સમજવામાં સામા માણસને પણ મહેનત પડે છે તે વાત સાચી જ છે. મહેનત કરતા આપણે અકળાઈએ તેમ એ પણ અકળાઈ શકે. અકળામણ ન થવી જોઈએ તેવો નિયમ નથી. સાથોસાથ સામો માણસ અકળાશે તેમ ધારીને ચૂપ રહેવું પણ યોગ્ય નથી. જોખમ ન આવે તેની તકેદારી રાખવી. જોખમ આવે તો ડરવું નહીં. સાચી વાત પરનું જોખમ ખ્યાલમાં હોય તો આપણી પરનું જોખમ ગૌણ લાગે. સાચી વાત પોતાની સનાતન તેજસ્વિતાના આધારે બચી તો જશે જ. આપણે સાચી વાત ખાતર જોખમ ઉઠાવીએ તે આપણી આધ્યાત્મિક પ્રગતિ છે. ભૌતિક લાભ માટે જોખમ ઉઠાવીને બહુ બરબાદ થયા. એકાદ સાચી વાત માટેનું જોખમ ખેડી લેશું તો તરી જશું.

આવી વાતોનો સંઘર્ષ વ્યક્તિગત સીમામાં બંધાયા વિના થાય તો જ લાભ થાય. માણસને હેરાન કરવા કે બદનામ કરવાં તેની પર સાચી વાતનું ઉપરાણું લઈને ત્રાટકવું નહીં. અને ? સાચી વાતનું ઉપરાણું લેનારને એમ ન કહેવું કે આ બદનામ કરવાનો પ્રયત્ન છે. સાચી વાતને આગળ ધરીને વ્યક્તિગત નિંદા ન કરવી તે વાત કરતાં વધુ મહત્ત્વની વાત એ છે કે સાચી વાતને આગળ ધરનારો, નિંદા જ કરે છે તેમ ન બોલવું. સાચી વાતનો દુરુપયોગ કરનાર નિંદા કરી શકે છે. કબૂલ છે. તેથી કાઈ સાચી વાત કરનાર બધા જ નિંદાખોર છે તેમ બોલાય નહીં. તેમ મનાય પણ નહીં.

એક માણસને બીજા માણસ વગર ન ચાલતું હોય તેને પરાધીનતા કહેવાય ? વિચારવા જેવી વાત છે. જેના વિના ન ચાલે તે માણસે બીજા માણસ પર વર્ચસ્વ જમાવી દીધું છે તેમ કહેવાય ? ના. સંબંધોમાં પરાધીનતા ન જોવાય. સંબંધોમાં અનુરૂપતા જોવાય. અનુરૂપતા તૂટે તે કલ્પી ન શકાય. તેવું મજબૂત જોડાણ થયું હોય ત્યારે પરાધીનતા બાજુ પર રહી જાય છે. સિંહને

વનમાં જ ફાવે છે, પણ સિંહ વનને પરાધીન નથી. એમ જ કહેવું પડે કે સિંહ વનમાં રહે છે તે સિંહને અનુરૂપ છે. વનવાસ એ સિંહની પરાધીનતા નથી પણ અનુરૂપતા છે.

નાના નાના મુદ્દે આ પરાધીનતા અને અનુરૂપતાનો વિચાર કરવા જેવો છે. માણસને તમાકુ વગર ન ચાલે તો તે તમાકુની પરાધીનતા ગણાય, પણ ઝરણાને વહેતાં રહ્યા વિના ન ચાલે તો તે ઝરણાની પરાધીનતા નથી. ઝરણું ગતિને પરાધીન નથી. ગતિ તો ઝરણાની અનુરૂપતા છે. ગતિને કારણે ઝરણું દીપી ઊઠે છે. પરાધીનતામાં આપણું ઓજસ ખોવાઈ જાય છે. અનુરૂપતામાં આપણી આભા પ્રગટતી રહે છે.

પરાધીનતાને અનુરૂપતા ગણાવવાની વાત પણ ખોટી અને અનુરૂપતાને પરાધીનતા ગણાવવાની વાત પણ ખોટી. સાચી વાત એક જ છે : આપણા વ્યક્તિત્વને અજવાળે તે અનુરૂપતા. આપણા વ્યક્તિત્વને દબાવે તે પરાધીનતા(૧૨)

ઉપાધ્યાયજી મહારાજાના શબ્દોમાંથી વહી આવતા વિચારો સમજાઈ જાય તો કામ થઈ જાય. અહીં અભિમાન તોડવાની વાત મુખ્ય છે. અભિમાનના સપ્તરંગી પાસા છે. એ કારણે જ, અભિમાનની વિચારણાના પાસા સપ્તરંગી બની જાય છે. અભિમાન ટળે તો નમ્રતા મળે. નમ્રતા મળે તો બુદ્ધિમત્તા ફળે. આપણા વિચારો દ્વારા આપણે આપણાં અભિમાનનું પોષણ કરતા રહ્યા છીએ. હવે અભિમાનને સમેટી લેવા જેવું છે. સાગરની જેમ માર ખાધા પછી સુધરવું, તે કરતાં જાતે જ સુધરી જવામાં સાર છે. ઉપાધ્યાયજી મહારાજાના આશીર્વાદ આપણી સાથે છે.

•

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિ કૃત

# સમુદ્રવહાણ સંવાદ

## પુરોવચન

'સમુદ્રવહાણ સંવાદ'ના રસાસ્વાદ સાથે બંધુ મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી એ કોબા સ્થિત હસ્તપ્રતના આધારે સંપાદન કરવા ધારેલું તે એમ રહ્યું હતું. પૂ.આ.ભ.શ્રી શીલચંદ્રસૂ.મ.એ અનુસંધાન (અંક) માં સંવાદની પાઠશુદ્ધિ કરેલી તેની નોંધ મૂકી હતી તેના આધારે ગુર્જર સાહિત્ય સંગ્રહની ત્રીજી આવૃત્તિમાં પાઠશુદ્ધિ થઇ હતી. આ જ પાઠનું અહીં પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે. તે સાથે પૂ.આ.ભ.નો લેખ હતો તેને અહીં સમાવ્યો છે.

આ સાથે રાસમાં આવતા અજાણ્યા શબ્દોની અર્થસૂચિ પણ તૈયાર કરીને અહીં સમાવી છે. સંવાદનો સીધો જ રસાસ્વાદ કરવા ઈચ્છતા અભિભાવકોને તે ઉપયોગી બનશે.

ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાય ગ્રંથ[1] પુસ્તકમાં પૂ.ઉપા.શ્રી યશોવિજયજી મ.ના પરિસંવાદમાં શ્રી કનુભાઈ જાનીનો લેખ વિષયોપયોગી હોવાથી અહીં સમાવ્યો છે.

આમ, આ સંસ્કરણમાં પુનઃસંપાદનનું શેષ કાર્ય સંપન્ન કરી પ્રસ્તુત કર્યું છે. આ કાર્યમાં **ભૂપતભાઈ વંશ**નો વિશેષ સહકાર રહ્યો છે. તે માટે તેમને સાધુવાદ.

**કૃતજ્ઞતા :**

મારા પરમ ઉપકારી ગુરુદેવ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા, પિતૃગુરુદેવ પરમ પૂજ્ય મુનિપ્રવરશ્રી **સંવેગરતિ વિજયજી મ.સા.**ની પાવન કૃપા, બંધુમુનિવરશ્રી **પ્રશમરતિવિજયજી મ.**નો સ્નેહભાવ તેમ જ મુનિવરશ્રી **સંયમરતિ વિજયજી મ.,** પરમ પૂજ્ય સાધ્વીજી **શ્રીહર્ષરેખાશ્રીજીમ.**ના શિષ્યા સાધ્વીજી **શ્રીજિનરત્નાશ્રીજી મ.,** સા.

**શ્રી મધુરહંસાશ્રીજી મ.**, સા. **શ્રી ધન્યહંસાશ્રીજી મ.**નો નિરપેક્ષ સહાયકભાવ મારી પ્રત્યેક પ્રવૃત્તિની આધારશિલા છે. તેમના ઉપકારોથી મુક્ત થવું સંભવ નથી.

સંપાદન કાર્યમાં શ્રુતભવન સંશોધન કેંદ્રના બધા શ્રુતસેવીઓએ ભક્તિભાવથી સહકાર્ય કર્યું છે. તેથી તેઓ સાધુવાદને પાત્ર છે.આ ગ્રંથનું યથામતિ શુદ્ધ સંપાદન કરવાનો પ્રયાસ કર્યો છે. તેમ છતાં પણ પ્રમાદવશ કોઇ અશુદ્ધિઓ રહી ગઇ હોય તો વિદ્વાન પાઠકગણ સંપાદકના પ્રમાદને અને ભૂલને ક્ષમા પ્રદાન કરશે તેવી વિનમ્ર પ્રાર્થના છે.

**વિ.સં. ૨૦૭૨,જેઠ સુદ ૧૧** **-વૈરાગ્યરતિવિજય**

**શ્રુતભવન, પૂણે**

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | ‘સમુદ્રવહાણ સંવાદ’ લેખ – કનુભાઈ જાની | ૧૪૧ |
| ૨. | ‘સમુદ્રવહાણ સંવાદ’ લેખ – મુનિ શીલચંદ્રવિજય (પૂ.આ.શ્રી વિ.શીલચંદ્રસૂ.મ.) | ૧૫૦ |
| ૩. | સમુદ્રવહાણ સંવાદ | ૧૫૩ |
| ૪. | પરિશિષ્ટ – શબ્દાર્થ | ૧૮૪ |

# સમુદ્રવહાણ સંવાદ

**- કનુભાઈ જાની**

આજે એક સ્વસ્થ, મૂલ્યનિષ્ઠ સમાજની આપણે ચિંતા લઈને બેઠાં છીએ ત્યારે, છેલ્લાં પાંચસોએક વર્ષના આપણા સામાજિક નવોત્થાનના ત્રણ જૈન/વણિક ભાગીરથો યાદ આવે : આપણે સૌ ગુર્જર ભારતીઓ આ ત્રણ જૈનોના વારસદારો છીએ - જે ત્રણેય ભારતીય જીવનને નવપલ્લવિત કરવા મથ્યા હતા. એક હેમાચાર્ય = બીજા પાણિનિ; બીજા યશોવિજયજી = બીજા શંકરાચાર્ય; અને ત્રીજા ગાંધીજી = બીજા ક્રાઈસ્ટ. એમની શબ્દગંગામાં જૈન-અજૈનનાં દ્વંદ્વો શમે છે, ને પરમ ભારતીયતા એના શુદ્ધ રૂપે પ્રગટે છે. ત્રણેય પોતાની પહેલાંની સમગ્ર ભારતીય ચિંતન-સામગ્રીને ઉથલાવી જઈ, નવદર્શનો બાંધનાર. ત્રણેય વ્યુત્પન્ન પંડિતો છતાં એમની વ્યુત્પત્તિને જનસામાન્ય માટે શબ્દો દ્વારા સરળતાથી વહાવનાર. ત્રણેય ધર્મપરસ્ત છતાં સંપ્રદાયમુક્ત. દંભ, દુરાચાર, બાહ્યાચાર પર યશોવિજયજીના પ્રહારો અખાની યાદ આપે એવા છે :

**નિજગુણ સંચે, મન નવિ ખંચે, ગ્રન્થ ભણિ જન વંચે;**
**લુંચે કેશ ન મુંચે માયા, તે ન રહે વ્રત પંચે.**
**જો કષ્ટે મુનિમારગ પાવે, બળદ થાય તો સારો;**
**ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારો.**

આ ત્રણમાંથી યશોવિજયજીને જાણવામાં આપણે મોડા પડ્યા. પણ જાગ્યા ત્યારથી જાણવું ભલું.

યશોવિજયજીની 'સમુદ્રવાહણ સંવાદ' એ કૃતિ ઠીકઠીક લાંબી છે, છતાં રસ જળવાઈ રહે છે. તેમાં એમની તર્કકુશળતા ને કાવ્યકુશળતા બન્ને કામે

લાગે છે. યોજના એવી છે કે પહેલા દુહા આવે પછી ઢાળ, પછી દુહા પછી ઢાળ - એમ કુલ સત્તર ખંડો છે. અપવાદે છેલ્લે દુહાને સ્થાને છે ચોપાઇ. કાવ્યસમગ્રની ૭૦૦ પંક્તિઓ છે; દુહા-ચોપાઇ ૮૯ છે. દુહાસંખ્યા ને ઢાળમાંની કડીઓની સંખ્યા નિશ્ચિત નથી, પ્રસંગાનુસાર વધતી-ઓછી છે. ઢાળમાં આરંભે કેમ ગાવું તેના જે ઇશારા-નિર્દેશો છે તે આજે ભલે આપણે માટે તુંબડીમાં કાંકરા, પણ ત્યારનાં લોકપ્રચલિત ગીતોના ફૉસિલ્સ છે - બચેલાં ચિહ્નો! એનો અલગ અભ્યાસ, કોઇ સંગીતજ્ઞ, ગીતપ્રેમી વિદ્વાન કરે તો, રસિક બને એમ હું ધારું છું.

દુહાના બંધ પર કવિનો સારો કાબૂ છે. એ હેમાચાર્ય પહેલાંનું લોકમુક્તક, ઉપદેશ ને ચિંતન બંને માટે ઉપયોગી. અહીં કથન, વર્ણન માટે પણ પ્રયોજાય છે. પાત્ર ને પ્રસંગના મુખમાં રહે છતે એ મુક્ત રહીને સૌને કામનુંયે બને છે. દા.ત.સાગર વહાણને કહે છે કે -તું પારકી પંચાત કેમ કરે છે? એનો દુહો જુઓ :

**આપકાજ વિણ જે કરે, મુખરી પરની તાતિ;**
**પરઅવગુણ-વ્યસને હુએ, તે દુ:ખીઆ દિનરાતિ.**

દેશીઓમાં લોકપ્રચલિત ગીતો ઉપરાંત સુગેય માત્રામેળ છંદો પણ છે. દા.ત.ઢાલ ૧૧માં સવૈયા છે. એ વીરસાનુકૂળ, નાટ્યાત્મકતાવાળો, રણહાક જેવો અહીં બની જાય છે. સાગર વહાણને કહે છે કે-હવે જો બોલ્યો તો મારા પવનને છુટ્ટો મૂકીશ, પર્વતવિદારક ભમરીઓ છુટ્ટી મૂકીશ, મારી તળેના શેષશય્યાનો નાગ છુટ્ટો મૂકીશ :

**પવન ઝકોલે દિએ જલભમરી, માનું મદ-મદિરાની ઘૂમરી;**
**તેહમાં શૈલશિખર પણિ તૂટે, હરિશય્યા ફણિબંધ વિછૂટે. (ઢાલ ૧૧, કડી ૭)**

દસમી ઢાળમાં જે ઝૂલણા પ્રયોજ્યો છે તેય સબળ ઉક્તિ માટે! નરસિંહમાં જે પ્રભાતિયું છે તે અહીં દાહક ઉંબાડિયું છે! લોકપરંપરામાં ને ચારણી પરંપરામાં આવું જોવા મળે છે :

**ચોર કરિ સોર મલબારિયા ધારિયા,**
**ભારિયા ક્રોધ આવે હકાર્યા;**

**ભૂત અવધૂત યમદૂત જિમ ભયકરા**
**અંજના-પૂત નૂતન વકાર્યા. (૧૦.૩)**

ઢાળ સાતમીમાંનો હરિગીત જુઓ :

**જલધાર વરસે તેણિ સઘલી હોઈ નવ-પલ્લવ મહી**
**સર કૂપ વાવિ ભરાઈ ચિહું દિશિ, નીઝરણ ચાલે વહી;**
**મુદમુદિત લોકા ગલિતશોકા કેકિ કેકારવ કરે;**
**જલધાન સંપત્તિ હોઈ બહુલી, કાજ જગજનનાં સરે (૭.૧)**

આમ ઢાળમાં બધે જ વૈવિધ્ય એવું છે કે આખીયે કૃતિ વચમાં વચમાં દુહાવાળી, ગીતોની માળા જેવી બની રહે છે.

મધ્યકાળમાં આ જાતના 'સંવાદો' ઘણા છે. એમાં 'રાવણમંદોદરી' જેવાં પૌરાણિક પાત્રપ્રસંગોવાળા સંવાદો, વડછડ વગેરે છે; તો કેવળ ભાવોનાં રૂપકવાળાં કે અન્યોક્તિપ્રકારના પણ છે : સમયસુંદરકૃત 'દાનશીલતપભાવના સંવાદ' (૧૬૦૬), સુધનહર્ષકૃત 'મોતીકપાસિયા સંવાદ' (૧૬૩૩), ઉદયવિજયકૃત 'સમુદ્રકલશ સંવાદ' વગેરે. 'સમુદ્રવહાણ સંવાદ' રૂપકાત્મક છે, અન્યોક્તિ પણ બને છે. મૂળ વિવાદ ભલે સાગર અને વહાણ વચ્ચે હોય, એ છે માણસોને માટે.

અન્યોક્તિ-પરંપરાની રચનાઓમાં આ કૃતિ કાવ્યગુણે જુદી તરી આવે એવી છે.

ઉપાડ એકાએક થાય છે, નમન કરીને તરત કાવ્યપ્રયોજનનો નિર્દેશ કરે છે. કૃતિ શા માટે છે? તો, આરંભે તો આટલું જ કહે છે :

**કરસ્યૂં કૌતુક કારણે, વાહણ-સમુદ્ર વૃત્તાંત.**

બસ, મોજ માટે આ વાત માંડી છે, કોને માટે ને શો બોધ?

**મોટાનાનાં સાંભળો મત કરો કોઈ ગુમાન...**

પણ શું થયું? ઘોઘા બંદરેથી એકવાર વહાણ ઉપડ્યાં. સઢ તાણ્યા, તૂરી બજી, નાળિયેર વધેરાયાં, આવજો-આવજો ને લાવજો-લાવજો થયું. ને વહાણો ઉપડ્યાં. જાણે પાંખાળા પર્વતો, જાણે હાલતાંચાલતાં નગરો. હલેસાં ને પાણી બંને એકબીજાને મદદ કરવા લાગ્યાં :

**સાહ્ય દિએ જિમ સજ્જન, તિમ બેહુ મિલે રે!**

પણ જેવા એ મધદરિયે પહોંચ્યાં કે સાગર ઉછળવા લાગ્યો. ધમપછાડા કરવા લાગ્યો. ગરજવા લાગ્યો. એ જોઈને એક વહાણથી ન રહેવાયું. કહે : ભાઈ, વૃથા આ કકળાટ શો - લવારો શો? ગર્વ શો? તો સાગર કહે : તારે પારકી પંચાત શી? વહાણ ને સાગર વચ્ચે કેમ વાદ ચાલ્યો. સાગર કહે, મારે ગર્વ કરવા જેવું ઘણું છે. મારા દ્વીપો ને એની સમૃદ્ધિ જો. રાજા રાવણને મારે કારણે સોનાની લંકા થઈ એ યાદ રાખ. પેલો ઈન્દ્ર બધા પર્વતોની પાંખો કાપવા આવ્યો ત્યારે પેલા મૈનાક પર્વતને મેં આશરો આપ્યો'તો. હું ખુદ વિષ્ણુની શય્યા. ને તું હળવો - ફૂંક માર્યે ઉડી જાય. એટલે જ આમ હલકટ વાણી વદે છે.

વહાણ કહે : તેં સજ્જનોને મૂકીને દુર્જનોનો સંગ કર્યો - રાવણનો!

**હલુઆ પિણ અમે તારૂજી, સાયર સાંભળો,**
**બહુ જનને પાર ઉતારૂજી, સાયર સાંભળો.**

હું નાનો; પણ મોટા તો ઉકરડાય હોય છે. હીરો નાનો, પણ સૌને જોઈએ. દીવો નાનો, અંધારું નાસે, ચંદ્ર નાનો, કાળી રાત ઉજળી થાય. આંખ મોટી છે પણ કીકી નાની છે. આ દૃષ્ટાન્તોની હારમાળા ધરાવતી અત્યંત મીઠી. ઢાળ ત્રીજી આખીય સરસ ઉપમાનોથી ને ગેયતાથી આ કાવ્યનો એક ઉત્તમ ખંડ છે. કવિની કલ્પના ક્યાં-ક્યાં પહોંચે છે!

**નાને અક્ષરે ગ્રંથ લિખાએજી, સાયર સાંભળો,**
**તેહનો અર્થ તે મોટો થાએજી, સાયર સાંભળો!** (૩.૭)

વળી અહીં નાના-મોટાની તુલના જ નકામી છે. એ હઠ ખોટી. વાત મુદ્દાની તો સાર-અસારની કહેવાય :

**મોટાનાનાનો સ્યો વહરો જી? સાયર.**
**ઇંહા સાર-અસારનો વહરો જી! સાયર.**

તમે રાવણનો પક્ષ લઈને નીતિને છોડી. ચોરને પક્ષે ગયા. માટે જ રામે તમને બાંધ્યા. ને તમે પેલા દ્વીપાદિકની સમૃદ્ધિની વાત કરી, તો એમાં સમૃદ્ધિ કોને કારણે? એ તો દ્વીપનો ગુણ, તમારો નહીં. દલીલ સાંભળીને સાગર ગર્જ્યો

: લ્યા તું તો લાકડું. તને કીડા કોરી ખાય. તારું કુલ જ એવું. જ્યારે મારું?

વહાણ કહે : મારું કુલ તો સુરતરુનું, ને વળી કુલગર્વ શો કરવો? એ ચોથી ઢાળ પણ અત્યંત સુંદર છે. બોધક છે, પણ બોધ સીધો નથી; વળી કાવ્યરસ અક્ષુણ્ણ રહે છે. કુલ નહીં, ગુણ જ મુખ્ય વાત. એ વાત વાહણ અને દૃષ્ટાન્તોથી કહે છે. સાગરને કહે છે : તમે રત્નાકર છો એમ કહો છો પણ તમે ક્યાં કોઈને રત્ન જાતે આપો છો? બિચારાં ડહોળીને – ખોળીને લઈ જાય છે. તમે તો લાકડું-તણખલાં તરાવો, ને રત્નોને તળિયે સંતાડો છો! કવિ સંસ્કૃતના પંડિત છે. પ્રચલિત સંસ્કૃત સુભાષિતોનેય ગુજરાતીમાં વણી લે છે. સંસ્કૃતમાં છે :

**अधः करोषि रत्नानि मूर्ध्ना धारयसे तृणम् ।**
**दोषस्तवैव जलधे ! रत्नं रत्नं तृणम् तृणम् ॥**

સાગરીની દલીલ તૂટી! ખિજાયો. કહે : લ્યા, મારાથી તો જગનો વેપાર ચાલે છે ને તારો ખેલ પણ! ને મારું પાણી કોઈ દિ' ખૂટ્યે છે? મારું ધન અખૂટ છે. વહાણ કહે : ધનનો વળી માંડી બેઠા ગર્વ! પણ તમારાં પાણી કોને કામનાં? નાનું ઝરણુંય કામ આવે, પણ તમે?

સાગર કહે : પણ બધી નદીઓનાં પવિત્ર જળ મારામાં ઠલવાય છે. હું તીરથ!

વહાણ કહે : તીરથ એટલે ત્રિહું અર્થ : ત્રણ અર્થ સારે તે 'તીરથ'. કયા કયા?

**ટાલે દાહ, તૃષા હરે, મલ ગાલે જે સોઈ**
**ત્રિહુ અર્થે તીરથ કહ્યું, તે તુજમાં નહિ કોઈ.**

અહીં બુદ્ધિચાતુર્ય છે, 'તીરથ' શબ્દના વર્ણોને લઈને વ્યુત્પત્તિચાતુરી કરી છે. હજી સાગર જળવાળી વાત છોડતો નથી. કહે છે : આ મેઘ કોનું જલ લે છે? એના જળથી તો પૃથ્વી પાંગરે છે.

વહાણ કહે છે : તું આપતો નથી, એ તો ગર્જીને આવીને, ડરાવીને, તારું પાણી લઈ જાય છે; તું જાતે આપતો નથી, સાચું પાણી જ જીવન કહેવાય, બાકી તું તો ખાર! તું પડ્યે બધું બળે, પલ્લવે નહીં. એય પાણીને તુંય પાણી એ સરખામણી પણ છેતરામણી છે. એક ચિંતામણિ ને બીજો કાંકરો. એક એરંડો

ને બીજો સુરતરુ. એમ દૃષ્ટાંતમાળા ચાલે છે! વહાણ કહે છે અમે તરીએ છીએ તે તો અમારે ગુણે, તું તો ડુબાડવા મથ્યા જ કરે છે.

સિંધુ કહે છે : તું ગુણજ્ઞ જ નથી. તું હજી મને ઓળખતો નથી. આ ચાંદો – મારો પુત્ર (ચંદ્ર સમુદ્રમંથનમાંથી નીકળેલો.) એ કેવો બધે શીતળતા ફેલાવે છે. એના ઉત્તરમાં વહાણ કહે છે : પણ તારાથી એ ભડકીને ભાગે છે કેમ તે જાણે છે?

અહીં કવિ ભરતીને ખ્યાલમાં રાખીને સરસ કલ્પના કરે છે. વહાણ સમુદ્રને કહે છે કે આ ચાંદની, તારા પુત્રની દુહિતા; એનો સંગ કરવા તું ધમપછાડા કરે છે એ જોઈને એ ભાગે છે, તપસ્યા કરે છે. વળી પુત્રના ગુણ બાપને શા કામના?

**સગા સણીજા જાતિનો ગુણ ના'વે પરકાજ.**

કોઈ એકના ગુણ કોઈ બીજાને કામ ન આવે. ત્યાં દુહો છે :

**નિજ ગુણ હોય તો ગાજીએ, પરગુણ સવિ અકયત્થ;**
**જિમ વિદ્યા પુસ્તક રહી, જિમ વલિ ધન પરહત્થ.** (૮.૪)

સાગર કહે : તું તો દૂધમાંથી પોરા કાઢે છે! ફરીથી કહે છે કે બધાંનાં નીર સુકાય છે, મારાં નહીં. હવે જાણે સાગરની દલીલો ખૂટી છે! ત્યારે વહાણ ચકોર ને દલીલસમૃદ્ધ છે, કહે છે : 'તું ભૂલી ગયો, પેલા ઘડામાં જન્મેલ ઋષિએ હથેળીનું ચાંગળું કરીને તને શોષી લીધો હતો એ! ને આટઆટલી નદીઓ તારામાં આવે છે તોય તું ભૂખાળવો ને ભૂખાળવો! તું કહીશ કે તું મર્યાદા લોપતો નથી, તો મારે કહેવાનું કે એ તો ચારે બાજુથી કિનારાની જે ઝાપટો વાગે છે ને તેને કારણે તું પાછો પડે છે. કિનારા ભાંગવા તો મથ્યાં જ કરે છે! આમ આ બન્ને વચ્ચેની દલીલો નવ ઢાળ સુધી અખંડ ચાલે છે.

ત્યાંથી પલટો આવે છે. સાગર હવે ધમકી આપે છે. શરણે આવવા કહે છે (ઢાળ ૧૦). ત્યારે ઝૂલણામાં વહાણ કહે છે :

**વાહણ કહે, શરણ જગિ ધર્મ વિણ કો નહિ,**
**તું શરણ સિંધુ! મુજ કેણિ ભાંતિ?...** (૧૦.૧)

તું તો ધાડાં ને ધાડાં લૂટારાનાં મારા પર હવે છૂટાં મૂકે છે! તારાં મોજાંનું

સૈન્ય મને પૂરો કરવા મથે છે. એનું વર્ણન પણ સરસ છે, યુદ્ધ જાણે મચ્યું છે - વહાણ અને મોજાં વચ્ચેનું. સમુદ્રે મચેલ તોફાનમાં સપડાયેલાં વહાણોનું આ ચિત્ર અત્યંત આબેહૂબ થયું છે :

**ભંડ બ્રહ્માંડ શતખંડ જે કરી સકે,**
**ઉછલે તેહવા નાલિ-ગોળા;**
**વરસતા અગન રણ-મગન રોસે ભર્યા;**
**માનું એ યમ તણા નયન-ડોળા. (૧૦.૯)**

વહાણ કહે છે કે આવે વખતે તુ નહીં, ધર્મ બચાવે છે. તું તો તમાશો જુએ છે!

સાગર કહે છે : એ તને તારા પાપની જ સજા મળે છે. તેં તારી જાતમાં ખીલા ઠોક્યા છે, જાતને દોરડે બાંધી છે, તારા પેટમાં ધૂળ ને પથરા ભર્યા છે. (કેવી સરસ કલ્પના - કેવી સ્વભાવોક્તિ ને કેવી અન્યોક્તિ પણ!)

વહાણ કહે છે કે તારે તો પગ વચ્ચે જ અગ્નિ છે (વડવાનળ). મેરુમંથન વખતે તને તો વલોવી નાખ્યો હતો, રામે તને બાળ્યો, પાતાળમાં પેસાડી દીધો હતો, એ તો પવને તને બહાર કાઢ્યો. તારે મોઢે તો જો, હજીયે એનાં ફીણ વળે છે!

હવે સાગરને ક્રોધ ચડે છે, કહે છે : તું માઝા મૂકે છે. મોટાની સાથે વાદ ન હોય. મારી ભમરીમાં તું ક્યાંય તણાઈ જશે, રહેવા દે! દલીલો ખૂટે ત્યારે ધમકી શરૂ થાય છે. ૧૦મી ઢાલથી એ મિજાજ આરંભાયો છે. વહાણ ડરતું નથી, પેલો જે કહે એનો તરત સામો ઉત્તર આપ્યા વિના રહેતું નથી. કહે છે :

**સાયર! સ્યૂં તું ઉછલે? સૂં ફૂલે છે ફોક?**
**ગરવવચન હું નવી ખમું, દેસ્યૂં ઉત્તર રોક.**

તને રોકડો જવાબ દેવાનો જ. તેં તો વળી મારા છિદ્રો જ જોયાં છે. મારું નાનું છિદ્ર હોય તો તું અનેક છિદ્રો પાડે છે! પણ મને રક્ષનાર ધર્મ છે. તું વિચાર કે હું છું તો તારું મૂલ્ય છે, મને નિર્મૂળ કરીશ તો તારી પાસે પછી કાદવ જ રહેશે. હંસ વિના સરોવર ન શોભે, અલિ વિના પદ્મ, આંબો કોકિલ વિના.... વગેરે જાણીતાં દૃષ્ટાન્તો આપીને કહે છે કે જેમ રાજા-પ્રજા બન્ને

મળીને ચાલે તો સુખ બન્નેને મળે એમ આપણે બેય સાથે હોઈએ તો તું શોભે. પ્રજા વિનાનો રાજા એકલો છત્ર-ચામર લઈને નીકળે તો કેવો વરવો લાગે! અન્યોક્તિઓ પાછી ચાલે છે. આ ભાગમાં જરા લંબાણ વધુ થયું છે. કેટલીક પુનરુક્તિઓ પણ છે.

ત્રીજો વળાંક હવે ઢાળ ૧૩થી આવે છે. સાગર કોપે છે. એનું વર્ણન ૧૩મી ઢાળમાં છે. પણ અહીંનાં બધાં જ વર્ણનો સંવાદે ગૂંથાઈને કાવ્યપ્રસંગમાં એકાકાર થઈને આવે છે, અલગ પડી જતાં નથી.

વહાણને ધરાર બોલતું જોઈ કોપેલ સાગર જ્યારે હુમલો કરે છે ત્યારે ચૌદમી ઢાળના આરંભના દુહામાં છે કે સાગરપુત્ર વચમાં પડે છે. એ આ કાવ્યનું ત્રીજું પાત્ર છે, અહીં છેક અંત ભાગે પ્રવેશે છે ને વહાણને કહે છે કે નમી પડ. આ સાગર તો સાહેબ છે, તારા માલિક છે.

ત્યારે પંદરમી ઢાળમાં વહાણ એનેય જવાબ આપે છે. વહાણનો જવાબ એક જ છે : એ માલિક નથી. સાહેબ તો પાર્શ્વ પ્રભુ પોતે. એ જ રત્ન. એ મૂકીને કાંકરો કોણ ઝાલે? મારા મનમાં પ્રભુ છે, પછી મને શો ભો છે?

આવી નિષ્ઠા, આવી દૃઢ ધર્મમતિ જોઈને દેવો તૂઠ્યા. દેવવાણી થઈ : તું ધન્ય છે. તને વૈભવની પડી નથી, ધર્મની પડી છે. સુખદુઃખ બન્નેમાં તું સમાન ભાવે રહે છે.

**હરખ નહીં વૈભવ લહે, સંકટિ દુખ ન લગાર,**
**રણસંગ્રામે ધીર જે, તે વિરલા સંસાર**

ને છેલ્લી બે ઢાળમાં કાવ્ય સમેટાઈ જાય છે. વેપારીઓ પોતાના નિયત બંદરે વેપાર કેવો કરે છે ને શું-શું કેમ વેચે છે એની વાત ઢાલ ૧૬માં છે, તો ૧૭મીમાં પાછા હીરચીર કરિયાણાં લઈને ઘોઘા બંદરે આવી પહોંચે છે, સ્વજનો મછવામાં બેસી સામા લેવા આવે છે; એ વિગત છે. એમાં તે કાળનું હૂબહૂ ચિત્ર મળે છે. આમ –

**એ ઉપદેશ રચ્યો ભલો હો, ગર્વત્યાગ હિત કાજ.**

ઉદ્દેશ તો સ્પષ્ટ હતો, પણ વચમાં જણાવા દીધો નહીં. વચમાં વચમાં વહાણ કે સાગરના મુખમાં બોધ આવ્યા કર્યો તે મુખ્ય પ્રસંગમાં ભળીને આવ્યો.

દેવો સીધા આવ્યા એ મધ્યકાળનું સમાજમાનસ જોતાં કઠે એવી વાત નથી, આમ જ થાય.

**'ઘોઘા બંદિરે એ રચ્યો, ઉપદેશ ચઢ્યો સુપ્રમાણ.'**

એમ કાવ્યરસિકોને પણ કહેવું પડે.

કૃતિ દીર્ઘ છે છતાં એકંદરે રસ જળવાઈ રહે છે તે તર્કકુશળતાને કારણે. વાદી-પ્રતિવાદી બન્નેને પક્ષે થતી દલીલો કવિ કલ્પતા જ જાય છે - જેમ જેમ કાવ્ય આગળ વધે છે તેમ તેમ બહુ સહજ રીતે એમ થતું જાય છે. એમની વાક્પટુતા ને વ્યુત્પત્તિ, કલ્પનાશક્તિ ને વર્ણન-કથન-હથોટી બધું કામે લાગ્યું છે. ભાષા અલંકારમંડિત ખરી, પણ અલંકારપ્રચુર નથી. એકંદરે સરળ ને રસાળ છે ફરી વાંચવી ગમે એવી કૃતિ છે. આનું અલગ શાસ્ત્રીય સંપાદન થાય તે જરૂરી છે.

•

# સમુદ્રવહાણ સંવાદ : પુરવણીરૂપ નોંધ

**પ.પૂ. આ.દે.શ્રી વિજય શીલચંદ્ર સૂ.મ.**

"સમુદ્રવહાણ સંવાદ"નો રસાસ્વાદ કરાવતાં તથા તેની વિવિધ રચનાખૂબીને ચર્ચતાં લેખો પૂર્વે લખાયા જ છે. કર્તાની અનુવાદકુશલતા પ્રત્યે પણ અભ્યાસીઓનું ધ્યાન ગયેલું છે, છતાં પ્રસ્તુત નોંધમાં ઉપાધ્યાય યશોવિજયજીની અનુવાદનિપુણતાનાં કેટલાંક વધુ ઉદાહરણો સમુદ્રવહાણ સંવાદમાં જડી આવે છે, તેને રજૂ કરવાની લાલચ રોકી શકાતી નથી. સંસ્કૃત-પ્રાકૃત સુભાષિતો તથા લોકોક્તિઓ- કહેવતોનો ઉચિત રીતે અને લાઘવપૂર્ણ શૈલીમાં વિનિયોગ કરવાની ઉપાધ્યાયજીની ક્ષમતા સાચે જ અનુપમ છે.

**विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम् ।**
**न हि वन्ध्या विजानाति गुर्वीप्रसववेदनाम् ॥**

આ સુભાષિતનો વિનિયોગ તેમણે આ રીતે કર્યો છે.

**વાંઝિ ન જાણઈ રે વેદના, જે હુઈ પ્રસવતાં પુત્ર,**
**મૂઢ ન જાણઈ પરિશ્રમ, જે હુઈ ભણતાં સૂત્ર (ઢાલ ૨/૧૦)**

તો ૯મી ઢાલના ચોથા દૂહાના ઉત્તરાર્ધમાં -અને વસ્તુતઃ તે દૂહામાં જ-

**"જિમ વિદ્યા પુસ્તક રહી, જિમ વલિ ધન પર-હત્થ"**

અહીં

**पुस्तकस्था तु या विद्या परहस्तगतं धनम् ।**
**कार्यकाले समुत्पन्ने न सा विद्या न तद्धनम् ॥**

આ સુભાષિતનો ભાવ તેમણે સરસ રીતે ગૂંથી દીધો છે.

જૈન દાર્શનિક ગ્રંથોમાં એક પ્રાકૃત સૂક્તિ આવે છે.

**रूसउ परो वा मा वा विसं वा परियत्तउ ।**
**भासियव्वा हिया भासा सपक्खगुणकारिया ॥**

આનો ભાવ ઉપાડીને ઉપાધ્યાયજી કહે છે.-

**"નિજ હિત જાણી બોલિઇં, નવિ શાસ્ત્રવિરુદ્ધ,**
**રૂસો પર વલિ વિષ ભખો, પણિ કહિઇં શુદ્ધ".(ઢાલ ૧૨/૩)**

**"હરખ નહીં વઈભવ લહાઇ, સંકટિ દુખ ન લગાર,**
**રણસંગ્રામિં ધીર જે, તે વિરલા સંસારિ". (ઢાલ ૧૬ ના દૂહા-૩)**

આમાં -

**सम्पदि यस्य न हर्षो विपदि विषादो रणे च धीरत्वम् ।**
**तं त्रिभुवनत्रयतिलकं जनयति जननी सुतं विरलम् ॥**

આ સુભાષિતના તાત્પર્યને કેટલી ખૂબીથી વણી લેવામાં આવ્યું છે! "આવશ્યક-નિર્યુક્તિ" માં એક ગાથા આવે છે, તેમાં "તીર્થ"ની વ્યાખ્યા નોંધવામાં આવી છે-

**दाहोवसमं तण्हाच्छेअणं मलपवाहणं चेव ।**
**तिहि अत्थेहि निउत्तं तम्हा तं दव्वओ तित्थं ॥**

હવે આ જ વાત જરા જુદી રીતે, મહાભારતમાં પણ કરવામાં આવી છે.- (દુર્ભાગ્યે, મહાભારતના સન્દર્ભસ્થાનનું અત્યારે વિસ્મરણ થયું છે. પણ તે પદ્ય આ પ્રમાણે છે.)

**पङ्कदाहपिपासानामपहारं करोति यत् ।**
**तद्धर्मसाधनं तथ्यं तीर्थमित्युच्यते बुधैः ॥**

અને આ વાતને ઉપાધ્યાયજીએ આ રીતે ઢાળી છે.

**"ટાલઈ દાહ, તૃષા હરઈ, મલ ગાલઈ જે સોઇ,**
**ત્રિહું અરથે તીરથ કહિઉં, (તે તુઝમાં નહિં કોઈ)" (ઢાલ ૭ ના દૂહા-૬)**

અને હવે થોડીક કહેવતો- લોકોક્તિઓ પણ જોઈએ

**"ખંડ ભલો ચંદન તણો રે લો, સ્યો લાકડનો ભાર રે**
**સજ્જન સંગ ઘડી ભલી રે લો, સ્યો મૂરખ અવતાર રે" (ઢાલ ૬/૮)**

આ વાંચતા જ-

**''ચંદન કી ચુટકી ભલી, ઝાઝાં કાષ્ઠનાં ભારા,**
**ચતુરકી ઘડી ભલી, મૂરખનાં જન્મારા''**

એ લોકોક્તિ સહેજે જ યાદ આવી જાય. અને એમની આ ઉક્તિઓ-

**''મા આગલિ મૂંસાલનૂં, એ સવિ વર્ણન સાચ''** (ઢાલ ૩, દૂહો ૧),

**''ગરજે કહિંઈ ખર પિતા''** (ઢાલ ૭, દૂહો ૮)

**''છોરૂ કુછોરૂ હોઈ તો પણિ, તાત અવગુણ નવિ ગણઈ** (ઢાલ ૭/૨)

**''ઈમ ચિત્ત મ ધરે શકટ હેઠિં, શ્વાન જિમ મનમાં ધરઈ''** (૭/૯)

વાંચતાં તે તે લોકભાષા- પ્રસિદ્ધ રૂઢ પ્રયોગો અનાયાસે ધ્યાનમાં આવે છે.

યશોવિજયજીની વિલક્ષણતા એ છે કે જ્યાં અન્ય કવિઓને પોતાની વાત, વિધાન કે પ્રસંગને દૃઢ/પુષ્ટ બનાવવા માટે ''उक्तं च'' કે ''यदुक्तम्''- કહીને નીતિશાસ્ત્રાદિના સાક્ષાત્ શ્લોકો ટાંકવા- ઉદ્ધરવા પડે છે, ત્યાં યશોવિજયજી, તેવું ન કરતાં, ઉપર જોયું તેમ, જે તે નીતિવચન વગેરેને પોતાની શૈલીથી ભાષામાં જ ઢાળી દઈ પોતાના પ્રવાહને અસ્ખલિત ચાલુ રાખે છે.

•

# સમુદ્રવહાણ સંવાદ

(સં. ૧૭૧૭ ઘોઘા બંદરમાં રચેલો)

દુહા ૧

**શ્રી નવખંડ અખંડ ગુણ, નમી પાસ ભગવન્ત;**
**કરસ્યૂં કૌતક કારણે, વાહણ-સમુદ્ર વૃત્તાંત. ૧**

**એહમાં વાહણ સમુદ્રનાં, વાદ-વચન-વિસ્તાર;**
**સાંભલતાં મન ઉલ્લસે, જિમ વસંત સહકાર. ૨**

**મોટા નાના સાંભળો મત કોઈ કરો ગુમાન;**
**ગર્વ કર્યો રયણાયરે, ટાળ્યો વાહણે નિદાન. ૩**

**વાદ હુઓ કિમ એહોનઇં, માંહોમાંહી અપાર;**
**સાવધાન હુઈ સાંભળો, તે સવિ કહું વિચાર. ૪**

**ઢાળ ૧**

(ફાગનીઃ - ત્રિભુવન તારણ તીરથ પાસ ચિંતામણી રે - એ દેશી)

**શ્રી નવખંડ જિનેશ્વર, કેસર કુસુમસ્યૂં રે, કે કેસર કુસુમસ્યૂં રે.**
**મંગલ કારણ પૂજિએ, પ્રણમી પ્રેમસ્યૂં રે, કે પ્રણમી પ્રેમસ્યૂં રે.**

**પ્રભુ પાય લાગી માગી, શકુન વધામણાં રે કે શકુન.**
**વ્યવહારિ શ્રી પાસના, લેતા ભામણાં રે કે લેતા. ૧**

**શ્રીફલ પ્રમુખે વધાવી, રયણાયર ઘણાં રે કે રયણાયર.**
**વહાણ હકારીને ચાલિયા, તે સવિ આપણા રે કે તે સવિ.**
**પદમિનિ દિએ આસીસ, કહે ‘વહિલા આવજો રે’ કે વહિલા.**
**હીર ચીર પટકૂલ, ક્રયાણાં લાવજો રે કે ક્રયાણાં. ૨**

પવન વેગ હવે ચાલ્યા, વહાણ સમુદ્રમાં રે વહાણ.
સઢ તાણ્યા શ્રી કેરા, ડેરા તેગમાં રે કે ડેરા.
તૂર દિવાજે ગાજે, મણિ-રૂચિ વિજલી રે કે મણિ.
માનુ કે અંબર ડંબર, મેઘ-ઘટા મલિ રે કે મેઘ. ૩

કે પર્વત પંખાલા, કે પુર ચાલતા રે પુર.
ઉદધિકુમાર વિમાન, કે જલમાંહિ માલતા રે કે જલ.
કે ગ્રહ-મંડલ ઉતર્યા, થોક મિલી સહૂ રે કે થોક.
ઈમ તે દેખી શકે, અંબરે સુરવહૂ રે કે અંબરે. ૪

ચાટુએ જલ અવગાહતાં, ચાલ્યાં તે જલે રે ચાલ્યા.
સાંઇ દિએ જિમ સજ્જન તિમ બેહુ મિલે રે કે તિમ.
કરતરંગ વિસ્તારી, સાયર તે મલિ રે કે સાયર.
જાલ પ્રવાલ છલે હુઓ, રોમાંચિત વલી રે કે રોમાં. ૫

ભર મધ્યે તે આવ્યા, જિહાં જલ ઉચ્છલે રે જિહાં.
સાયર માંહિ ન માયે, ગર્વ તણેં બલે રે કે ગર્વ.
ગાજે ભાજે નાચતો, અંગ તરંગસ્યૂં રે કે અંગ.
મતવાલો કરે ચાલો, નિજ મન રંગસ્યું રે કે નિજ. ૬

ગર્વે જાણે મુઝ સમ, જગમાં કો નહિ રે કે જગમાં.
ગર્વે ચઢાવે પર્વતે, જન તે કરગ્રહી રે તે જન તે.
ગર્વે નિજગુણ બોલે, ન સુણે પર-કહિયા રે ન સુણે.
રસ નવિ દિએ તે નારી, કુચ જિમ નિજ ગ્રહ્યા રે કે કુચ. ૭

એ અસમંજસ દેખી, દૃષ્ટિ આકરૂં રે કે દૃષ્ટિ.
એક વાહણ ન રહી સક્યું, બોલ્યું તે ખરૂં રે કે બોલ્યું.
મુખ નવિ રાખે ભાખે, સાચું વાગીઆ રે કે સાચું.
રાજકાજ નિર્વાહે, તે નવિ હાજિયા રે કે તે નવિ. ૮

દરિયા! તુમે છો ભરિયા, નવિ તરિયા કુણે રે કે નવિ.
તુમે કોઈથી નવી ડરિયા, પરવરિયા ગુણે રે કે પર.
તો પિણ ગુણ-મદ કરવો, તુમને નવી ઘટે રે કે તુમને.
વુઠાની વાત કહેસ્યે, બટાઉ જે અટે રે કે બટાઉ. ૯

જે નિજ ગુણ-સ્તુતિ સાંભલિ, શિર નીચું ધરે રે કે શિર.
તસ ગુણ જાયે ઉંચા, સુરવરને ધરે રે કે સુર.
જે નિજ ગુણ મુખિ બોલે, ઉંચી કરી કંધરા રે કે ઉંચી.
તસ ગુણ નીચા પેસે, બેસે તલે ધરા રે કે બેસે તલે. ૧૦

## દુહા ૨

એહ વચન સાયર સુણી, બોલે હલુઆ બોલ;
સી તુજને ચીંતા પડી? જાનું નુગુણ નિટોલ. ૧

આપકાજ વિણ જે કરે, મુખરી પરની તાતિ;
પર અવગુણ વ્યસને હુએ, તે દુખિયા દિન-રાતિ. ૨

વાહણ કહે સાયર! સુણો, જે જગ ચતુર સુજાતિ;
તે દાખે હિત-સીખડી, તે મત જાણો તાતિ. ૩

જો પણિ પરની દ્રાખ ખર, ચરતાં હાણિ ન કોય;
અસમંજસ દેખી કરી, તો પિણ મનિ દુઃખ હોય. ૪

## ઢાળ ૨

(સૂરતી મહિનાની; યા ભમરગીતાની દેશી, અથવા વિજય કરી ઘરી આવિયા,
બંદિ કરે જયકાર - એ દેશી)

સિંધુ કહે હવે સિંધુર, બંધુર નાદ વિનોદ,
ઘટતો રે ગર્વ કરૂં છું પામું છું ચિત્તિ પ્રમોદ;
મોટાઈ છઇ રે માહરી, સારે જગત પ્રસિદ્ધ,
સિદ્ધ અમર વિદ્યાધર, મુજ ગુણ ગાઈ સમૃદ્ધ. ૧

રજત સુવર્ણના આગર, મુજ છે અંતરદ્વીપ,
દીપે જિહાં બહુ ઔષધિ, જિમ રજની મુખ દીપ;
જિહાં દેખી નરનારી, સારી વિવિધ પ્રકાર,
જાણીએ જગ સવી જોઈઉં, કૌતુકનો નહિ પાર. ૨

તાજી રે મુજ વનરાજિ, જિહાં છે તાલ તમાલ,
જાતિફલ દલ કોમલ, લલિત લવિંગ રસાલ;
પૂગી શ્રીફલ એલા, ભેલા નાગ પૂંનાગ,
મેવા જેહવા જોઇયે, તેહવા મુજ મધ્ય ભાગ. ૩

ચંપક કેતકી માલતી, આલતિ પરિમલ વૃંદ,
બકુલ મુકુલ વલિ અલિકુલ, મુખર સખર મુચુકુંદ;
દમણો મરૂઓ મોગરો, પાડલ ને અરવિંદ
કંદ જાતિ મુજ ઉપવને, દિએ જનને આનંદ. ૪

મુજ એક શરણે રાતા, રાતી વિદ્રુમ વેલિ,
દાખી રાખી તેહમાં, મેં સાચી[૧] મોહનવેલિ;
જપ માલા જપકારણે, તસ ફલ મુનિવર લિંત,
વનિતા અધરની ઉપમા, તે પુણ્યે લાભંત.[૨] ૫

નવગ્રહ જેણે રે બલિઇં, બાંધ્યા ખાટને પાય
લોકપાલ જસ કિંકર, જેણે જિત્યો સુરરાય;
કિઓ રે ત્રિલોકી કંટક, રાવણ લંકા-રાજ,
મુજ પસાયે તેણે કંચન, ગઢમઢ મંદિર સાજ. ૬

પક્ષ લક્ષ જબ તક્ષતો, પર્વત ઊપરિ ધાઈ,
કોપાટોપ કરી[૩] ઘણો, વજ્ર લેઈ સુરરાય;
તડપડિ પડિયા રે તે સવિ, એક ગ્રહે મુજ પક્ષ,
તબ મેનાક રહિઓ, તે સુખિઓ અક્ષતપક્ષ. ૭

જગ સચરાચર જસ તનુ, પાયા પીલે ચીર,
તે લક્ષ્મીનારાયણ, ગોવર્દ્ધન-ધરધીર;
મુજમાંહે પોઢ્યા હેજે, સેજ કરી અહિરાજ,
હોડ કરે કુણ માહરી?, હું તિહુઅણ-સિરતાજ. ૮

વાહણ! પાહણ પણિ તુઝથી, ભારે તૂં કહેવાય,
હલુઓ પવન ઝકોલે, ડોલે ગડથલાં ખાય;

---

[૧] શુચિ [૨] તેજંત [૩] ધરી

તો હલુઆ તુઝ બોલડા, હલુઓ છે તુજ પેટ,
મુજ મોટાઇ ન જાણે, તાણે નિજ મત નેટ. ૯

ગિરૂઆના ગુણ જાણે, જે હૂઈ ગિરૂઆ લોક,
હલુઆને મનિ તેહના, ગુણ સવી લાગે ફોક;
વાંઝિ ન જાણે રે વેદના, જે હુઇ પ્રસવતાં પુત્ર,
મૂઢ ન જાણે પરિશ્રમ, જે હુઈ ભણતાં સૂત્ર. ૧૦

### દુહા ૩

સાયર જબ ઈમ કહિ રહ્યો, વાહણ વદે તબ વાચ;
મા આગલિ મોસાલનૂં, એ સવિ વર્ણન સાચ.૧

વાણીને જિમ ગ્રંથગતિ, સુર-થિતિ હરિને જિમ;
કાંઈ અજાણી મુજ નહી, તુજ મોટાઇ તેમ.૨

વિસ્તારૂં છું ગુણ અહ્મે, ઢાંકું છું તુઝ દોષ;
તો એવડું શ્યું ફૂલવું?, સ્યો કરવો કંઠ-સોષ? ૩

મેલો પિણ મૃગ ચંદલે, જિમ કીજે સુપ્રકાશ;
તિમ અવગુણના ગુણ કરે, સજ્જનનો સહવાસ. ૪

ગુણ કરતાં અવગુણ કરે, તે તો દુર્જ્જન ક્રૂર;
નાલિકેર-જલ મરણ દિયે, જો ભેલિયે કપૂર. ૫

હિત કરતાં જાણે અહિત, તે છાંડીજે દૂર;
જિમ રવિ ઉગ્યો તમ હરે, ઘૂક-નયન તમ-પૂર. ૬

### ઢાળ ૩
(મરકલડાની દેશી)

હલુઆ પિણ અમ્હે તારૂજી, સાયર! સાંભલો,
બહુ જનને પાર ઉતારૂજી, સાયર! સાંભલો,
સ્યું કિજે તુહ્મ મોટાઇજી? સાયર!
જે બોલે લોગ લોગાઈજી. સાયર!.૧

તુહ્મે નામ ધરાવો છો મોટાજી, સાયર!.
પણિ કામની વેલાંઇ ખોટાજી; સાયર!.
તુહ્મે કેવલ જાણ્યું વાધી રે. સાયર!.
નવિ જાણ્યું પરહિત સાધી રે. સાયર!. ૨

તું મોટાઈઇં મત રાચોજી, સાયર!.
હીરો નાનો પણિ હોઈ જાચોજી; સાયર!.
વાધે ઉકરડો ઘણું મોટોજી, સાયર!.
તિહાં જઈએ લેઈ લોટોજી. સાયર!.૩

અંધારૂં મોટું નાસેજી, સાયર!.
જો નાન્હો દીપ પ્રકાશેજી; સાયર!.
આકાશ મોટો પિણ કાલોજી, સાયર!.
નાન્હો ચંદ્ર કરે અજુઆલોજી. સાયર!.૪

આંખિ મોટી અંધનેં ફિકજી, સાયર!.
તિહાં તેજવંત તે નાન્હી કીકીજી; સાયર!.
નાની ચિત્રાવેલિ વિરાજેજી, સાયર!.
મોટો એરંડો નવિ છાજેજી. સાયર!.૫

નાનો પંચજન્ય હરિ પૂજેજી, સાયર!.
તસ નાદે ત્રિભુવન ધ્રૂજેજી; સાયર!.
નાન્હો સિંહ મહાગજ મારેજી, સાયર!.
નાનૂં વજ્ર તે શૈલ વિદારેજી. સાયર!.૬

નાન્હી ઔષધિ જો હોઈ જો હોઈ પાસેજી, સાયર!.
તો ભૂત પ્રેત સવિ નાસેજી; સાયર!.
નાન્હે અક્ષરે ગ્રંથ લિખાએજી, સાયર!.
તેહનો અર્થ તે મોટો થાએજી. સાયર!.૭

મોટા નાન્હાનો સ્યો ચહરોજી? સાયર!.
ઈહાં સાર અસારનો વહરોજી; સાયર!.
તુહ્મે મોટાઇ નાંખી ઢોલીજી, સાયર!.
નિજ મુખે નિજ ગુણ રસ ઘોલીજી[1]. સાયર!.૮

[1] બોલીજી

તુમે રાવણનું બલ પોષ્યૂંજી, સાયર!.
પિણ નીતિશાસ્ત્ર નવિ ઘોષ્યુંજી; સાયર!.ૉ
ચોર-સંગી તુહ્મને જાણીજી, સાયર!.
રામચંદ્રે બાંધ્યા તાણીજી. સાયર!.૯

વન દ્વીપાદિકની સોહાજી, સાયર!.
એ ભૂમિના ગુણ-સંદોહાજી; સાયર!.
તે દેખી મદ મત વહયોજી[૧], સાયર!.
મદ છાંડિને છાના રહયોજી[૨] સાયર!.૧૦

## દૂહા ૪

એહ વચન શ્રવણે સુણી, પામ્યો સાયર ખેદ;
કહે 'તુજ સ્યું હું બોલતા, પામૂં છું નિર્વેદ.' ૧

જેહથી લક્ષ્મી ઉપની, પરણી દેવ મોરાર;
ક્ષીર સિંધુ તે જિહાં હૂઓ, તે અહ્મ કુલ નિરધાર. ૨

તાહરૂં તો કુલ કાઠનું, જે પોલાં ઘુણ ખાય;
તુજ મુજ વિચ જે અંતરો, તે મુખ કહ્યો ન જાય.૩

વાહણ કહે 'કુલ-ગર્વ શ્યો? માહરૂં પણિ કુલ સાર;
સુરતરૂ જેહમાં ઉપનો, વંચ્છિત ફલ-દાતાર.૪

પશુ પંખી મૃગ પથિકને, જે છાયા સુખ દેત;
તે તરૂવર અહ્મ કુલ-તિલા, પર ઉપગાર ફલંત.૫

હું લક્ષ્મી દેઉ પુરૂષને, એ ગુણ મુજમાં સર્વ,
મુજ તુજ વચિ વિવાદ છઈ, તિહાં કુલનો સ્યો ગર્વ?

---

[૧] વહજોજી [૨] રહજોજી

### ઢાળ ૪
(વિછીઆની દેશી)

કુલ-ગર્વ ન કીજે રે સર્વથા, હુઓ રૂડે કુલિ અવતાર રે;
ગુણહીણો જો નર દેખિએ, તો કહિએ કુલ-અંગાર રે. કુલ.૧

જો નિજ ગુણે જગ ઉજ્વલ કરિઓ, તો કુલ-મદનું સ્યૂં કાજ રે?
જો દોષે નિજ કાયા ભરી, તો કુલ-મદથી કુલ-લાજ રે. કુલ.૨

કચરાથી પંકજ ઊપનૂં, હુઓ કમલાનું કુલ-ગેહ રે;
કહો કુલ મોટું કે ગુણ વડા?, એ ભાંજો મન-સંદેહ રે. કુલ.૩

મુરખને હઠ છે કુલ તણો, પંડિતને ગુણનો રંગ રે;
ફણિ-મણિ લેઈ રાણા રાજવિ, શિર ધારે જિમ હરિ ગંગ રે.[1] કુલ.૪

ખોટો કુલ-મદ મૂરખ કરે, પિણ ગુણ વિણ નિસવાદ રે;
ખોટો સિંહ બનાવ્યો કુતરો, પિણ કુણ કરસ્યે સિંહનાદ રે? કુલ.૫

નામ ઠામ નેં કુલ નવિ પૂછિએ, જે જગમાંહિ સુગુણ-ગરિઠ રે;
રવિ ચંદ પયોધર પ્રમુખના, કુલ કુણે જાણ્યા કુણ દીઠ રે. કુલ.૬

શ્યો નિજ કુલનો શ્યો પારકો? ત્યજિ અવગુણ કરી ગુણ મૂલ રે;
છાંડિજે મલતનુ ઊપનો, શિર ધરિએ વનનૂં ફૂલ રે. કુલ.૭

ઈમ જાણિને કુલ-મદ છંડિએ, કીજે ગુણનો અભ્યાસ રે;
ગુણથી જસ કીર્તિ પામિએ, લહિએ જગિ લીલ વિલાસ રે. કુલ.૮

### દૂહા ૫

વચન સુણી એ વાહાણનાં, ભાખે જલનિધિ બોલ;
હું રયણાયર જગતમાં, વાજે મુજ ગુણ-ઢોલ. ૧

જગ-જનના દાલિદ્ર હરે, રયણ તણી મુજ રાશિ;
હોડ કરે શી માહરી? એ ગુણ નહિ તુજ પાસ.૨

---

[1] જિમ અંગરે

## ઢાળ ૫

(ખંભાયતી ઢાળ, જગતગુરૂ હીરજીરે - એ દેશી)

વાહણ કહે સાયર! સુણો રે, તુમે રયણ ધરો છો સાચાં રે;
પણ એક હાથે આપતાં રે, બેસે છે મુખ ડાચાં રે.૧

તુહ્મને દમી રે આક્રમી રે, રયણ દિઓ અમે લોકને રે-આંકણી

ગજ ભાજે શુંડિ કરી રે, તવ તરૂઅર ફલ વરસે રે;
તિમ દિએ કૃપણ પરેં દમ્યો રે, પિણ દેતો નવિ હષે રે. તુહ્મને.૨

રસ દિસે પીલી શેલડી રે, અગર દહિઓ દિએ વાસો રે;
કાલા ને ગાઠિ ભરિયા રે, કૃપણ દમ્યા તિમ ખાસો રે' તુહ્મને.૩

સિંધુ કહે 'લેતાં તુહ્મે રે, હું નવિ નીઠું રયણે રે;'
વાહણ કહે 'મદ મત ધરો રે, મનમાં એહવે વયણે રે. તુહ્મને.૪

જેહ રયણ આણું અહ્મે રે, તે જગિ આવે લેખે રે;
જે તુજ માંહિ પડિયા રહે રે, તેહનું ફલ કુણ દેખે રે? તુહ્મને.૫

સાર-સંગ્રહી હૂં જ છૂં રે, ઈમ જાણી મત હરખે રે;
સાર ન જાણે સંગ્રહી રે, નિજ મનમાં તૂં પરખે રે તુહ્મને.૬

લાકડ તૃણ ઉપરિ ધરે રે; રયણ તલે તૂં ઘાલે રે;
એ અજ્ઞાનપણું ઘણું રે, કહો કુણને નવિ સાલે રે? તુહ્મને.૭

તુજ કચરામાં જે પડ્યા રે, નિજ ગુણ રયણ ગમાવે રે,
તે તુજથી અલગા થયા રે, મૂલ સુઠામે પાવે રે. તુહ્મને.૮

ભૂપતિ શિર ઉપરિ ધરિયાં રે, મુકુટ-જડ્યાં તે સોહે રે;
કામિનિ કુચ વિચિ તેહના રે, હાર ભુવન-મન મોહે રે. તુહ્મને.૯

કાકર ભેલા મણિ ધરે રે, એ તાહરી છે ખામી રે;
ગુણ કીરતિ ઠામે રહી રે, અહ્મથી રયણે પામી રે. તુહ્મને.૧૦

## દુહા ૬

સાયર કહે 'સ્યું મદ કરે? પોત વિચારી જોઇ;
જે જગને આજીવિકા, તે સવિ મુજથી હોઇ.૧

મુજ વેલા ઉપરિ તુહ્મે, ખેલો ખેલા જેમ;
જો મુજ નીર અખૂટ છે, તો સહુજનને ક્ષેમ. ૨

## ઢાળ ૬

(ઢાલ લોની, પ્રવહણ તિહાંથી પુરીઉં રે - એ દેશી.)

વાહણ હવે વાણી વદે રે લો, સ્યું તુજ નાવે લાજ રે! કઠિન-મન.
જલ ધન તુજ ખુટે નહિ રે લો, તે આવે કુણ કાજ રે? ૧

કઠિન-મન, ધનનો ગર્વ ન કીજીએ રે લો. આંકણી.

જે યાચકને ધન છતઇ રે લો, નવી દીઇ કૃપણ લગાર રે; કઠિન.
ભારિણી તેહથી ભૂમિકા રે લો, નવી તરૂઅર ગિરિ ભાર રે. કઠિન.૨

ખારાં પાણી નિર્મલાં રે લો, વિષ-ફલ જિમ તુજ ભૂરિ રે ; કઠિન.
પણિ તરસ્યા પશુપંખિયા રે લો, તેહથી નાસે દૂરિ રે. કઠિન.૩

માછાદિક તુજમાં રહ્યા રે લો, જિમ વિષમાં વિષકીડ રે ; કઠિન.
પિણ હંસાદિક તુજ જલે રે લો, પામે બહોલી પીડ રે. કઠિન.૪

મારગ જે તુજમાં થઇ રે લો, ચાલે પુણ્ય પ્રભાવ રે ; કઠિન.
તિહાં એક કૂપિ અહ્માારડી રે લો, મરૂ મંડલીને વાવ રે. કઠિન.૫

જો ખૂટે જલ માહરૂં રે લો, તો પાડે જન સોર રે; કઠિન.
બહુલે પણિ જલ તુજ છતે લો, રતિ ન લહે ચિહું ઓર રે. કઠિન.૬

જે પર આશા પૂરવે રે લો, છતે સારૂ દિએ દાન રે; કઠિન.
થોડું પિણ ધન તેહનું રે લો, જગમાં પુણ્ય નિદાન રે. કઠિન.૭

ખંડ ભલો ચંદન તણો રે લો, સ્યો લાકડનો ભાર રે? કઠિન.
સજ્જન સંગ ઘડી ભલિ રે લો, સ્યો મૂરખ અવતાર રે? કઠિન.૮

સાદ હુઓ તુમ ઘોઘરો રે લો, ગોખ્યો એક નકાર રે; કઠિન.
જો જાણો જસ પારિએ રે લો, તો સીખો દાન-વિચાર રે. કઠિન.૯

## દુહા ૭

સિંધુ કહે ‘સુણિ વાહણ! તું, હું જગિ તીરથ સાર,
ગંગાદિક મુજમાં મલંઇ, તીરથ નદી[1] હજાર.૧

તીરથ જાણી અતિ વડું, મુજને પૂજે લોક;
ગંગા-સાગર-સંગમે, મલે તે જનના થોક.’ ૨

વાહણ કહે ‘તીરથપણું, તુજ મુખિ કહ્યું ન જાય;
ગંગાદિક તુજમાં ભલે, તાસ મધુર રસ જાય.૩

ગંગાદિક આવી મિલે, તુજને રંગ રસાલ;
જાય નામ પિણ તેહનું, તુજ ખારે તતકાલ.૪

દુર્જનની સંગતિ થકી, સજ્જન નામ પલાય;
કસ્તુરી કચરે ભરી, કચરારૂપ કહાય.૫

ટાલે દાહ તૃષા હરે, મલ ગાલે જે સોઈ;
ત્રિહુ અર્થે તીરથ કહ્યું; તે તુજમાં નહિ કોઈ.૬

તારે તે તીરથ ઈ સ્યો, અર્થ ઘટે મુજ માંહિ;
જંગમ તીરથ સાધુ પિણ, તરે ગ્રહી મુજ બાંહ.૭

પૂજે જન જે તુજ પ્રતિ, તે નવિ તીરથ હેત;
ગરજે કહીયે ખર પિતા, એ જાણો સંકેત.૮

[1] નહી.

## ઢાળ ૭

(દશરથ નરવર રાજીઓ - એ દેશી)

સિંધુ કહે 'સુણિ વાહણ! તું, હું જગ-જન-હિતકાર રે;
મુજ જલ લેઈ ઘનઘટા, વરસે છે જલધાર રે,
જલધાર વરસે તેણિ સઘલી, હોઈ નવ-પલ્લવ મહીં;
સર કૂપ વાવિ ભરાઈ ચિહું દિશિ, નીઝરણ ચાલે વહી;

મુદ-મુદિત લોકા ગલિત-શોકા, કેકિ કેકારવ કરે;
જલધાન સંપતિ હોઈ બહુલી, કાજ જગજનના સરે. ૧
મુજ જલ-જીવિત ઘન-જલે, તુજ ઊપતિ મનિ જાણિ રે;
એ સંબંધે તુજ પ્રતિ, તારૂં છું હિત આણી રે;

આણિ એ હિત અવિનીત! તુજને, તારીએ છીએ એ વિધિ;
સંબંધ થોડો પિણ ન ભૂલે, જેહ ગિરૂઆ ગુણનિધિ;
તુજ બાલ-ચાપલ સહૂં છું હું જે વયણ કડુઆ ભણે;
છોરૂ કછોરૂ હોઈ તો પિણ,તાત અવગુણ નવિ ગણે. ૨

વાહણ કહે 'સુણિ સાયરૂ! તુજ જલ લિએ બલવંતો રે;
હરિ નિર્દેશ લહી કરી; જોરે ઘન ગર્જતો રે;

ગર્જત બલિયા જલ હરઇં, તુજ તેહ મનમાં નવિ ઠરે;
'મેં મેહને જલ દાન દીધું' ઈ સ્યું તું સ્યું ઉચ્ચરે?
જિમ કૃપણનું ધન હરત નરપતિ, તેહ મનમાં ચિંતવે;
'મેં પુણ્ય એ ભવમાંહિ કીધું' તિમ અઘટતું તું લવે. ૩

જો છે તાહરે રે સાચલી, જલ-ધરસ્યું બહુ પ્રીતિ રે;
તો તે ઉન્નત દેખતાં, સ્યૂં પામે તૂં ભીતિ રે?

તૂં ભીતિ પામે યદા ગાજે, મેહ ચમકે વીજલી;
અંબરાડંબર કરે વાદલ, મલે ચિંહું પખ આફલી;
તું સદા કંપે વીચિ પંખંઇ, નાસિએ જાણે હવે;
'રખે એ જલ સર્વ માહરૂં લિખે,' ઈ સ્યું મનિ ચિંતવે. ૪

તુજ જલ જે ઘન સંગ્રહે, તુ હુએ અમીઅ સમાન રે;
તે સઘલો ગુણ તેહનો, તિહાં તુજ કિસ્યો ગુમાન રે;

તિહાં માન સ્યો તુજ ઠામનો, ગુણ બહુ પરિ જગિ દેખિએ;
તૃણ ગાય ભક્ષે દૂધ આપે, ન તે તૃણ-ગુણ લેખિએ;
સ્વાતિ-જલ હોઈ પડિઉં ફણિ-મુખે, ગરલ મોતી સીપમાં;
ઈમ ક્ષાર તુજ જલ કરી મીઠો, મેહ વરસે દ્વીપમાં.૫

જીવન તે જલ જાણિએ, જે વરસે જલધાર રે;
તાહરૂં તો જલ જિહાં પડે, તિહાં હોઈ ઊખર ખાર રે;

તિહાં હોઈ ખારો જિહાં તુજ જલ, વિગાડે રેલી મહી;
દાધી દવે પણિ પલ્લવે, નવિ પલ્લવે તે તુજ દહી;
તું ધાન તૃણનાં મૂલ છેદે, લૂણ સઘલે પાથરે;
તુજ જાતિ વિણ કુણ જીવ પામેં, સુખ તેણે સાથ રે.૬

એરંડો અને સુતરરૂ, તરૂઅર કહિઈ દોઈ રે;
ચિંતામણિ ને કાંકરો, એ બે પત્થર હોઈ રે,

એ દોઈ પત્થર પણિ વિલખ્ખણ,-પણું નિજ નિજ ગુણ તણું;
વલિ અક્ક સુરહી દૂધ એક જ વરણ પતિ અંતર ઘણું;
ઈમ નીર-જીવન તેહ ઘનનું, તાહરૂં વિષરૂપ એ;
તું એક શબ્દે રખે ભૂલે, જૂઓ આપ સ્વરૂપ એ.૭

હું ઘન-જલથકી ઊપનો, વાધ્યો છું તસ વૃષ્ટિ રે;
જનમ લગે તસ ગુણ ગ્રહું, નવિ દીઠો તું દૃષ્ટિં રે;

દૃષ્ટિ ન દીઠો તું અહ્મે, ઉપકાર સ્યો તિહાં તુજ તણો?
નિજ જાતિ ઘનને તુમે જાણો, એહ અમ્હ અચરીજ ઘણો;
જો નીરગુણો ગુણવંત દેખી, કહે એ અમ્હ જાત એ;
તો જગતમાં જે જન ભલેરા, તેહ સવિ તુજ તાત એ.૮

જલમાંહિ નિજ ગુણ થકી તરિયે છે અહ્મે નિત્ત રે;
હું તારૂં છું એહને, ઈમ તૂ મ ધરે ચિત્ત રે;

ઈમ ચિત્ત મ ધરે શકટ હેઠિ, શ્વાન જિમ મનમાં ધરે;
તો ગર્વ કરવો તુજ ઘટે જો, પાહણ તુજ જલમાં તરે;
સંબંધ ગુણનો એક સાચો, કાજ તે વિણ નવિ સરે;
ગુણ ધરે જે મદ મૃષા ન કરે, સુજશ તેહનો વિસ્તરે.૯

## દુહા ૮

સિંધુ કહે મુજ ગુણ ઘણા, સ્યૂં તૂં જાણે? પોત!
મુજ નંદન જગિ ચંદલો, સઘલે કરે ઉદ્યોત, ૧

સુરપતિ નરપતિ જેહનો, નવિ પામે દીદાર,
તે પશુપતિ શિર ઊપરે, મુજ સુત છે અલંકાર.૨

જેહને દેખી ઊગતો, પ્રણમે રાણા રાય;
તે સુતની ઋધિ દેખતાં, મુનિ મન હરખ ન માય.૩

મુજ નંદન વરસે યદા, કિરણ અમી-રસ-પુર;
તવ દાધો પિણ પાલવે, મનમથ તરૂ-અંકુર.૪

કુંકુમવરણી દૂતિકા, મુજ સુતની નવ કંતિ;
મન શૃંગાર જગાવતી, માનિનિ માન હરંત.૫

માનું મનમથ રાયનો, કલસ રાજ અભિષેક;
લંછન નીલ કમલ કલિત, મુજ સુત સોહે એક.૬

મુજ સુત-મંડલ સાચલું, સરવર રતિ આનંદ;
જિહાં મનમથ મજ્જન કરઇ, ઊડે તારાવૃંદ.૭

## ઢાળ ૮

(ત્રિગડે પ્રભુ સોહઇ રે, અથવા ચિત્રોડી રાજાની દેશી)

હવે વાહણ વિલાસી રે, કહે વદન વિકાસી રે;
સુત-રૂદ્ધિથી હાસી સાયર! તુજ તણી રે.૧

તુજ સુત ઉવસંગી રે, તૂં પાતક-રંગી રે;
નિજ ગોત્રજા ચંગી તૂં અંગીકારે રે.૨

નવિ લોકથી લાજે રે, અભિમાને ભાજે રે;
વલી પાપ કરીને ગાજે રે, પાપીઓ રે.૩

ઈમ હૃદય વિમાસી રે, સુત તુજથી નાસી રે;
હુઓ અંબર-વાસી સુરનર વંદીઓ રે.૪

દ્વિજરાજ તે કહિએ રે, અતિ નિર્મલ લહિયે રે;
ગુણ ઉજલ મહિએ, લોકે ચંદલો રે.૫

મલમૂત્ર સમેટે રે, અપવિત્ર તું ભેટે રે;
તેણે કારણે બેટે, દૂરે પરિહર્યો રે.૬

વિરહાનલ સળગે રે, સુત રહતઈ અલગે રે;
તું ચંદ્રને વળગે, કિરણે ઉચ્છલી રે.૭

તે પખ અંધારે રે, કરવત્ત વિદારે રે;
ઈમ ધારે તે દ્વિજપતિ નિજ પાવનપણું રે.૮

શશિસ્યૂં તુજ રંગો રે, ઈમ છે એકાંગો રે;
નવિ સોહે અભંગો, સજ્જનની પરે રે.૯

તુજમાં નવિ ખૂતો રે, તો સવિ ગુણ-જૂતો રે;
તુજ પૂતો વિગુતો, નવિ કોઈ અવગુણે રે.૧૦

તો પિણ તુજવાલી રે, કુલ-રેખા કાલી રે;
નિજ ગુણ જલ ગાલી, ટાલિ નવિ શકે રે.૧૧

ખલ સંગે જાણી રે, સજ્જન-ગુણ-હાણી રે;
હોય મલીન ઘન-પાણી, યમુનામાં ભલ્યું રે.૧૨

કુલ-અવગુણ-દોષી રે, નિજ કાયા શોષી રે;
તુજ નંદન ચોખી, તપસ્યા આદરે રે.૧૩

## દુહા ૯

ઈમ તુજથી વિપરીત જે, તુજથી લાજે જેહ;
તે સુત-ઋદ્ધિમદ કિસ્યો?, તેહસ્યૂં કિસ્યો સનેહ?૧

સગા સણીજા નાતિનો, ગુણ નાવે પરકાજ;
એક સગો ભૂખે મરે, એક તણિ ઘરિ રાજ.૨

અત્રિ નયનથી ઉપનો તુજથી પણિ જે ચંદ;
તે બેઈ બાપને બેટડે, તુજને કિસ્યો આનંદ?૩

નિજ ગુણ હોય તો ગાજીએ, પરગુણ સવિ અકયત્થ;
જિમ વિદ્યા પુસ્તક રહી, જિમ વલિ ધન પર-હત્થ.૪

બીજું તુજ નંદન-કલા, નિતિ નિતિ ઘટતી જાઈ;
રાતે કેવલ તગતગે, દિવસ અગોચર થાઈ.૫

મોટી જશ કીર્તિ કલા, પર ઉપગાર વિશેષ;
અખય અખંડિત સર્વદા, મુજ વિલસે સવિ દેસ.૬

ઢાળ ૯

(ઈડર આંબા આંબલી રે - એ દેશી)

સાયર કહે 'સુણી વાહણ! તું રે, ન કહે મુજ ગુણ સાર;
કાઢે પૂરા દુધમાં રે, કહતો દોષ વિચાર;
સબલ એ મન માન્યાની વાત,
તૂં ન કરે મુજ ગુણ ખ્યાત, મુજ મોટા છે અવદાત. સબલ.૧

જે દિન કૂપ સરોવરૂ રે, સૂકે નદિય નિવાણ;
ભર ઉનાલે તે દિને રે, વાધે મુજ ઊધાણ. સબલ.૨

પ્રબલ પ્રતાપે રવિ તણે રે, નવિ સૂકે મુજ નીર;
મેરૂ અગનિથી નવિ ગલે રે, જો પિણ હેમ શરીર. સબલ.૩

હું સંતોષ કરી રહૂં રે, અવિચલ ને થિરથોભ;
ઠામ રહિત ભમતાં રહો રે, વાહણ! તુહ્મો અતિ લોભ. સબલ.૪

શમાવંત ગંભીર છું રે, નવિ લોપૂં મર્યાદ;
તૂં મુજ ગુણ જાણે નહિ રે, સ્યો તુજસ્યૂં મુજ વાદ?'' સબલ.૫

વાહણ કહે ''સુણિ સાયરૂ રે! નવિ સૂકે તૂં ધામ;
ઉનાલે જલ અતિ ધરે રે, પિણ નવિ આવે કામ. સબલ.૬

શોષ ન પામું કોઈથી રે, એ મદ મ ધરે એક;
ચૂલુપ કર્યો ઘટ-સુત મુનિ રે, તિહાં ન રહી તુજ ટેક. સબલ.૭

એક એક પાં અતિ ઘણા રે, જગમાં છે બલવંત;
મુજ સમ જગમાં કો નહિ રે, ઈમ કોઈ મ ધરો તંત. સબલ.૮

સહસ નદી ઘન કોડિથી રે, તુજ નવી પેટ ભરાઈ;
તૂં નિત્ય ભૂખ્યો એહવો રે, કિમ સંતોષી થાઈ? સબલ.૯

સસિ સૂરજ ધન પરિ અહ્મે રે, ભમિએ પર-ઉપકાર
ભાર્ગે અંગે તું રહિઓ રે, હસવું કાંઈ? ગમાર! સબલ.૧૦

પરહિત-હેતેં ઉદ્યમી રે, સરજ્યા સજ્જન સાર;
દુર્જ્જન દુખીયા આલસું રે, ફોકટ ફૂલણહાર. સબલ.૧૧

નિઃકારણ નિતિ ઉચ્છલે રે, વલગે વાઉલ જેમ;
હૃદયમાંહિ ઘણું પરજલે રે, ક્ષમાવંત તૂં કેમ? સબલ.૧૨

સાચૂં તૂં ગંભીર છે રે, નવિ લોપે મર્યાદ;
પિણ તિહાં કારણ છે જુઓ રે, સ્યૂં ફૂલે નિસવાદ? સબલ.૧૩

વિકટ ચપેટા ચિહુ દિશિ રે, વેલંધર દિએ તુઝ;
મર્યાદા લોપે નહિ રે, તેહથી એ તુજ ગુજ્ઝ. સબલ.૧૪

પર અવગુણ નિજગુણ-કથા રે, છાંડો વિકથા રૂપ;
જાણૂં છૂં સઘલૂં અહ્મે રે, સાયર! તુજ્ઝ સ્વરૂપ.'' સબલ.૧૫

## દુહા ૧૦

કહે મકરાકર ''કરિ તું, પ્રવહણ! મુજસ્યું હોડિ;
મેં તૂં શરણે રાખિઓ, તો પામી ધન કોડી.૧

આસંગો નવિ કીજિએ, જેહની કીજે આસ;
નરપતિ માન્યો પિણ રહે, આપ મુલાજે દાસ.૨

શરણે રાખ્યો ચંદને, જિમ મૃગ હુઓ કલંક;
તિમ તું મુજને પિણ હુઓ, કહતો દોષ નિઃશંક.૩

સુંદર જાણી સંગ્રહ્યો, હુઓ તે નિગુણ નિઃશૂક;
ઊથાપે નિજ આશરો, એ તુજ મોટી ચૂક.''૪

## ઢાળ ૧૦

(ઢાલ કડખાની)

વાહણ કહે “શરણ જગિ ધર્મ વિણ કો નહિ.
તૂં શરણ સિંધુ! મુજ કેણિ ભ્રાંતિ?
શરણ આવ્યા તણી શરમ તે નિરવહે,
જેહ જાયા હુએ સુજસ રાતિ. વાહણ.૧

કાલ વિકરાલ કરવાલ ઊલાળતો,
ફૂંક મુકે પ્રબલ વ્યાલ સિરખી;
જૂઠ અતિ દુઠ જન સુખ સરમોહતા,
યમ મહિષ સાંભરે જેહ નિરખી. વાહણ.૨

ચોર કરિ સોર મલબારિયા ધારિયા,
ભારિયા ક્રોધ આવે હકાર્યા;
ભૂત અવધૂત યમદૂત જિમ ભયકરા,
અંજના-પુત નૂતન વકાર્યા. વાહણ.૩

હાથિ હથિયાર શિર ટોપ આરોપિયા,
અંગિ સન્નાહ ભુજ વીર વલયાં,
ઝલકતે નૂર દલપૂર, બિહું તબ મલ્યાં,
વીર રસ જલધિ ઊધાણ બલિયાં. વાહણ.૪

નીલ સિત પીત અતિશ્યામ પાટલ ધ્વજા,
વસન ભૂષણ તરૂણ કિરણ છાજે;
માનું બહુ રૂપ રણ-લચ્છિ હૃદય-સ્થલે,
કંચુઆ પંચ-વરણી વિરાજે. વાહણ.૫

ભૂર રણતૂર પૂરે ગયણે ગડગડે,
આથડે કટકની સુભટ-કોડી;
નાવસ્યું નાવ રણભાવ ભર ભેળવી,
કેલવી ઘાઉ દિએ મૂછ મોડી. વાહણ.૬

નિશિતશર ધુર જલધાર વરસે ઘણું,
સંચરે ગગનિ બક-ધવલ નેજા;

ગાજ સાજે સમર-ઢોલ વાજે સબલ,
વીજ જિમ કુંત ચમકે સતેજા. વાહણ.૭

ક્રૂર-રસશૂર ગજ કુંભ સિંદૂર સમ,
રૂધિરનાં પૂર અવિદૂર ચાલે;
સૂર ચૂરઈ સમર ભૂમિ સૂરણ પરિ,
સીસ કાયર ધરા હેઠિ ઘાલે. વાહણ.૮

ભંડ બ્રહ્માંડ શત-ખંડ જે કરી સકે,
ઊછલે તેહવા નાલિ-ગોળા;
વરસતા અગન રણ-મગન રોસે ભર્યા,
માનું એ યમ તણા નયન-ડોલા. વાહણ.૯

ચોર ભૂંકે મહા ક્રોધ મૂકે વલી,
વાહણ ઊપરિ ભરી અગનિ હોકા;
કોક બાણે વઢે સુભટ રણ-રસિ ચઢે,
બિરૂદ ગાયે તિહાં બંદિ લોકા. વાહણ.૧૦

ઓસરી ચોર જલિ સોર બહુ પાથરઈ,
સાથરઈ અગનિ તિહાં સબલ લાગે;
ખાલતો બાળતો ટાળતો દર્પ તુજ,
તેહ તૂં દેખાતો કિમ ન જાગે? વાહણ.૧૧

શેષ પિણ સલસલે મેદિની ચલચલે,
ખલભલે શલ તે સમર-રંગે;
લડથડે ભીરૂ ઈક એક આગઈ પડે,[૧]
સુભટ સન્નાહ માએ ન અંગે. વાહણ.૧૨

ઘોર રણજોર ચિહુ ઓર ભટ ફેરવે,
દેવ પિણ દેખતાં જેહ ચમકે;
બાણ બહુ ધૂમથી તિમિર પસરે સબલ,
કૌતુકી અમરના ડમરૂ ડમકે. વાહણ.૧૩

---

[૧] સબલ

એહવે રણ શરણ તૂં કિસ્યું મુજ કરે?
ખલ પરિ[1] દુષ્ટ દેખઇ તમાસા;
એક તિહાં ધર્મ છે શરણ માહરે વડું,
સુજસ દિએ તે કરે સફલ આશા. વાહણ.૧૪

## દુહા ૧૧

સાયર કહે "તૂં ભોગવે, ઘણા પાપનો ભોગ;
એક મુજ નિંદા કરી,સ્યો અધિકો ફલ યોગ? ૧

વીંધ્યો ખીલે લોહને, તૂં નિજ કૃષ[2] મઝારિ;
બાંધ્યો છે દૃઢ દોરસ્યૂં, નિજ વશ નહિ લગાર. ૨

દુબ્ભર ભરિએ તુજ ઉદર, ઘાલિ ધૂલિ પાષાણ;
વાય ભર્યો ભચકે ઘણું, તૂં જગિ ખરો અજાણ;" ૩

વાહણ કહે "સાયર! તુહ્મો, વડા જડાય જગ્ગિ;
દેખો છો ગિરિ પ્રજલતો, નવિ નિજ પગવિચ અગ્ગિ.૪

મેરૂ મંથાણે તૂં મથ્યો, રામશરેં વલિ દદ્ધ;
ઊછાલી પાતાલ ઘટ પવને કીધો અદ્ધ.પ

પામે મૂર્છા તે દુખે, મુખે મુકે છે ફીણ;
સન્નિપાતિઓ ઘુરઘુરે, લોટે કચરે લીણ.૬

ભોગવતો ઈમ પાપ ફલ, નવિ જાણે નિજ હાનિ;
દોષ ગ્રહે તૂં પર તણા, તે નવિ આવે માનિ." ૭

## ઢાળ ૧૧

(ઇણિ પૂરિ કંબલ કોઇ ન લેસી - એ દેશી)

સાયર કહે "તૂં બહુ અપરાધી, વાહણ! જીમ તુઝ અધિકી વાધી;
ખોલે મર્મ અનેક અહ્મારાં, ઢાંકૂં છિદ્ર અહ્મે તુજ સારાં.૧

---

[1] ખલપણઈ [2] કૂખ

જો હવઈ ન રહિસ નિંદા કરતો, મર્મ ઉઘાડિસિ માહરા ફિરતો;
પોત તરંગ ઘુમરમાં બોળી, તો હું નાંખીશ તુજને ઢોળી.૨

તુજ વિણ મુજ નવિ હોસ્યે હાણી, તુજ સરિખા બહુ મેલિસિ આણી;
જો અખૂટ છે નૃપભંડાર, તો ચાકરનો નહીં કો પાર.૩

ઉષ્ણ અગનિ-તાપે હુએ ગાઢું, જેહ સ્વભાવે જલ છે ટાઢું;
તિમ તુજ મર્મ વચને હું કોપ્યો, ક્ષમાવંત ધુરિ જે આરોપ્યો ૪

મોટાસ્યું હઠવાદ નીવાર્યો, નીતિમાર્ગ તે તિં વિસાર્યો;
મુજ કોપિ તૂં રહિએ ન સકઇ, પડે એક લહરીનેં ધક્કઇ.૫

કોડિ તરંગ શિખર પરિ વાધે, જઈએ ફીરઈ તે અંબર આધે;
એક તરંગ સયલ નભ ભાજે, કાજ ઘણા તૂં સ્યૂં ઈમ લાજે?૬

પવન છકોલઈ દિએ જલ ભમરી, માનું મદ-મદિરાની ઘુમરી;
તેહમાં શૈલ-શિખર પણિ ટૂટે, હરિ શય્યા ફણિ-બંધ વિછૂટે.૭

નક્ર ચક્ર પાડીન અતુચ્છ; ઊછળતા આછોટઈ પુચ્છ;
જઈ લાગે અંબર જલ કણિયા, છમકે ગ્રહગણ તાતા મણિયા.૮

એહવે મુજ કોપે તુજ સર્વ, ગલસ્યે જે મનમાં છે ગર્વ;
જે બોલે અસમંજસ ભાષા, તે ફલસે સઘલી શત શાખા.''૯

## દુહા ૧૨

વાહણ કહે 'મત રાખજે, સાયર! પાછું જોર;
ચાલે તે કરિસ્યું વૃથા, ફૂલી કરે બકોર.૧

વચન ગુમાને તુજ ભરિયાં, સાચ નકા તિહાં ભાખ;
કેતાં કાલાં કાઢિએ, જિમતાં દહિ ને માખ.૨

## ઢાળ ૧૨

(રઈવતના ગિર પોપટા - એ દેશી)

સાયર! સ્યૂં તું ઉછલે?, સ્યૂં ફૂલે છે ફોક?
ગરવ-વચન હું નવી ખમું, દેસ્યૂં ઉત્તર રોક. સાયર!૧

વાત-પ્રસંગે મેં કહ્યા, ઉત્તર તુજ સાર;
મર્મ ન ભેદ્યા તાહરા, કરિ હૃદય વિચાર. સાયર!૨

નિજ હિત જાણી બોલિએ, નવિ શાસ્ત્રવિરૂદ્ધ;
રૂસો પર વલિ વિષ ભખો, પણિ કહીયે શુદ્ધ. સાયર!૩

છિદ્ર અહ્મારાં સંવરે, તૂં કિહાં રે? ગમાર!
છિદ્ર એક જો તનુ લહઈ, તો કરે રે હજાર. સાયર.૪

શાકિનિ પરિ નિતિ અમ્હ તણા, તાકે તૂં છિદ્ર;
પણિ રખવાળો ધર્મ છે, તે ન કરે નિદ્ર. સાયર.૫

બોલે શરણાગત પ્રતિ, જે નીર મઝાર;
કઠિન વચન મુખિ ઉચ્ચરે, તે તુજ આચાર. સાયર.૬

પણિ મુજ રક્ષક ધર્મમાં, નહિ તુજ બલ લાગ;
જેહથી મુજ બૂડે નહીં, બાવનમો ભાગ. સાયર.૭

મનમાં સ્યૂં મૂંઝી રહ્યો, સ્યૂં માને શંક;
અહ્મ જાતાં તુજ એકલો, ઊગરસ્યઈ પંક. સાયર.૮

તું ઘર-ભંગ સમર્થ છે, કરવા અસમરત્થ,
શ્રમ કરવો ગુણ-પાત્રનો, જાણે ગુરૂ હત્થ. સાયર.૯

હંસ વિના સરવર વૃથા, અલિ વિણ જિમ પદ્મ,
જિમ રસાળ કોકિલ વિના, દીપક વિણ સદ્મ. સાયર.૧૦

મલયાચલ ચંદન વિના, ધન વિણ જિમ દ્રંગ;
સોહે નહિ તિમ અહ્મ વિના, તુજ વૈભવ રંગ. સાયર.૧૧

કરહ પિઠ્ઠિ જલ વરસવૂં; તૂઝને હિતવાણી;
મૂરખ જો લાજે નહિ, જાણિ નિજ હાણી. સાયર.૧૨

ગગન પાત ભયથી સૂએ, કરી ઉંચા પાય;
ટીંટોડી જિમ તુજ તથા, કલ્પિત મદ થાય. સાયર.૧૩

ઉન્હો સ્યું થાએ વૃથા? મોટાઈ જેહ,
તે તો બેહું મિલી હોઈ, બિહું પકખ સનેહ. સાયર.૧૪

## દુહા ૧૩

રાજા રાજિ પ્રજા સુખી, પ્રજા રાજ નૃપ રૂપ;
નિજ કરિ છત્ર ચમર ધરે, તો નવિ સોહે ભૂપ.૧

મદ ઝરતે ગજ ગાજતે, સોહે વંધ્ય નિવેસ;
વંધ્યાચલ વિણ હાથિઆ, સુખ ન લહે પરદેશ.૨

અગંજેય વન તે હુઇ, સિંહ કરે જિહાં વાસ;
વનનિકુંજ છાયા વિના, ન લહે સિંહ વિલાસ.૩

હંસ વિના સોહે નહિં, માનસસર જલપૂર;
માનસ સરવર હંસલા, સુખ ન લહે મહમૂર.૪

ઈમ સાયર! તુજ અહ્મ મિલી, મોટાઈ બિહુ પક્ખ;
જો તૂં ચૂકઈ મદ-વહ્યો, તો તુજ સમ મુજ લક્ખ.૫

હંસ સિંહ કરિવર કરે, જિહાં જાઈ તિહાં લીલ;
સર્વ ઠામિ તિમ સુખ લહે, જે છે સાધુ સુસીલ.૬

સાયર કહે "તૂં મુજ વિના, ભરી ન શકે ડગ્ગ;
મુજ પ્રસાદિ વિસલે ઘણું, હું દિઉં છૂં તુજ મગ્ગ.૭

મુજ સાહમૂં બોલે વલી, જો તૂં છાંડી લાજ;
તો સ્વામીદ્રોહા તણી, શીખ હોસ્યે તુજ આજ."૮

વાહણ કહે "સાયર! સુણો, સ્વામિ તે સંસાર;
ગિરૂઓ ગુણ જાણી કરે, જે સેવકની સાર.૯

ભાર વહે જન ભાગ્યનો, બીજો સ્વામી મૂઢ;
જિમ ખરવર ચંદન તણો, એ તું જાણે ગૂઢ."૧૦

## ઢાળ ૧૩

(ભોલૂડા રે હંસા - એ દેશી)

એહવે વયણે રે હવે કોપેઈ ચડ્યો, સાયર પામ્યો રે ક્ષોભ;
પવન ઝકોલે રે જલ ભર ઊછલી, લાગે અંબર મોભ. એહવે.૧

ભમરી દેતાં રે પવન ફિરી ફિરી રે, વાલે અંગ તરંગ;
અંબર વેદી રે ભેદી આવતા, ભાજે તે ગિરિ-શૃંગ. એહવે.૨

ભૂત ભયંકર સાયર જબ હુઓ, વીજ હુઈ તવ હાસ;
ગુહિરો ગાજી રે ગગને ઘર કરે, ડમ ડમ ડમરૂ વિલાસ. એહવે.૩

જલનઈ જોરઈ રે અંબર ઊછલઈ, મચ્છ પુચ્છ કરી વંક;
વાહણ લોકનઈ રે જો દેખી હુઈ, ધૂમકેતુ શત શંક. એહવે.૪

રોષ અગનિનો રે ધૂમ જલધિ તણો, પસર્યો ઘોર અંધાર;
ભયભર ત્રાસે રે મશક પરિં તદા, વાહણના લોક હજાર. એહવે.૫

ગગનિ ચઢાવી રે વેગિ તરંગને, તલે ઘાલિજે રે પોત;
ત્રટત્રટ ત્રુટઈ રે બંધન દોરનાં, જન લખ જોતાં રે જોત. એહવે.૬

નાંગર ત્રોડી રે દૂરિ નાંખીએ, ફૂલ તણાં જિમ બીંટ;
ગગનિ ઉલાલી રે હરિઇ પાંજરી, મોડિ મંડપ મીટિ. એહવે.૭

છુટે આડા રે બંધન થંભના, ફૂટઈ બહુ ધ્વજદંડ,
સૂક વાહણ પણિ છોતા પરિ હુઈ, કુઆ-થંભ શતખંડ. એહવે.૮

સબલ શિલા વચિ ભાગાં પાટીયાં, ઊછલતે જલ ગોટ;
આશ્રિત દુઃખથી રે વાહણ તણો હુઓ, માનુ હૃદયનો ફોટ. એહવે.૯

તે ઉત્પાતિં રે પ્રલય પરિ હુવે, લોક હુઆ ભયભ્રાંત;
કાયર રોવે રે ધીર તે ધૃતિ ધરી. પરમેશ્વર સમરંત. એહવે.૧૦

## દુહા ૧૪

ઈમ સાયર કોપે હુઓ, દેખી વાહણ વિલક્ખ;
વિચિ આવી વાણી વદે, ઉદધિકુમાર તાલક્ખ.૧

"વાહણ! ન કીજે સર્વથા, મોટા સાથે ઝૂઝ,
જો કીધૂં તો ફલ લહ્યું, મૂકઈ કાઈ અબૂઝ,૨

તુજમાં કાંઇ ન ઉગર્યો, વહિ જઈસે જલવેલ;
હજી લગિ હિત ચાહિ, તો કરિ સમુદ્રસ્યું મેલ.૩

### ઢાળ ૧૪

(સમરિઓ સાદ દિઇ એ દેવ, અથવા કિસકે ચેલે કિસકે પૂત
અથવા સમર્યા સાજ કરે જખ્યરાજ. - એ દેશી)

સંકટ વિકટ ટલઇ સબ દૂર, ફિરિ સજ થઇ વાજઇ તુજ તૂર;
સાયર જો મિલે.
તો પૂગે તુજ વંછિત આસ, લોક કરે સવિ લીલ-વિલાસ.
સાયર જો મિલે.૧

તુજ નમતાં ટલસ્યે તસ ક્રોધ, ગિરૂયા તે જગિ સરલ સુબોધ; સા.
વહિઇ સાહિબ આણ અભંગ ખાસ કરી જઇ નવિ આસંગ સા.૨

ગજ ગાજે અંગણ મલપંત, હેષઇ તેજી હય હરખંત; સા.
સાહિબ સુનજરિ ભર ભંડાર, તસ કુનજરિ જન થાઇ ખ્વાર. સા.૩

જે પરમેસરે મોટા કીધ, જેહની ભાગ્યરતી સુપ્રસિદ્ધ; સા.
તે સાહિબની કીજે સેવ, હોડિ તણી નવી કીજે ટેવ સા.૪

ધનમદ જે દોગુંદુક દેવ, રંક કરઇ તેહને તતખેવ; સા.
કરઇ રંકને રાજા પ્રાય, સાહિબ ગતિ નવિ જાણી જાય. સા.૫

જેહ ઊપજે ઉત્તમ વંશ, લોકપાલના રે લેઇ અંશ; સા.
તે સાહિબ જગિ સેવા લાગ, નવી કીજે તેહસ્યૂં અણરાગ.સા.૬

હિતકારી કહું છું અહ્મે વાત, જાણે છે તૂં સવિ અવદાત; સા.
કહ્યું માનિ માની સિરદાર, કીજે અવસર લાગ વિચાર સા.૭

સાયર સેવક છૂં અહ્મે એહ, ધરિએ તેહને નેહે નેહ; સા.
હુકમ દીએ જો સાહિબ ધીર, તો અહ્મે સાંધુ તુજ શરીર.સા.૮

મેલ કરો અમ્હ વયણે પોત!, જિમ તુજ હુઇ જગિ જસ ઉદ્યોત; સા.
ફિરિ નીંપાઉં સઘલો સાજ, બંદિર જઇ પામે તુહ્મે રાજ.''સા.૯

### દુહા ૧૫

સાયર-સેવક દેવની, સામ ભેદની વાણ;
વાહણ એહવી સાંભળી, વદે માન મનિ આણ.૧

“પખ્ય તુમ્હે પોષ્યો ખરો, નિજ સાહિબનો દેવ!
ગુણ અજાણની પરિહરિ, પણિ એહની અહ્મે સેવ.૨

મત જાણો એ સંકટે, માન ટળે અહ્મ આજ;
જે અહ્મે સાહિબ આદર્યો, તે વહેસ્યે અહ્મ લાજ.૩

## ઢાળ ૧૫

(નભિરાયાકે બારિ ચાંપો મોરિ રહિઉ રી - એ દેશી)

શ્રી નવખંડ જિણંદ, તેહનો શરણુ કિઓરી;
ઘોઘા-મંડણ પાસ, સાહિબ તેહ કિઓરી.૧

જેણે નિજ તનુ-નવખંડ, મેલ્યાં આપ બલેરી;
તેહજ મુજ તનુ-ખંડ, ભેલસ્યે ભગતિ ભલેરી.૨

ઊભા જસ દરબાર, સુર-નર સેવ કરેરી;
જે સમર્યો તતખેવ, સંકટ સયલ હરેરી.૩

અરિ કરિ કેસરી આગે, અહિ જલ બંધ રૂજારી;
ભાંજઈ અડભય એહ, સાહિબ સબલ ભુજારી;૪

તેજે ઝાકઝમાલ, રવિ પરિ જેહ તપેરી;
સિદ્ધ અમર મુનિ વૃંદ, જસ નિત નામ જપેરી.૫

પતીતપાવન પ્રભુ જાસ, રંજે ભગતિ-રસેરી;
તસ દુઃખ હરવા કાજ, દેવ અનેક ધસેરી.૬

તે પ્રભુ શરણ કરેઈ, અવર ન આસ કરૂંરી;
કુણ લિઈ પત્થર હાથ, પામી રયણ ખરૂંરી.૭

જલ-ભય નહીં મુજ દેવ! સમરે નીલ છબીરી;
સ્યૂં કરસ્યે અંધકાર, ઉગ્યે ગયણી રવીરી.૮

કોઈ નહીં ભય મુજ, જો પ્રભુ ચિત્તિ વસ્યોરી;
જાઓ તુમ ઉદધિકુમાર! સાયર-મેલ કિસ્યોરી? ૯

જે સાહિબ સુપ્રસન્ન, કહિઇ ન રોસ ભજ્યોરી[1];
તે અહ્મે સેવ્યો દૂઠ, સાયર દૂરિ ત્યજ્યોરી,૧૦

આસપૂરણ પ્રભુ પાસ, હરસ્યે વિઘન-તતીરી;
લહસ્યૂં જગ જસવાદ, આરતિ મહીંઅ રતીરી.૧૧

## દુહા ૧૬

ઈણિ આકીનઈ ધર્મને, તૂઠા સુર અસમાન;
કુસુમવૃષ્ટિ ઊપરિ કરે, અંબરિ ધરી વિમાન.૧

મુખિ ભાષે "ધન ધન્ય તૂં, તુજ સમ જગિ નહીં કોઈ;
કુણને એહવી ધર્મમતિ, સંકટ આવે હોઈ? ૨

હરખ નહીં વૈભવ લહે, સંકટિ દુઃખ ન લગાર;
રણ સંગ્રામે ધીર જે, તે વિરલા સંસાર.૩

એમ પ્રશંસા સુર કરી, ટાલે સવિ ઉતપાત,
ફિરિ સાજ સબલો બન્યો, હુઆ ભલા અવદાત.૪

સુરવર જસ સાંનિધિ કરે, તેહસ્યું કેહી રીસ?
ઈમ સાયર પણિ ઉપશમી, ધરઈ વાહણ નિજ સીસ.૫

## ઢાળ ૧૬

(ઢાળ ફાગની)

હરખિત વ્યવહારી હુઆ હો, કરતા કોડિ કલ્લોલ,
ટલી વાહણથી આપદા હો, ચિત્ત હુઆ અતિ રંગરોલ.૧

પ્રભુ પાસજી નામથી દુઃખ ટળ્યો હો, અહો મેરે લલના;
સવિ મલ્યો સુખ સંજોગ. પ્રભુ પાસજી. અહો.
કિયાં છાંટણાં અતિ ઘણાં હો, કેસરકી ઝકઝોર;
માનું સંકટ રયણી ગયે તેં, પ્રગટ ભયો સુખ ભોર. પ્રભુ.૨

---

[1] ભર્યોરી

ભયો હરખ વરષા અતિ સંકટ, ગએ ઘામરિતુ હેત;
તાતેં ફિરત અંબર બલાકા, ઉજ્વલ ફરહર્યા કેતુ. પ્રભુ.૩

કુઆ-થંભ ફિરિ સજ કીઓ હો, માનું નાચકો વંસ;
નાચે ફિરતી નર્તકી હો, શ્વેત અંસુક ધરી અંસ. પ્રભુ.૪

સોહે મંડિત ચિહું દિસે હો, પટમંડપ ચોસાલ;
માનું જય-લચ્છી તણો હો, હોત વિવાહ વિશાલ. પ્રભુ.૫

બેઠો સોહે પાંજરી હો, કૂઆથંભ અગ્રભાગ;
માનું કે પોપટ ખેલતો હો, અંબર તરૂઅર લાગિ. પ્રભુ.૬

નવ નિધાન લચ્છી લહી હો, નવગ્રહ હુઆ પ્રસન્ન;
નવ સઢ તાણ્યા તે ભણી હો, મોહે તિહાં જન-મન્ન. પ્રભુ.૭

રાચે માચે નાચે બહુજન, સબ હી બનાવત સાજ;
વાજે વાજાં હરખનાં હો, પામ્યું તે અભિનવ રાજ.પ્રભુ.૮

મેઘાડંબર છત્ર વિરાજે, પટમંડપ અતિ ચંગ;
બીજે બિહું પણ સોહતા હો, ચામર જલધિ તરંગ. પ્રભુ.૯

એક વેલિ સાયર તણી હો, દૂજી જનરંગ રેલી;
ત્રીજી પવનની પ્રેરણા હો, વાહણ ચલે નિજગેલિ. પ્રભુ.૧૦

પવનહીં થઈ દૂનો ભયો હો, પવન સિખાયો વેગ;
જિહાજેં જન મન ગુરૂ કિએ હો, વેગ વિદ્યા અતિ તેગ. પ્રભુ.૧૧

ત્રાસે કચ્છપ ચિહું દિસે હો, આવત દેખિ જિહાજ;
માનું જિહાજના લોકના હો, નાસે દારિદ્ર ધરી લાજ. પ્રભુ.૧૨

ઈણિ પરિ બહુ આડંબરે રે, ચાલ્યાં વાહણ સુવિલાસ;
નિજ ઈચ્છિત બંદિર લહી હો, પામ્યાં તે સુજસ ઉલ્લાસ. પ્રભુ.૧૩

## ચોપાઈ

બંદિર જઈ માંડ્યા બાજાર; વ્યાપારી તિહાં મિલ્યા હજાર;
જિમ આવલિકા દેવ વિમાન, તિમ તિહાં હાટ બન્યા અસમાન.૧

રયણ-શ્રેણિ તિહાં સોહે ઘણી, કમલા હાર તણી છવિ ભણી;
સોનઈયા નવિ જાએ ગણ્યા, રૂપારાલ તણી નહિ મણા.૨

માંડ્યા મોતી તિહાં બહુ મૂલ, માવું ન્યાય-લતાના ફૂલ;
પાસે માંડી મરકત હારિ, તે સોહે અતિકુલ અનુહારિ.૩

લાલ કાંતિ પસરે તિહાં સાર, ભૂમિ લહે લાલી બાજાર;
માનું આવિ કમલા રંગિ, તાસ ચરણ અલતાનઈ સંગિ.૪

રયણ-પારખિ પરખી પાસિ, કરે રયણની મોટી રાશિ;
પરખે નાણાં નાણાવટી, કરે રેડ જિન સુરગિરિ તટી.૫

વિવિધ દેશ અંબર અનુકૂલ, દોસિ વિસ્તારે પટફૂલ;
ચીન મસજ્જર ને જરબાફ, જીપે રવિ શશિ કર ઓ સાફ.૬

સોવન-તંતુ-ખચિત પામરી, જે પાસેં ભિકખા ભામરી;
માંગે રોહણગિરિની કંતિ, તે જોતાં પહુંચે મન ખંતિ.૭

જિમ વસંત ફૂલે કણિયાર, મણિ-માલા માંડઈ મણીઆર;
તેલ ફૂલેલ સુરહિયા ધરઈ, તસ સુવાસ અંબરિ વિસ્તરે.૮

કસ્તુરી આકુલ તોલંત, સૌરભ નિશ્ચલ અલિ ગુંજંત;
નવિ જાણે તિહાં લીનો લોક, સોર જોર કરતે જન થોક.૯

કેસર છવિ અગનિં તનુ ધરી, માનું ધીજ કસ્તુરી કરી;
ટાલઈ નીચપણા નિઃશંક, તો આદરિઈ જગિ નિકલંક.૧૦

અંબર ચંદન અગર કપૂર, ગર્ભિત ધરણી પરિમલપૂર;
માનું તે ભારેં નવિ ફરે, અલિ ગુંજિત આક્રંદિત કરે.૧૧

ઘણાં વસાણાનો વિસ્તાર, તે કહેતાં નવિ લાભે પાર;
સુરલોકે પણિ ન મિલે જેહ, તે લહિએ તિહાં વસ્તુ અછેહ.૧૨

લોક થોક જિમ વેલિ ભરાઈ, એક એકનાં હૃદય દલાઈ;
શુચિ પક્ષેં પામે વિસ્તાર, દરિઆ સમ ગાજઈ બાજાર.૧૩

તિહાં વ્યાપાર કર્યા અતિ ઘણા, મુલિં લાભ હુઆ સોગુણા;
ભર્યાં વસાણે નિજ નિજ જિહાજ, કીધો ઘરિ આવ્યનો સાજ.૧૪

## ઢાળ ૧૭

(ગચ્છપતિ રાજિઓ હો લાલ - એ દેશી, જગસરી રાગ)

ભરિયાં કિરિયાણાં ઘણાં હો, હીરચીર પટકુલ;
મેલ્યાં નિજ બંદિર ભણી, હવે વાહણ પવન અનુકૂલ.૧

હરખિત જન હુઆ હો લાલ, પામ્યા જયતસિરિ સુખલીલ-આંકણી.
દોય પંખિ જિમ પંખિઆ હો, રથ જિમ દોય તુરંગ;
સૂકવાણ સઢનેં બલેં, તિમ વહાણ ચલે અતિરંગ.હરખિત.૨

રણકે ધ્વજમણિ કિંકિણી હો, - કનકપત્ર ઝંકાર;
વહાણ મિસેં આવે રમા, માનું ગરૂડ કરી સંચાર. હરખિત.૩

ત્રાપે જલ ઓલંચીએ હો, માનું ઝરે મદપૂર;
વાહણ ચલે જિમ હાથિઓ, સિર કેસર વચિ સિંદૂર. હરખિત.૪

ભર કસી સસર નાંખિએ હો, બાહિર તેહ ન જાઈ;
એહવે વેગે ચાલિયા, મનિ વાહણ હરખ ન માઈ. હરખિત.૫

વાહણ ભાણસ્યૂં તોલિએ હો, ધરા સ્વર્ગનો સાર;
તુલા દંડ થંભે કરી, જોઈ લેજો એહ વિચાર. હરખિત.૬

કામિ કરે જિમ કામિની હો, હૃદય-સ્થલ પરિણાહ;
સાયર તિમ અવગાહતાં, હવઈ વાહણ ચલ્યાં ઉચ્છાહ. હરખિત.૭

ગુણ-જીત્યો સાયર હુઓ હો, સહજેં સાંનિધિકાર;
દેખ્યાં બંદિર આપણાં, હવે હુઆ તે જયજયકાર. હરખિત.૮

બંદિર દેખિ વાવટા હો, ધરિયા લાલ અગ્રભાગ;
માનું બહુ દિનનો હુંતો, તેહ પ્રગટ કીઓ ચિતરાગ. હરખિત.૯

બંદિર દેખિ હરખસ્યું હો, મેલ્હી નાલિ આવાજ;
જે આગે સુરગજ તણો, વલિ મેહ તણો સ્યો ગાજ? હરખિત.૧૦

વાજ્યાં વાજાં હરખનાં હો, કરે લોક ગીતગાન;
પડછંદે ગુહિરો દિએ, માનું સાયર પણિ કરે તાન. હરખિત.૧૧

સાહમા મિલવા આવિયા હો, સાજન લેઈ નાવ;
અંગોઅંગ મિલાવડે, એ તો ટલિયાં વિરહ વિભાવ. હરખિત.૧૨

આવ્યાં વાહણ સોહામણાં હો, ઘોઘા વેલાકુલ;
ઘરઘર હુઆં હો વધામણાં, શ્રી સંઘ સદા અનુકૂલ. હરખિત.૧૩

વ્યવહારી ભેટે મુદા હો, પ્રથમ પાસ નવખંડ;
સુરભિ દ્રવ્ય પૂજા કરે, લેઈ કેશર ને શ્રીખંડ. હરખિત.૧૪

મોતીના કર્યા સાથિયા હો, આંગી રયણ બનાવ;
ધ્વજા આરોપી અતિ ભલી, વલી કનક કલસ શુચિભાવ. હરખિત.૧૫

ઈણ પરિ જેહના દ્રવ્યનો હો, આવ્યો પ્રભુને ભોગ;
સાયરથી મોટું કર્યું, તે જિહાજ મિલિ સવિ લોગ. હરખિત.૧૬

એ ઉપદેશ રચ્યો ભલો હો, ગર્વ-ત્યાગ હિત કાજ;
તપગચ્છ ભૂષણ સોહતા, શ્રી વિજયપ્રભ સૂરિરાજ. હરખિત.૧૭

શ્રી નયવિજય વિબુધ તણો હો, સીસ ભણે ઉલ્લાસ;
એ ઉપદેશે જે રહે, તે પામે સુજસ વિલાસ. હરખિત.૧૮

વિધુ મુનિ સંવત જાણિએ હો, તેહજ વર્ષ પ્રમાણ;
ઘોઘા બંદિરે એ રચ્યો, ઉપદેશ ચઢ્યો સુપ્રમાણ. હરખિત.૧૯

**ઈતિ યાનપત્રયાદસ્પત્યોઃ પરસ્પરં પ્રશસ્યસંવાદાલાપઃ**
**સમાપ્તઃ શ્રી ઘોઘા બંદિરે.**

- ઈતિ સમુદ્રવાહણ વિવાદ રાસ સંપૂર્ણ. પંડિત શ્રી શ્રી દેવવિજયશિષ્યાદિ મુનિ લક્ષ્મીવિજય લખતાં॥ પઠનાર્થ સંપૂર્ણ. પત્ર ૭ ખેડાની પ્રત.

•

# પરિશિષ્ટ - શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| ૧ | અક્ક | ૭.૭ | આંકડાનો છોડ (તેનું દૂધ) (મ.ગુ.કો.)* |
| ૨ | અકયત્થ | દુ.૯.૪ | જેનું જીવન સાર્થક નથી તે, અકૃતાર્થ (મ.ગુ.કો.) |
| ૩ | અખય | દુ.૯.૬ | અક્ષય (મ.ગુ.કો.) |
| ૪ | અગર | ચો.૧૧ | તે જાતનું સુગંધી લાકડું (મ.ગુ.કો.) |
| ૫ | અગંજેય | દુ..૧૩..૩ | અપરાજિત, ગાંજ્યો ન જાય તેવો (મ.ગુ.કો.) |
| ૬ | અટે | ૧.૯ | ફરે, રખડે (મ.ગુ.કો.) |
| ૭ | અતુચ્છ | ૧૧.૮ | શ્રેષ્ઠ, ઘણુંબધું (મ.ગુ.કો.) |
| ૮ | અદ્ધ | દુ.૧૧.૫ | અર્ધું (મ.ગુ.કો.) |
| ૯ | અમીઅ | ૭.૫ | અમૃત (મ.ગુ.કો.) |
| ૧૦ | અલગે | ૮.૭ | દૂર, આઘું, વેગળું (મ.ગુ.કો.) |
| ૧૧ | અવિદૂર | ૧૦.૮ | નજીક (બૃગુકો) |
| ૧૨ | અસમંજસ | ૧૧.૮, દુ.૨.૪ | અયોગ્ય (મ.ગુ.કો.) |
| ૧૩ | અંર્ટગ | ૧૦.૪ | અંગ પર (મ.ગુ.કો.) |
| ૧૪ | અંજનાપુત | | હનુમાન (મ.ગુ.કો.) |
| ૧૫ | અંબર | (૩.૧,૨,૪) (૧૬.૩,૬,૪) (૧.૩) | વસ્ત્ર, આકાશ (મ.ગુ.કો.) |

---

*** મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ - સં. જયંત કોઠારી પ્ર. હેમચંદ્રાચાર્ય સ્મૃતિ સંસ્કાર શિક્ષણ નિધિ, ઈ.સ. ૧૯૯૫**

| | | | |
|---|---|---|---|
| ૧૬ | અંસ | ૧૬.૪ | ખભો (મ.ગુ.કો.) |
| ૧૭ | આકીનઈ | દુ.૧૬.૧ | અગાઉ, આગળ, પૂર્વે, હવે પછી (મ.ગુ.કો.) |
| ૧૮ | આગઈ | ૧૦.૧ | આગળ, અગાઉ, પૂર્વે, પહેલાં (મ.ગુ.કો.) |
| ૧૯ | આણી | ૭.૧૨, ૧૧.૩ | આ (મ.ગુ.કો.) |
| ૨૦ | આધે | ૧૧.૬ | અડધે (મ.ગુ.કો.) |
| ૨૧ | આકલી | ૭.૪ | અથડાય (ભટકાય) (મ.ગુ.કો.) |
| ૨૨ | આરતી | | આરતી (મ.ગુ.કો.) |
| ૨૩ | આસીસ | ૧.૨ | આશીર્વાદ (મ.ગુ.કો.) |
| ૨૪ | આસંગ | ૧૪.૨ | આસક્તિ, લગની (બૃ.ગુ.કો.)* |
| ૨૫ | ઈસ્યું | | આ પ્રકારનો, આવો, એવો (મ.ગુ.કો.) |
| ૨૬ | ઉખર | ૭.૬ | ખારવાળું, ઉજ્જડ, વેરાન (બૃ.ગુ.કો.) |
| ૨૭ | ઉધાણ | ૯.૨, ૧૦.૪ | સમુદ્રની મોટી ભરતી (મ.ગુ.કો.) |
| ૨૮ | કચરે | ૭.૫, દુ.૧૧.૫ | નકામો કચરો (બૃ.ગુ.કો.) |
| ૨૯ | કરઈ | ૧૪.૫, દુ.૮.૭ | કરવું (મ.ગુ.કો.) |
| ૩૦ | કરવાલ | ૧૦.૨ | તલવાર (મ.ગુ.કો.) |
| ૩૧ | કરહ | ૧૨.૧ | ઉંટ (મ.ગુ.કો.) |
| ૩૨ | કરિ | દુ.૪.૩, ૧૫.૧, દુ.૧૦.૩, ૧૦.૨, | જાણે કે, થી, થકી (મ.ગુ.કો.) |

*** બૃહદ્ ગુજરાતી કોશ, ખંડ ૧ ૨, સં. કે. કા. શાસ્ત્રી, પ્ર. યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ઈ. ૧૯૭૬**

| | | | |
|---|---|---|---|
| ૩૩ | કલિત | દુ.૮.૬ | જાણવામાં આવેલું, કળેલુ. (બૃ.ગુ.કો.) |
| ૩૪ | કાઠ | દુ.૪.૩ | લાકડું (મ.ગુ.કો.) |
| ૩૫ | કાલા | ૫.૩ | અણસમજુ, (ભોળા, લાડકા) (મ.ગુ.કો.) |
| ૩૬ | કિસ્યો | ૭.૫, દુ.૯.૧,૩ | કેવો, શું, કેમ (મ.ગુ.કો.) |
| ૩૭ | કેકિ | ૭.૧ | કેકા કરે તે, મોર (મ.ગુ.કો.) |
| ૩૮ | કેણિ | ૧૦.૧ | કયું, કેવું, કોણ, કોઈ (મ.ગુ.કો.) |
| ૩૯ | કંધરા | ૧.૧ | ગરદન, ડોક (મ.ગુ.કો.) |
| ૪૦ | કુંત | ૧૦.૭ | ભાલો, એક નાનું જીવડું (બૃ.ગુ.કો.) |
| ૪૧ | ક્રયાણાં | ૧.૨ | કરિયાણાં, વેચવાનો માલ (મ.ગુ.કો.) |
| ૪૨ | ખલ | ૮.૧૨, ૧૦.૧૪ | તલ વગેરેનો ખોળ (મ.ગુ.કો.) |
| ૪૩ | ખાટ | ૨.૬ | ખાટલો, પલંગ (મ.ગુ.કો.) |
| ૪૪ | ખારે | દુ.૭.૪ | ક્ષારમાં (મ.ગુ.કો.) |
| ૪૫ | ખંડ | ૧૫.૧,૨,૬.૮ | ખાંડું (તરવાર) (મ.ગુ.કો.) |
| ૪૬ | ગરલ | ૭.૫ | ઝેર, વિષ (બૃ.ગુ.કો.) |
| ૪૭ | ગરિઠ | ૪.૬ | મહાન, મહિમાવંત (મ.ગુ.કો.) |
| ૪૮ | ગુહિરો | ૧૭.૧૧, ૧૩.૩ | ગંભીર, ઉંડું, ઘેરું, ગાઢ, ગૂઢ (મ.ગુ.કો.) |
| ૪૯ | ગોત્રજા | ૮.૨ | સમાન પિતૃકુળની કુળદેવી, સમાન કુળમાં જન્મેલ (બૃ.ગુ.કો.) |
| ૫૦ | ઘનઘટા | ૭.૧ | વાદળાઓની કે વૃક્ષવેલીઓની ઘાટી જમાવર (બૃ.ગુ.કો.) |
| ૫૧ | ઘામ | ૯.૬ | ઉનાળાના બફારાના લીધે થતો ફોડલો (બૃ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૫૨ | ઘારિયા | ૧૦.૩ | એક મીઠાઇ (બૃ.ગુ.કો.) |
| ૫૩ | ઘાલે | ૫.૭, ૧૦.૮ | અંદર દાખલ કરવું (બૃ.ગુ.કો.) |
| ૫૪ | ઘુમરી | ૧૧.૭ | વમળ, ભમરી, આંકડો (બૃ.ગુ.કો.) |
| ૫૫ | ઘુરઘુરે | દુ.૧૧.૬ | ઘુરઘુર એવો અવાજ (બૃ.ગુ.કો.) |
| ૫૬ | ઘૂક | દુ.૩.૬ | ઘૂવડ (મ.ગુ.કો.) |
| ૫૭ | ચપેટા | ૯.૧ | તમાચો (મ.ગુ.કો.) |
| ૫૮ | ચાલો | ૨.૬ | વારું, ઠીક, બરોબર (ચાંલ્લો) (બૃ.ગુ.કો.) |
| ૫૯ | ચિહુ | ૯.૧૪, ૧૦.૧૩ | ચાર (૪ અંક) (મ.ગુ.કો.) |
| ૬૦ | ચૂક | દુ.૧૦.૪ | આમલી (મ.ગુ.કો.) |
| ૬૧ | ચૂરઇ | ૧૦.૮ | ચૂરો કરે (મ.ગુ.કો.) |
| ૬૨ | ચંદલો | દુ.૮.૧, ૮.૫ | ચાંલ્લો (મ.ગુ.કો.) |
| ૬૩ | છઇ | ૨.૧, દુ.૪.૬ | છે (મ.ગુ.કો.) |
| ૬૪ | છતે | ૬.૬,૭ | હોતાં, હોવા છતાં (મ.ગુ.કો.) |
| ૬૫ | જગ્ગિ | દુ.૧૧.૪ | જગતમાં (મ.ગુ.કો.) |
| ૬૬ | જરબાફ | ચો.૬ | વસ્ત્રવિશેષ (જરી અને રેશમના વમારવાળું વસ્ત્ર) (મ.ગુ.કો.) |
| ૬૭ | જલનઇ | ૧૩.૪ | પાણીના (મ.ગુ.કો.) |
| ૬૮ | ઝકઝોર | ૧૬.૨ | ઝાકમજોળ, આનંદની રેલમચેલ (બૃ.ગુ.કો.) |
| ૬૯ | ઝકોલે | ૧૩.૧, ૨.૯ | લહેર, ઝકોર (બૃ.ગુ.કો.) |
| ૭૦ | ઝૂઝ | દુ.૧૪.૨ | યુદ્ધ (મ.ગુ.કો.) |
| ૭૧ | ડમકે | ૧૦.૧ | ડગકવું (મ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૭૨ | ડમરૂ | | વાદ્ય યંત્ર (મ.ગુ.કો.) |
| ૭૩ | ડેરા | ૧.૩ | તંબુઓનો નાખેલો પડાવ, છાવણી (બૃ.ગુ.કો.) |
| ૭૪ | ડોલા | ૧૦.૯ | ઉંઘનુ આવી જતુ ઝોલું (બૃ.ગુ.કો.) |
| ૭૫ | ડંબર | ૧.૩ | ધૂળની આંધી, આડંબર, બાહ્ય ભપકો (મ.ગુ.કો.) |
| ૭૬ | તતખેવ | ૧૪.૫, ૧૫.૩ | તરત જ (મ.ગુ.કો.) |
| ૭૭ | તતી | ૧૫.૧ | તેટલા (મ.ગુ.કો.) |
| ૭૮ | તડપાડ | ૨.૭ | તડપવું (મ.ગુ.કો.) |
| ૭૯ | તમ | દુ.૩.૬ | તેમ, ત્યમ (મ.ગુ.કો.) |
| ૮૦ | તમાસા | ૧૦.૧ | ફજેતી, વિનોદ (બૃ.ગુ.કો.) |
| ૮૧ | તલે | ૧.૧૦, ૫.૭, ૧૩.૬ | જમીન પરની સપાટી તળિયું (બૃ.ગુ.કો.) |
| ૮૨ | તાતા | ૧૧.૮ | રોટલો (બૃ.ગુ.કો.) |
| ૮૩ | તાતિ | દુ.૨.૨,૩ | તાતિ, પરતાતિ (મ.ગુ.કો.) |
| ૮૪ | તારૂ | ૩.૧ | તારવું, ઉગારવું (મ.ગુ.કો.) |
| ૮૫ | તુહમને | ૩.૯, ૫.૨, ૩,૪,૫,૬, ૭,૮,૯,૧૦ | તને (મ.ગુ.કો.) |
| ૮૬ | તેગ | ૧.૩, ૧૬.૧૧ | કટાર, તલવાર, શમશેર (બૃ.ગુ.કો.) |
| ૮૭ | થાઇ | દુ.૯.૫, ૯.૯, ૧૪.૩ | થવું (મ.ગુ.કો.) |
| ૮૮ | થિતિ | દુ.૩.૨ | સ્થિતિ, નિયમ, રુઢિ (મ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૮૯ | થિરથોલ | ૯.૪ | સ્થિર-સ્થાવર (બૃ.ગુ.કો.) |
| ૯૦ | થોક | ૧.૪, દુ.૭.૨, ચો.૯.૧૩ | થોકડો, સમૂહ, થોકેથોક, વૈભવ (મ.ગુ.કો.) |
| ૯૧ | દદધ | દુ.૧૧.૫ | હાઝેલું (મ.ગુ.કો.) |
| ૯૨ | દાલિદ્ર | દુ.૫.૨ | દરિદ્રતા, કરીબાઇ (મ.ગુ.કો.) |
| ૯૩ | દુબ્ભર | દુ.૧૧.૩ | મુશ્કેલીથી પોષણ થાય એવું, ગરીબ (મ.ગુ.કો.) |
| ૯૪ | દૂનો | ૧૬.૧ | લાકડાનું વાસણ કે ઘડો (બૃ.ગુ.કો.) |
| ૯૫ | ધાઇ | ૨.૭ | ધાવ, આયા (મ.ગુ.કો.) |
| ૯૬ | ધીજ | ચો.૧૦ | પરીક્ષા, કસોટી (મ.ગુ.કો.) |
| ૯૭ | નકાર | ૬.૯ | નન્નોસ 'નહિ' યા 'મા' નો બોધક (બૃ.ગુ.કો.) |
| ૯૮ | નક્ર | ૧૧.૮ | મગર (મ.ગુ.કો.) |
| ૯૯ | નાન્હો | ૩.૪ | તોપ (મ.ગુ.કો.) |
| ૧૦૦ | નાલિ | | તોપ (મ.કા.ગુ.કો.), નીક, મોરી, ખાળિયો (બૃ.ગુ.કો.) |
| ૧૦૧ | નાલિગોળા | ૧૦.૯, ૧૭.૧૦ | તોપના ગોળા (મ.ગુ.કો.) |
| ૧૦૨ | નિટોલ | દુ.૨.૧ | નક્કી, અવશ્યપણે, સંપૂર્ણપણે, સાવ (મ.ગુ.કો.) |
| ૧૦૩ | નિતિ | દુ.૯.૫, ૯.૧૨, ૧૨.૫ | નિત્ય (મ.ગુ.કો.) |
| ૧૦૪ | નિદાન | દુ.૧.૩, ૬.૭ | અંતિમલક્ષ્ય, ચિકિત્સા, પરીક્ષા, છેવટે, ચોક્કસ, જ (મ.ગુ.કો.) |
| ૧૦૫ | નિરવહે | ૧૦.૧ | સેવા કરવી (મ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૧૦૬ | નિસવાદ | ૪.૫, ૯.૧૩ | સત્ત્વવિનાનું, બળહીન (બૃ.ગુ.કો.) |
| ૧૦૭ | નિવાણ | ૯.૨ | જળાશય (તલાવ વગેરે મીઠા પાણીનું) (બૃ.ગુ.કો.) |
| ૧૦૮ | નિવેસ | દુ.૧૩.૨ | આવાસ, સ્થાન (મ.ગુ.કો.) |
| ૧૦૯ | નીઝરણ | ૭.૧ | નિર્ઝરણ, ઝરણું (મ.ગુ.કો.) |
| ૧૧૦ | નેટ | ૨.૯ | એ નામનુ એક કાપડ (બૃ.ગુ.કો.) |
| ૧૧૧ | નાંગર | ૧૩.૭ | વહાણનું લંગર (મ.ગુ.કો.) |
| ૧૧૨ | પખ | ૭.૪, ૮.૮ | પક્ષ, બાજુ, પખવાડિયું, પક્ષ (મ.ગુ.કો.) |
| ૧૧૩ | પખ્ય | દુ.૧૫.૨ | પખે, વિના (મ.ગુ.કો.) |
| ૧૧૪ | પગવિચ | દુ.૧૧.૪ | પગવચ્ચે (મ.ગુ.કો.) |
| ૧૧૫ | પટકૂલ | ૧.૨ | પટોળું, રેશમીવસ્ત્ર (મ.ગુ.કો.) |
| ૧૧૬ | પડિઉં | ૭.૫ | પડવું (મ.ગુ.કો.) |
| ૧૧૭ | પરઈ | | ઉપર, પેરે, રીતે, પેઠે, જેમ (મ.ગુ.કો.) |
| ૧૧૮ | પરજલે | ૯.૧ | પ્રજ્વલવું, ભડકે બળવું, સળગી ઉઠવું (બૃ.ગુ.કો.) |
| ૧૧૯ | પરવરિયા | ૧.૯ | ચાલતાં નીકળવું, સિધાવવું (બૃ.ગુ.કો.) |
| ૧૨૦ | પશુપતિ | દુ.૮.૨ | શંકર (મ.ગુ.કો.) |
| ૧૨૧ | પાં | ૯.૮, ૧૩.૭ | ના કરતાં (મ.ગુ.કો.), તરફ, ભણી (બૃ.ગુ.કો.) |
| ૧૨૨ | પાહણ | ૨.૯, ૭.૯ | પાષાણ, પત્થર, ઘંટીનો પત્થર (મ.ગુ.કો.) |
| ૧૨૩ | પિણ | ૧.૯, દુ.૨.૪, દુ.૩.૪ | પણ (મ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૧૨૪ | પૂરવે | ૬.૭ | પૂર્ણ કરવું, ભરવું, દાખલ કરવું, પૂરું પાડવું (બૃ.ગુ.કો.) |
| ૧૨૫ | પોત | દુ.૬.૧, દુ.૮.૧, ૧૧.૨ | બચ્યું, મૂળસ્રૂપ, (પોતાપણું) (મ.ગુ.કો.) |
| ૧૨૬ | બકોર | દુ.૧૨.૧ | ઘોંઘાટ (બૃ.ગુ.કો.) |
| ૧૨૭ | બરાઉ | ૬.૯ | મીઠા બોલું (બૃ.ગુ.કો.) |
| ૧૨૮ | બહુલે | ૬.૬ | પુષ્કળ હોવાપણું, રેલમછેલ (બૃ.ગુ.કો.) |
| ૧૨૯ | બોલડા | ૨.૯ | વેણ, વચન, શિખામણ (બૃ.ગુ.કો.) |
| ૧૩૦ | ભક્ષે | ૭.૫ | ખાવું, જમવું, ભોજન કરવું (બૃ.ગુ.કો.) |
| ૧૩૧ | ભચકે | દુ.૧૧.૩ | ભચ્ એવા અવાજ સાથે (બૃ.ગુ.કો.) |
| ૧૩૨ | ભમરી | ૧૧.૭, ૧૩.૨ | ગાડાનો એકભાગ, ફૂદરડી, સ્ત્રીઓનું એક ઘરેણું (મ.ગુ.કો.) |
| ૧૩૩ | ભર | ૧.૬, ૯.૨, ૧૦.૬ | ભાર, જથ્થો, પૂર્ણતા, પ્રચૂરતા, અતિશય (મ.ગુ.કો.) |
| ૧૩૪ | ભાજે | ૧.૬, ૫.૨, ૮.૩ | ભાંજવું (બૃ.ગુ.કો.) |
| ૧૩૫ | ભામણાં | ૧.૧ | ઓવારણાં (મ.ગુ.કો.) |
| ૧૩૬ | ભામરી | ચો.૭ | ફેરવવું, રખડાવવું (બૃ.ગુ.કો.) |
| ૧૩૭ | ભારણી | | ભારણરૂપ, ભારસ્રૂપ (મ.ગુ.કો.) |
| ૧૩૮ | ભારિયા | ૧૦.૩ | પત્ની (મ.ગુ.કો.) |
| ૧૩૯ | ભુજ | ૧૦.૪ | આંગળીથી ખભા સુધીનો સંપૂર્ણ હાથ, બાહુ (બૃ.ગુ.કો.) |
| ૧૪૦ | ભૂર | ૧૦.૬ | ગમાર, ગાંડો, મૂરખ, અતિશય, ઘણું (મ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૧૪૧ | ભૂરિ | ૬.૩ | ખૂબ મોટી સંખ્યામાં (મ.ગુ.કો.) |
| ૧૪૨ | ભેલા | ૨.૩, ૫.૧૦ | સાથે (મ.ગુ.કો.) |
| ૧૪૩ | ભંડ | ૧૦.૯ | જમીનની સપાટી ઉપરનું મોટા મકાનનું ભોયરાં જેવું બાધકામ (બૃ.ગુ.કો.) |
| ૧૪૪ | ભાંતિ | ૧૦.૧ | પ્રકારે, સાડલા વગેરેની ભાત (મ.ગુ.કો.) |
| ૧૪૫ | ભૂંકે | ૧૦.૧ | ભૂંકવાની ક્રિયા (બૃ.ગુ.કો.) |
| ૧૪૬ | મકરાકર | દુ.૧૦.૧૦ | સાગર, સમુદ્ર (બૃ.ગુ.કો.) |
| ૧૪૭ | મગન | | બે પદાર્થ કે સ્થાન વચ્ચેની જગ્યા (બૃ.ગુ.કો.) |
| ૧૪૮ | મઝારિ | દુ.૧૧.૨ | મધ્યે, માં, અંદર, મધ્યમાં (મ.ગુ.કો.) |
| ૧૪૯ | મઢ | ૨.૬ | મઠ, મકાન, નિવાસસ્થાન, સતી થવા માટે અડકેલી ચિતા. (મ.ગુ.કો.) |
| ૧૫૦ | મનમથ | દુ.૮.૪, ૫,૭ | કામદેવનું ધનુષ્ય (મ.ગુ.કો.) |
| ૧૫૧ | મલબારિયા | ૧૦.૩ | કેરલનો પ્રદેશ (બૃ.ગુ.કો.) |
| ૧૫૨ | મસજ્જર | ચો.૬ | વસ્ત્રવિશેષ (મ.ગુ.કો.) |
| ૧૫૩ | મહિએ | ૮.૫ | માં અંદર (મ.ગુ.કો.) |
| ૧૫૪ | માખ | દુ.૧૨.૨ | માખણ (મ.ગુ.કો.) |
| ૧૫૫ | માલતા | ૧.૪ | શોભતાં (મ.ગુ.કો.) |
| ૧૫૬ | મિસે | | મિશ્ર, યુક્ત (મ.ગુ.કો.) |
| ૧૫૭ | મુખિ | દુ.૭.૩, ૧૨.૬, દુ.૧૬.૨ | મોઢું (મ.ગુ.કો.) |
| ૧૫૮ | મુલાજે | દુ.૧૦.૨ | વશમાં, મર્યાદામાં (મ.ગુ.કો.) |
| ૧૫૯ | મોડી | ૧૦.૬ | મોડવું, મરોડવું (બૃ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૧૬૦ | મોરાર | દુ.૪.૨ | મુર નામનાં દાનવના શત્રુ, શ્રીકૃષ્ણ (બૃ.ગુ.કો.) |
| ૧૬૧ | મંથાણે | દુ.૧૧.૫ | મથવાની ક્રિયા, વલોવવાની ક્રિયા (બૃ.ગુ.કો.) |
| ૧૬૨ | યમમહિષ | | યમરાજનો પાડો (મ.ગુ.કો.) |
| ૧૬૩ | રસાલ | ૭.૪, ૨.૩ | રસાળપણે, રસપૂર્વક, આનંદપૂર્વક (મ.ગુ.કો.) |
| ૧૬૪ | રાતિ | ૧૦.૧, દુ.૨.૨ | રાત, રાત્રિ (મ.ગુ.કો.) |
| ૧૬૫ | રૂજા | ૧૫.૪ | રાતનું અંધારું થવાનો સમય (બૃ.ગુ.કો.) |
| ૧૬૬ | રૂસો | ૧૨.૩ | રશિયા (એક પ્રદેશ) (બૃ.ગુ.કો.) |
| ૧૬૭ | રેડ | ચો.૫ | ઘન પ્રવાહ (અતિશયતાની સ્થિતિ) (મ.ગુ.કો.) |
| ૧૬૮ | રોક | ૧૨.૧ | રોકડું, નગદ (મ.ગુ.કો.) |
| ૧૬૯ | રંગરોલ | ૧૬.૧ | રંગેલું (મ.ગુ.કો.) |
| ૧૭૦ | લવે | ૭.૩ | રટણ (મ.ગુ.કો.) |
| ૧૭૧ | લીણ | દુ.૧૧.૬ | લીન, મગ્ન, ડૂબેલું (મ.ગુ.કો.) |
| ૧૭૨ | લેખે | ૫.૫ | ગણતરીમાં લેવું (મ.ગુ.કો.) |
| ૧૭૩ | લોટે | | આળોટે (મ.ગુ.કો.) |
| ૧૭૪ | વડું | દુ.૭.૨, ૧૦.૧૪ | મોટું (મ.ગુ.કો.) |
| ૧૭૫ | વઢે | ૧૦.૧ | વીંટી, પાશ, બંધન (મ.ગુ.કો.) |
| ૧૭૬ | વહિલા | ૧.૨ | વહેલા, જલદી (મ.ગુ.કો.) |
| ૧૭૭ | વાઉલ | ૯.૧ | વાતરોગી, ઉન્મત્ત (મ.ગુ.કો.) |
| ૧૭૮ | વાય | દુ.૧૧.૩ | વાયુ, વાણી, વગાડે (મ.ગુ.કો.) |
| ૧૭૯ | વાવિ | ૭.૧ | વાવ (મ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૧૮૦ | વિગાડે | ૭.૬ | વગાડવું (મ.ગુ.કો.) |
| ૧૮૧ | વિચિ | દુ.૪.૩ | વચ્ચે (મ.ગુ.કો.) |
| ૧૮૨ | વેગી | | વેગવાળું, ઝડપી, ગતિવાળું (બૃ.ગુ.કો.) |
| ૧૮૩ | વ્યાલ | ૧૦.૨ | સર્પ, વાઘ, દીપડો, ચિત્તો, ઠગ (બૃ.ગુ.કો.) |
| ૧૮૪ | વાંઝિ | ૨.૧ | વાંઝણી સ્ત્રી (બૃ.ગુ.કો.) |
| ૧૮૫ | શકર | ૭.૯ | ગાડું, (બૃ.ગુ.કો.) |
| ૧૮૬ | શતખંડ | | સો ટુકડામાં છિન્ન (બૃ.ગુ.કો.) |
| ૧૮૭ | શરમ | ૧૦.૧ | લજ્જા, લાજ (બૃ.ગુ.કો.) |
| ૧૮૮ | શેષ | ૧૦.૧ | શેષનાગ (મ.ગુ.કો.) |
| ૧૮૯ | શુંડિ | ૫.૨ | હાથીની સૂંઢ (બૃ.ગુ.કો.) |
| ૧૯૦ | સજ | ૧૪.૧, ૧૬.૪ | તૈયાર (મ.ગુ.કો.) |
| ૧૯૧ | સતેજા | ૧૦.૭ | તેજ સહિત (મ.ગુ.કો.) |
| ૧૯૨ | સહકાર | દુ.૧.૨ | સાથે મળીને કામ કરવું, મદદ (બૃ.ગુ.કો.) |
| ૧૯૩ | સહસ | ૯.૯ | હજાર (મ.ગુ.કો.) |
| ૧૯૪ | સાચલી | ૭.૪ | ખરું હોવું, સાચ (બૃ.ગુ.કો.) |
| ૧૯૫ | સાજ | (૨.૬) (૧૪.૧,૯) (દુ.૧૫.૪) | કોઇ કામ કરવા માટેની તે તે સામગ્રી (બૃ.ગુ.કો.) |
| ૧૯૬ | સાથરઇ | ૧૦.૧ | ઘાસની બનાવેલી જરા અણઘડ સાદડી (બૃ.ગુ.કો.) |
| ૧૯૭ | સાહય | | સરસ (મ.ગુ.કો.) |
| ૧૯૮ | સીપ | ૭.૫ | સમુદ્રના એક પ્રકારનાં પ્રાણીઓનું કોટલું, છીપ (બૃ.ગુ.કો.) |
| ૧૯૯ | સૂક | ૧૩.૮ | સૂકાપણું (બૃ.ગુ.કો.) |

| | | | |
|---|---|---|---|
| ૨૦૦ | સૂકવાણ | ૧૭.૨ | સૂકાઇ જવું (બૃ.ગુ.કો.) |
| ૨૦૧ | સંગી | ૩.૯, ૮.૨ | સાથી, સાથીદાર (બૃ.ગુ.કો.) |
| ૨૦૨ | સંદોહા | ૩.૧ | કાઢેલો સાર, દોહન (બૃ.ગુ.કો.) |
| ૨૦૩ | હલુઆ | (દુ.૨.૧) (૨.૯,૧૦) (૩.૧) | હળવા, હલકાં (મ.ગુ.કો.) |
| ૨૦૪ | હણિ | ૨.૪ | હાનિ, નુકશાન (મ.ગુ.કો.) |
| ૨૦૫ | હાથિ | ૧૭.૪, ૧૦.૪ | હાથમાં (મ.ગુ.કો.) |
| ૨૦૬ | હૂઈ | ૨.૧ | થવું (મ.ગુ.કો.) |
| ૨૦૭ | હેત | દુ.૭.૮, ૧૬.૩ | પ્રેમ, વહાણ, સ્નેહ (બૃ.ગુ.કો.) |
| ૨૦૮ | હોકા | ૧૦.૧ | ઉત્તર દિશા (બૃ.ગુ.કો.) |

# પ્રવચન સ્તંભ

શ્રી હેમતલાલ છગનલાલ મહેતા પરિવાર - કલકત્તા

શ્રીમતી પ્રભાબેન નંદલાલ શેઠ - મુંબઈ

યુવા સંસ્કાર ગ્રુપ - નાગપુર

જયંતીલાલ માણેકચંદ કોઠારી પરિવાર

હસ્તે - પ્રબોધભાઈ, વિરેન્દ્રભાઈ તથા ભરતભાઈ - મુંબઈ

શ્રીમતી કામાક્ષીબેન પ્રવિણચંદ્ર શાહ-(રાંદેર) હાલ - મુંબઈ

શ્રી મણિલાલ બેચરદાસ સાવરકુંડલા પરિવાર - વિલેપાર્લે, મુંબઈ

શ્રીમતી શોભનાબેન ચંદ્રકાંતભાઈ શાહ - જુહૂસ્કીમ, મુંબઈ

ચંપાબેન જયંતિલાલ દાનસુંગભાઈ અજબાણી - મુંબઈ

શ્રી તેજપાલભાઈ શશીકાંતભાઈ શાહ - મુંબઈ

નંદપ્રભા તીર્થભૂમિ ટ્રસ્ટ - પાલીતાણા

# પ્રવચન પ્રેમી

શ્રી સુધીરભાઈ કે. ભણશાળી - કલકત્તા

શ્રી કુમારપાળ, દિનેશકુમાર સમદડિયા - મંચર

શ્રી શાંતિલાલ ગમનાજી રાંકા (મંડારવાળા) - સાબરમતી, અમદાવાદ

આરટેક્ષ એપરલ્સ - સાબરમતી, અમદાવાદ

શ્રી પ્રેમચંદ રવચંદ શાહ (કુણઘેરવાળા) - અમદાવાદ

શ્રી છગનલાલ તિલોકચંદ સંઘવી - સાબરમતી, અમદાવાદ

શ્રી અશોકભાઈ ઘેલાભાઈ શાહ - (જૈન મર્ચન્ટ સો.) અમદાવાદ

શ્રીમતી પન્નાબેન રમેશભાઈ - પાર્લા, મુંબઈ

હરીબાઈ મુળચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ

શ્રી વસંતભાઈ પી. કોઠારી (સી.એ.) - મુંબઈ

શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ - મુંબઈ

શ્રીમતી લલીતાબેન ગોવિંદજી શાહ - મુંબઈ

શ્રી શાંતીલાલ હરિલાલ મહેતા - મુંબઈ

શ્રીમતી મોનાબેન મયંક શાહ - મુંબઈ

શ્રી સમરથમલજી જીવાજી વિનાયકીયા (મોકલસર) - પૂના

સંઘવી વીરચંદજી હુકમાજી - પૂના

શ્રીમતી નાથીબાઈ બાબુલાલજી વીરચંદજી રાઠોડ - પૂના

# પ્રવચન ભક્ત

શ્રી ચંદુલાલ નેમચંદ મહેતા - કલકત્તા
શ્રી છોટાલાલ દેવચંદ મહેતા - કલકત્તા
શ્રી ખુશાલચંદ વનેચંદ શાહ - કલકત્તા
શ્રી રસીકલાલ વાડીલાલ શાહ - કલકત્તા
શ્રી કસ્તૂરચંદ નાનચંદ શાહ - કલકત્તા
શ્રી મંછાલાલ શામજી જોગાણી - કલકત્તા
શ્રી ગુલાબચંદ તારાચંદજી કોચર - નાગપુર
શ્રીમતી સમજુબેન મણીલાલ દોશી પરિવાર - નાગપુર
ઉંઝાનિવાસી શ્રી નટવરલાલ પોપટલાલ મહેતા - નાગપુર
શ્રી પ્રવીણચંદ્ર વાલચંદજી શેઠ (ડીસાવાલા) - નાસિક
શ્રી ચંદ્રશેખર નરેંદ્રકુમાર ચોપડા - વરોરા
શ્રી સુભાષકુમાર વાડીલાલ શાહ - કરાડ
શ્રી પ્રકાશ બાબુલાલ, દેવેન્દ્ર, પરાગ, પ્રિતમ શાહ - મંચર
શ્રીમતી હસમુખબેન જયંતીલાલ શાહ (પૃથ્વી) - વાપી
શ્રી વિનોદભાઈ મણિલાલ શાહ - અમદાવાદ
સ્વ. રંભાબેન ત્રિકમલાલ સંઘવી, હસ્તે - મહેન્દ્રભાઈ - સાણંદ
શ્રી શેફાલી મૂર્તિપૂજક જૈન સંઘના આરાધકો - અમદાવાદ
પુખરાજ રાયચંદ પરિવાર - સાબરમતી, અમદાવાદ
એક સદગૃહસ્થ, હરજી (રાજસ્થાન)
વોરા નાગરદાસ કેવળદાસ રિલિ. ટ્રસ્ટ - અમદાવાદ
શ્રી લાંબડિયા જૈન સંઘ - લાંબડિયા

શ્રી નથમલજી પ્રતાપચંદજી બેડાવાળા – સાબરમતી, અમદાવાદ

શ્રીમતી રંજનબેન જયકુમાર શાહ – કેનેડા

શ્રીમતી નીરુબેન ઉત્તમચંદ સોઠાણી – સાબરમતી, અમદાવાદ

શ્રીમતી રમીલાબેન બાબુલાલ રાયચંદ – વાપી

શ્રી વેલચંદ જવાનમલજી ઓસવાલ – ચિપળૂણ

શ્રીમતી લીલાબેન બાબુલાલ દેવચંદજી વિનાયકિયા – ડીસા

શ્રી પૂનમચંદ કસ્તૂરજી માંડોત પરિવાર – કુચાવાડા

સુપુત્રો – કાળીદાસ – ઘેવરચંદ – જેઠમલ

સ્વ. સુવાબેન અમૃતલાલ દેવીચંદજી વિનાયકિયા પરિવાર – ડીસા

શ્રીમતી સવિતાબેન વૃજલાલ પોપટલાલ દોશી – (મહુવા) પાર્લા, મુંબઈ

શ્રી વિનોદભાઈ દોશી, શ્રીમતી વસંતબેન મનહરલાલ દોશી – મુંબઈ

શ્રી મહેન્દ્રકુમાર કાંતિલાલ ખાંડવાલા – મુંબઈ

શ્રી કપૂરચંદજી ભબુતમલજી સોલંકી – મુંબઈ

ડૉ. નરેન્દ્ર એમ. શાહ – ખામગાંવ

સંઘવી રતનબેન ચુનીલાલજી હુકમાજી – પૂના

શ્રીમતી પ્રભાવતીબેન રમણલાલ શાહ – મુંબઈ

શ્રીમતી જયશ્રીબેન ભૂપેન્દ્રભાઈ શાહ – મુંબઈ

શ્રીમતી પન્નાબેન યોગેશભાઈ શાહ – મુંબઈ

શ્રીમતી તુલસીબાઈ ધર્માજી – પૂના

શ્રી હંસરાજજી તારાચંદજી સંઘવી – પૂના

શ્રી સંઘવી ખુમાજી માનાજી – પૂના

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ગુલટેકડી – પૂના

શ્રી સંઘવી ગણેશમલજી વક્તાજી – પૂના

॥ सुयं मे आउसं ॥

શ્રુતભવન સંશોધન કેંદ્ર